**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૮ |
| પાઉન્ડ | ૧૧૦.૨૫ |
| યુરો | ૯૨.૮૩ |
| સઉદી રિયાલ | ૨૨.૩૭ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૩,૪૩૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૦,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

AL FAROOQ TOURS & TRAVELS
Since 1996
IATA
સપ્ટેમ્બર ઉમરાહ
રૂા.78,000
દિ 15 -રવા 28 સપ્ટે
ફ્લાઈટ અમદાવાદથી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩
- ૯૮૨૫૫ ૭૫૩૩૩
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮ - ૯૮૯૮૦ ૩૪૪૭૮

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૩૮ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### વડાપ્રધાન મોદી મનોવૈજ્ઞાનિક રીતે ભાંગી ગયા છે, ટૂંક સમયમાં જ તેમની સરકારનું પતન : જમ્મુ-કાશ્મીરમાં રાહુલ ગર્જ્યા

# કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવો જ પડશે : રાહુલ

(એજન્સી) જમ્મુ, તા.૪

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનો આત્મવિશ્વાસ ગુમાવી દીધો છે અને તે સમય દૂર નથી જ્યારે તેમની સરકારનું પતન થઈ જશે. જમ્મુ અને કાશ્મીરના બનિહાલ વિધાનસભા ક્ષેત્રના સંગલદાન ખાતે એક ચૂંટણી રેલીમાં, તેમણે દાવો કર્યો કે કેન્દ્ર સરકાર, મોદી, ગૃહપ્રધાન અમિત શાહ અને તેમના કોર્પોરેટ મિત્રો દ્વારા ચલાવવામાં આવે છે.

તેમણે પડકાર કર્યો કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો ફરી આપવો જ પડશે. બેરોજગારીના મુદ્દે મોદી પર નિશાન સાધતા લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે GST અને નોટબંધીના અમલથી નાના ઉદ્યોગોના હિતોને નુકસાન થયું છે કારણ કે આ સરકાર માત્ર બે અબજપતિઓ માટે કામ કરી રહી છે. મને કહેવામાં આવ્યું હતું કે મોદીના કોર્પોરેટ મિત્રો અદાણી અને અંબાણીના નામ ન લો તેથી હું તેમના માટે A1 અને A2 જેવા ઉપનામોનો ઉપયોગ કરી રહ્યો છું. આ સરકાર 'અમે બે, અમારા બે' જેવી છે - મોદી અને શાહ, અને અંબાણી અને અદાણી - આ ચાર લોકો જ વાસ્તવમાં સરકાર ચલાવી રહ્યા છે. કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો હતો કે "બે અબજપતિઓને ફાયદો પહોંચાડવા" માટે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરનો રાજ્યનો દરજ્જો "છીનવી" લેવામાં આવ્યો હતો. જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ દેશના અન્ય ભાગો કરતાં વધુ ખરાબ છે કારણ કે તેમાં સૌથી વધુ બેરોજગારી દર છે અને સરકારે યુવાનો માટે રોજગારીની તકો ઊભી કરવા માટે કંઈ કર્યું નથી. તેમણે દાવો કર્યો કે મોદીનો આત્મવિશ્વાસ ત્યારે ઘટી ગયો હતો જ્યારે વિપક્ષી પાર્ટીઓ તેમને પડકારવા માટે ઈન્ડિયા બ્લોક હેઠળ એકત્રિત થઈ હતી. અમે મોદીને મનોવૈજ્ઞાનિક રીતે મહાત આપી છે. હું સંસદમાં તેમની સામે બેઠો છું અને મને ખબર છે કે તેમનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે... હવે થોડો સમય બાકી છે, અમે મોદી અને ભાજપને સરકારમાંથી દૂર કરીશું. મોદી માનસિક રીતે ભાંગી ગયા છે. તેમણે કહ્યું કે, પહેલા મોદીએ કહ્યું હતું કે જાતિ આધારિત વસ્તીગણતરી નહીં થાય પરંતુ અમે તેનો આગ્રહ રાખ્યો. આરએસએસ હવે કહી રહ્યું છે કે તે સાચું છે. અમે લેટરલ એન્ટ્રી સિસ્ટમનો વિરોધ કર્યો અને સરકાર પર દબાણ કર્યું હતું અને હવે તે ડરી ગયા છે. તમે જોયું હશે કે અગાઉની ચૂંટણીઓમાં મોદી પહોળી છાતી સાથે આવતા હતા અને લાંબા ભાષણો આપતા હતા. પરંતુ હવે તેઓ સંસદમાં પ્રવેશતી વખતે બંધારણનું પુસ્તક પોતાના માથા પર પકડીને બેઠા છે. ગાંધીએ કહ્યું કે તેમણે ભગવાન સાથે સીધો સંબંધ હોવાનો દાવો કર્યો છે અને તેમનો જન્મ બિન-જૈવિક હોવાનું કહ્યું છે અને તે રેકોર્ડ પર છે. આ લોકસભા ચૂંટણીમાં મોદીને ભગવાન તરફથી સીધો સંદેશ મળ્યો. તમને લાગશે કે તમે ભગવાન સાથે સીધી વાત કરી રહ્યા છો પરંતુ અમે માત્ર જનતાની વાત સાંભળી રહ્યા છીએ અને તે મુજબ કામ કરી રહ્યા છીએ. કોંગ્રેસના ઉમેદવાર અને પાર્ટીના જમ્મુ અને કાશ્મીર એકમના પૂર્વ વડા વિકાર રસૂલ વાનીના સમર્થનમાં રામબન જિલ્લાના બનિહાલ વિધાનસભા મતવિસ્તારમાં રેલી પછી, ગાંધી ગુલામ અહેમદ મીર માટે અનંતનાગ જિલ્લા હેઠળના ડોરુ વિધાનસભા ક્ષેત્રમાં બીજી સભાને સંબોધવાના છે. આ રેલીઓ ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીના પ્રથમ તબક્કામાં લડી રહેલા પક્ષના ઉમેદવારોના પ્રચારનો એક ભાગ છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભાના ૯૦ સભ્યોને ચૂંટવા માટે મતદાન ૧૮, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરના રોજ યોજાશે.

## બે અબજપતિઓને ફાયદો કરાવવા બંધારણીય કલમ ૩૭૦ નાબૂદ કરી જમ્મુ-કાશ્મીરનું અસ્તિત્વ છીનવી લેવાયું, કાશ્મીરમાં 'હમ દો હમારે દો'ની સરકાર



### જમ્મુ-કાશ્મીરના લોકોનો અધિકાર છીનવાયો, સરકારે યુવાનોને બેરોજગારી સિવાય કાંઈ આપ્યું નથી : રાહુલ ગાંધી

CELEBRATING EXCELLENCE 34 years GT

## 'કન્યાકુમારીથી કાશ્મીર સુધીના હિતધારકો સાથે વાત કરાશે' : વકફ બિલ અંગે ગૃહ સમિતિના વડા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સરકારે બજેટ સત્ર દરમિયાન સંસદમાં રજૂ કરાયેલ વકફ (સુધારા) બિલને સંસદની સંયુક્ત સમિતિ (JCP)ને મોકલ્યું હતું અને ઉત્તરપ્રદેશના ભાજપના સાંસદ જગદંબિકા પાલને સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા હતા. અત્યાર સુધીમાં કમિટીની બે વખત બેઠક થઈ છે અને વધુ બેઠકો ૫ અને ૬ સપ્ટેમ્બરે મળવાની છે. સમિતિની બહાર પાલ બિલ પર તેમના મંતવ્યો એકત્ર કરવા માટે મુસ્લિમ સંસ્થાઓને મળી રહ્યા છે. નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને આવી એક બેઠક પછી પાલે એક જાણીતા મીડિયા સાથે-સાથે પેનલ દ્વારા યોજાયેલી ચર્ચાઓ અને અંતિમ અહેવાલ પર તેની શું અસર થઈ શકે તે વિશે વાત કરી. જ્યારે તેમને સવાલ કરાયો કે, મુસ્લિમ સંગઠનો તમને મળી રહ્યા છે. તેઓ વકફ (સુધારા) બિલ અંગે શું ચિંતા વ્યક્ત કરી રહ્યા છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, સરકાર આ બિલ સંસદમાં રજૂ કરી રહી હતી ત્યારે વિપક્ષી સાંસદોએ તેનો વિરોધ કર્યો હતો. જેસીપીની બે બેઠકો થઈ ચૂકી છે. પરંતુ વિપક્ષો અથવા કેટલાક લોકો સરકાર વકફ મિલકતો પર કબજો કરશે અથવા તેમાં હસ્તક્ષેપ કરશે તેવું નિવેદન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો બિલમાં આવી કોઈ જોગવાઈ હોય તો સરકાર શા માટે તેને JCP પાસે મોકલશે ? સરકાર પાસે લોકસભા અને રાજ્યસભા બંનેમાં બહુમતી છે. ઘણા મુસ્લિમ સંગઠનો તમને અનૌપચારિક રીતે મળ્યા છે. શું તમે તેને JCP સમક્ષ હાજર થવા આમંત્રણ આપી રહ્યા છો ? ત્યારે તેમણે કહ્યું કે, દરેક માટે આ કેવી રીતે શક્ય છે ? કમિટી નક્કી કરશે કે કોને આમંત્રણ આપવું જોઈએ. પરંતુ હું શક્ય તેટલા લોકોને આમંત્રિત કરવાનો પ્રયાસ કરીશ. અમે સાર્વજનિક રીતે કહ્યું છે કે, જે કોઈપણ બિલ પર પોતાનો અભિપ્રાય જણાવવા માંગે છે. તે JCPના સચિવાલયને ઈ-મેઈલ કરી શકે છે. તેમના મેમોરેન્ડમ, મંતવ્યો અને સૂચનો આવકાર્ય છે (અને) તેમની તપાસ કરવામાં આવશે. આ કાર્ય પૂર્ણ કરવાની અંતિમ તારીખ શું છે ? ત્યારે તેમણે કહ્યું કે, ત્રણ મહિના. અમારે સંસદના શિયાળુ સત્રના પહેલાં સપ્તાહના અંતિમ દિવસ પહેલાં JCP રિપોર્ટ સબમિટ કરવાનો રહેશે. આ ૯૦ દિવસોમાં અમને JCP સમક્ષ હાજર થવા માટે સંખ્યાબંધ રજૂઆતો અને પ્રતિનિધિમંડળો તરફથી વિનંતીઓ મળી છે. અમારો પ્રયાસ કન્યાકુમારીથી કાશ્મીર સુધી સમગ્ર દેશમાં શક્ય તેટલા વધુ હિસ્સેદારો સાથે વાતચીત કરવાનો છે. **(સૌ.: ઈન્ડિયન એક્સપ્રેસ)**

# બંગાળમાં મુખ્ય સચિવો ક્યારેય નિવૃત્ત થતાં નથી, નિવૃત્ત IAS અધિકારીઓને આપવામાં આવતી ઉચ્ચ પોસ્ટ મુદ્દે ભાજપે સવાલ ઊઠાવ્યા

**ગુજરાતના મુખ્ય સચિવ કે. કૈલાશનાથન ૨૦૧૩માં તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના એડિશનલ મુખ્ય સચિવ હતા અને ત્યારબાદ તેઓ ૩૦મી જૂન ૨૦૨૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રીની ઓફિસમાં મુખ્ય પ્રિન્સિપાલ સેક્રેટરી રહ્યા અને નિવૃત્ત થયાના ૧૩ વર્ષ એક્સટેન્શન મળ્યા બાદ હાલ 'ખરેખર નિવૃત્ત થયા' પરંતુ પુડુચેરીના લે. ગવર્નર બનાવી દીધા !** ન્યુઝ GT પોઈન્ટ

(એજન્સી) કોલકાતા, તા.૪

પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યના મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા બાદ બી.પી. ગોપાલિકાને પ્રોજેક્ટ મોનિટરિંગ માટે મુખ્યપ્રધાન મમતા બેનરજીના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. આ ઉચ્ચ-પ્રોફાઈલ હોદ્દા પર નિવૃત્ત સરકારી કર્મચારીઓને નિમણૂક કરવાનું વલણ દર્શાવે છે. ૧૯૯૧ બેચના IAS અધિકારી મનોજ પંતે ગોપાલિકાનું સ્થાન લીધું કારણ કે, કેન્દ્રએ ત્રણ મહિનાનું બીજું વિસ્તરણ કરવાનો ઈન્કાર કર્યો હતો. ૩૧ ઓગસ્ટના રોજ પશ્ચિમ બંગાળ સરકારના કર્મચારી અને વહીવટી સુધારણા વિભાગ દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર પૂર્વ મુખ્ય સચિવ પશ્ચિમ બંગાળ ઔદ્યોગિક માળખાકીય વિકાસ નિગમના અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળ હાઈવે વિકાસ નિગમના મેનેજિંગ ડિરેક્ટરના હોદ્દા પણ સંભાળશે. આ બંને પોસ્ટ રાજ્યના આર્થિક વિકાસ સાથે જોડાયેલી છે. તેમના પગાર અને નિમણૂકના અન્ય નિયમો અને શરતો યોગ્ય સમયે નાણાં વિભાગ સાથે પરામર્શ કરીને નક્કી કરવામાં આવશે. ગોપાલિકા એ નિવૃત્ત સરકારી કર્મચારીઓની યાદીમાં નવીનતમ છે જેમને મુખ્યમંત્રી કાર્યાલય (CMO)માં નોકરી આપવામાં આવી છે. તેમના પુરોગામી એચ.કે. દ્વિવેદી, જેમનો મુખ્ય સચિવ તરીકેનો વિસ્તૃત કાર્યકાળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયો હતો, તેમની નિવૃત્તિના એક દિવસ પછી મમતાના નાણાકીય સલાહકાર તરીકે પણ નિમણૂક કરવામાં આવી હતી. દ્વિવેદી પહેલાં પૂર્વ મુખ્ય સચિવ અલાપન બંદોપાધ્યાય ૨૦૨૧થી મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે સેવા આપી રહ્યા હતા. કેન્દ્રએ બંદોપાધ્યાયને ત્રણ મહિનાનું એક્સ્ટેન્શન આપ્યું હતું, જેઓ તે વર્ષે ૩૧ મેના રોજ નિવૃત્ત થવાના હતા, પરંતુ વડાપ્રધાન સાથેની બેઠકમાં તેમની ગેરહાજરી બાદ તેમને નવી દિલ્હી બોલાવ્યા હતા.



**પશ્ચિમ બંગાળ સરકારે નિવૃત્ત મુખ્ય સચિવ બી.પી. ગોપાલિકાને મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે**

બેનરજીએ બંદોપાધ્યાયને રાહત આપવાનો ઈન્કાર કર્યો હતો અને તેઓ નોર્થ બ્લોકમાં કર્મચારી અને તાલીમ વિભાગને જાણ કરી શક્યા ન હતા, જેના પગલે કેન્દ્રએ તેમને કારણદર્શક નોટિસ જારી કરી હતી. તેમણે તેમની સેવાના વિસ્તરણનો ઈન્કાર કરતા નિવૃત્ત થયા અને ત્યારબાદ બંગાળ સરકારે બેનરજીના મુખ્ય સલાહકાર તરીકે તેમની નિમણૂક કરી હતી.

૨૦૨૦માં રાજીવ સિન્હાને પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયાના એક દિવસ પછી પશ્ચિમ બંગાળ ઔદ્યોગિક વિકાસ નિગમના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા, તે સમયના નાણાપ્રધાન અમિત મિત્રાનું સ્થાન લીધું હતું. પશ્ચિમ બંગાળના ટોચના સનદી કર્મચારીઓ જેઓ નિવૃત્તિ પછી નોકરી મેળવે છે. પૂર્વ કેન્દ્રીય સચિવાલય સેવા અધિકારી સન્યાલ, રાજ્યના એકમાત્ર નોન-કેડર અધિકારી છે જેઓ છેલ્લા ૯ વર્ષથી IAS અધિકારીઓ માટે આરક્ષિત હોદ્દો ધરાવે છે. પૂર્વ પોલીસ મહાનિર્દેશક પુરકાયસ્થ, જેઓ ૨૦૧૮માં નિવૃત્ત થયા હતા, તેમની બેનરજીએ તે વર્ષે મે મહિનામાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની સાથે SSAની પોસ્ટની રચના કરી હતી. પશ્ચિમ બંગાળના પૂર્વ ગવર્નર જગદીપ ધનખડે રાજ્યના નિવૃત્ત સનદી કર્મચારીઓના જૂથ માટે 'સુપર બોસ' શબ્દ આપ્યો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ પશ્ચિમ બંગાળમાં IAS એસોસિએશનને વિનંતી કરી હતી કે, IAS અધિકારી નંદિની ચક્રવર્તીની રાજ્યના ગૃહ સચિવ તરીકે નિમણૂકને પગલે ૧૩ વધારાના મુખ્ય સચિવો અને પાંચ મુખ્ય સચિવો જેઓ તેમનાથી વરિષ્ઠ છે તેઓ તેમનો અવાજ ઉઠાવે. પશ્ચિમ બંગાળમાં મુખ્ય સચિવો ક્યારેય નિવૃત્ત થતાં નથી, તેઓ મુખ્યમંત્રીની સેવા કરતા રહે છે. મમતા બેનરજી નિયમોની અવગણના કરે છે. જો કે, પૂર્વ સનદી કર્મચારી અને બંગાળના શાસક ટીએમસીના સાંસદ જવાહર સિરકરે ધ્યાન દોર્યું હતું કે, નિવૃત્તિ પછી પ્લમ પોસ્ટ્સમાં ટોચના અધિકારીઓને સમાવી લેવા એ સમગ્ર ભારતમાં થતું રહે છે. કેટલાક નિવૃત્ત નાગરિક સેવકોની સામાન્ય રીતે વડા ટ્રિબ્યુનલ અને સરકારી સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે નિમણૂક થાય છે. આ એવી ભૂમિકાઓ છે જે રાજ્યના મુખ્ય સચિવ, રાજ્યના ટોચના અમલદારની વૈધાનિક પોસ્ટ અને સત્તાઓની વિરુદ્ધ નથી. એ વાત સાચી છે કે, મોટાભાગના વિશ્વાસુ અધિકારીઓને હવે સલાહકાર તરીકે રાખવામાં આવ્યા છે. એક કારણ એ હોઈ શકે છે કે, જ્યારે કોઈ અમલદાર મુખ્ય સચિવ બને છે, ત્યારે તેની પાસે સેવાનો અમુક સમય બાકી હોય છે. ઘણા મુખ્યમંત્રીઓને લાગે છે કે, તેઓને સલાહકાર તરીકે રાખીને તેમની કુશળતાનો લાભ મળી શકે છે. ૧૯૭૫ બેચના IAS અધિકારી, જવાહર સિરકરે પણ જણાવ્યું હતું કે, તાજેતરના સમયમાં સલાહકારની જગ્યાઓ અગ્રણી છે અને વિશ્વાસુ અધિકારીઓને આ પાડો પર નિવૃત્તિ પછી વ્યૂહાત્મક રીતે મૂકવામાં આવે છે. નિવૃત્ત અધિકારીઓ માટે આ સલાહકારી પોસ્ટ સિસ્ટમ ભૂતકાળમાં વધુ જોવા મળતી ન હતી, પરંતુ હવે તે વ્યાપક છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અથવા તો કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન કાર્યાલયમાં તમે જોશો કે ઘણા નિવૃત્ત સરકારી કર્મચારીઓને વિશિષ્ટ ભૂમિકામાં રાખવામાં આવ્યા છે. કેટલીકવાર કેન્દ્ર તેની પકડ સુનિશ્ચિત કરવા માટે ભાજપ દ્વારા સંચાલિત રાજ્યોમાં વ્યૂહાત્મક રીતે અમુક અમલદારોને સ્થાન આપે છે. નિવૃત્ત સરકારી કર્મચારીઓ માટે પોસ્ટિંગને પુરસ્કાર તરીકે પણ જોવામાં આવે છે. પૂર્વ કેબિનેટ સચિવ કે.એમ. ચંદ્રશેખરે કહ્યું કે, નિવૃત્તિ પછીની આ ભૂમિકાઓ હવે સમગ્ર દેશમાં થોડા સમય માટે આપવામાં આવી રહી છે. તે PM અથવા CM પર નિર્ભર છે કે, તેઓ એવા નિવૃત્ત અમલદારોને જાળવી રાખે જેઓ તેમના અગાઉના વિભાગો વિશે મજબૂત જ્ઞાન ધરાવે છે અને તે અત્યાર સુધી કરેલા તેમના કામના પુરસ્કાર તરીકે પણ જોઈ શકાય છે.




# ગુજરાતમાં બળાત્કારીઓને મુક્ત કરી દેનારા નરેન્દ્ર મોદી હવે તેમને પશ્ચિમ બંગાળમાં ફાંસી આપવા માંગે છે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૪

આ ઓગસ્ટમાં તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલાઓ સામેના અપરાધોની સખત નિંદા કરી અને તેમને "રાક્ષસી કૃત્યો" ગણાવ્યા. તેમણે ઉમેર્યું "હું આ આક્રોશ અનુભવી શકું છું". તેમણે કહ્યું કે "જેઓ આવા પાપો કરે છે તેઓને ફાંસી સહિતના પરિણામોનો ડર લાગવો જોઈએ" તે માટે પગલાં લેવા જોઈએ. તે કોઈ માત્ર ટિપ્પણી ન હતી. નવ દિવસ પછી તે થીમ પર પછા ફર્યા. મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ દ્વારા શાસિત કોલકાતામાં બળાત્કાર-હત્યાને લઈને વિવાદ ઉભો થયા બાદ તેમણે કહ્યું કે "મહિલાઓ સામેના ગુનાઓ અક્ષમ્ય છે. ગુનેગાર કોઈ પણ હોય તેમને બક્ષવામાં ન આવે... માતાઓ, બહેનો અને દીકરીઓની સુરક્ષા એ દેશની પ્રાથમિકતા છે." તેમણે "મહિલાઓ સામેના ગુનાખોરોને મદદ કરનારાઓ"ની પણ નિંદા કરીને તેમની અગાઉની ટિપ્પણીથી આગળ વધ્યા. તેમને પણ "બક્ષવામાં આવવા જોઈએ નહીં", તેમણે કહ્યું. તેમણે તેમના શ્રોતાઓને યાદ અપાવ્યું કે "મેં લાલ કિલ્લા પરથી વારંવાર આ મુદ્દો ઉઠાવ્યો છે." ખરેખર તેઓ બોલ્યા છે. ૨૦૨૨માં લાલ કિલ્લા પરથી તેમના ભાષણમાં મોદીએ આ મુદ્દા પર તેમની "વેદના" વિશે વાત કરી હતી. તેમણે એક ગર્જનાભરી અપીલ કરી કે, "શું આપણે આપણા રોજિંદા જીવનમાં મહિલાઓને અપમાનિત કરતી દરેક વર્તણૂક, સંસ્કૃતિથી છૂટકારો મેળવવાનો સંકલ્પ ન કરી શકીએ?"

તે કોઈ સામાન્ય સ્વતંત્રતા દિવસ નહોતો. તે ભારતની આઝાદીની ૭૫મી વર્ષગાંઠ હતી. પણ "વેદના" એ છે કે, તે જ દિવસે બિલકીસ બાનો પર સામૂહિક બળાત્કાર અને તેના પરિવારના સભ્યોની અનેક હત્યાઓ માટે આજીવન કેદની સજા પામેલા ૧૧ ગુનેગારોને મુક્ત કરી દેવાયા હતા અને તેઓનું હીરોની જેમ સ્વાગત થયું હતું. ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન તેમનાથી પીડિત ૧૯ વર્ષની હતી અને જ્યારે અત્યાચાર થયો ત્યારે તે પાંચ મહિનાની ગર્ભવતી હતી. તેના હુમલાખોરો દ્વારા તેના પરિવારના ૧૪ સભ્યોની હત્યા કરવામાં આવી હતી જેમાં તેની ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થાય છે જેનું માથું ભાંગી નાખવામાં આવ્યું હતું. મોદી સરકારે તેમની મુક્તિને મંજૂરી આપી છે. અધિકૃતતા પર તેમના નજીકના સહયોગી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હસ્તાક્ષર કર્યા હતા. જે દિવસે મોદીએ મહિલાઓ સામેના ગુનાઓ અંગે લાલ કિલ્લા પરથી "વેદના" વિશે વાત કરી તે એક સાચો સંકેત હતો કે તેઓ અને તેમની સરકાર "વર્તણૂક, અપમાનજનક અને સંસ્કૃતિ વિશે ખરેખર શું વિચારે છે. તે આપણા રોજિંદા જીવનમાં મહિલાઓને અપમાનિત કરે છે." સર્વોચ્ચ અદાલતે મહિલાના ગુનેગારોને જેલમાં પાછા મોકલ્યા. મોદી હવે કહે છે કે તેમણે તેમના સ્વતંત્રતા દિવસના ભાષણોમાં "વારંવાર ઉઠાવ્યો" છે તે સુનિશ્ચિત કરવાનો મુદ્દો કે જેઓ મહિલાઓ સામે ગુનાઓ કરે છે તેઓને "બક્ષવામાં નહીં આવે" તે ખૂબ જ ખરાબ હતું.

**(સૌ. : ધ વાયર)**

# કેન્દ્રને ઈઝરાયેલને શસ્ત્રો અને લશ્કરી સાધનોની નિકાસ અટકાવવા વિનંતી કરતી જાહેર હિતની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી

### આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે MoD હેઠળ જાહેર ક્ષેત્રના એન્ટરપ્રાઈઝ સહિતની કંપનીઓ દ્વારા ઈઝરાયેલને લશ્કરી સાધનો સપ્લાય કરવા એ બંધારણની કલમ ૧૪ અને ૨૧ સાથે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ભારતની જવાબદારીઓનું ઉલ્લંઘન છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ગાઝા વિરૂદ્ધ અસમાન્ય યુદ્ધ લડી રહેલા ઈઝરાયેલને શસ્ત્રો અને અન્ય સૈન્ય સાધનોની નિકાસ કરતી ભારતીય કંપનીઓને લાયસન્સ રદ કરવા અને નવી કંપનીઓને મંજૂરી ન આપવા કેન્દ્રને નિર્દેશ આપવા માટે સુપ્રીમ કોર્ટમાં એક PIL દાખલ કરવામાં આવી છે. વકીલ પ્રશાંત ભૂષણ દ્વારા દાખલ કરવામાં આવેલી આ પીઆઈએલમાં કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયને પક્ષકાર બનાવતા કહ્યું છે કે, ભારત વિવિધ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંધિઓથી બંધાયેલું છે જે ભારતને યુદ્ધ અપરાધો માટે દોષિત રાજ્યોને લશ્કરી શસ્ત્રો ન આપવા માટે બાધ્ય કરે છે. આ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું ગંભીર ઉલ્લંઘન થઈ શકે છે. નોઈડાના રહેવાસી અશોક કુમાર શર્મા સહિત ૧૧ લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે, MoD હેઠળ જાહેર ક્ષેત્રના એન્ટરપ્રાઈઝ સહિતની કંપનીઓ દ્વારા ઈઝરાયેલને લશ્કરી સાધનોનો પુરવઠો



આપવો એ બંધારણની કાયદાની કલમ ૧૪ અને ૨૧ સાથે જોડાયેલી ભારતની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનું ઉલ્લંઘન કરે છે. ભારતની વિવિધ કંપનીઓને ઈઝરાયેલને શસ્ત્રો અને અન્ય લશ્કરી સાધનો નિકાસ કરવા માટે, કોઈપણ વર્તમાન લાયસન્સ રદ કરવા અને નવા લાઈસન્સ/પરવાનગીઓ આપવાનું રોકવા માટે, ઉત્તરદાતાઓને આદેશ અથવા અન્ય કોઈપણ યોગ્ય રિટ અથવા દિશાનિર્દેશ જારી કરવા જોઈએ. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ) એ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ ના તાજેતરના નિર્ણયમાં, નરસંહારના ગુનાના નિવારણ અને સજા પરના કન્વેન્શન હેઠળની જવાબદારીઓ સાથે ગાઝા પટ્ટીમાં ઉલ્લંઘન માટે ઈઝરાયેલ સામે કામચલાઉ પગલાં લેવાનો આદેશ આપ્યો હતો. આ કામચલાઉ પગલાંમાં પેલેસ્ટીની લોકોની ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલી હત્યાઓ અને વિનાશને તાત્કાલિક અટકાવવાનો સમાવેશ થાય છે. આ ચુકાદાના પ્રકાશમાં યુનાઈટેડ નેશન્સ નિષ્ણાતોએ ઈઝરાયેલને શસ્ત્રો અને લશ્કરી દારૂગોળો ટ્રાન્સફર કરવા સામે ચેતવણી આપતા નિવેદન બહાર પાડ્યું છે જે માનવ અધિકારો અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાઓનું ગંભીર ઉલ્લંઘન અને સંભવતઃ નરસંહાર સહિતના આંતરરાષ્ટ્રીય ગુનાઓમાં રાજ્યની સંડોવણીનું જોખમ ધરાવે છે. આ PIL માં કહેવામાં આવ્યું છે કે, ભારત વિવિધ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સંધિઓથી બંધાયેલું છે જે ભારતને યુદ્ધ અપરાધો માટે દોષિત રાજ્યોને લશ્કરી શસ્ત્રો ન આપવા માટે બાધ્ય કરે છે, કારણ કે કોઈપણ નિકાસનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું ગંભીર ઉલ્લંઘન થઈ શકે છે.

# ૧૯ વર્ષીય આર્યન મિશ્રાના હત્યારાએ કહ્યું, 'બ્રાહ્મણની ગોળીથી હત્યા કર્યાનો અફસોસ, તે મુસ્લિમ હશે એવું વિચાર્યું'

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

૨૪ ઓગસ્ટની વહેલી સવારે હરિયાણાના ફરીદાબાદમાં કથિત ગૌરક્ષક લોકો દ્વારા પીછો કરીને ગોળી મારીને હત્યા કરાયેલા ધોરણ ૧૨ના વિદ્યાર્થીના પિતા સિયાનંદ મિશ્રાએ મંગળવારે એક ચોંકાવનારૂં નિવેદન આપ્યું હતું જ્યારે તેમણે સ્થાનિક જેલમાં તેમના પુત્રના હત્યારા સાથેની મુલાકાતનું વર્ણન કર્યું હતું. મિશ્રાએ કહ્યું કે, ''તેણે કહ્યું કે મને લાગ્યું કે મારો પુત્ર મુસ્લિમ હતો. હવે તેને એક બ્રાહ્મણની હત્યાનો પસ્તાવો થાય છે.'' મિશ્રાએ સ્થાનિક રીતે 'મોનુ માનેસર' તરીકે ઓળખાતા કુખ્યાત ગુનેગારને યાદ કર્યો કે તેણે તેના પગને સ્પર્શ કર્યા પછી અને ''ભૂલથી'' તેના પુત્રની હત્યા કરવા બદલ માફી માંગી હતી. મિશ્રાના પુત્ર ૧૯ વર્ષીય આર્યન મિશ્રાને ગોળી માર્યા પહેલા મોનુ માનેસર અને ગેંગ દ્વારા ૨૫ કિલોમીટર સુધી પીછો કરવામાં આવ્યો હતો. આર્યન તેના મિત્રો હર્ષિત અને શૈંકી સાથે SUVમાંથી નૂડલ્સ ખાવા માટે બહાર ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાખોરોએ છોકરાઓને ''ગાયના તસ્કરા'' સમજી લીધા હતા અને કાર પર ગોળીબાર કરતા પહેલા એસયુવીની પાછળ પડ્યા હતા. એક ગોળી પાછળની બારીનો કાચ તોડીને આગળની પેસેન્જર સીટ પર બેઠેલા આર્યનને વાગી હતી. આર્યનને ટક્કર માર્યા બાદ કાર ચલાવી રહેલા હર્ષિતે વાહન રોક્યું હતું. ત્યારબાદ હુમલાખોરોએ નજીક આવીને બીજી ગોળી સીધી આર્યનની છાતીમાં વાગી હતી જેના પરિણામે તેનું મૃત્યુ થયું હતું. આર્યનને તાત્કાલિક નજીકની



હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો પરંતુ એક દિવસ પછી તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાના ત્રણ દિવસથી ઓછા સમય પછી ૨૭ ઓગસ્ટના રોજ પશ્ચિમ બંગાળના સાબીર નામના મુસ્લિમ કચરો વીણનારાને હરિયાણામાં કથિત ગૌરક્ષકોએ માર માર્યો હતો અને તેમને લાગ્યું કે, ''તેઓ માનતા હતા કે તેણે બીફ ખાધું હતું.'' ચરખી દાદરીના બધરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ સાબીર સાથે આસામના અન્ય એક સ્થળાંતર કામદાર અસિરૂદ્દીન નામના આસામીને હુમલાખોરોએ કેટલાક ભંગારના નિકાલના બહાને સ્થાનિક બસ સ્ટેન્ડ પર બોલાવ્યા હતા. એફઆઈઆર અનુસાર ''૨૭ ઓગસ્ટની સવારે યુવાનોનું એક જૂથ સાબીર એક કચરો વીણનારા બાધરા ગામ નજીકના ઝૂંપડપટ્ટીમાં રહેતો હતો તેની પાસે આવ્યો અને તેને સ્થાનિક બસ સ્ટેન્ડ પર લઈ ગયા અને દાવો કર્યો કે તેમની પાસે નિકાલ કરવા માટે થોડો ભંગાર છે. ગૌરક્ષકોએ અસરૂદ્દીન નામના અન્ય વ્યક્તિને બસ સ્ટેન્ડ પર કચરો વીણનારા તરીકે પણ બોલાવ્યો હતો.'' તેમાં કહેવાયું ''ગૌરક્ષકોએ બે કચરો વીણનારાને નિર્દયતાથી મારવાનું શરૂ કર્યું. જ્યારે રાહદારીઓએ દરમિયાનગીરી કરી ત્યારે ગુનેગારો પીડિતોને તેમની મોટરસાઈકલ પર કોઈ અન્ય સ્થાન પર લઈ ગયા'' પોલીસના જણાવ્યા અનુસાર, ૨૬ વર્ષીય સાબીરનો મૃતદેહ પાછળથી ભંડવા ગામની એક નહેર પાસે મળી આવ્યો હતો જ્યારે બેભાન અસીરૂદ્દીન અન્ય સ્થળે ફેંકી દેવામાં આવ્યો હતો. ચરખી દાદરીના પોલીસ અધિક્ષક પૂજા વશિષ્ઠે પુષ્ટિ આપી હતી કે હુમલાખોરોએ મુસ્લિમ યુવકો પર નિર્દયતા ફક્ત એટલા માટે ઉતારી હતી કારણ કે તેઓ માનતા હતા કે બંનેએ બીફ ખાધું હતું. ઘણા દુઃખની વાત એ છે કે, પોલીસ દ્વારા પકડાયેલા બે આરોપીઓ કિશોર છે. વશિષ્ઠે મીડિયાને જણાવ્યું હતું કે, ''અત્યાર સુધી અભિષેક, રવિન્દર, મોહિત, કમલજીત અને સાહિલ નામના પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને તેમાંથી બે કિશોરો છે.'' જો કે, હરિયાણાના મુખ્ય પ્રધાન નાયબ સિંહ સૈનીની હત્યા અંગે પ્રતિક્રિયા હતી કે, ગ્રામવાસીઓ ગાયનું આદર કરે છે અને જો તેઓને કોઈ અપ્રિય પરિસ્થિતિનો અનુભવ થાય, તો ''તેમને કોણ રોકી શકે?'' તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ''ગાય સંરક્ષણ'' પર કોઈ સમાધાન નથી. તેમણે કહ્યું, ''મોબ લિંચિંગ જેવી વાતો કરવી યોગ્ય નથી કારણ કે ગૌરક્ષા માટે વિધાનસભામાં કડક કાયદો બનાવવામાં આવ્યો છે અને તેમાં કોઈ સમાધાન નથી.'' તેમણે કહ્યું કે, ''હું કહેવા માંગુ છું કે આવી ઘટનાઓ ન થવી જોઈએ અને આ ઘટનાઓ દુર્ભાગ્યપૂર્ણ છે.''

# કર્ણાટક : હિજાબ પહેરેલા વિદ્યાર્થીઓ પર ગેટ બંધ કરનાર પ્રિન્સિપાલને રાજ્ય પુરસ્કાર મળ્યો

**શું આ નીતિ કોંગ્રેસને પરાજિત કરે છે ? ખરાબ દિવસોમાં પ્રકાશ રાજ જેવા કલાકારે કોમવાદી તત્ત્વો સામે બંડ પોકારેલ પરંતુ આજે તેને રાજ્યસભામાં લઈ જવાને બદલે સાઈડમાં કરી દીધેલ છે !**

**ન્યુઝ GT પોઈન્ટ**

(એજન્સી) તા.૪

કર્ણાટક સરકારે ૨૦૨૩-૨૪ના શૈક્ષણિક વર્ષ માટે શ્રેષ્ઠ આચાર્ય માટે રાજ્ય-સ્તરનો પુરસ્કાર રામકૃષ્ણ બીજીને આપ્યો હતો, જેમણે બે વર્ષ પહેલાં હિજાબ પહેરેલી વિદ્યાર્થિનીઓ માટે દરવાજા બંધ કરવા બદલ વિવાદનો સામનો કર્યો હતો. ૨૦૨૨માં કર્ણાટકમાં હિજાબના મુદ્દા વચ્ચે ઉડુપી જિલ્લાના કુંડાપુરામાં સરકારી પ્રિ-યુનિવર્સિટી કોલેજના પ્રિન્સિપાલ રામકૃષ્ણે, જ્યારે હિજાબ પહેરેલી વિદ્યાર્થિનીઓએ કોલેજમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે વ્યક્તિગત રીતે દરવાજા બંધ કરી દીધા.

આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જે તત્કાલીન ભારતીય જનતા પાર્ટી (BJP) શાસિત રાજ્યમાં તણાવપૂર્ણ પરિસ્થિતિને દર્શાવે છે. પ્રવેશની મંજૂરી આપવા માટે વિદ્યાર્થિનીઓની ભયાવહ વિનંતીઓ છતાં રામકૃષ્ણે દરવાજા બંધ કરી દીધા. તેના પગલાએ કર્ણાટકમાં હિજાબના મુદ્દાના વિવાદાસ્પદ સ્વરૂપને હાઈલાઈટ કરીને



વ્યાપક ટીકા અને આંતરરાષ્ટ્રીય ધ્યાન આકર્ષિત કર્યું. સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની વર્તમાન કોંગ્રેસ સરકારે હિજાબ મુદ્દે અને લઘુમતી અધિકારો પર પક્ષના વલણ પર સવાલ ઉઠાવતા રામકૃષ્ણને 'પ્રિન્સિપલ એવોર્ડ'થી સન્માનિત કરવાનો નિર્ણય લીધો છે.

# તેલંગાણાના આસિફાબાદમાં આદિવાસી મહિલા પર બળાત્કાર બાદ ભડકી ઉઠ્યા કોમી તોફાનો, ઓટો ડ્રાઈવર પર પાશવી હુમલો

(એજન્સી) હૈદરાબાદ, તા.૪

હૈદરાબાદના આસિફાબાદ જિલ્લામાં સાંપ્રદાયિક તણાવ સર્જાયો હતો. અહીં જૈનૂર મંડલમાં ૪ સપ્ટેમ્બર, બુધવારે લગભગ ૨૦૦૦ લોકોના ટોળાએ મુસ્લિમ સમુદાયની સંપત્તિ પર હુમલો કર્યો અને ઘણું નુકસાન કર્યું. ટોળાનો આરોપ છે કે, એક મુસ્લિમ ઓટો રિક્ષા ચાલકે આદિવાસી મહિલાનું યૌન શોષણ કર્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કેટલાક વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, હજારો ટોળાએ બજારમાં મુસ્લિમ દુકાનદારોની દુકાનોને નિશાન બનાવી છે. અનેક વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. કથિત રીતે સ્થાનિક લોકોને કેટલાક સ્થાનિક દક્ષિણપંથી સંગઠનોના નેતાઓનું સમર્થન છે, જેના કારણે



આ હિંસા થઈ છે. માહિતી મળતાં સ્થળ પર પહોંચેલી પોલીસ પણ ભીડને રોકવામાં નિષ્ફળ રહી હતી. જો કે, થોડા કલાકો પછી સ્થાનિક પોલીસની મદદ માટે વધારાના દળો સ્થળ પર મોકલવામાં આવ્યા હતા. આ પછી સ્થિતિ કાબૂમાં આવી હતી. ત્યાં સુધીમાં તોફાનીઓએ કરોડોની સંપત્તિને આગ ચાંપી દીધી હતી. તે જ સમયે આસિફાબાદ અને રાજ્યના વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પોલીસ વ્યવસ્થા પર નજર રાખવા માટે હિંસા પ્રભાવિત વિસ્તારોનો પ્રવાસ કરી રહ્યા છે. આસિફાબાદ પોલીસે એક પ્રેસ રિલીઝમાં આ ઘટના સાથે જોડાયેલી માહિતી શેર કરી છે. ડીએસપી સદૈયા પંથાટીએ જણાવ્યું કે, દેવુગુડા ગામની એસટી ગોંડ જાતિની ૪૫ વર્ષીય મહિલા જૈનુર રાઘવપુરથી કામ કરીને સોયાનગુડા જઈ રહી હતી. દરમિયાન, રસ્તામાં ઓટો ચાલકે તેના પર બળજબરી કરી અને તેને ઓટોમાંથી નીચે ફેંકી દીધી, જેથી લોકોને લાગ્યું કે મહિલાનો અકસ્માત થયો છે.

# અમેરિકામાં વાહનોની અથડામણમાં કારપૂલિંગ એપ દ્વારા જોડાયેલા ૪ ભારતીયો જીવતા બળી ગયા

(એજન્સી) ઓસ્ટિન, તા.૪

અમેરિકામાં પાંચ વાહનોને સંડોવતા એક ભયાનક અકસ્માતમાં એક મહિલા સહિત ચાર ભારતીયોનાં મોત થયા હતા.

ટેક્સાસના અન્નામાં એક હાઈવે પર બહુવિધ વાહનોને સંડોવતા અકસ્માત થયો હતો જ્યારે એક ઝડપી ટ્રક કથિત રીતે પીડિતોની કાર સાથે પાછળથી અથડાઈ હતી. દુર્ઘટના પછી તરત જ કારમાં આગ લાગી હતી અને પીડિતો અંદર ફસાઈ ગયા હતા. કથિત રીતે પીડિતોના મૃતદેહ સળગી ગયા હતા. પીડિતોની ઓળખ આર્યન રઘુનાથ ઓરમપતિ, ફારૂક શેખ, લોકેશ પલાચરલા અને દર્શિની વાસુદેવન તરીકે થઈ છે. ટેક્સાસ મીડિયાના અહેવાલો મુજબ ચારેય કારપૂલિંગ એપ્લિકેશન દ્વારા કનેક્ટ થયા હતા અને બેન્ટનવિલે જઈ રહ્યા હતા.

બેન્ટનવિલેના રહેવાસી આર્યન અને ફારૂક બંને ડલ્લાસની ટ્રીપ પરથી પરત ફરી રહ્યા હતા. લોકેશ પલાચરલા તેની પત્નીને મળવા બેન્ટનવિલે જઈ રહ્યો હતો અને દર્શિની વાસુદેવન તેના કાકાને મળવા જઈ રહી હતી.

દર્શિનીના પિતાએ વિદેશમંત્રી એસ. જયશંકરની ટ્વિટર પોસ્ટમાં તેમની પુત્રીને શોધવા માટે મદદ માંગી હતી.

પ્રિય સર, મારી પુત્રી ધારિની વાસુદેવન ભારતીય પાસપોર્ટ નં.T6215559 ધરાવે છે તે છેલ્લા ૩ વર્ષથી યુએસએમાં છે, બે વર્ષ MS અભ્યાસ અને પછી ૧ વર્ષ નોકરી કરીને ૩૧૫૦ Avenue of the stars Apt 1110-Frisco, Texas-75034 ખાતે રહે છે.

ત્રણ દિવસ જૂની પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ગઈકાલે સાંજે તેણે ૩ અન્ય લોકો સાથે ૩ વાગ્યાની આસપાસ કારપૂલિંગ લીધી હતી અને સાંજે ૪ વાગ્યા સુધી તે સક્રિય રીતે મેસેજિંગ કરતી હતી અને સાંજે ૪ વાગ્યા પછી ફોન પર



**પીડિતોની ઓળખ આર્યન રઘુનાથ ઓરમપતિ, ફારૂક શેખ, લોકેશ પલાચરલા અને દર્શિની વાસુદેવન તરીકે થઈ છે**

સંપર્ક કરી શકાયો નથી, આ ઉપરાંત તેની સાથે મુસાફરી કરી રહેલા અન્ય ૩ લોકો સાથે વધુ કોઈ સંપર્ક સ્થાપિત થઈ શક્યો ન હતો.

ઓરમપતિના પિતા સુભાષચંદ્ર રેડ્ડી હૈદરાબાદ સ્થિત મેક્સ એગ્રી જેનેટિક્સ પ્રાઈવેટ લિમિટેડ નામની પેઢીના માલિક છે.

કોલિન કાઉન્ટી શેરિફ ઓફિસના જણાવ્યા અનુસાર પાંચ વાહનોને સંડોવતા અકસ્માત ડલ્લાસ નજીક અન્ના ખાતે વ્હાઈટ સ્ટ્રીટની પાછળ ઉત્તર તરફના US 75 પર થયો હતો.

હ્યુસ્ટનમાં ભારતના કોન્સ્યુલ જનરલ ડી.સી. મંજુનાથે ઓળખની પુષ્ટિ કરી અને શેર કર્યું કે કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયા (CGI) મૃતકોના પરિવારો અને સામુદાયિક સંસ્થાઓના સંપર્કમાં છે, આ દુઃખદ ક્ષણ દરમિયાન જરૂરી એવી બધી જ મદદ પૂરી પાડી રહ્યું છે.

સાક્ષીઓ અને પ્રાથમિક અહેવાલો અનુસાર હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયો હતો અને અકસ્માત થયો ત્યારે અટકી ગયેલા વાહનોમાં એક SUV પણ હતી.

તેજ ગતિએ જઈ રહેલ એક ટ્રક ધીમી પડવામાં નિષ્ફળ ગયો અને એસયુવીના પાછળના ભાગમાં અથડાઈ ગયો. અથડામણ એટલી જોરદાર હતી કે, એસયુવીમાં આગ લાગી હતી અને ચાર મુસાફરો અંદર ફસાઈ ગયા હતા જેના પરિણામે તેમના મૃત્યુ થયા હતા.

પીડિતોની સત્તાવાર રીતે ઓળખ કરવામાં દિવસો લાગ્યા કારણ કે, મૃતદેહો ઓળખી શકાય તેમ નથી. કેટલાક અન્ય લોકોને નાની-મોટી ઈજાઓ થઈ છે, જો કે, ચોક્કસ સંખ્યા અસ્પષ્ટ છે. પીડિતોની ઓળખ કરવામાં લાંબા વીકેન્ડ અને DNA ફિંગરપ્રિંટિંગની જરૂરિયાતને કારણે તેમની ઓળખની પુષ્ટિ કરવા માટે હાડકાના અવશેષોનો ઉપયોગ કરવો પડ્યો હોવાને કારણે વિલંબ થયો હતો. મંજુનાથે કહ્યું, દર્શિનીના કાકા રામાનુજમ બેન્ટનવિલે, અરકાનસાસમાં રહે છે. તે તેમની મુલાકાત લેવા જઈ રહી હતી. દર્શિનીએ હમણા જ તેનું માસ્ટર્સ પૂરૂં કર્યું હતું અને ફ્રિસ્કો, ડલ્લાસમાં તેની નોકરી શરૂ કરી હતી. મંજુનાથે ઉમેર્યું, અન્ય બે - ઉમર ફારૂક શેખ અને આર્યન રઘુનાથ ઓરમપતિ ડલ્લાસની યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી તાજેતરના સ્નાતક હતા, શેખે ૨૦૨૩માં બિઝનેસ એનાલિટિક્સમાં એમએસ પૂર્ણ કર્યું હતું અને ઓરમપતિએ ફાઈનાન્સમાં એમએસ કરી રહ્યો હતો અને તે વર્તમાન વર્ષમાં સ્નાતક થવાનો હતો. લોકેશ જે વાહન ચલાવતો હતો, તે પણ કામ કરતો વ્યાવસાયિક હતો. આ જીવલેણ અકસ્માતને પગલે ભારતીય સમુદાયમાં ખાસ કરીને તેલુગુ સમુદાયમાં ઊંડા આઘાતની લાગણી પ્રસરી ગઈ હતી.

# પૂજા ખેડકરનું ડિસેબિલિટી સર્ટિફિકેટ 'બનાવટી', ૩ અલગ-અલગ નામો સાથે ૧૨ પ્રયાસો કર્યા : દિલ્હી પોલીસે હાઈકોર્ટને જણાવ્યું

**પૂજા ખેડકર બનાવટી પ્રમાણપત્ર કેસના સંબંધમાં દિલ્હી પોલીસે દિલ્હી હાઈકોર્ટને આપેલા સ્ટેટસ રિપોર્ટમાં ચોંકાવનારા ખુલાસા કર્યા છે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, જેમ કે તેણે દાવો કર્યો હતો, જારી કરનાર અધિકારીએ પૂજા ખેડકરને કોઈપણ અપંગતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કર્યો હતો, તેઓએ એમ પણ કહ્યું કે, પૂજાએ ૧૨ પ્રયાસો કરવા માટે ત્રણ અલગ-અલગ નામોનો ઉપયોગ કર્યો હતો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

દિલ્હી પોલીસે દિલ્હી હાઈકોર્ટમાં તેના સ્ટેટસ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પૂર્વ તાલીમાર્થી IAS પૂજા ખેડકરે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)ને સબમિટ કરેલું વિકલાંગતા પ્રમાણપત્ર નકલી હતું. પોલીસે જણાવ્યું હતું કે, વધુ તપાસ દરમિયાન અને UPSC દ્વારા પૂરા પાડવામાં આવેલ દસ્તાવેજોની ચકાસણી દરમિયાન એવું બહાર આવ્યું છે કે, અરજદારે બે ડિસેબિલિટી સર્ટિફિકેટ (મલ્ટીપલ ડિસેબિલિટી) સબમિટ કર્યા હતા જે જારી કરતી મેડિકલ ઓથોરિટી, અહમદનગર, મહારાષ્ટ્ર દ્વારા જારી કરવામાં આવેલ હતા. જો કે, પોલીસે કહ્યું કે, પ્રમાણપત્રની ચકાસણી પર જારી કરનાર મેડિકલ ઓથોરિટીએ કહ્યું કે, તેમના તરફથી આવું કોઈ પ્રમાણપત્ર આપવામાં આવ્યું નથી. સ્ટેટસ રિપોર્ટમાં દિલ્હી પોલીસ દ્વારા ટાંકવામાં આવ્યું હતું કે, ઈશ્યુ કરનાર ઓથોરિટીએ અમને જણાવ્યું હતું કે, અમારા સિવિલ સર્જન ઓફિસના રેકોર્ડ્સ મુજબ ઈશ્યુ કરનાર મેડિકલ ઓથોરિટી, અહેમદનગર, મહારાષ્ટ્ર દ્વારા નં.MH2610119900342407 દ્વારા



ડિસેબિલિટી સર્ટિફિકેટ (મલ્ટીપલ ડિસેબિલિટી) જારી કરવામાં આવ્યું નથી, તેથી ડિસેબિલિટી સર્ટિફિકેટ બનાવટી હોવાની શક્યતા વધુ છે.

તેણે સિવિલ સર્વિસ પરીક્ષાઓ (CSE)-૨૦૨૨ અને ૨૦૨૩માં અનામત લાભો મેળવવા માટે બે પ્રમાણપત્રોનો ઉપયોગ કર્યો હતો. પોલીસે કહ્યું કે, જ્યારે તેઓએ મહારાષ્ટ્ર સરકારનો સંપર્ક કર્યો, ત્યારે તેઓએ પણ તેના નામ હેઠળ આ પ્રકારનું પ્રમાણપત્ર આપવાનો ઈનકાર કર્યો.

**બહુવિધ CSE પ્રયાસોમાં પૂજા ખેડકરના ૩ નામ :**

અગાઉ યુપીએસસીએ કહ્યું હતું કે, પૂજાએ તેના તમામ પ્રયાસો વાપરી નાખ્યા પછી પણ બહુવિધ બેઠકો માટે હાજર થવા માટે તેનું નામ બદલી નાખ્યું હતું. દિલ્હી પોલીસના સ્ટેટસ રિપોર્ટમાં અધિકારીઓએ ત્રણ અલગ-અલગ નામોનો ઉલ્લેખ કર્યો છે જેનો ઉપયોગ પૂજાએ યુપીએસસીને ગૂંચવવા માટે કર્યો હતો અને ૧૨ વર્ષ (૨૦૧૨-૨૦૨૩)માં તે જે પરીક્ષા માટે લાયક હતી તેના કરતા વધુ સંખ્યામાં પ્રયાસો કર્યા હતા.

**સ્ટેટસ રિપોર્ટ પ્રમાણે પૂજાએ જે ત્રણ નામોનો ઉપયોગ કર્યો છે, તે આ પ્રમાણે છે :**

૧. ખેડકર પૂજા દિલીપરાવ
૨. પૂજા દિલીપ ખેડકર
૩. પૂજા મનોરમા દિલીપ ખેડકર

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર પૂજાએ આઠ પ્રયાસો કરવા માટે 'ખેડકર પૂજા દિલીપરાવ'નો ઉપયોગ કર્યો હતો. તેણે 'પૂજા દિલીપ ખેડકર'નો ઉપયોગ કરીને એક પ્રયાસ કર્યો અને ત્રણ પ્રયાસો તેનું નામ બદલીને 'પૂજા મનોરમા દિલીપ ખેડકર' કર્યું હતું. તે ૨૦૧૨થી ૨૦૨૩ દરમિયાન ૧૨ વખત CSE માટે હાજર રહી હતી.

# બજરંગ પુનિયા અને વિનેશ ફોગાટ હરિયાણામાંથી રાજકારણમાં પ્રવેશવાની અને ચૂંટણી લડવાની અટકળો વચ્ચે રાહુલ ગાંધીને મળ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪નું બ્યુગલ વાગી ગયું છે. ચૂંટણીની તારીખોના એલાન બાદ તમામ રાજકીય પાર્ટીઓએ ચૂંટણીની તૈયારી તેજ કરી દીધી છે. ત્યારે હવે હરિયાણાના રાજકારણના મોટા સમાચાર સામે આવ્યા છે. વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ઝંપલાવશે. લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત બાદ બંને ખેલાડીઓએ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. હાલમાં જ બંને પહેલવાનો અને રાહુલ ગાંધીની મુલાકાતની તસવીર સામે આવી હતી. ઘણા દિવસોથી અટકળો લગાવવામાં આવી રહી હતી કે, વિનેશ ફોગાટ કોંગ્રેસની ટિકિટ પર હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં એન્ટ્રી કરી શકે છે. રાહુલ ગાંધી સાથે મુલાકાત પહેલાં જ રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે, જો વિનેશ ફોગટ સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે તો તે કોંગ્રેસમાં સામેલ શકે છે. તાજેતરમાં જ વિનેશે જીંદ, રોહતક અને શંભુ બોર્ડર ખાતે ખાપ પંચાયતો અને ખેડૂતો સાથે મુલાકાત કરી હતી. જ્યાં તેને ખાપ પંચાયત દ્વારા ગોલ્ડ મેડલથી સન્માનિત કરવામાં આવી હતી. વિનેશે કહ્યું કે,



જ્યારે હું મુશ્કેલીમાં હતી ત્યારે ખેડૂતોએ મારો સાથ આપ્યો હતો. કોંગ્રેસે પણ વિનેશને પોતાની તરફ આકર્ષિત કરવા માટે પગલાં લીધા છે. જ્યારે વિનેશે સંન્યાસની જાહેરાત કરી ત્યારે કોંગ્રેસના સાંસદ દીપેન્દ્રસિંહ હુડ્ડા તેની સાથે નજર આવ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ પણ વિનેશને રાજ્યસભામાં મોકલવાની માંગ કરી હતી, જો કે, તેની ઉંમરને કારણે આ શક્ય નહોતું. વિનેશના કાકા મહાવીર ફોગાટ અને પિતરાઈ બહેન બબીતા ફોગાટે કોંગ્રેસની આ પહેલની ટીકા કરી હતી. વિનેશ ફોગાટની રાજકીય એન્ટ્રી હરિયાણાની રાજનીતિમાં મોટો બદલાવ આવશે. ખાપ પંચાયતો અને ખેડૂતો સાથેના તેમના મજબૂત સંબંધો તેને ચૂંટણીમાં મોટું સમર્થન અપાવશે. આગામી વિધાનસભા ચૂંટણીમાં વિનેશ ફોગાટની ભૂમિકા હરિયાણાના રાજકારણમાં મહત્ત્વનો વળાંક સાબિત થઈ શકે છે. હરિયાણામાં પાંચ ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૮ ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર થશે. અગાઉ રાજ્યમાં ૧ ઓક્ટોબરના રોજ મતદાન થવાનું હતું અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી સાથે ૪ ઓક્ટોબરના રોજ પરિણામો જાહેર થવાના હતા. હવે બંને રાજ્યોના ચૂંટણી પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર થશે. છેલ્લા ઘણા દિવસોથી એવી અટકળોએ જોર પકડ્યું છે કે, વિનેશ ફોગાટ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ શકે છે. હવે રાહુલ ગાંધી સાથે તેમની મુલાકાત બાદ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાએ ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બજરંગ પુનિયા બાદલી બેઠક પરથી ચૂંટણી લડશે અને વિનેશ ફોગાટ જુલાનાથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. રાજકીય વર્તુળોમાં અટકળો ચાલી રહી હતી કે, વિનેશ ફોગાટને દાદરી બેઠક પરથી ટિકિટ આપવામાં આવી શકે પરંતુ વિનેશને જુલાના બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવી છે. બીજી તરફ બજરંગ પુનિયા બાદલી બેઠક પરથી ચૂંટણી લડશે. મંગળવારે જ હરિયાણાના કોંગ્રેસી નેતા બાબરિયાએ વિનેશ વિશે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ તેમની સ્થિતિ સ્પષ્ટ કરી દેવામાં આવશે.

# ભારતમાલા તબક્કા ૧માં અનેક અવરોધો પછી મોદી સરકારે નવો અમ્બ્રેલા હાઈવે પ્રોજેક્ટ્સ શરૂ ન કરવાનો નિર્ણય લીધો

**ત્રીજી ટર્મમાં મોદી સરકાર દ્વારા માત્ર વ્યક્તિગત રોડ કોરિડોરને મંજૂરી આપવામાં આવશે ૯૩૬ કિમીમાં ફેલાયેલા ૮ હાઈ-સ્પીડ રસ્તાઓને મંજૂરી આ નવી વ્યૂહરચનાનો એક ભાગ છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ભારતમાલા પરિયોજના - ૨૦૧૭માં કેન્દ્ર દ્વારા ૭૪,૯૪૨ કિમીના રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિકસાવવા માટે એક સંયુક્ત કાર્યક્રમ (અમ્બ્રેલા પ્રોજેક્ટ) શરૂ કરવામાં આવ્યો હતો જેમાં વધુ ખર્ચ અને વધુ સમયને લીધે મોદી સરકારે તેના કોઈપણ અનુગામી ફ્લેગશિપ હાઈવે કાર્યક્રમો શરૂ ન કરવાનો નિર્ણય કર્યો છે. આ વ્યૂહરચના બદલતા કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય (MoRTH)એ વ્યક્તિગત રોડ કોરિડોરને મંજૂરી આપશે અને અમલીકરણ કરશે. મંત્રાલયના અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)ના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકારે ભારતમાલા અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિકાસ પ્રોજેક્ટ, જેને સુવર્ણ ચતુર્ભુજ કાર્યક્રમ તરીકે પણ ઓળખવામાં આવે છે, જે અટલબિહારી વાજપેયીની NDA-I સરકાર દરમિયાન શરૂ કરવામાં આવ્યો હતો, જેવા છત્ર કાર્યક્રમો હાથ ન ધરવાનો નિર્ણય કર્યો છે. આ ફ્લેગશિપ પ્રોગ્રામ હવે રહેશે નહીં. તેના બદલે, અમે નવા હાઈવે વિકસાવવા માટે કોરિડોર આધારિત અભિગમ અપનાવીશું. કેન્દ્રીય કેબિનેટની ૨ ઓગસ્ટના રોજ આઠ હાઈ-સ્પીડ રસ્તાઓ માટે મંજૂરી, ૯૩૬ કિમીની લંબાઈ અને રૂા.૫૦,૬૫૫ કરોડનું રોકાણ આ નવી વ્યૂહરચનાનો એક ભાગ છે. મંત્રાલયના એક બીજા અધિકારીએ જણાવ્યું હતું કે માર્ગ મંત્રાલયે ૨૦ પ્રસ્તાવિત કોરિડોરની ઓળખ કરી છે જેને ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં મંજૂરી આપવામાં આવશે. તેમાં ૭૮૩ કિમી લાંબા ખડગપુર-કટક-વિશાખાપટ્ટનમ કોરિડોરનો સમાવેશ થાય છે; આસામ અને મેઘાલયમાંથી પસાર થતો ૨૮૧ કિમીનો ગુવાહાટી-શિલોંગ-સિલચર કોરિડોર; ગુજરાતમાં ૬૮ કિમી લાંબો ભાવનગર-ભરૂચ કોરિડોર; અને કર્ણાટકમાં ૩૩૫ કિમી મેંગલુરુ-બેંગલુરુ કોરિડોર સામેલ છે. મંત્રાલય અને NHAIના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સંયુક્ત કાર્યક્રમ શરૂ કરવાને બદલે કોરિડોર આધારિત અભિગમ અપનાવવાનો નિર્ણય એ ભારતમાલા કાર્યક્રમના પ્રથમ તબક્કાના મનસ્વી અમલીકરણનું પરિણામ છે. તેમાં ઘણી ક્ષતિઓ



હતી જેને ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) દ્વારા ગયા વર્ષે તેના અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ભારતમાલાના પ્રથમ તબક્કા હેઠળ રૂા.૫.૩૫ લાખ કરોડના ખર્ચે મંજૂર થયેલા ૩૪,૮૦૦ કિમીમાંથી ૨૬,૪૨૫ કિમીના પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં આશરે રૂા.૫ લાખ કરોડના ખર્ચે માત્ર ૧૮,૧૮૦ કિમીની લંબાઈ પૂર્ણ થઈ છે, જે કુલ સંપૂર્ણ પ્રોજેક્ટ ખર્ચની લગભગ બરાબર છે. તબક્કા Iના બાકીના ૮,૦૦૦ કિ.મી. ૩૪,૮૦૦ કિમી પૂર્ણ કરવાની મૂળ સમયમર્યાદા સપ્ટેમ્બર ૨૦૨૨ હતી. તેને પૂર્ણ કરવાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે અને આ પ્રોજેક્ટનો એકંદર ખર્ચ પણ ૧૦ લાખ કરોડ રૂપિયા જેટલો વધી ગયો છે. સરકારે પહેલેથી જ ભારતમાલા કાર્યક્રમના બીજા તબક્કાને રદ કરવાનો નિર્ણય લીધો છે જેમાં ૪૦,૦૦૦ કિમી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો વિકસાવવાની કલ્પના કરવામાં આવી હતી.

નવી સરકારની રચના થયા પછી તરત જ જૂનમાં માર્ગ મંત્રાલયે ૨૨ લાખ કરોડ રૂપિયામાં ૨૦૩૧-૨૦૩૨ સુધીમાં ૩૦,૬૦૦ કિલોમીટરના હાઈવે વિકસાવવા માટેના નવા ફ્લેગશિપ પ્રોગ્રામ માટે મંજૂરી માંગતી કેબિનેટ નોંધ આપી હતી. જો કે, નાણા મંત્રાલયે તેને ફગાવી દીધી હતી. મંત્રાલયે હવે સચિવ (માર્ગ પરિવહન અને ધોરીમાર્ગો) અનુરાગ જૈનની અધ્યક્ષતામાં એક સંરેખણ મંજૂરી સમિતિની રચના કરી છે. આ સમિતિમાં મંત્રાલય અને NHAIના વરિષ્ઠ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. ગયા વર્ષે, CAGએ ભારતમાલા તબક્કા Iના અમલીકરણમાં અનિયમિતતાઓને દર્શાવી હતી. આમાં એવા કિસ્સાઓનો સમાવેશ થાય છે કે જેમાં વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યા વિના પ્રોજેક્ટ આગળ વધારવામાં આવ્યા હતા. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, પરિષદકારો દ્વારા તૈયાર કરાયેલ વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ્સ પ્રોજેક્ટની મંજૂરી પહેલાં સક્ષમ સત્તાધિકારી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું ન હતું. હાલના ધારાધોરણો હેઠળ, કોઈપણ પ્રોજેક્ટ જેની કિંમત રૂા.૧,૦૦૦ કરોડથી વધુ હોય તેને કેબિનેટની મંજૂરીની જરૂર હોય છે, જ્યારે રૂા.૧,૦૦૦ કરોડ હેઠળના નાના પ્રોજેક્ટને કેબિનેટની મંજૂરીની જરૂર હોતી નથી અને તેને મંત્રાલય દ્વારા મંજૂરી મળી શકે છે. CCEA દ્વારા નક્કી કરાયેલ મૂલ્યાંકન અને મંજૂરી પદ્ધતિનું પણ કડકપણે પાલન કરવામાં આવ્યું ન હતું.

# કુર્આન શિક્ષકે સંસ્કૃત પ્રેરિત નામ કૈલાક સાથે સ્કોડા સ્પર્ધા જીતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કેરળના એક કુર્આન શિક્ષકે સ્કોડા દ્વારા તેના નવા ૨૦૨૫ મોડેલ સ્પોર્ટ યુટિલિટી વ્હીકલ (SUV)ને નામ આપવા માટે આયોજિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધા જીતી છે. હાફિઝ મોહમ્મદ ઝિયાદનું સૂચિત નામ કૈલાક લાખો એન્ટ્રીઓમાંથી પસંદ કરવામાં આવ્યું હતું. હાફિઝ ઝિયાદ, જેઓ હાલમાં કેરળના કસરાગોડમાં કુર્આન મેમોરાઈઝેશન માટે નજત કોલેજમાં ભણાવે છે, તેમણે કૈલાક નામ સૂચવ્યું, જે સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવ્યું છે અને તેનો અર્થ ક્રિસ્ટલ છે. સ્કોડાએ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક નિવેદનમાં ઝિયાદને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, અમને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે કેરળના મોહમ્મદ ઝિયાદ દ્વારા પ્રસ્તાવિત નામ અમારા આગામી સ્કોડા કૈલાક મોડલ માટે પસંદ કરવામાં આવ્યું છે. તેમનું સર્જનાત્મક યોગદાન ટૂંક સમયમાં અમારી બ્રાન્ડના વારસાનો એક ભાગ બનશે. કંપનીની વેબસાઈટ પર શેર કરાયેલા એક વીડિયોમાં ઝિયાદે નામ પાછળની તેની પ્રેરણા સમજાવી. કારના શોખીન ન હોવા છતાં, તેઓ કારની માલિકીની આશા સાથે સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરિત થયા હતા, એક સ્વપ્ન જે તેમના પરિવારની આર્થિક પરિસ્થિતિએ તેમને પૂર્ણ થવા દીધું ન હતું. સ્પર્ધા માટે જરૂરી હતું કે સૂચિત નામો K અક્ષરથી શરૂ થાય અને Q સાથે સમાપ્ત થાય, એક પડકાર જે ઝિયાદે નિશ્ચય સાથે સ્વીકાર્યો. પ્રક્રિયા પર પ્રકાશ પાડતા, ઝિયાદે જણાવ્યું હતું કે, તેમણે માપદંડને અનુરૂપ નામો માટે ઘણાં દિવસો વિતાવ્યા હતા. સાવધાનીપૂર્વક વિચારણા કર્યા પછી, હું કૈલાક પર સ્થાયી થયો, એક નામ જે સ્પર્ધાની આવશ્યકતાઓ અને મેં કલ્પના કરેલ સૌંદર્યલક્ષી ગુણો બંને સાથે પડઘો પાડે છે. તેમની શૈક્ષણિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને ઝિયાદની સિદ્ધિ ખાસ કરીને નોંધપાત્ર છે. તેમણે કાલિકટ યુનિવર્સિટીમાંથી અંગ્રેજીમાં ડિગ્રી મેળવી છે અને કુરાન મેમોરાઈઝેશન માટે અલ મરજાન ઈન્સ્ટિટ્યૂટમાંથી હાફિઝ તરીકે સ્નાતક થયા, તેમના કુરાનિક અભ્યાસ માટે સમર્પિત સાત વર્ષ વિતાવ્યા. તેમણે કાલિકટમાં યમની આરબ યુનિવર્સિટી કોલેજમાં એક વર્ષનો અભ્યાસ પણ પૂરો કર્યો. ઝિયાદની સિદ્ધિએ સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રશંસા મેળવી છે, ઘણાં લોકોએ તેમની ધાર્મિક પૃષ્ઠભૂમિને વૈશ્વિક ઓટોમોટિવ ઉદ્યોગમાં સર્જનાત્મક પ્રયાસ સાથે ભેળવવાની તેમની ક્ષમતાની પ્રશંસા કરી છે. તેમની સફળતાને પ્રેરણા તરીકે જોવામાં આવે છે, જે દર્શાવે છે કે સર્જનાત્મકતા અને નવીનતા વિવિધ ક્ષેત્રો અને પૃષ્ઠભૂમિમાં ખીલી શકે છે.

# રાજીવ ગાંધીની સરખામણીમાં રાહુલ ગાંધી વધુ બૌદ્ધિક અને સારા વ્યૂહરચનાકાર છે : સામ પિત્રોડા

## ‘તેમની મૂળભૂત બાબતો સ્પષ્ટ છે, બંને ભારતના વિચારના રક્ષક છે જે વિચાર કોંગ્રેસ પાર્ટીએ રજૂ કર્યો હતો અને પક્ષના દરેક નેતા તેમાં વિશ્વાસ કરતા હતા’

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ગાંધી પરિવારના વિશ્વાસુ સામ પિત્રોડા કહે છે કે, રાહુલ ગાંધી તેમના પિતા રાજીવ ગાંધીની તુલનામાં વધુ બૌદ્ધિક અને વધુ વ્યૂહરચનાકાર છે. આ બંને નેતાઓને ભારતના વિચારના રક્ષકો તરીકે વર્ણવતા પિત્રોડાએ જણાવ્યું હતું કે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીમાં ભાવિ વડાપ્રધાનના તમામ ગુણો છે. આગામી સપ્તાહે ગાંધીની આગામી યુ.એસ.ની મુલાકાત વિશે પિત્રોડાએ જણાવ્યું હતું કે, તેઓ તેમની સત્તાવાર ક્ષમતામાં યુ.એસ. નથી આવી રહ્યા પરંતુ કેપિટોલ હિલ પર ‘વ્યક્તિગત સ્તરે’ વિવિધ લોકો સાથે વાર્તાલાપ કરવાની તેઓને તક મળશે. રાહુલ ગાંધી ચોક્કસપણે રાષ્ટ્રીય પ્રેસ ક્લબમાં પ્રેસ સાથે વાતચીત કરશે, તેઓ થિંક ટેન્કના લોકો સાથે મુલાકાત કરશે અને જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં પણ વાતચીત કરશે જે વોશિંગ્ટન ડીસીમાં સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના વડાએ જણાવ્યું હતું કે, લોકસભામાં વિપક્ષના નેતાનું પદ સંભાળ્યા બાદ ગાંધીની પ્રથમ યુ.એસ. મુલાકાત છે. રાહુલ ગાંધી ૮થી ૧૦ સપ્ટેમ્બર સુધી યુ.એસ.ની મુલાકાત લેશે જે દરમિયાન તેઓ વોશિંગ્ટન ડીસી અને ડલ્લાસમાં વાર્તાલાપ કરશે, જેમાં યુનિવર્સિટી ઓફ જ્યોર્જટાઉન અને યુનિવર્સિટી ઓફ ટેક્સાસનો સમાવેશ થાય છે. પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી અને રાહુલ ગાંધી વચ્ચે સમાનતા અને તફાવતો વિશે પૂછવામાં આવતા પિત્રોડાએ જણાવ્યું હતું કે, તેમણે રાજીવ ગાંધી, પી.વી. નરસિમ્હા રાવ, મનમોહનસિંહ, વી.પી. સિંહ, ચંદ્રશેખર અને એચ.ડી. દેવગૌડા જેવા ઘણા વડાપ્રધાનો સાથે કામ કર્યું છે. મને ઘણા વડાપ્રધાનોને ખૂબ નજીકથી જોવાની તક મળી છે, પરંતુ રાહુલ અને રાજીવ વચ્ચેનો તફાવત કદાચ એ છે કે, રાહુલ ઘણા વધુ બૌદ્ધિક, વિચારક છે, રાજીવ વધુ કાર્ય કરનાર હતા. તેમનો સમાન ડીએનએ છે, તેઓ સમાન ચિંતાઓ ધરાવે છે અને લોકો પ્રત્યેની લાગણીઓ ધરાવે છે, તેઓ સાચા અર્થમાં દરેક માટે વધુ સારા ભારતનું નિર્માણ કરવામાં માને છે, તેઓ સાચા અર્થમાં સરળ લોકો છે, તેમની કોઈ મોટી અંગત જરૂરિયાતો નથી. રાહુલ એ રાજીવ કરતાં વધુ વ્યૂહરચનાકાર છે. તેઓ જુદા-જુદા સમયના છે, તેમની પાસે જુદા-જુદા સાધનો છે, જુદા-જુદા અનુભવો છે. રાહુલ જીવનમાં બે મોટા આંચકાઓમાંથી પસાર થયા છે, (તેની દાદી અને તેના પિતાનું મૃત્યુ). તેમની મૂળભૂત બાબતો સ્પષ્ટ છે, બંને ભારતના વિચારના રક્ષકો છે જે વિચાર કોંગ્રેસ પાર્ટીએ રજૂ કર્યો હતો અને પક્ષના દરેક નેતા તેમાં વિશ્વાસ કરે છે. પિત્રોડાએ કહ્યું કે, નરસિમ્હા રાવ પણ તેમાં માનતા હતા, ખડગેજી તેમાં વિશ્વાસ કરે છે અને સામૂહિક રીતે આપણા સ્થાપક પિતાઓએ જે ભારતની કલ્પના કરી હતી તેનું નિર્માણ કરવાનું અમારૂં કામ છે. તેમણે એ પણ ધ્યાન દોર્યું કે, રાહુલ ગાંધીની છબી આખરે તેઓ જેવા છે તે રીતે બહાર આવી રહી છે અને તેમાં બે ભારત જોડો યાત્રાઓએ મદદ કરી હતી. મીડિયામાં બનાવેલી તમામ છબી સૌપ્રથમ એક વ્યક્તિ વિરુદ્ધ સુવ્યવસ્થિત ઝુંબેશ પર આધારિત હતી જેમાં આ યુવાનને બદનામ કરવા માટે લાખો મિલિયન ડૉલર ખર્ચવામાં આવ્યા હતા. તે ઉચ્ચ શિક્ષિત છે, ત્યારે આ



વિરોધી લોકોએ કહ્યું કે, તે ક્યારેય કોલેજ ગયો નથી. માત્ર પૈસા ખર્ચીને આ ઈમેજ બનાવી છે, હું રાહુલ ગાંધીને શ્રેય આપું છું કે, તે લાંબા સમય સુધી લડ્યા અને ટકી શક્યા છે. પિત્રોડાએ જણાવ્યું હતું કે, લોકોના મગજમાં હવે વાર્તાઓ બદલી ગઈ છે કારણ કે, તેઓ એ સમજવા લાગ્યા છે કે, મીડિયા સરકાર દ્વારા નિયંત્રિત છે. તમે બધા લોકો સાથે લાંબા સમય સુધી જૂઠું બોલી શકતા નથી. લોકો હવે જોવા લાગ્યા છે કે, જ્યારે એવું કહેવામાં આવ્યું હતું કે, અમે બે કરોડ નોકરીઓ આપીશું, પરંતુ તેઓએ તેમ કર્યું નથી, એવું કહેવામાં આવ્યું હતું કે, કાળું નાણું પાછું લાવવામાં આવશે પણ એવું થયું નથી. શું તેઓ રાહુલ ગાંધીને ભાવિ વડાપ્રધાન તરીકે જુએ છે તે અંગે પિત્રોડાએ કહ્યું કે, તે ભારતના લોકોએ નક્કી કરવાનું છે. મારા અંગત અનુભવને લીધે હું પક્ષપાતી હોઈ શકું છું, મને લાગે છે કે, તે ખૂબ જ સક્ષમ છે. તે એક શિષ્ટ માનવી છે, તે શિક્ષિત છે, તેની પાસે યોગ્ય ડીએનએ છે અને હું તેને લોકશાહીના વિચારના રક્ષક તરીકે જોઉં છું અને તેઓએ કોંગ્રેસ હંમેશા પ્રોત્સાહન આપ્યું છે. શું તેઓ ગાંધીમાં ભાવિ વડાપ્રધાનના ગુણો જુએ છે તે અંગે પિત્રોડાએ કહ્યું કે, ચોક્કસ તેના વિશે કોઈ શંકા નથી. દરેક સ્થાનિક ઘટના વૈશ્વિક ઘટના બની જાય છે, ફ્રાન્સમાં ચર્ચ સળગાવવાની ઘટના હવે ફ્રેન્ચ ઘટના નથી રહી, તે એક વૈશ્વિક ઘટના છે. સરકારની ટીકા કરવી એ ભારતની ટીકા નથી. વિપક્ષી નેતા દ્વારા સરકારની ટીકા કરવી યોગ્ય છે, હકીકતમાં તે તેનું કામ છે, તો શા માટે ફરિયાદ કરવી જોઈએ. મને લાગે છે કે, વિદેશમાં ટીકા કરવાનો આ સમગ્ર વિષય બોગસ છે. ૪ જૂનની લોકસભાની ચૂંટણીના પરિણામો અને તેના મહત્ત્વ અંગે પિત્રોડાએ કહ્યું હતું કે, છેલ્લી ચૂંટણીમાં ડર હતો કે, ભાજપને ૪૦૦ બેઠકો મળશે. બંધારણ, સરમુખત્યારશાહી માનસિકતા અને વિપક્ષ અને મીડિયા પર વધુ હુમલાઓ અંગે વિવિધ સ્તરે થોડી ચિંતા તેથી આ ચૂંટણી ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતી કારણ કે, આ ચૂંટણીમાં લોકોએ દર્શાવ્યું છે કે, ભાજપને ૨૪૦ બેઠકો સુધી સીમિત કરી શકાય છે.

# AICC ફેરબદલમાં રાહુલ ગાંધીની છાપ જોવા મળી : કોંગ્રેસે યુવા અને વિવિધતાને પ્રાધાન્ય આપ્યું

(એજન્સી) તા.૪

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ૩૦ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા તાજેતરના AICC (કોંગ્રેસ) ફેરબદલમાં વિપક્ષી નેતા અને પૂર્વ પક્ષના વડા રાહુલ ગાંધીનો પ્રભાવ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો. પાર્ટીના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, શુક્રવારે જાહેર કરાયેલ AICC સચિવો અને સંયુક્ત સચિવોની યાદીમાં ઘણા યુવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ એવા ચહેરા છે જેઓ વર્ષોથી પડદા પાછળ સખત મહેનત કરી રહ્યા છે અને હવે તેમને ખડગેની જાહેરાતમાં રાહુલના પ્રભાવ માટે કોંગ્રેસને તૈયાર કરવા માટે રાષ્ટ્રીય સ્તરે મહત્વની ભૂમિકા આપવામાં આવી છે. પાર્ટીના આંતરિક સૂત્રોએ જણાવ્યું કે, નવી નિમણૂંકોમાંથી લગભગ ૬૦ ટકા એસસી, એસટી, ઓબીસી સમુદાયોની છે. મે ૨૦૨૨ માં ઉદયપુર ચિંતન શિવર ખાતે અપનાવવામાં આવેલ ‘૫૦ હેઠળ ૫૦’ નિયમ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના તમામ હોદ્દેદારોમાંથી અડધાને આગળ ધપાવવાની રાહુલ ગાંધીની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પાર્ટીના આંતરિક સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, પાછલા અઠવાડિયામાં, રાહુલે દેશભરના યુવા નેતાઓ સાથે નાના જૂથોમાં ચર્ચા કરી હતી અને તેમની સાથે AICCમાં ફેરબદલ કરવાની રીતો પર ચર્ચા કરી હતી. કોંગ્રેસમાં તાજેતરમાં થયેલા ફેરબદલમાં નવા ચહેરાઓને સચિવ અને જોઈન્ટ સેક્રેટરી તરીકે સામેલ કરવામાં આવ્યા છે તેમજ તેમને જવાબદારી સોંપવામાં આવી છે. જવાબદારીઓમાં પણ ફેરબદલ કરવામાં આવ્યો છે. આ ફેરફારો પછી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે હવે ૩ સપ્ટેમ્બરે યુવા નેતાઓને સંબોધશે અને તેમને જણાવશે કે પાર્ટી તેમની પાસેથી વિધાનસભા ચૂંટણીની તૈયારીની શું અપેક્ષા રાખે છે. આ વિષય પર એઆઈસીસીના પદાધિકારી બીએમ સંદીપે ETV ભારતને જણાવ્યું હતું કે, ‘ઘણા



વર્ષો પહેલા અમને પાર્ટીમાં રાષ્ટ્રીય સ્તરે કામ કરવાની તક મળી હતી. હવે ઘણા યુવાનોને સામેલ કરીને રાજ્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ આપવામાં આવી છે. અમારા નેતાઓ રાહુલ ગાંધી છે. સંસ્થામાં સુધારા કરવા આતુર છે અને આ યોગ્ય દિશામાં એક પગલું છે.’ આવા કેટલાક કાર્યકરોમાં સરિતા લાતફલાંગનો પણ સમાવેશ થાય છે, જે મેઘાલયની છે, જેઓ ઉત્તર-પૂર્વના ઘણા રાજ્યોમાં ફાઈટર તરીકે કામ કરે છે. હવે તે AICCના છત્તીસગઢના પ્રભારી સચિન પાયલટને સચિવ તરીકે મદદ કરશે. પૂર્વ JDU નેતા શરદ યાદવની પુત્રી સુભાષિની યાદવ હવે AICC ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિકને સચિવ તરીકે મદદ કરશે. છેલ્લા કેટલાક મહિનાઓમાં, તે દેશભરમાં રાહુલ ગાંધી દ્વારા સંબોધિત વિવિધ ‘સંવિધાન બચાવો’ પરિષદોમાં સામેલ છે. નેટ્ટા ડિસોઝા ગુજરાતના છે અને વચગાળાના વડા તરીકેના કાર્યકાળ દરમિયાન મહિલા કોંગ્રેસને આગળ લઈ જવામાં તેમની ભૂમિકાની પક્ષના વરિષ્ઠ નેતાઓએ પ્રશંસા કરી છે. હવે તે સંગઠન પ્રભારી AICC કેસી વેણુગોપાલ સાથે સેક્રેટરી તરીકે સહયોગ કરશે.

# મણિપુરની વેદના પ્રત્યે ઉદાસીનતા, ઈતિહાસ યાદ રાખશે : કોંગ્રેસ સાંસદ

(એજન્સી) તા.૪

કોંગ્રેસના સાંસદ એ. બિમોલ અકોઈજામે મંગળવારે સરકાર પર કટોકટીમાં ‘ભાગીદાર’ હોવાનો આરોપ મૂક્યો અને તેની પ્રતિક્રિયા ‘મહાભારત’માં દ્રૌપદીના કપડા પર હસતા લોકો સાથે સરખામણી કરી. તેમણે મણિપુરમાં જે બન્યું તેના માટે કેન્દ્રને સંપૂર્ણ જવાબદારી લેવાની માંગ કરી હતી. આંતરિક મણિપુરના સાંસદે કહ્યું કે કટોકટી હોવા છતાં વડાપર કટોકટીમાં ‘ભાગીદાર’ હોવાનો આરોપ મૂક્યો અને તેની પ્રતિક્રિયા ‘મહાભારત’માં દ્રૌપદીના કપડા પર હસતા લોકો સાથે સરખામણી કરી. તેમણે મણિપુરમાં જે બન્યું તેના માટે કેન્દ્રને સંપૂર્ણ જવાબદારી લેવાની માંગ કરી હતી. આંતરિક મણિપુરના સાંસદે કહ્યું કે કટોકટી હોવા છતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લાગે છે કે તેમને ત્યાં જવાની જરૂર નથી, જે રાજ્યની વેદના પ્રત્યે તેમની ‘ઉદાસીનતા’ દર્શાવે છે. જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU)ના સહયોગી પ્રોફેસર અકોઈજામે કહ્યું, ‘‘આ



અપમાનજનક છેપ આ દ્રૌપદીના કપડાને વિખેરી નાખવા જેવું છે, જ્યારે તે રડતી હતી ત્યારે લોકો હસતા હતા. હવે મણિપુર અપમાનને કારણે રડી રહ્યું છે અને ત્યાં મુલાકાત ન લેવી એ હસવા જેવું છે.’’ ‘આ અપમાન જેવું છે અને પછી તમે અમને દેશ પ્રત્યેની અમારી વફાદારી સાબિત કરવા માટે કહો છો,’ તેમણે કહ્યું. પીડિતો ભારતીય નાગરિક છે, તેઓ વિદેશી નથી. તેમણે (વડાપ્રધાન) શા માટે મુલાકાત ન લેવી જોઈએ ? મણિપુરના મુખ્ય પ્રધાન એન બિરેન સિંહની ટિપ્પણીના જવાબમાં કે રાજ્યની બંને લોકસભા બેઠકો પર ભાજપની હાર ‘મારી અપ્રિયતાનું સૂચક છે અને પક્ષની લોકપ્રિયતામાં ઘટાડો નથી’, કોંગ્રેસ સાંસદે પીટીઆઈને કહ્યું, ‘‘તેઓ પ્રયાસ કરી રહ્યા છે તેના માસ્ટર્સને બચાવવા માટે, બીજું કંઈ નહીં,‘ તેણે ભાષાને કહ્યું. તે મોદી અને અમિત શાહને બચાવી રહ્યા છે, તે હકીકત હોવા છતાં કે તે ભારત સરકાર છે જે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે. અકોઈજામે કહ્યું, ‘‘તે (બિરેન સિંહ) વડાપ્રધાન મોદી અને અમિત શાહનો બચાવ કરી રહ્યા છે. તેનો દાવો છે કે તેણે જે પણ કર્યું છે તે વડાપ્રધાન મોદી અને અમિત શાહ જીની સલાહ અને સંમતિથી કર્યું છે. જો બધું તેમની સંમતિથી થયું હોય તો શું તેનો અર્થ એવો થાય કે નાગરિકો પર ગોળીબાર અને બોમ્બમારો ભારત સરકારની સંમતિથી થયો છે ? તે સત્રપનું ઉત્તમ ઉદાહરણ છે.’’

# પશ્ચિમ બંગાળમાં અનેક કલાકારોએ તેમના એવોર્ડ પરત કર્યા : મમતા સરકાર આર.જી. કર ઘટના મુદ્દે સંસ્કૃતિ વિખવાદનો સામનો કરી રહી છે

## થિયેટરના બે ઉચ્ચ કલાકારો અને એક અભિનેતાએ રાજ્ય પુરસ્કારો પરત કર્યા છે, કેટલાક કલાકારો શેરીઓમાં ઊતરી આવ્યા છે

**ન્યુઝ GT પોઈન્ટ** ૨૦૧૫માં અસહિષ્ણુતાના વાતાવરણના વિરોધમાં ૩૯ લેખકોએ પોતાના એવોર્ડ્સ સરકારને પરત કરી દીધા હતા અને ત્યારબાદ અસંખ્ય લેખકો, કલાકારો, સામાજિક કાર્યકરોએ પોતાના એવોર્ડ્સ સરકારને પરત કરેલ ત્યારે તેમને ‘એવોર્ડ્સ વાપસી ગેંગ’ કહી મશ્કરી કરતાં પરંતુ આજે આ કૃત્યનું શું નામ આપશે ?

(એજન્સી) તા.૪

રાજ્ય સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા યુવાન ડોક્ટરના બળાત્કાર અને હત્યા અંગેના વધતા વિરોધો વચ્ચે બંગાળની સંસ્કૃતિમાં વિખવાદનો પર્દાફાશ કર્યો છે. મંગળવારે સવારે પીઢ નાટ્યકાર ચંદન સેને ૨૦૧૭માં મળેલા થિયેટર માટે બંગાળનો દીનબંધુ મિત્ર પુરસ્કાર પરત કર્યો હતો. મંગળવારે સાંજે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેત્રી સુદિપ્તા ચક્રવર્તીએ કહ્યું કે, તે રાજ્ય સરકાર તરફથી ૨૦૧૩માં મળેલો વિશેષ ફિલ્મ પુરસ્કાર પરત કરશે. થિયેટર પર્સનાલિટી સુમન મુખોપાધ્યાયને તૃણમૂલના પ્રથમ વખતના ધારાસભ્ય મુલિકની ટિપ્પણીથી આશ્ચર્ય થયું ન હતું. મુખોપાધ્યાયે કહ્યું કે, જ્યારે કોઈ કલાકાર શાસક વર્ગની નજીક આવે છે, ત્યારે તે વિરોધ કરવાની શક્તિ ગુમાવે છે. બંગાળમાં CPMના શાસન દરમિયાન દીનબંધુ મિત્રા (નાટ્યલેખક), ગિરીશ ઘોષ (દિગ્દર્શન) અને શંભુ મિત્રા (અભિનય)ના નામ પર થિયેટરમાં વિશેષ પુરસ્કારોની સ્થાપના કરવામાં આવી હતી. મમતા બેનરજીએ સત્તા સંભાળ્યા પછી સંસ્કૃતિ કુળના આવા સભ્યો જેઓ એક સમયે CPMની નજીક હતા, તેઓ તૃણમૂલ નજીક આવ્યા હતા. મમતા બેનરજીએ માહિતી અને સાંસ્કૃતિક બાબતોનો પોર્ટફોલિયો પોતાની પાસે રાખ્યો હતો અને સત્તામાં આવ્યાના ૧૦ મહિના કરતાં પણ ઓછા સમયમાં તેમના પુરોગામી ભટ્ટાચારજીની જેમ વિભાગના બજેટ ફાળવણીમાં ૧૨૫ ટકાનો વધારો કર્યો હતો. ફિલ્મ અને ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીઝમાંથી ઘણા લોકોને મમતા દ્વારા લોકસભા અને વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના ચિહ્ન પર લડવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે થિયેટર પર્સનાલિટી બ્રત્યા બસુ હવે ત્રણ ટર્મથી મમતા બેનરજી સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. ૨૦૧૯માં તેમને થિયેટર ક્ષેત્રે સર્વોચ્ચ ગણાતા દીનબંધુ મિત્ર પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. એવા લોકો પણ છે જેઓ સરકારની વિરુદ્ધ બહાર નીકળ્યા છે, શહેરની શેરીઓમાં કૂચ કરી રહ્યા છે. તેમાંથી ત્રણ



અપર્ણા સેન, સ્વસ્તિકા મુખર્જી અને સોહિની સરકાર છે. થિયેટર એક્ટિવિસ્ટ બિપ્લબ બંદોપાધ્યાયે મંગળવારે તેમનો નાટ્ય અકાદમી પુરસ્કાર પણ પરત કર્યો હતો. ૨૦૨૨માં બંગાળ સરકારના ગિરીશ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કૌશિક સેન સોમવારે રાત્રે આર.જી. કર બળાત્કાર-હત્યાના વિરોધ-કોન્સર્ટમાં તેમના પરિવાર સાથે હાજર હતા. તેમની પત્ની રેશ્મી સેનને બંદોપાધ્યાયને નાટ્ય અકાદમી તરફથી શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મળ્યો હતો. સેને કહ્યું કે, તેઓ આર.જી. કર બળાત્કાર અને હત્યાના વિરોધ માટે પ્રતિબદ્ધ છે. પાર્ક સ્ટ્રીટ પર બળાત્કાર, કામદુનીમાં બળાત્કાર અને હત્યા, શાસક પક્ષના નેતાઓ સામે અનેક ભ્રષ્ટાચારના આરોપો અને સંદેશખાલીમાં બનેલી ઘટનાઓ પછી સેન અને બંધોપાધ્યાયે ૨૦૧૭ અને ૨૦૨૩માં એવોર્ડ્સ સ્વીકારવાનું કેમ નક્કી કર્યું તે અંગે પ્રશ્નો પણ ઊભા થયા છે. બંદોપાધ્યાયે કહ્યું કે, જો હું ત્યારે બોલ્યો ન હતો તો તેનો અર્થ એ નથી કે હું હવે બોલી શકતો નથી.

# IIM-A PGPXનો ટોચનો પગાર ૫૪.૮ લાખ રૂપિયા ૬ વર્ષના નીચા સ્તરે, પરંતુ સરેરાશ વધીને ૩૫ લાખ રૂપિયા થયો

(એજન્સી) અમદાવાદ, તા.૪

રોગચાળા પછીના સમયગાળામાં જોવા મળેલી વૈશ્વિક મંદી અને ભરતીની ગતિએ આ વર્ષે IIM-અમદાવાદના એક વર્ષના MBA પ્રોગ્રામ ફોર એક્ઝિક્યુટિવ્સ (PGPX)ના સ્નાતકોને મુશ્કેલીમાં મૂક્યા છે, કારણ કે, અભ્યાસક્રમ માટે છ વર્ષનો નીચા, સૌથી વધુ મહત્તમ કમાણી સંભવિત (MEP) ઓફર કરવામાં આવી હતી, જે વાર્ષિક ૫૪.૮ લાખ રૂપિયા હતી. આ રેન્કિંગ થવું જોઈએ, ખાસ કરીને કારણ કે, ગયા વર્ષે (૨૦૨૩) ૧.૦૮ કરોડ રૂપિયાની સૌથી વધુ MEP ઓફર કરવામાં આવી હતી, જ્યારે ૨૦૧૮થી ૨૦૨૨ સુધીની સરેરાશ સૌથી વધુ MEP-૨૦૨૩ સિવાયના પાંચ પાછલા વર્ષોમાં ૭૦.૫૬ લાખ રૂપિયા હતી. આમ, ૨૦૨૪માં સર્વોચ્ચ MEP સરેરાશ કરતાં લગભગ ૨૯% ઓછો હતો. બીજી બાજુએ વિદ્યાર્થીઓ માટે સરેરાશ MEP ૨૦૨૩માં ૩૩ લાખ રૂપિયાથી વધીને આ વર્ષે ૩૫ લાખ રૂપિયા થઈ ગયો, જે છેલ્લા છ વર્ષમાં બીજા નંબરે સૌથી વધુ હતો. ૧૦૫ ભરતી કરનારાઓમાંથી ૬૭ પહેલી વખત ના હતા, જે તાજેતરના વર્ષોમાં સૌથી વધુ હતા. સોમવારે જાહેર કરાયેલ IIM-Aના PGPX માટે ઈન્ડિયન પ્લેસમેન્ટ રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (IPRS) રિપોર્ટમાં ડેટા શેર કરવામાં આવ્યો હતો. રિપોર્ટ દર્શાવે છે કે, ૧૪૭માંથી ૧૨૬ વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ માટે પસંદગી કરી હતી. જ્યારે ૧૨૧એ ઓફર સ્વીકારી, પાંચ અનપ્લેસ રહ્યા છે. ૨૦૨૦ પછી આ બીજી વખત છે, જ્યારે પાંચ વિદ્યાર્થીઓને ઈચ્છિત ઓફર મળી નથી. તેમાંથી ત્રણે ઉદ્યોગસાહસિકતા પસંદ કરી છે, જ્યારે બે તેમના પારિવારિક




વ્યવસાયમાં જોડાઈ રહ્યા છે. ક્ષેત્રીય વિશ્લેષણ દર્શાવે છે કે, કન્સલ્ટિંગ ૨૬ ઓફર્સ સાથે સૌથી મોટી ભરતી કરનાર રહ્યું, ત્યારબાદ IT કન્સલ્ટિંગમાં ૧૬, બેંકિંગ, નાણાકીય સેવા અને વીમા (BFSI)માં ૧૩ અને IT સોલ્યુશન અને ફાર્માસ્યુટિકલ/હેલ્થકેર બંનેમાં ૧૨ છે. ૨૦૨૧માં ૧૫ ઓફરો પછી ફાર્માસ્યુટિકલ/હેલ્થકેર સેક્ટર દ્વારા બીજી સૌથી વધુ ઓફર છે. વર્ષ-દર-વર્ષે વૃદ્ધિનું સાક્ષી અન્ય ક્ષેત્ર ઊર્જા હતું, જેમાં ગયા વર્ષની પાંચની સરખામણીએ સાત પ્લેસમેન્ટ જોવા મળ્યા હતા. પ્લેસમેન્ટ કમિટીના ચેરપર્સન પ્રોફેસર વિશ્વનાથ પિંગાલીએ જણાવ્યું હતું કે, પ્રીમિયર બી-સ્કૂલે ઘણા નવા ભરતીકારોને આકર્ષ્યા છે. આરોગ્ય સંભાળ અને ફાર્માસ્યુટિકલ્સ અને ઊર્જાને પુનઃ પ્રાપ્ય ઊર્જા અને ઈવી સાથે ઉભરતા ક્ષેત્રો તરીકે જોઈ શકાય છે. ૨૦૨૨ અને ૨૦૨૩માં પાંચ અને છ આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટની સરખામણીએ આ વર્ષે ફ્રેન્કફર્ટ અને IT સેક્ટરમાં બે આંતરરાષ્ટ્રીય પ્લેસમેન્ટ જોવા મળ્યા.

# ૧૨મા ધોરણના CBSE ટોપરે NEET, JEE પાસ કરી, મેડિકલ, IIT મદ્રાસ છોડ્યું, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), બેંગ્લોરમાં એડમિશન લીધું

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

જો કંઈક કરવાનો જુસ્સો હોય તો કંઈપણ મેળવી શકાય છે. પછી તમે મેડિકલ અને એન્જિનિયરિંગ અભ્યાસ, NEET, JEE નો પ્રવેશ દ્વાર પણ પાર કરી શકો છો. આવી જ એક વાર્તા આસામના છોકરાની છે. તેણે CBSE ધોરણ ૧૨મા બોર્ડની પરીક્ષામાં ટોપ કર્યું છે અને NEET અને JEEમાં પણ સારો સ્કોર મેળવ્યો છે. આમ છતાં તેણે મેડિકલ અને IIT મદ્રાસ છોડીને IIS બેંગ્લુરૂ માં એડમિશન લીધું. આપણે જે વ્યક્તિની વાત કરી રહ્યા છીએ અધિરાજ કર છે. અધિરાજ કર, જે NEET, JEE માં ટોપ સ્કોરર હતો, તે આસામના ગુવાહાટીનો વતની છે. તેણે પોતાનું સ્કૂલિંગ દિલ્હી પબ્લિક સ્કૂલમાંથી કર્યું હતું. અધિરાજે CBSE બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષામાં રસાયણશાસ્ત્રમાં પૂરા માર્ક્સ મેળવી અને બોર્ડમાં ટોપર રહ્યો હતો. તેણે સતત અસાધારણ શિક્ષણ કૌશલ્ય દર્શાવ્યું છે. તેની સિદ્ધિઓમાં NEET UGમાં આસામ ટોપર હોવું અને IIT મદ્રાસમાં પ્રતિષ્ઠિત બેઠક મેળવવી



સામેલ છે. આ હોવા છતાં, IIT માંથી MBBS, એન્જિનિયરિંગ કરવાને બદલે, તેણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (IISc), બેંગ્લોરમાંથી સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરીને વિજ્ઞાન સ્નાતકની ડિગ્રી મેળવવાનું પસંદ કર્યું. આ સિવાય, તેણે બાયોલોજી અને કેમિસ્ટ્રીમાં નેશનલ સ્ટાન્ડર્ડ એક્ઝામિનેશન સહિતની સંખ્યાબંધ રાષ્ટ્રીય પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જ્યાં તેને દેશભરમાં ટોચના ૧% અરજદારોમાં સ્થાન મળ્યું હતું. જોકે, એન્જિનિયરિંગ અને મેડિસિન જેવા પરંપરાગત કારકિર્દીના માર્ગોના આકર્ષણથી અધિરાજના ધ્યેયો પ્રભાવિત થયા ન હતા. અભ્યાસ અને વિજ્ઞાન પ્રત્યેનો તેમનો પ્રેમ તેમને IIScમાં લઈ આવ્યો, જે તેના અદ્યતન સંશોધન અને ઉત્તેજક બૌદ્ધિક વાતાવરણ માટે જાણીતી યુનિવર્સિટી છે. IIScના સ્નાતક પ્રોગ્રામનો ધ્યેય વિદ્યાર્થીઓને વિવિધ શૈક્ષણિક રૂચિઓને અનુસરવાની ઘણી તક આપવા સાથે મજબૂત સંશોધન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો છે. અધિરાજ તેની શૈક્ષણિક પૃષ્ઠભૂમિ ઉપરાંત સંગીત અને વન્યજીવનમાં વ્યાપક રસ ધરાવતો તેજસ્વી યુવાન છે. તેની પાસે વાયોલિનમાં વિશારદની ડિગ્રી છે અને તે WWF-નેચર વાઈલ્ડ વિઝડમ ક્વિઝનો ત્રણ વખત રાષ્ટ્રીય ચેમ્પિયન છે. અધિરાજ વિદ્વાનોના પરિવારમાંથી આવે છે.તેના માતા-પિતા ગુવાહાટી યુનિવર્સિટીના પ્રોફેસર, ડૉ. બિમલ કે. કર અને મધુશ્રી દાસ છે. તેના દાદા દાદી, શ્રીમતી સુમિતા દાસ અને પ્રો. ડૉ. હિમાદ્રી કે.આર. દાસ, વિસ્તારના શૈક્ષણિક દ્રશ્ય પર પણ મોટી અસર કરી હતી.

# પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે ઈસરોમાં વૈજ્ઞાનિક તરીકેની નોકરી છોડી દીધી, હવે તેમની વાર્ષિક આવક બે કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

એવા ઘણાં લોકો છે જેઓ પોતાનો સફળતાનો માર્ગ બનાવે છે અને અન્ય લોકો માટે પ્રેરણાના સ્રોત તરીકે ઉભરી આવે છે. આવા જ એક વ્યક્તિ ઉથૌયા કુમાર છે, જેઓ તમિલનાડુના એક નાના જિલ્લાના છે, જેમણે ઈન્ડિયન સ્પેસ એન્ડ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)માં વૈજ્ઞાનિક તરીકેની નોકરી છોડીને ST કેબ્સ નામથી પોતાનો ટેક્સી બિઝનેસ શરૂ કર્યો. ૨૦૧૭માં ઉથૌયા કુમારે તેમના સાથીઓની મદદથી તેમના માતા-પિતા સુકુમારન અને તુલસીને શ્રદ્ધાંજલિ તરીકે ST કેબ્સ શરૂ કરી. હવે તેમની કંપનીનું વાર્ષિક ટર્નઓવર બે કરોડ રૂપિયા છે. કુમાર ટેક્સી ડ્રાઈવરોને તેમના ભાગીદાર માને છે અને તેમની સાથે તેમની કમાણીનો ૩૦% શેર કરે છે. ઉથૌયા કુમારે આંકડાશાસ્ત્રમાં એમ.ફીલ અને પીએચડીની પદવી મેળવીને, ISROમાં તેમની ડ્રીમ જોબ મેળવી. ઈસરોમાં તેમની ભૂમિકા ઉપગ્રહો લોન્ચ કરવા માટે જરૂરી પ્રવાહી ઈંધણ માટે ચોક્કસ ઘનતા સુનિશ્ચિત કરવા પર કેન્દ્રિત હતી. કુમારે સાત વર્ષ સુધી સ્પેસ ઓર્ગેનાઈઝેશનમાં કામ કર્યું અને પછી એન્જિનિયરિંગ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપી. ભારતની એક જાણીતી સંસ્થા સાથે કામ કર્યા પછી ઉથૌયા કુમારે પોતાનો રસ્તો બનાવવાનું નક્કી કર્યું. ૨૦૧૭માં તેમણે તેમના માતા-પિતા સુકુમારન અને તુલસીને શ્રદ્ધાંજલિ તરીકે ટેક્સી વ્યવસાય, ST કેબ્સ શરૂ કરી. તેમની ૩૭ કારની સ્ટાર્ટઅપ વાર્ષિક ૨ કરોડ રૂપિયાની કમાણી કરી





રહી છે. ઉથૌયા કુમાર સ્થળાંતરિત કામદારો છે તેવા કર્મચારીઓ માટે આવાસ સુવિધાઓ બનાવવા માટે નાણાં બચાવે છે. વધુમાં, તેઓ પોતાના વતનમાં ચાર બાળકોના શિક્ષણનો ખર્ચ પણ ઉઠાવે છે. જો કે, કોઈપણ વ્યવસાય સ્થાપકની જેમ ઉથૌયાએ પણ ખાસ કરીને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન મોટી અવરોધોનો સામનો કરવો પડ્યો હતો. ઉથૌયા કોવિડ રોગચાળા દરમિયાન લાંબા અંતર ચલાવવા માટે હેઝમેટ સૂટ પહેરતા હતા. આ સૂટ આખા શરીરને આવરી લે છે અને વ્યક્તિને સીધા સંપર્કથી સુરક્ષિત કરે છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન કંપનીને જીવંત રાખવા માટે તેમણે દક્ષિણ ભારતથી ઓડિશા અને કોલકાતા સુધી મુસાફરી કરવી પડી. જો કે, તેમના કામ પ્રત્યેનું તેમનું અતૂટ સમર્પણ એ ઉદ્યોગસાહસિકો માટે ઉદાહરણ તરીકે કામ કરે છે જેઓ વિશ્વમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

### ઘરવખરી અને કપડા સહાય માટે ૫૦,૧૧૧ પરિવારોને રૂા.૨૦ કરોડ ચૂકવાયા

# રાજ્યના અસરગ્રસ્ત જિલ્લાઓમાં ૧૧૨૦ ટીમ દ્વારા સર્વે : ૮.૦૪ કરોડની કેશડોલ્સ ચૂકવાઈ

## તારાજીમાં મૃત્યુ પામેલ ૨૨ મૃતકોના પરિવારજનોને રૂા.૮૮ લાખની ચૂકવાઈ સહાય

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં ભારે વરસાદથી અતિ પ્રભાવિત જિલ્લાઓમાં જનજીવન ઝડપભેર પૂર્વવત થાય અને અસરગ્રસ્ત જરૂરતમંદ પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી પણ ત્વરાએ થાય તે અંગે જિલ્લા કલેકટરોને દિશાનિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીના આ નિર્દેશોના પગલે સંબંધિત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાયની નિયમાનુસારની ચુકવણી પ્રક્રિયા અસરગ્રસ્તોનો સર્વે કરીને હાથ ધરવામાં આવી રહી છે. જેમાં વરસાદથી અસર પામેલા જરૂરતમંદ વ્યક્તિઓ-પરિવારો કે જેમની રોજી-રોટીને અસર થઈ છે તથા ઘરવખરી સામાન તણાઈ જવાથી કે નાશ થવાથી નુકસાન થયું છે તેમને રાજ્ય સરકાર દ્વારા સહાય ચૂકવણી કરવામાં આવે છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા રાહત કમિશનર આલોકકુમાર પાંડે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજયના વડોદરા, સુરત, રાજકોટ, આણંદ, કચ્છ, ખેડા, ગાંધીનગર, જામનગર, દ્વારકા, નર્મદા, નવસારી અને પોરબંદર, મોરબી તથા વલસાડ જિલ્લાઓમાં કુલ ૧૧૨૦ ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ જિલ્લાઓમાં તા. ૩ સપ્ટેમ્બર સુધીમાં ૧,૬૯,૫૬૧ વ્યક્તિઓને કુલ રૂ. ૮.૦૪ કરોડ રકમ કેશડોલ્સ પેટે ચૂકવવામાં આવી છે. એટલું જ નહિ, જે પરિવારોની ઘરવખરી-કપડાં વગેરે પાણીમાં તણાઈ જવાથી કે નુકસાન થવાથી નાશ પામ્યા છે, તેવા પરિવારોની સર્વે કામગીરી ૧૧૬૦ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં આ જિલ્લાઓના આવા ૫૦,૧૧૧ પરિવારોને કુલ રૂા.૨૦.૦૭ કરોડથી વધુ રકમ ઘરવખરી અને કપડા સહાય પેટે ચૂકવવામાં આવી છે. જ્યારે માનવ મૃત્યુના કિસ્સામાં ૨૨ મૃતકોના પરિવારોને સરકાર તરફથી કુલ રૂ. ૮૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સાથે જ પશુ મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલા ૨,૬૧૮ પશુઓના માલિકોને કુલ રૂ. ૧.૭૮ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

આ ઉપરાંત અસરગ્રસ્ત જિલ્લાઓમાં કાચા મકાનો, પાકા મકાનો, આંશિક અને સંપૂર્ણ નુકશાન પામેલા મકાન અને ઝૂંપડાનો પણ સર્વે હાથ ધરીને અત્યાર સુધીમાં ૪,૬૭૩ મકાન-ઝૂંપડા માલિકોને કુલ રૂા.૩.૬૭ કરોડથી વધુની રકમ સહાય પેટે ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં ભારે વરસાદની પરિસ્થિતિ વચ્ચે અસરગ્રસ્ત વિસ્તારોમાં NDRFની ૧૭, SDRFની ૨૭ તેમજ આર્મીની ૦૯ કોલમ ઉપરાંત એરફોર્સ અને કોસ્ટગાર્ડની ટીમો દ્વારા કુલ ૩૭,૦૫૦ લોકોને રેસ્ક્યુ તેમજ ૪૨,૦૮૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાથે જ, ૫૩ વ્યક્તિઓને એરલીફ્ટ પણ કરવામાં આવ્યા હતા.

અન્ય કામગીરીમાં રાજ્યમાં અસરગ્રસ્ત કુલ ૨,૨૩૦ કિમી રોડ-રસ્તાનુ સમારકામ આગામી ૧૦ દિવસમાં પૂર્ણ કરીને તમામ રોડને મોટરેબલ કરી દેવામાં આવશે. પાણી ભરાવવાથી રાજ્યના કુલ ૮૮ સબ-સ્ટેશન સાવચેતીના ભાગરૂપે બંધ કરાયા હતા. જે હવે ચાલુ કરાઈ રહ્યા છે.

રોડ મરામત સહિતની કામગીરી માટે મુખ્યમંત્રી સડક યોજના હેઠળ મ્યુનિ. કોર્પો. માટે કુલ રૂા.૭૦૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

### ગદ્દારો મોટી રકમની ડ્યુટી ચોરી કરી રહ્યા છે

# રાષ્ટ્ર હિત માટે ઘડાયેલા આયાત નિકાસ માટેના કાયદાઓનો દુરૂપયોગ

## કચ્છના મુન્દ્રા તેમજ કંડલા બંદરે મિસ ડેક્લેરેશન દ્વારા બાસમતી ચોખાની નિકાસનું કૌભાંડ આચરાયું હોવાની ચર્ચા

અમદાવાદ, તા.૪

કેન્દ્ર સરકાર દ્વાર. આયાત નિકાસ માટે રાષ્ટ્ર હિત માટે ઘડાયેલા કાયદાઓનો દુરૂપયોગ કરી ગદ્દાર તત્વો મોટી રકમની ડ્યુટી ચોરી કરી દેશને આર્થિક નુકસાન પહોંચાડે છે. આવા દાણચોર તત્વો વિરૂદ્ધ કસ્ટમ તંત્ર. દ્વારા કડક પગલાં ભરવાને બદલે મીઠી નજર રખાય છે એવી લોકોમાં ચર્ચા ઉઠવા પામી છે જે દેશ માટે નુકસાનકારક છે. સોપારી ની આયાત બાદ હવે કચ્છના મુન્દ્રા તેમ જ કંડલા બંદરે મિસ ડેક્લેરેશન દ્વારા બાસમતી ચોખાની નિકાસનું કૌભાંડ આચરાયું હોવાની લોકો ચર્ચા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અત્યારે ૨૦૦ કન્ટેનર ની તપાસ થઈ રહી છે. ઓર્ગેનિક ચોખાના નામે બાસમતી ચોખા વિદેશ નિકાસ કરાઈ રહ્યા હોવાની માહિતીના આધારે તપાસ થઈ રહી છે. કેન્દ્ર સરકારે અત્યારે બાસમતી ચોખાની નિકાસ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. જોકે, સોપારી દાણચોરી પ્રકરણમાં આયાતકાર પેઢી અને કસ્ટમ હાઉસ તરફ કસ્ટમનું કૂણું વલણ ચર્ચામાં છે. દાણચોરી જેવા કૃત્ય સાથે દેશ સાથે ગદ્દારી કરનારી વેપારી પેઢીનું લાયસન્સ ફરીથી રીન્યુ કરનાર કોણ એ મુદ્દા સાથે દાણચોરીમાં ઝડપાયેલી પેઢીઓ તેમજ મિસ ડેકલેરેશન નો માલ ક્લિયર કરાવનારા કસ્ટમ એજન્ટો સામે એજન્સીઓની સંયુક્ત તરપાસ થાય અને બેક્ર ખાતાઓની તપાસ થાય તે દેશહિતમાં છે. કસ્ટમ અને ડીઆરઆઈમાં ભ્રષ્ટ અધિકારીઓ વિરૂદ્ધ ઝીણવટભરી તપાસ થવી જોઈએ. કેન્દ્ર સરકારઆ મામલે વધુ કડકાઈ દાખવે તે જરૂરી છે.

### AMCના અધિકારી-કર્મચારીઓની તપાસ

# વિદેશ જવાની રજા મંજૂર કરાવી નોકરી પર પરત હાજર ન થયેલા કર્મીઓની કમિશનરે યાદી મંગાવી

અમદાવાદ,તા.૪

રાજ્યમાં રજા મંજૂર કરાવી વિદેશમાં રહેતા અને રજા પૂર્ણ થયા બાદ પણ વિદેશથી પરત નહીં આવેલા શિક્ષકોનું કૌભાંડ સામે આવ્યા બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ કેટલાક અધિકારીઓ- કર્મચારીઓ વિદેશ રજા પૂર્ણ કરી પરત નોકરી પર હાજર થયા નથી, તેવું મ્યુનિ. કમિશનરના ધ્યાને આવ્યું છે. તેઓની સામે કોઈ ખાતાકીય કાર્યવાહી પણ કરવામાં આવી નથી. આ મામલે કમિશનરે તમામ ખાતાના અધિકારીઓને છેલ્લા ત્રણ મહિનામાં રજા ઉપર ગયેલા અને રજા પૂર્ણ કરી નોકરી ઉપર પરત હાજર ન થયેલા તમામ કર્મચારીઓની યાદી મંગાવી છે.

રાજ્યની જુદી જુદી શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકો વિદેશ બેઠા-બેઠા પગાર મેળવતાં હોવાનુ અને વિદેશ બેઠા બેઠા રજા મંજૂર કરાવી લેવાનુ કૌભાંડ સામે આવ્યું હતું. જે બાદ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરના ધ્યાને આવ્યું હતું કે, અમુક કર્મચારી અને અધિકારી રજા મંજૂર કરાવી વિદેશ જતા રહે છે, પછી રજા પૂરી થયા બાદ પરત ફરજ ઉપર હાજર થતા નથી. મન મરજી મુજબ તેઓ પરત આવે ત્યારે પાછા નોકરી ઉપર હાજર પણ કરી દેવાય છે. એટલું જ નહિ કેટલાય અધિકારી અને કર્મચારીનાં પરિવારજનો વિદેશ સ્થાયી થઈ ગયા છે. જેમને મળવા કે તેમની સાથે રહેવા અમુક અધિકારી અને કર્મચારીઓ દર ત્રણ-છ મહિને વિદેશ જતા હોવાનું કમિશનરના ધ્યાને આવ્યું હતું. ખાતાના અધિકારીઓ જ આવા કર્મચારીઓને બચાવી તેમની સામે કોઈ પગલા પણ ન લેતા હોવાનું ત્યારે આવ્યું હતું.

### ભારે વરસાદના પગલે સફાઈ-સ્વચ્છતાના કામો સત્વરે પૂર્ણ કરવા તંત્ર કાર્યરત

# રાજ્યમાં વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લામાં આરોગ્ય-સ્વચ્છતા ઝુંબેશ તેજ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

રાજ્યભરમાં ભારે વરસાદની સ્થિતિ બાદ જિલ્લા, તાલુકા, શહેર અને ગામોમાં સ્વચ્છતા અને સંભવિત રોગચાળા સ્થિતિને નિયંત્રણમાં રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જિલ્લા પ્રભારી સચિવ, જિલ્લા કલેકટર અને મ્યુનિસિપલ કમિશનરોને સૂચના આપવામાં આવી છે.

જેના ભાગરૂપે વડોદરામાં અતિ ભારે વરસાદને પગલે ઊભી થયેલી પૂરની પરિસ્થિતિ અને પૂર ઓસર્યા બાદ ફલડ રાહતની કામગીરી માટે સમગ્ર તંત્ર કાર્યરત છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં શહેરના જરૂરિયાતમંદ નાગરિકોને આરોગ્ય સંબંધિત અસુવિધા ઊભી ન થાય તે માટે સુરત જિલ્લા આરોગ્ય વિભાગની બે મેડિકલ ટીમ એમ્બ્યુલન્સ વાન સાથે વડોદરા ખાતે આરોગ્ય સેવા આપી રહી છે.

વલસાડ જિલ્લામાં અતિભારે વરસાદ બાદ વાહકજન્ય રોગો તેમજ પાણીજન્ય રોગોનું પ્રમાણ વધવાની સંભાવના હોવાથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એડવાઇઝરી જાહેર કરી લોકોને રોગોથી બચવા માટે તકેદારીનાં પગલા લેવા અનુરોધ કરવામાં આવેલ છે. આરોગ્ય વિભાગની ૫૮૧ જેટલી ટીમો વાહકજન્ય અને પાણીજન્ય રોગોના નિયંત્રણ માટે કામ કરી રહી છે.

આ ઉપરાંત દાહોદ જિલ્લા અને ઝાલોદ શહેરમાં ભારે વરસાદ બાદ નગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફાઈ ઝૂંબેશ, કલોરીનેશન, ફોગિંગ સહિતની કામગીરી માટે ટીમ બનાવી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. દાહોદ જિલ્લાના ઝાલોદમાં મેઈન બજાર, સહિત વગેરે સ્થળોએ સફાઈ કરીને દવાના છંટકાવની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં ગત સપ્તાહમાં થયેલા ભારે વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા બાદ મચ્છરજન્ય રોગચાળો કે અન્ય બિમારીઓ ન ફેલાય તે માટે અગમચેતીના ભાગરૂપે જિલ્લામાં સફાઈ અભિયાનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નગરપાલિકાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદના પગલે ભરાઈ ગયેલા કચરા-પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

તાપી જિલ્લામાં ગત દિવસોમાં પડેલા વરસાદ બાદ મચ્છર ઉપદ્રવ રોગચાળા અટકાયત અને સાવચેતીના ભાગરૂપે વ્યારા પાલિકાની ટીમ દ્વારા સાફસફાઈ બાદ વિવિધ સ્થળોએ દવા છંટકાવ, પાઉડર છંટકાવની કામગીરી કરવામાં આવી રહી છે.

### રાજ્યભરના કુલ ૨૦૭ પૈકી ૧૧૫ ડેમ છલકાઈ ગયા

# રાજ્યમાં વરસાદને લઈ ૧૬૦ ડેમ ભરાઈ જતાં હાઈએલર્ટ જાહેર કરાયું

## ૧૭ ડેમ ભરાવાને નજીક હોઈ એલર્ટ અપાયું : નર્મદા ડેમ ૮૩ ટકા ભરાયો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિને લઈ રાજ્યના ૫૫ ટકાથી વધુ એટલે કે ૨૦૬ જળાશયોમાંથી ૧૧૫ ડેમ સંપૂર્ણ-૧૦૦ ટકા છલકાઈ જતા અને ૪૫ જળાશયો-ડેમ ૭૦થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયા છે. આ સિવાય રાજ્યના ૧૭ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૦ ડેમમાં ૨૫થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૯ ડેમમાં ૨૫ ટકાથી ઓછું પાણી સંગ્રહ થયું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં ૨,૮૮,૨૪૮ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૮૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. જ્યારે રાજયના અન્ય ૨૦૬ જળાશયોમાં ૪,૪૦,૭૭૩ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૭૯ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો છે. આમ રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૮૧ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે તેમ, જળ સંપત્તિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮.૦૦ કલાકના અહેવાલ મુજબ રાજયમાં વરસાદના પરિણામે સૌથી વધુ સરદાર સરોવર યોજનામાં ૨.૩૫ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૨.૪૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. વણાકબોરી જળાશયમાં ૧.૬૬ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૬૬ લાખ, ઉકાઈમાં ૧.૪૭ લાખ ક્યુસેક પાણીની આવક સામે ૧.૪૭ લાખ, કડાણા ડેમમાં ૭૧ હજાર ક્યુસેક પાણીની આવક સામે ૯૬ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત સૌથી વધુ મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૯૨ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૮૭ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧માં ૮૫ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૭૮ ટકા, જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૨ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે આ ૨૦૭ જળાશયોમાં ૭૬ ટકાથી વધુ જળસંગ્રહ નોંધાયો હતો તેમ વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

### વિદેશ જવાનું ઘેલું : કિસ્સો છેતરપિંડીનો

# નકલી વિઝા પર કેનેડા જવાનો પ્રયત્ન કરનારા ગુજરાતીની દિલ્હી એરપોર્ટ પર ધરપકડ

## અમદાવાદીએ ૨૦૧૯માં મુંબઈથી કેનેડામાં વિઝિટર વિઝા દ્વારા જવાના નિષ્ફળ પ્રયત્ન પછી ૨૦૨૪માં દિલ્હીથી ગેરકાયદેસર રીતે જવાનો પ્રયત્ન કર્યો હતો

અમદાવાદ, તા.૪

ગુજરાતીઓનું વિદેશમાં જવાનું ઘેલું એટલું છે કે તેના માટે તેઓ કોઈ કાયદાની પરવાહ કરતા નથી. આવા જ એક અમદાવાદીએ ૨૦૧૯માં મુંબઈથી કેનેડામાં વિઝિટર વિઝા દ્વારા જવાના નિષ્ફળ પ્રયત્ન પછી ૨૦૨૪માં દિલ્હીથી ગેરકાયદેસર રીતે જવાનો પ્રયત્ન કર્યો હતો.

ઈમિગ્રેશન બ્યૂરોના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના રાણીપ વિસ્તારમાંથી કુપેશ પટેલ તરીકે ઓળખાતા એક વ્યક્તિને ૨૨ ઓગસ્ટના રોજ દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર બનાવટી અને છેતરપિંડી કરવાના આરોપમાં પકડવામાં આવ્યો હતો.

"પટેલે ડિપાર્ચર ક્લિયરન્સ મેળવવા ઈમિગ્રેશન સત્તાવાળાઓનો સંપર્ક કર્યો હતો. તે ફ્લાઈટ AI ૧૮૭ પકડવાનો હતો અને તેના વિદેશ જવાના સમર્થનમાં E731696672 નંબર સાથે કેનેડિયન વિઝા રજૂ કર્યા. પટેલના પ્રવાસ દસ્તાવેજોની ચકાસણી દરમિયાન તેના કેનેડિયન વિઝાની પ્રામાણિકતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો," એમ દિલ્હીના IGI એરપોર્ટ પોલીસમાં નોંધાયેલી FIRમાં જણાવાયું છે. એફઆઈઆરમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, "વિઝાના શંકાસ્પદ સ્વભાવને કારણે આ બાબત કેનેડિયન અધિકારીના ધ્યાન પર લાવવામાં આવી હતી. ત્યારબાદ, ALOએ ઈમેલ દ્વારા પુષ્ટિ કરી કે પટેલના કબજામાં રહેલા વિઝા નકલી હતા."દિલ્હીમાં IGI પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે પટેલને અગાઉ ૧૦ એપ્રિલ, ૨૦૧૯ના રોજ મુંબઈ એરપોર્ટ પર કેનેડા જતી ફ્લાઈટમાંથી બોર્ડિંગ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો અને મુંબઈ પોલીસમાં બનાવટીનો કેસ નોંધવામાં આવ્યો હતો. બ્યુરો ઓફ ઈમિગ્રેશન દ્વારા આ માહિતીને સમર્થન આપવામાં આવ્યું છે. "મુંબઈમાં કેસ નોંધવામાં આવ્યો હતો જ્યારે પટેલે તે જ નકલી કેનેડિયન વિઝિટર વિઝાનો ઉપયોગ કરીને કેનેડા જવાનો પ્રયાસ કર્યો હતો," એમ દિલ્હીના IGI એરપોર્ટ પોલીસમાં દાખલ કરવામાં આવેલી FIRમાં જણાવાયું હતું.દિલ્હી પોલીસના સૂત્રોએ ખુલાસો કર્યો હતો કે જામીન પર છૂટ્યા હોવા છતાં અને મુંબઈમાં ચાલી રહેલી ટ્રાયલનો સામનો કરવા છતાં, પટેલે દિલ્હીના IGI એરપોર્ટ પરથી સમાન બનાવટી વિઝા પર મુસાફરી કરવાનો પ્રયાસ કરવાની જબરી હિંમત કરી હતી. દિલ્હીના કાયદા અમલીકરણ અધિકારીઓ હાલમાં પટેલને નકલી વિઝા આપનાર વિઝા એજન્ટને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. IGI એરપોર્ટ સત્તાવાળાઓએ પટેલ પર પાસપોર્ટ એક્ટ હેઠળના આરોપો ઉપરાંત ભારતીય ન્યાય સંહિતા હેઠળ છેતરપિંડી, બનાવટી અને બનાવટી દસ્તાવેજોને અસલી તરીકે રજૂ કરવાની જોગવાઈઓ હેઠળ આરોપ મૂક્યો છે.

### મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યપાલ દેવવ્રત પારિતોષિક આપશે

# રાજ્યના ૨૮ શિક્ષકોને આજે શિક્ષક દિને શ્રેષ્ઠ શિક્ષકનો પારિતોષિક અપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૪

પૂર્વ રાષ્ટ્રપતિ . ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ-૫મી સપ્ટેમ્બરને દેશભરમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાતમાં શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત આવતીકાલે ૨૮ જેટલા શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાજ્ય પુરસ્કાર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે અમદાવાદના ટાગોર હોલ ખાતે આપવામાં આવશે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવી, સમગ્ર સમાજનું જીવનધોરણ સુધારવા માટે પોતાના કાર્યક્ષેત્રના સ્થળે વિશિષ્ટ કામગીરી કરનારા શિક્ષકોના યોગદાનનું યથોચિત સન્માન રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ પુરસ્કારથી કરવામાં આવશે. સન્માન પ્રાપ્ત કરનારા પ્રત્યેક શિક્ષકને રાજયપાલના હસ્તે રૂા.૫૧ હજારનો પુરસ્કાર તેમજ પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવશે. રાજ્યના શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોર તેમજ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયા પણ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેવાના છે.

### વિધાનસભા વિરોધ પક્ષ કોંગ્રેસના નેતાએ રજિસ્ટ્રારને કરી રજૂઆત

# રાજ્યની સહકારી સંસ્થામાં ગેરકાયદે ડાયરેક્ટર સામે કાર્યવાહીની માગણી

## ગુનાહિત પ્રવૃત્તિવાળી વ્યકિત સામે કાનૂની કાર્યવાહી કરો : ચાવડા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

અમદાવાદમાં ગુજરાત સ્ટેટ કોઓપરેટિવ હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડમાં ગેરકાયદેસર અને નિયમોથી વિપરીત જઈ સભાસદ થઈ ડિરેકટર બનેલા કૌશિકભાઈ કાંતિભાઈ વેકરીયા સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી કરવા વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ માંગ કરી છે. આ અંગે તેમણે રજીસ્ટ્રાર સહકાર મંડળીને પત્ર લખીને તેમણે જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ હાઉસીંગ મંડળીમાં સભ્ય ત્યારે જ બની શકે જયારે તેઓ પોતે ત્યાં મકાન ધરાવતા હોય અને તેનાં ઉદ્દેશો પ્રમાણે કામગીરી કરતા હોય, કૌશિકભાઇ વેકરીયાના કેસમાં મંગળ સોસાયટી, બટારવાડી અમરેલી ખાતે આવેલી છે, જૂની સોસાયટી છે ૧૪ મકાનો છે, અને પોતે રૂા.૨૫૦/- ભરીને સભ્ય બનીને ચૂંટણી લડવા આવ્યા છે. હકીકતમાં તેઓ ત્યાં સભ્ય છે જ નહી, માત્ર સાહિત્ય ઉભુ કર્યુ હોય તેવું લાગી રહ્યું છે.

આ અંગે તેમણે જણાવ્યું હતું કે ગૃહ મંડળીના ઓડિટમાં રજીસ્ટર દસ્તાવેજથી મિલ્કત તબદીલ નામફેર કર્યાનાં કિસ્સાઓ ધ્યાનમાં આવે તો તેવા લેખો સહિતની વિગતોની સ્ટેમ્પ ડ્યુટીમાં પણ પૂરી રકમ વપરાયેલ છે કે કેમ ? સરકારના મહેસૂલ વિભાગ, ગાંધીનગર તરફથી વિજીલન્સ ટીમની નિમણૂંક કરવામાં આવેલ છે તેવી ટીમે આવી કોઇ તપાસ કરેલ છે કે કેમ? ગેરકાયદેસર નહી પરંતુ ગુનહિત પ્રવૃતિ ધરાવતા માનસવાળી પ્રવૃતિ હોય, તે ફોજદારી ગુન્હો બનતો હોય તો તે પણ રાજય રજીસ્ટ્રાર તરીકે સહકારી હિતને ધ્યાનમાં રાખી આવો ગુન્હો દાખલ કરીને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા તેમણે રજિસ્ટ્રારને રજૂઆત કરી છે.

# બહેરામપુરા વોર્ડની ડ્રેનેજ, પાણી તેમજ રોડ-રસ્તા સહિતની સમસ્યાઓ મામલે ઉગ્ર રજૂઆત



દક્ષિણઝોનના બહેરામપુરા વોર્ડમાં નવી વસાહતમા ઘણા સમયથી ડ્રેનેજ લાઈન પાણી તેમજ રોડ રસ્તાની ખુબજ ગંભીર સમસ્યા છે તંત્ર ગાઢ નિદ્રામા હોય એમ લાગે છે સ્થાનિકો ખુબજ હેરાન હોય જેના અનુસંધાને આજરોજ બહેરામપુરા વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સિલર તસનીમ આલમ બાવાસાહબ તિરમીઝી અને સિનિયર મ્યુનિસિપલ કાઉન્સિલર ઇકબાલભાઈ શેખ દ્વારા દક્ષિણઝોન ના ડે.મ્યુનિસિપલ કમિશનરને ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી બહેરામપુરા વોર્ડ નવી વસાહતમાં એજાઝ પાર્ક મદની નગર, સરતાજ નગર, અલ ફતેહનગર, મહેરૂનગર, ગોશિયા મસ્જિદ, સિટીઝનનગર, મેમણ કોલોની, બ્રાઈટન સ્કૂલ, ન્યુ ફેસલનગર, શાહઆલમ નગર, સંજરપાર્ક ૧-૨-૩, શક્તિ સોસાયટી, નગમા નગર, છીપા સોસાયટી, હઝરત શાહઆલમ નગર, પટેલ મેદાન રોશન પાર્ક વિગેરે વિસ્તારમા ખુબજ ગંભીર સમસ્યા અંગે ડે. મ્યુનિસિપલ કમિશનરએ તાકીદે ઘટતુ કરવા બાંહેધરી આપી હતી આ પ્રસંગે બહેરામપુરા વોર્ડ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ઝફર અજમેરી, પૂર્વ મહિલા પ્રમુખ નઝમા પાનારા, ફિરોઝખાન માસ્તર, શમશેરખાન, સાકીર ભાઈ, તાલીબ ભાઈ ઈમરાન અન્સારી વિગેરે કાર્યકરો તેમજ મોટી સંખ્યામા સ્થાનિકો હાજર રહયા હતા

# જૂનાગઢમાં ગેસ રેગ્યુલેટર ચાલુ રહી જતાં લાઈટ ઓન કરતા થયેલા બ્લાસ્ટમાં પરિવારના ચાર સભ્ય દાઝ્યા

જૂનાગઢ, તા.૪

શહેરના ગીરનાર દરવાજા વિસ્તારમાં આવેલા ગણેશ નગરમાં ગત રાત્રિના ગેસના બાટલાનું રેગ્યુલેટર ભૂલથી ખુલ્લું રહી ગયા બાદ લાઈટ ચાલુ કરતાં રસોડામાં બ્લાસ્ટ થતા પરિવારના ચાર સભ્યો ગંભીર રીતે દાજી જતા પ્રથમ જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે રાજકોટ ખસેડાયાનું જાણવા મળી રહ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ ગણેશનગર વિસ્તારમાં રહેતા પરિવારના સભ્યો જમવાનું પતાવી પોતાના ફળિયામાં બેઠા હતા. રસોડામાં એલ્યુમિનિયમના સેક્શન વાળા બારી દરવાજા પણ બંધ હતા. ગેસના બાટલાનું રેગ્યુલેટર ભૂલથી ખુલ્લું રહી ગયેલ બાદમાં અચાનક જ પરિવારના સભ્યોને રસોડામાં કંઈક કામ યાદ આવતા તેઓએ રસોડાનો દરવાજો ખોલી લાઈટ ઓન કરતાની સાથે જ રસોડામાં બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટમા પરિવારના સભ્ય કાનજીભાઈ માવજીભાઈ કટારિયા (ઉ.વ.૫૬), વિજયભાઈ કટારિયા (ઉ.વ.૩૭), મનીષાબેન વિજયભાઈ કટારિયા(ઉ.વ.૩૨), દત્ત વિજય કટારિયા (ઉ.વ.૭) ગેસનો બાટલો ફાટવાથી ગંભીર રીતથે દાઝ્યા હતા. બ્લાસ્ટની ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક તેઓના ઘરે આવી પહોંચ્યા હતા. તેના ઘરે લોકો એકઠા થયા હતા. ત્યારે ૧૦૮ દ્વારા ચારેય સભ્યોને સારવાર માટે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં ડોકટર દ્વારા તમામની સારવાર શરૂ કરવામાં આવી હતી. ગંભીર રીતે દાઝેલા ૭ વર્ષના બાળક તેમજ તેના માતા-પિતાની હાલત વધુ ગંભીર થતાં તેઓને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘરના રસોડામાં રાખેલ ગેસના બાટલાનું રેગ્યુલેટર ભૂલથી ચાલુ રહી ગયું હતું. તેમજ રસોડાના એલ્યુમિનિયમ સેક્શન વાળા બારી દરવાજા બંધ હતા. રેગ્યેલેટર ચાલુ રહી ગયું હોવાથી ગેસ આખા રસોડામાં ફેલાઈ ગયો હતો અને અચાનક જ રસોડાની લાઈટ ઓન કરવા જતા બ્લાસ્ટ થયો હતો. જે બ્લાસ્ટમાં રસોડામાં રાખેલી ચીજ વસ્તુઓ વેર વિખેર થઈ સળગી ઊઠી હતી. તો બીજી તરફ રસોડાની એલ્યુમિનિયમ સેક્શન વાળા બારી દરવાજાના કાચ પણ તૂટી ગયા હતા.

# શહેરમાં નીકળનાર ઈદે મિલાદુન્નબીનું જુલૂસ મિરઝાપુર ખાતે સભાના રૂપમાં ફેરવાશે



ઈદે મિલાદુન્નબી સેન્ટ્રલ કમિટીના ચેરમેન તસ્નીમઆલમ બાવાસાહબ તિરમીઝી એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાત ચાંદ કમિટીના ફેસલા મુજબ આજરોજ રબીઉલ અવ્વલનો ચાંદ દેખાતા ઈદે મિલાદુન્નબીનું જુલૂસ તા.૧૬/૯/૨૦૨૪ સોમવારે ઈદે મિલાદુન્નબી સેન્ટ્રલ કમિટીના નેજા હેઠળ જમાલપુર દરવાજાથી પરંપરાગત રૂટ ઉપર પસાર થઈ મિરઝાપુર કુરેશ ચોક ખાતે સભા સ્વરૂપમાં ફેરવાઈ જશે.

# 'અદ્ભુત સઉદી' ઝુંબેશ ભારતીય પ્રવાસીઓને અરેબિયાના હૃદયને શોધવા માટે આમંત્રણ આપે છે

(એજન્સી) તા.૪

ભારતીય પ્રવાસીઓ દરેક તહેવારોની મોસમમાં અશોભિત સ્થળો શોધવાનું ચાલુ રાખતા હોવાથી સઉદી રાષ્ટ્રીય પર્યટન બ્રાન્ડ, 'સઉદી - વેલકમ ટુ અરેબિયા'એ તેની આકર્ષક નવી ઝુંબેશ, 'સ્પેક્ટેક્યુલર સઉદી' શરૂ કરી છે. ભારતીય બજાર માટે આ તેમની પ્રથમ સંકલિત ઝુંબેશ છે અને રણના આકર્ષણની બહાર સઉદીના ઓછા જાણીતા સ્થળોનું અદ્ભુત મિશ્રણ દર્શાવે છે. આ અભિયાનનો ઉદ્દેશ્ય સમજદાર ભારતીય પ્રવાસી માટે ગંતવ્યના આધુનિક, વારસા અને કુદરતી અજાયબીઓને પ્રકાશિત કરવાનો છે. ઝુંબેશ ફિલ્મ, 'સ્પેક્ટેક્યુલર સઉદી' એક યુવાન ભારતીય પરિવારની મુસાફરીને અનુસરે છે કારણ કે, તેઓ દિરિયાહમાં અત-તુરૈફની પ્રાચીન માટી-ઈંટ રચનાઓ, જેદ્દાહમાં અલ બલાદની ઐતિહાસિક શેરીઓ, લાલ દરિયાના દરિયાઈ જીવન અને હેગ્રા, અલ-અલઉલામાં આશ્ચર્યજનક નબતાઈની કબરો વચ્ચે તમારી જાતને મંત્રમુગ્ધ કરો. સઉદી અરેબિયા પાસે ૮ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ છે, જેમાં અલ-ફૉ પુરાતત્વીય વિસ્તાર સૌથી તાજેતરનો ઉમેરો છે તેમજ વિશ્વની ચોથી સૌથી મોટી અવરોધ રીફ સિસ્ટમ છે. લાલ દરિયો વાસ્તવમાં ૯૦થી વધુ ટાપુઓ,



અદ્ભુત દરિયાકિનારા, વિશાળ રણના ટેકરાઓ અને કુદરતી અજાયબીઓનો વિશાળ દ્વીપસમૂહ છે, જેમાં વિશ્વના કેટલાક સમૃદ્ધ ખડકો, નિષ્ક્રિય જ્વાળામુખી, પ્રાચીન હેરિટેજ સાઈટ્સ અને પર્વત ખીણોનો સમાવેશ થાય છે. તાજેતરમાં અભિનેત્રી અને સેલિબ્રિટી જેકલીન ફર્નાન્ડિઝનું પ્રિય બર્થડે ડેસ્ટિનેશન પણ કોસ્ટલ વન્ડરલેન્ડ હતું. અભિયાન પર બોલતા સઉદી ટુરિઝમ ઓથોરિટીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અલહસન અલદાબાગે જણાવ્યું કે, ભારતીય પ્રવાસીઓએ લાંબા સમયથી અધિકૃત અને અનન્ય અનુભવો માટે ઊંડી પ્રશંસા દર્શાવી છે. તેઓ નવા સ્થળો અને સંસ્કૃતિઓ શોધવા માટે ઉત્સુક છે અને સઉદી પણ તે જ છે. સઉદી અરેબિયાએ દિરિયાહ, અલ બલાદ અને અલઉલા જેવી પ્રતિષ્ઠિત સાઈટ્સ ઓફર કરવાની છે - સઉદીની આઠ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સમાંથી ત્રણ અને વિશ્વ-વર્ગની સંસ્કૃતિ, ટેલર-મેઈડ પેકેજો સાથે સાહસ અને ભોજનનો અનુભવ કરી શકે છે.

# વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી સેનાના ગોળીબારમાં ૪ પત્રકારો ઘાયલ

(એજન્સી) તા.૪

રેડ ક્રેસન્ટ સોસાયટીએ આજે જણાવ્યું કે, કબજાવાળા વેસ્ટ બેંકના શહેર કાફ દાનમાં ઈઝરાયેલી ગોળીબારમાં ચાર પેલેસ્ટીની પત્રકારો ઘાયલ થયા છે. સોસાયટીએ જણાવ્યું કે બે પત્રકારોને ડોકટરોએ સ્થળ પર સારવાર આપી હતી, જ્યારે અન્ય બેને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ઘાયલ પત્રકારોમાંના એક, ઝરાહ ખલાફે જણાવ્યું કે તે અને અન્ય પત્રકારો જેનિનના કાફ ડેનમાં એક ઘર પર ઈઝરાયેલી ઘેરાબંધીને કવર કરી રહ્યા હતા, ત્યારે તેઓ સીધા ઈઝરાયેલી ગોળી હેઠળ આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, 'અમે બધાએ અંગ્રેજીમાં સ્પષ્ટ રીતે પ્રેસ આઈડેન્ટિફિકેશન લેબલ (PRESS) લખેલા જેકેટ્સ પહેર્યા હતા અને અમારા વાહનોમાં પણ સમાન ચિહ્ન હતું.' સાક્ષીઓના જણાવ્યા મુજબ, ઈઝરાયેલી લશ્કરી દળોએ આજે વહેલી સવારે




શહેરમાં હુમલો કર્યો અને એક ઘરને ઘેરી લીધું અને તેના રહેવાસીઓને લાઉડસ્પીકર દ્વારા આત્મસમર્પણ કરવા આહ્વાન કર્યું. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સૈન્ય બુલડોઝર દ્વારા ઘરને પાછળથી તોડી પાડવામાં આવ્યું હતું, જ્યારે દરોડા દરમિયાન એક બાળક અને અન્ય પેલેસ્ટીની ઘાયલ થયા હતા.

# ગાઝામાં યુદ્ધ કેવી રીતે બાળકોને તેમના શિક્ષણના અધિકારથી વંચિત કરી રહ્યું છે

(એજન્સી) તા.૪

જ્યાં એક તરફ સમગ્ર વિશ્વમાં શાળાના બાળકો નવા શૈક્ષણિક વર્ષની તૈયારી કરી રહ્યા છે, તો બીજી તરફ પેલેસ્ટીનના મુશ્કેલીગ્રસ્ત ગાઝા પટ્ટીમાં અડધા મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ સતત બીજા વર્ષે પણ શિક્ષણ વિના જીવી રહ્યા છે. યુનિસેફ, યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ અનુસાર ગાઝામાં છેલ્લા એક વર્ષમાં લગભગ ૬૨૫,૦૦૦ બાળકો શાળામાંથી બહાર રહી ગયા છે. કાયમી યુદ્ધવિરામની ઓછી સંભાવના સાથે તેઓ આ મહિને શાળામાં પાછા ફરે તેવી શક્યતા નથી.

અમાલ જેનું નામ તેણીની વિનંતી પર બદલવામાં આવ્યું છે, તે રફાહમાં તેના અસ્થાયી આશ્રયસ્થાનમાં તેના ૭ અને ૧૦ વર્ષના બે બાળકોને ભણાવી રહી છે. જો કે, તેણી કહે છે કે આઘાતજનક ઘટનાઓના વારંવાર સંપર્કમાં આવવાથી અને સ્થિરતાના અભાવે તેના અભ્યાસમાં વિક્ષેપ પાડ્યો છે. અમાલે જણાવ્યું કે, "બૉમ્બ વિસ્ફોટ, ચીસો અને ધ્રુજારીની રાત પછી બાળક કવિતાની પંક્તિઓ કેવી રીતે યાદ રાખી શકે ?" "આ અંધાધૂંધી વચ્ચે આપણું પુખ્ત મન પણ ઠોકર ખાઈ રહ્યું છે. બાળક ખાલી પેટે કેવી રીતે શીખી શકે અને મોટો થઈ શકે અને જ્યારે તેના મિત્રો ગમે ત્યારે મૃત્યુ પામવાના હોય ?" ઑક્ટોબર



૭ના રોજ દક્ષિણ ઈઝરાયેલ પર હમાસની આગેવાની હેઠળના હુમલામાં ૧,૧૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા અને ૨૫૦ને બંધક બનાવ્યા, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ગાઝામાં ઈઝરાયેલના હુમલાના કારણે ઓછામાં ઓછા ૪૦,૭૦૦ લોકો મૃત્યુ પામ્યા જેમાંથી ૧૬,૫૦૦ બાળકો હતા. હજારો ગાઝાના બાળકો હજુ પણ ગુમ છે, કાટમાળ નીચે દટાઈ જવાની આશંકા છે, જ્યારે ૧૨,૦૦૦થી વધુ ઘાયલ થયા છે - જેમાંથી ઓછામાં ઓછા ૧,૦૦૦ના પગ કાપી નાખવામાં આવ્યા છે. જેઓ બચી ગયા છે તેમની પાસે ન તો શીખવા માટે સલામત જગ્યા છે કે ન તો શિક્ષણ તરફ પાછા ફરવાનું સાધન છે. યુનિસેફ અને સેવ ધ ચિલ્ડ્રન દ્વારા સંયુક્ત રીતે સંચાલિત ગ્લોબલ એજ્યુકેશન ક્લસ્ટરનો અંદાજ છે કે ૩૦ માર્ચ સુધીમાં ગાઝામાં લગભગ ૮૭.૭ ટકા શાળા સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો છે. સેટેલાઈટ ઈમેજના આધારે નુકસાનનું મૂલ્યાંકન કરનારા સમૂહના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના સીધા હુમલાથી એક્લેવમાં ૨૧૨ શાળાઓને ગંભીર નુકસાન થયું છે અને ૨૮૨ શાળાઓને મધ્યમથી નજીવું નુકસાન થયું છે.

# ગાઝામાં યુદ્ધને લઈને નેતાન્યાહુના હિતોના સંઘર્ષોથી ઈઝરાયેલને નુકસાન થઈ રહ્યું છે

(એજન્સી) તા.૪

રાજ્યના પ્રમુખ બનવા અને આતંકવાદને પ્રોત્સાહિત કરતા આતંકવાદીઓ સાથે બંધક સોદા કરવા કે નિર્દોષ લોકોને હત્યા માટે મોકલવા તે નક્કી કરવા કરતાં ઓછી નફાકારક કોઈ નોકરી નથી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ આ મૂંઝવણને કોઈપણ કરતાં વધુ સારી રીતે જાણે છે. ૨૦૧૧માં તેમણે ૧૦૦૦થી વધુ પેલેસ્ટીની કેદીઓને એક સૈનિકની વાપસી માટે વેપાર કર્યો, જેમાં હમાસના વર્તમાન નેતા યાહ્યા સિનવારનો સમાવેશ થાય છે, જેમણે એક દાયકા કરતાં વધુ સમય પછી ઓક્ટોબર ૭ની સામૂહિક બંધક લૂંટનો માસ્ટર માઈન્ડ કર્યો હતો.

તો આ અઠવાડિયાના અંતમાં નેતાન્યાહુ સામે આટલો ગુસ્સો શા માટે હતો, જ્યારે ગાઝા ટનલમાં છ બંધકોને તેમના રક્ષકો દ્વારા મૃત્યુ પામ્યા હતા ત્યારે તેઓ જે બોજ ઉઠાવે છે તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવાને બદલે ? આખરે હમાસ આ બાબતનો વિલન છે; તે અપહરણ કરનાર અને જલ્લાદ બંને છે. તેમ છતાં નેતાન્યાહુના યુદ્ધવિરામ માટે સંમત થવાના ઈન્કારથી યુદ્ધના અત્યાર સુધીના સૌથી મોટા શેરી વિરોધ, તેમજ ઈઝરાયેલના સૌથી મોટા ટ્રેડ યુનિયન દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાળ અને સહાનુભૂતિમાં મોલ્સ અને વ્યવસાયો બંધ થયા.

વિરોધીઓ અને બંધક પરિવારોની



ભાષા દ્વારા અભિપ્રાય આપતા વડાપ્રધાનના ઈરાદાઓ પર ઊંડો અવિશ્વાસ છે કારણ કે, તેઓ અન્ય લોકો માટે જીવન, મૃત્યુ, યુદ્ધ અને શાંતિના નિર્ણયો લે છે.

બંધક બનાવનારાઓને સંભાળવામાં નેતાન્યાહુનો ૧૮૦ ડિગ્રીનો વળાંક તે અવિશ્વાસનો એક સ્ત્રોત હોઈ શકે છે. ઉદાહરણ તરીકે ૨૦૧૧માં ૧૦૨૭-બદ-૧ સોદામાં તેમણે જણાવ્યું કે, તેઓ ઈઝરાયેલીઓની હત્યા માટે જેલમાં બંધ હમાસ કેદીઓને પણ મુક્ત કરવા સંમત થશે કારણ કે, ઈઝરાયેલ રાજ્ય તેના સૈનિકો અને નાગરિકોને છોડતું નથી. હવે તે કહે છે કે, ઈઝરાયેલે હમાસને 'શરણાગતિ' કરવાને બદલે તે જ કરવું જોઈએ. બીજું કારણ આવા શરણાગતિનો અર્થ શું થશે તેની વિગતોમાં રહેલું છે. હમાસ લડાયક દળ તરીકે ખૂબ જ નબળું પડી ગયું છે, તેથી કોઈ ઈઝરાયેલી સૈનિકો સફેદ ધ્વજ લહેરાવશે નહીં. નેતાન્યાહુ જે શરણાગતિને નકારી રહ્યા છે તે યુદ્ધવિરામ મંત્રણાની ખખુ લાક્ષણિકતા હશે, જે ઈઝરાયેલી દળોએ કહેવાતા ફિલાડેલ્ફિયા કોરિડોર પર નિયંત્રણ જાળવી રાખવું જોઈએ તેવી માંગના અંતમાં ઉમેરાથી અટકી ગઈ છે. નેતાન્યાહુ કહે છે કે, ગાઝા પર સ્થિત આ સાંકડી પટ્ટીને નિયંત્રિત કરવી. ઈજિપ્ત સાથેની સરહદ ઈઝરાયેલની સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. પરંતુ તેમના પોતાના સંરક્ષણ મંત્રી યોવ ગેલેન્ટ કહે છે કે, તે સાચું નથી. ઈઝરાયેલના મૂળ યુદ્ધવિરામ પ્રસ્તાવમાં પણ આ કોરિડોરનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો - જો તે ખરેખર એટલું મહત્ત્વનું છે કે, વધુ યહૂદી અને પેલેસ્ટીની જીવન બલિદાન આપવું પડે તો એક વિચિત્ર અવગણના.

ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલમાં કાર્યવાહીના લીક થયેલા અહેવાલ મુજબ ગેલેન્ટે ઈઝરાયેલની સુરક્ષા કેબિનેટને જણાવ્યું કે, અમે બંધકોના જીવનના ભોગે ફિલાડેલ્ફિયા કોરિડોરને પ્રાથમિકતા આપી તે એક નૈતિક આક્રોશ છે. અન્ય ટોચના સુરક્ષા અધિકારીઓએ પણ છે કે, કોરિડોર નિર્ણાયક મુદ્દો નથી, ખાસ કરીને કારણ કે, હમાસે શસ્ત્રોની દાણચોરી કરવા માટે ઈજિપ્તની સરહદ હેઠળ જે ટનલ બનાવી છે તે તેની બહાર શરૂ થાય છે અને સમાપ્ત થાય છે. જો કે, લોકપ્રિય અસ્વસ્થતાનો ઊંડો સ્ત્રોત એ છે કે, નેતાન્યાહુના હિતોના ઘણા સ્પષ્ટ સંઘર્ષો છે.

# UNના નિષ્ણાતે ચેતવણી આપી છે કે ઈઝરાયેલની 'નરસંહાર હિંસા' ગાઝાથી આગળ પણ ફેલાઈ શકે છે

(એજન્સી) તા.૪

ગાઝામાં ઈઝરાયેલની "નરસંહારની હિંસા" વેસ્ટ બેંકમાં એક વિશાળ લશ્કરી ઝુંબેશ વચ્ચે કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશના અન્ય ભાગોમાં ફેલાવાનું જોખમ ધરાવે છે, એક સ્વતંત્ર યુએન નિષ્ણાતે સોમવારે ચેતવણી આપી હતી. પેલેસ્ટીની પ્રદેશોમાં અધિકારોની સ્થિતિ પર યુએનના વિશેષ દૂત ફ્રાન્સેસ્કા અલ્બેનિસે એક નિવેદનમાં ચેતવણી આપી કે ઈઝરાયેલ તાજેતરમાં કબજાવાળા વેસ્ટ બેંકમાં તેની ઝુંબેશને વધુ તીવ્ર બનાવી રહ્યું છે, જે ઈઝરાયેલી પ્રદેશ દ્વારા ગાઝાથી અલગ થયેલ છે, તે "ખતરનાક" વૃદ્ધિ દર્શાવે છે. તેમણે જણાવ્યું કે "ઈઝરાયેલની નરસંહારની હિંસા ગાઝામાંથી બહાર નીકળી જવાની અને કબજા હેઠળના પેલેસ્ટીની પ્રદેશમાં ફેલાઈ જવાની ધમકી આપે છે. લેખન દિવાલ પર છે અને અમે તેને અવગણી શકતા નથી. એવા વધતા પુરાવા છે કે ઈઝરાયેલના અનિયંત્રિત નિયંત્રણ હેઠળ કોઈ પેલેસ્ટીની સુરક્ષિત નથી. અલ્બેનીઝ, યુએન માનવ અધિકાર પરિષદ દ્વારા નિયુક્ત સ્વતંત્ર નિષ્ણાત પરંતુ જેઓ યુએન વતી બોલતા નથી, તેમણે ગાઝામાં તેના સંઘર્ષમાં ઈઝરાયેલ પર નરસંહાર કરવાનો વારંવાર



આરોપ લગાવ્યો છે. ૭ ઓક્ટોબરે ઈઝરાયેલમાં હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ વેસ્ટ બેંકમાં હિંસા વધી છે. સોમવારનું નિવેદન હિંસાના દિવસો પછી આવ્યું છે, રામલ્લાહ સ્થિત પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ઈઝરાયેલે બુધવારે ઉત્તરી વેસ્ટ બેંકમાં એક સાથે દરોડા પાડ્યા ત્યારથી ઓછામાં ઓછા ૨૬ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. મધ્ય પૂર્વીય અને પશ્ચિમી સરકારો તેમજ યુએન અધિકારીઓએ ઈઝરાયેલને પેલેસ્ટીની પ્રદેશમાં તેના મોટા પાયે આક્રમણને સમાપ્ત કરવા આહ્વાન કર્યું છે, જેનો તેણે ૧૯૬૭થી કબજો કર્યો છે. અલ્બેનીઝે જણાવ્યું કે, "રંગભેદ ઈઝરાયેલ એકસાથે ગાઝા અને વેસ્ટ બેંકમાં નાબૂદ, બદલી અને પ્રાદેશિક વિસ્તરણની એકંદર પ્રક્રિયાના ભાગ રૂપે નિશાન બનાવી રહ્યું છે." તેમણે જણાવ્યું કે "લાંબા ગાળાની મુક્તિ ઈઝરાયલને પેલેસ્ટીનથી કબજે કરેલા પ્રદેશોને અલગ કરવાની સુવિધા આપી રહી છે અને પેલેસ્ટીનીઓને રાષ્ટ્રીય સમૂહ તરીકે સમાપ્ત કરવા માંગતા દળોની દયા પર છોડી રહી છે," તેમણે કહ્યું.

# પોલિયો રસીકરણ જારી રહેવા દરમ્યાન ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ૩૫ લોકોનાં મોત

(એજન્સી) તા.૪

ઈઝરાયેલી દળોએ ગાઝામાં ઓછામાં ઓછા ૩૫ લોકો મૃત્યુ પામ્યા છે, પેલેસ્ટીની અધિકારીઓના જણાવ્યા અનુસાર, મધ્ય ગાઝામાં લડાઈમાં સંક્ષિપ્ત અને આંશિક વિરામને કારણે ચિકિત્સકોને બાળકો માટે પોલિયો રસીકરણનો બીજો દિવસ ચલાવવાની મંજૂરી આપી હતી. પેલેસ્ટીની સિવિલ ઈમરજન્સી સર્વિસે મંગળવારે જણાવ્યું કે અગાઉના ૨૪-કલાકના રિપોર્ટિંગ સમયગાળામાં મૃત્યુ પામેલા લોકોમાં દક્ષિણના શહેર રાફાહમાં ચાર મહિલાઓ અને ઉત્તરમાં ગાઝા શહેરમાં હોસ્પિટલ નજીક આઠ લોકોનો સમાવેશ થાય છે. બાદમાં, ગાઝા સિટીના મધ્યમાં ઓમર અલ-મોખ્તાર સ્ટ્રીટ નજીક એક ઘરની અંદર ઈઝરાયેલી હવાઈ હુમલામાં નવ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા. બીજો હુમલો શહેરના ઉત્તરી ઉપનગર શેખ રદવાનમાં કોલેજ નજીક થયો હતો. ડોકટરોએ જણાવ્યું કે સમગ્ર પ્રદેશમાં હવાઈ હુમલામાં અન્ય લોકો મૃત્યુ પામ્યા. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે તેણે ગાઝા સિટીમાં અલ-અહલી અરબ હોસ્પિટલ નજીકના કમાન્ડ સેન્ટરમાં આઠ પેલેસ્ટીનીઓને બંદૂકધારીઓએ મારી નાખ્યા હતા, જેમાં એક વરિષ્ઠ હમાસ કમાન્ડરનો પણ સમાવેશ થાય છે જેમણે ઑક્ટોબર ૭ના ઈઝરાયેલ પરના હુમલામાં ભાગ લીધો હતો. એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે



અહમદ સૈનિક નાઝેર મુહમ્મદ વાડિયાએ ગાઝા સરહદ નજીક ઈઝરાયેલના નેટીવ હાસારા સમુદાયમાં 'નાગરિકોની હત્યા'ને આદેશ આપ્યો હતો. હમાસ તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આવી નથી. હમાસ અને પેલેસ્ટીની ઈસ્લામિક જેહાદની સશસ્ત્ર શાખાએ જણાવ્યું કે તેઓ ગાઝા શહેરના ઝેતુન વિસ્તારમાં અને દક્ષિણમાં રાફાહ અને ખાન યુનુસમાં પણ ઈઝરાયેલી દળો સામે લડી રહ્યા છે. તેમ છતાં, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ જણાવ્યું કે તે ગાઝામાં પોલિયો રસીકરણ માટેના તેના ધ્યેયથી આગળ છે, મંગળવારે, વિશાળ ઝુંબેશના ત્રીજા દિવસે, અને તેણે ગાઝાના ૧૦ વર્ષથી ઓછી ઉંમરના લગભગ એક ક્વાર્ટર બાળકોને રસીકરણ કર્યું હતું. આ પ્રદેશમાં ૨૫ વર્ષમાં પ્રથમ વખત પોલિયોનો કેસ નોંધાયા બાદ રવિવારે સામૂહિક રસીકરણ અભિયાન શરૂ થયું હતું. આ ઓપરેશન ઘેરાયેલા વિસ્તારના ચોક્કસ વિસ્તારોમાં ઈઝરાયેલ અને હમાસના લડાકુઓ વચ્ચેની લડાઈમાં દરરોજ આઠ કલાકના વિરામ પર આધારિત છે. યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તાએ જણાવ્યું કે બાળકોને રસી અપાવવાની લડાઈમાં વિરામ એ 'ભયાનકતા વચ્ચે આશાનું એક દુર્લભ કિરણ અને માનવતાનું કિરણ હતું'.

# ગાઝા યુદ્ધનો વિરોધ કરી રહેલી સામાજિક કાર્યકર ગ્રેટા થુનબર્ગની ધરપકડ કરતી ડેનમાર્ક પોલીસ

(એજન્સી) તા.૪

કોપન હેગનતા ચાર ડેનમાર્ક ની રાજધાની કોપન હેગનમાં ગાજા ઉપરના ઈઝરાયેલી આક્રમણનો વિરોધ કરી રહેલી અને દેખાવો કરી રહેલી વિખ્યાત સામાજિક કાર્યકર ગ્રેટા થુનબર્ગની પોલીસે ધરપકડ કરી હતી. એક વિદ્યાર્થી જૂથ દ્વારા વિરોધ દેખાવનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે કોપર હેગન યુનિવર્સિટી પાસે ૨૦ જેટલા લોકોએ બિલ્ડીંગના મુખ્ય પ્રવેશ દ્વારને આડે ઊભા રહીને રસ્તો રોકી લીધો હતો અને ત્રણ દેખાવ કરો અંદર ઘૂસી ગયા હતા ત્યારે પોલીસે છ લોકોની ધરપકડ કરી હતી કોપન હેગન યુનિવર્સિટી દ્વારા ઈઝરાયેલ ની સંસ્થાઓ સાથે સંપર્ક કાપી નાખવામાં આવ્યો નથી તેનો આ વિદ્યાર્થી જૂથો વિરોધ કરી રહ્યા હતા ત્યારે સ્વીડનડી જાણીતી પર્યાવરણ સામાજિક ચળવળ કર ગ્રેટાની પણ પોલીસે ધરપકડ કરી દીધી હતી. પોલીસે જોકે તેનું નામ આપ્યું નથી પરંતુ વિદ્યાર્થીઓના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ગ્રેટાની પણ અટકાયત કરી લેવામાં આવી છે તેને હાથ કડી પણ પહેરાવવામાં આવી



હોવાની તસવીરો અને વિડીયો પણ વાયરલ થઈ રહ્યા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# કેન્દ્ર સરકાર મણિપુર મામલે આટલી હદે મૌન કેમ છે ??

ઉત્તર-પૂર્વનું મહત્ત્વનું રાજ્ય મણિપુર છેલ્લા લગભગ દોઢેક વરસથી સળગી રહ્યું છે પરંતુ તેની તરફ મણિપુરની રાજ્ય સરકાર કે જે ભાજપના મુખ્યમંત્રીના નેતૃત્વવાળી છે એ તો દરેક સ્તરે નિષ્ફળ ગઈ જ છે પરંતુ કેન્દ્રની ભાજપ સરકારનું વલણ પણ મણિપુરની અવગણના કરવા જેવું જ જણાય છે. કેમ કે જે રાજ્યોમાં વિરોધ પક્ષોની સરકાર હોય ત્યાં તો નાની નાની ઘટનાઓ બાબતે પણ કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરત એકશનમાં આવી જાય છે પરંતુ મણિપુરમાં કે જ્યાં ભયંકર હિંસા થઈ રહી છે, બળાત્કારો અને હત્યાઓ થઈ રહી છે તે અંગે છેલ્લા કેટલાયે સમયથી તેના પેટનું પાણી પણ હલ્યું નથી... મણિપુર બાબતે આખા દેશમાં અને વિદેશમાં પણ ઊહાપોહ થયો હોવા છતાં એવો એકેય સંકેત દેખાતો નથી કે જેનાથી એવું લાગે કે સરકાર મણિપુરની હિંસા બાબતે ગંભીર છે.

મણિપુરની હિંસાને ૧૬ માસ જેટલો સમય થઈ ગયો છતાં ત્યાંના બે મુખ્ય સમુદાયો મેઈતેઈ અને કૂકી વચ્ચે હિંસક અથડામણો જારી છે. બંને સમુદાયના ઉગ્રવાદીઓ એક બીજા પર સામૂહિક હુમલાઓ કર છે... કૂકી અને મેઈતેઈ સમુદાયો એકબીજાના ઘરો સળગાવી રહ્યા છે, હત્યાઓ થઈ રહી છે. છાશવારે ત્યાં હત્યાઓ થતી રહે છે. હાલમાં જ ત્યાં એક મહિલા સહિત બે લોકોને મોતને ઘાટ ઊતારી દેવાયા છે જ્યારે નવ ઘાયલ થયા છે. ફાયરીંગમાં આ લોકો ઘાયલ થયા છે. કાયદો અને વ્યવસ્થા મરી પરવાર્યા હોય એમ આવી બેફામ હિંસા થઈ રહી છે પરંતુ ભાજપના લાડકવાયા મુખ્યમંત્રી બિરેન સિંહ "રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફીડલ વગાડી રહ્યો હતો" વાળી અવસ્થામાં પહોંચી જઈને પરિસ્થિતિ કાબૂમાં હોવાનું ગાણું ગાયે રાખે છે.... એક તરફ મણિપુરમાં ઉગ્રવાદીઓ મોટાપાયે માથું ઊંચકી રહ્યા છે વધુને વધુ આધુનિક હથિયારો અને યુક્તિઓ દ્વારા હિંસા આચરી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી ઠાલાં આશ્વાસનો આપી રહ્યા છે. તાજેતરના હુમલામાં ઉગ્રવાદીઓએ ડ્રોનનો ઉપયોગ કરીને લોહીની હોળી ખેલી પરંતુ સરકાર તેને નાથવા માટે કંઈ કરી શકી નથી.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે મણિપુરનો સમગ્ર મામલો સરકારની અણઆવડત અને અવગણનાને કારણે વકર્યો છે. મેઈતેઈ અને કૂકી સમુદાયો વચ્ચે દુશ્મનાવટ શરૂ થઈ ત્યારથી જ તેને દૂર કરવાનો પ્રયાસ સરકારી સ્તરે થયો હોત તો વેરની આગ આટલી હદે વકરી ન હોત. પરંતુ સરકારે ન તો ત્યારે કોઈ સમાધાનની પહેલ કરી કે ન તો હિંસા પર કાબૂ મેળવી શકી. આ કારણે જ ગત વર્ષે શરૂ થયેલી હિંસા હજી સુધી જારી છે. અરે સરકારી શસ્ત્રાગારો અને પોલીસ થાણા લૂંટી લેવાયા... એમના હથિયારોનો ઉપયોગ તોફાનીઓ કરતા રહ્યા પણ સરકાર પલાંઠી વાળીને બસી રહી... કોલકાતાના ઘૃણાસ્પદ બળાત્કારકાંડમાં ભાજપે દેશ આખો માથે લઈ લીધો પરંતુ તેના જ શાસનમાં પોલીસની હાજરીમાં મહિલાઓને નિર્વસ્ત્ર કરીને અત્યંત શરમજનક રીતે ફેરવવામાં આવી, એમની પર બળાત્કારો કરાયા અને હત્યાઓ પણ કરાઈ છતાં જાણે કંઈ થયું જ ન હોય એવી સ્થિતિમાં ભાજપ રહ્યો... મણિપુરની મહિલાઓના શિયળ સરેઆમ લૂંટાઈ રહ્યા હતા અને કોલકાતાની નિંદનીય ઘટના કરતા પણ અનેક ગણી વધારે ઘૃણાસ્પદ ઘટનાઓ બની છતાં ભાજપની સરકાર કોઈ ખાસ કાર્યવાહી કરતી દેખાઈ નહીં પરંતુ એક પક્ષ તરીકે પણ ભાજપે દેશમાં કયાંક વિરોધ કે ઊહાપોહ કર્યો નહીં... તેના આવાં બેવડાં ધોરણો ફરી ઉજાગર થઈ ગયા છે... મણિપુરમાં બસ્સોથી વધુ લોકો માર્યા ગયા છે. હજારો લોકો પોતાના ઘરબાર છોડીને રાહત કેમ્પોમાં રહેવા માટે લાચાર છે. સેંકડો નહીં પણ હજારો ઘરો અને ધર્મસ્થાનો સળગાવી દેવાયા છે છતાં મુખ્યમંત્રી બિરેનસિંહ ફાંફાં મારી રહ્યા છે અને કેન્દ્રમાં રહેલી ભાજપના નેતૃત્વવાળી સરકાર એમની પીઠ થાબડી રહી છે. શરૂઆતમાં કેન્દ્ર સરકાર થોડી કાર્યવાહી કરતી દેખાઈ હતી... કેન્દ્રીય સલામતી દળોને ઉતાર્યા હતા અને ત્યાં હિંસા અટકી પણ ગઈ હતી પરંતુ પછી કોને ખબર કેમ ઢીલ છોડી દેવાઈ અને હિંસા પર કાબૂ કરી શકાયો નથી એ સમજમાં આવી રહ્યું નથી. બાકી કેન્દ્ર સરકાર ધારે અને મણિપુર જેવા ટચુકડા રાજ્યમાં હિંસા અટકે નહીં એવું તો કેવી રીતે બની શકે ? બીજું આટઆટલું થયા છતાં મુખ્યમંત્રીને નિષ્ફળ ગણાવીને હાંકી કાઢવાને બદલે એમને હજી ખુરશી પર બેસાડી રખાયા છે. ખુદ સુપ્રીમ કોર્ટ આ બાબતે સુઓમોટો સંજ્ઞાન લઈને મણિપુરની હિંસાની તપાસ માટે તથા રાજ્યની પોલીસની કામગીરી વગેરે પણ નજર રાખવા માટે એક સમિતિની રચના કરી હતી પરંતુ તેને પણ રાજ્ય સરકારે યોગ્ય સહકાર નહીં આપતા કોઈ ખાસ પરિણામ આવ્યું નથી.

# સરકારે ૨૩મા કાયદા પંચની રચના કરી તેના સંદર્ભની શરતો અને સંભવિત બાબતો પર એક નજર

## અગાઉના કમિશનનો કાર્યકાળ ૩૧ ઓગસ્ટના રોજ સમાપ્ત થયો હતો. જો કે, કેન્દ્રએ હજુ ૨૩મા કાયદા પંચના સભ્યોની નિમણૂક કરવાની બાકી છે

સોમવારે, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રાલયે ત્રણ વર્ષના સમયગાળા માટે ભારતના ૨૩મા કાયદા પંચની સ્થાપનાની જાહેરાત કરતી એક સૂચના બહાર પાડી. "રાષ્ટ્રપતિની મંજૂરી અહીં ૧મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૭ સુધીના ત્રણ વર્ષના સમયગાળા માટે ભારતના ૨૩મા કાયદા પંચના બંધારણ અનુસાર આપવામાં આવી છે." એમ સૂચનામાં જણાવાયું છે. નોંધનીય છે કે, કાયદા પંચની કામગીરીને સંચાલિત કરતો કોઈ કાયદો કે કાનૂન નથી. તેને એક્ઝિક્યુટિવ ઓર્ડર અથવા નોટિફિકેશન દ્વારા સૂચિત કરવામાં આવે છે કારણ કે તે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) અથવા લોકપાલ જેવી વૈધાનિક સંસ્થા નથી. તેના બદલે, તે સલાહકારની ભૂમિકા ભજવે છે. સ્વતંત્ર ભારતમાં, પ્રથમ કાયદા પંચની સ્થાપના ૧૯૫૫માં કરવામાં આવી હતી અને તેના અધ્યક્ષ તત્કાલીન એટર્ની જનરલ એમ.સી. સેતલવાડ હતા. કાયદામાં સંશોધન કરવા અને સરકારને ભલામણો કરવા ઉપરાંત, લો કમિશન કાનૂની બાબતોના વિભાગ, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા સંદર્ભો પર વિવિધ વિષયો લે છે અને અહેવાલો રજૂ કરે છે. લોકપાલના ન્યાયિક સભ્ય તરીકેની નિમણૂક બાદ તેના અધ્યક્ષ ન્યાયાધીશ રિતુ રાજ અવસ્થીએ પદ પરથી રાજીનામું આપ્યા બાદ ૨૨મું કાયદા પંચ માર્ચથી અધ્યક્ષ વિના કાર્ય કરી રહ્યું હતું. The Print કાયદા અને ન્યાય મંત્રાલયની સલાહકાર સંસ્થા તરીકે તેની કામગીરીમાં કાયદા પંચના ઈતિહાસ, તેની રચના અને અન્ય સંબંધિત પ્રવૃત્તિઓને જુએ છે.

### સૂચના શું કહે છે

નોટિફિકેશન જણાવે છે કે ૨૩મા કાયદા પંચમાં પૂર્ણ સમયના અધ્યક્ષ હશે; ચાર પૂર્ણ સમયના સભ્યો (સભ્ય-સચિવ સહિત); સચિવ, કાનૂની બાબતોના વિભાગના હોદ્દાની રૂએ સભ્ય તરીકે; સચિવ, ધારાશાસ્ત્રી વિભાગ હોદ્દાની રૂએ સભ્ય તરીકે; અને પાંચથી વધુ પાર્ટટાઈમ સભ્યો ન હોય. કમિશનમાં પૂર્ણ-સમયના અધ્યક્ષ અથવા સભ્યો પણ હશે. આ સર્વોચ્ચ અદાલત અથવા ઉચ્ચ ન્યાયાલયોના સેવા આપતા ન્યાયાધીશો હોઈ શકે છે જેઓ "પોતાની સંબંધિત અદાલતોમાંથી નિવૃત્તિની તારીખ સુધી અથવા કમિશનની મુદતની સમાપ્તિ, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી સંપૂર્ણ સમયના ધોરણે તેમના કાર્યો કરશે. સૂચના જણાવે છે કે આયોગના અધ્યક્ષ/સદસ્ય તરીકેના આવા કાર્યોની કામગીરીમાં તેમના દ્વારા વિતાવેલો સમય "વાસ્તવિક સેવા" તરીકે ગણવામાં આવશે. જો કે, સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે, જેમ કે કેસ હોય, પગાર સિવાય કોઈ વધારાનું મહેનતાણું તેમના કાર્યો અને ફરજો કરવા માટે માન્ય રહેશે નહીં. ૨૧મા અને ૨૨મા કાયદા પંચની સ્થાપના કરતી સૂચનાઓમાં પણ આ જોગવાઈ સામેલ છે.



પ્રતીકારાત્મક તસવીર.

આ ઉપરાંત, સૂચના સમિતિના કાર્યક્ષેત્ર અથવા "સંદર્ભની શરતો" પણ દર્શાવે છે. આમાં એવા કાયદાઓ ઓળખવા કે જે અપ્રચલિત અથવા સંબંધિત છે અને તેને તરત જ રદ કરી શકાય છે, વર્તમાન કાયદાઓની સમયાંતરે સમીક્ષા કરવા માટે એક માનક સંચાલન પ્રક્રિયા (SOP) બનાવવી, તે સમયની આર્થિક જરૂરિયાતો સાથે સુસંગત ન હોય તેવા કાયદાઓને ઓળખવા, તેમના સંદર્ભોને ધ્યાનમાં લઈને મંત્રાલયો અને વિભાગો દ્વારા, અને સામાન્ય મહત્વના કેન્દ્રીય અધિનિયમોને સરળ બનાવવા અને વિસંગતતાઓ, અસ્પષ્ટતાઓ અથવા અસમાનતાઓને દૂર કરવા માટે પણ તેમાં સુધારો કરવો.

### ચર્ચા

**- ખદીજા ખાન**

**શા માટે અને કેવી રીતે પ્રથમ કાયદા પંચની સ્થાપના કરવામાં આવી હતી**

કાયદામાં સુધારો એ ભારતમાં સતત પ્રક્રિયા હોવા છતાં, તે ચાર્ટર એક્ટ, ૧૮૩૩ હતો, જે બ્રિટિશ સંસદ દ્વારા ઘડવામાં આવ્યો હતો, જેણે પ્રથમ વખત એક જ સત્તા, એટલે કે, ગવર્નર-જનરલ ઈન કાઉન્સિલને કાયદાકીય સત્તા સોંપી હતી. બદલામાં, ગવર્નર-જનરલ ઈન કાઉન્સિલે ૧૮૩૪થી ૧૯૨૦ સુધી કાયદાઓ બનાવ્યા. ચાર્ટર એક્ટે ગવર્નર-જનરલ ઈન કાઉન્સિલને બ્રિટિશ ભારતના કોઈપણ ભાગમાં લેખિત અથવા રૂઢિગત અથવા અમલમાં રહેલા તમામ કાયદાઓની પ્રકૃતિ અને કામગીરીની તપાસ કરવા માટે, ભારતના કાયદા પંચ તરીકે ઓળખાતા કમિશનની નિમણૂક કરવા સક્ષમ બનાવ્યું હતું, જેમાં કોઈપણ ભારતના નિવાસી વિષય હતા, અહેવાલ તૈયાર કરવા અને વિધાન પરિષદને વિધાન સંબંધી બાબતો પર સલાહ આપવા જેવી બાબતો તેમાં સામેલ હતી. લો કમિશનની સત્તાવાર વેબસાઈટ કહે છે કે, "શરૂઆતમાં, જ્યાં સરકારને તેની જરૂરિયાત જણાય ત્યાં કાયદા પંચોને કાયદાની શાખાઓને એકીકૃત કરવા અને સંહિતાકરણ કરવા માટે કાયદાકીય સુધારાની ભલામણ કરવાની સત્તા આપવામાં આવી હતી. બ્રિટિશ સમયગાળા દરમિયાન, સંહિતાકરણ માટે કાયદાના વિવિધ વિષયો પર ડ્રાફ્ટ્સ તૈયાર કરવા માટે ચાર કાયદા પંચની રચના કરવામાં આવી હતી. લોર્ડ થોમસ બેબિંગ્ટન મેકોલે સાથે પ્રથમ કાયદાના સભ્ય તરીકે પ્રથમ લો કમિશન અને અન્ય ત્રણ સભ્યોએ ૧૮૩૭માં પીનલ કોડ, ૧૮૪૨માં લિમિટેશન લો અને ૧૮૪૮માં સ્કીમ ઑફ પ્લીડિંગ એન્ડ પ્રોસિજરનો મુસદ્દો તૈયાર કર્યો."

### અગાઉના કાયદા પંચ સાથે સરખામણી

નવીનતમ સૂચના મુજબ, અગાઉના ૨૨મા કાયદા પંચની મુદત ૧ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ હતી. નોંધનીય છે કે, કમિશનની અધ્યક્ષતા કર્ણાટક હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ ઋતુરાજ અવસ્થીએ કરી હતી, ૧૭ મહિનાનો કાર્યકાળ પછી તેમણે માર્ચમાં પદ પરથી રાજીનામુ આપ્યું હતું. ૨૨મા કાયદા પંચનો કાર્યકાળ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં લંબાવવામાં આવ્યો હોવા છતાં, યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) અંગેનો તેનો રિપોર્ટ હજુ અધૂરો છે. એ જ રીતે, એક સાથે ચૂંટણી અંગેનો તેનો અહેવાલ પણ વિલંબિત થયો હતો. મૂળરૂપે, પેનલની રચના ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ત્રણ વર્ષના સમયગાળા માટે કરવામાં આવી હતી. જસ્ટિસ અવસ્થીના જવાથી મુખ્ય અહેવાલોની રજૂઆત પર અસર પડી, કારણ કે અધ્યક્ષની ગેરહાજરીમાં અહેવાલો રજૂ કરી શકાતા નથી. નવા કમિશનની સ્થાપના સાથે, મોદી ૩.૦ સરકાર હેઠળ UCC પર કામને વેગ મળવાની સંભાવના છે. UCCએ બીજેપીની છેલ્લી કેન્દ્રીય યોજના છે જે તેની સરકાર દ્વારા અમલમાં મૂકવાની બાકી છે.

(સૌ. : ધ પ્રિન્ટ.ઈન)

## પમી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે
# "શિક્ષક એ દીવો છે કે અંધકાર દૂર કરીને જ્ઞાનની રોશની પ્રદાન કરે છે"

દર વર્ષે પાંચમી સપ્ટેમ્બર જેમના નામથી શિક્ષક દિવસ મનાવવામાં આવે તે છે આદરણીય સર્વપલ્લી રાધાકૃષ્ણન. રાધાકૃષ્ણન વિવિધ ધર્મના તત્વચિંતક અને જાણીતા વિદ્વાન હતા. તેઓ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ૧૯૫૨થી ૧૯૬૩ અને દ્વિતીય રાષ્ટ્રપતિ ૧૯૬૨થી ૧૯૬૭ સુધી હતા. તેઓનો જન્મદિવસ ભારતભરમાં એક શિક્ષક દિન તરીકે ઊજવાય છે. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ પાંચ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તમિલનાડુના ચેન્નાઈ પાસે તિરૂતતાની નામક એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓની માતૃભાષા તેલુગુ હતી. તેના પિતા સર્વપલ્લી વીરા સ્વામી અને માતા સીત્તતામા ગરીબ બ્રાહ્મણ હતા. દક્ષિણ ભારતની પરંપરા પ્રમાણે તેમના નામમાં લાગતો સર્વપલ્લી શબ્દ હકીકતમાં એક ગામનું નામ છે. વર્ષો પહેલા તેમના પૂર્વજો આ ગામમાં રહેતા હતા. બાળપણથી જ રાધાકૃષ્ણન ભણવામાં હોશિયાર હતા. ૧૯૦૬માં મદ્રાસ કોલેજમાંથી તેમણે ફિલોસોફીના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેઓ જ્યારે વીસ વર્ષના હતા ત્યારે જ તેમને માસ્ટર ડિગ્રી માટે તૈયાર કરેલા શોધ નિબંધથી તેમના પ્રોફેસર ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમનો શોધ નિબંધ વીસ વર્ષની ઉંમરે પ્રકાશિત થયો હતો. ફિલોસોફી વિષય તેમને પસંદ ન હતો પરંતુ તેમના દૂરના એક ભાઈ કે જે તેમની શાળા અને કોલેજમાં ભણતા હતા એ ફિલોસોફીના પુસ્તકો રાધાકૃષ્ણનને આપતા, રાધાકૃષ્ણન સમય પસાર કરવા માટે એ પુસ્તકો વાંચતા અને ધીમે ધીમે તેમને ફિલોસોફીમાં રસ જાગ્યો. વર્ષ ૧૯૦૯માં રાધાકૃષ્ણને ફિલોસોફીના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કોલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખન કાર્ય પણ કરતા. કેટલાક સાંપ્રત સામયિકોમાં તેઓ ફિલોસોફી પર લેખ પણ લખતા. તેમના સૌથી પહેલા પુસ્તકનું નામ : ધ ફિલોસોફી ઓફ રવિન્દ્રનાથ ટાગોર' હતું. ૧૯૨૬માં હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે તેમને ઈન્ટરનેશનલ કોંગ્રેસમાં તેમણે કોલકાતા યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે તેઓ યુનેસ્કો ખાતે ભારતના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા.

દેશમાં ઉપકુલપતિ સુધી પહોંચ્યા પછી તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં છ વર્ષ માટે વિઝિટિંગ પ્રોફસર રહ્યા. ત્યાં તેમણે હિન્દુ ધર્મ ભણાવ્યો.

**પ્રાસંગિક**

ઈન્દિરા ગાંધી, ભૂપેશ ગુપ્તા અને ઈઝરાયેલના ઉપવડાપ્રધાન રહી ચૂકેલા 'યિગેલા આલો' જેવા તેમના વિદ્યાર્થી હતા. ૧૯૪૮માં તેઓ યુનેસ્કોના ચેરમેન બન્યા જ્યારે ૧૯૪૯થી ૧૯૫૨ દરમ્યાન તેઓ સોવિયત યુનિયન ખાતે ભારતના રાજદૂત રહ્યા હતા. સરમુખત્યાર જોસેફ સ્ટાલિન કોઈને મળવા માટે તૈયાર ન થતા પરંતુ રાધાકૃષ્ણનને બે વખત મળ્યા. વર્ષ ૧૯૫૨માં દેશને સક્ષમ ઉપરાષ્ટ્રપતિની જરૂર પડતા રાધાકૃષ્ણનને ભારત પરત બોલાવી લેવાયા. અહીંથી જ તેઓ ભારતના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા. ૧૯૬૨માં તેમણે ભારતના રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા અને રાષ્ટ્રપતિ તરીકે પોતાનો પગાર ઘટાડી ૨૦૦૦ રૂપિયા કરી નાખ્યો. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કરવા માટે ઉત્સાહ બતાવવામાં આવ્યો હતો. જો કે રાધાકૃષ્ણનને પોતાના જન્મદિવસને શિક્ષક દિન તરીકે ઊજવવાનું સૂચન કર્યું. બસ ત્યારથી તેમનો જન્મદિવસ ભારતભરમાં શિક્ષક દિન તરીકે ઊજવવામાં આવે છે. ડૉ.રાધાકૃષ્ણનને તેમના સેવાકાર્ય માટે કેટલાક બ્રિટિશ અને ભારતીય ઈન્કલાબોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૪માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૭૫માં ઓક્સફોર્ડ યુનિવર્સિટીએ તેમને "ટેમ્પલટન" એવોર્ડથી નવાજ્યા હતા. ઈનામમાં મળેલી બધી જ રકમ તેમણે યુનિવર્સિટીને દાનમાં આપી હતી ત્યારથી ૧૯૮૯માં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ ડૉ.રાધાકૃષ્ણનની યાદમાં સ્કોલરશીપ આપવાની શરૂઆત કરી. ૧૯૭૫ની ૧૭ એપ્રિલે ડોક્ટર રાધાકૃષ્ણનનું દુઃખદ અવસાન થયું.

**- ડૉ. રહેમત અલી સૈયદ** (એફ.ડી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જમાલપુર, અમદાવાદ, 9426573053)

# યોગી કહે છે; બુલડોઝર જેવી તાકાત હોય એ જ તે ચલાવી શકે : અખિલેશની વળતી કટાક્ષમય ટકોર, મશીનને મગજ ન હોય



(એજન્સી) લખનૌ, તા.૪

સંખ્યાબંધ રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવી રહેલા બુલડોઝર એક્શનની સુપ્રીમ કોર્ટ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવ્યા બાદ સુપ્રીમની ટકોરને પગલે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ વચ્ચે શાબ્દિક તણખા જ રહ્યા છે અને બંને સામસામા કટાક્ષ કર્યા છે.

સુપ્રીમે સ્પષ્ટ ધારણ આપ્યું હતું કે, કોઈ વ્યક્તિ અપરાધી કે દોષિત હોય તો પણ તેના મકાનને તોડી પાડી શકાય નહીં.

## UP જેવા સંખ્યાબંધ રાજ્યોમાં બુલડોઝર એક્શન અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવ્યા બાદ અખિલેશ યાદવ અને યોગી આદિત્યનાથ વચ્ચે શાબ્દિક તણખા ઝર્યા

સુપ્રીમના નિરીક્ષણનો ઉલ્લેખ કરતા અખિલેશ યાદવે સવાલ કર્યો હતો કે, શું હવે યુપી સરકાર બુલડોઝરથી મકાનો તોડી પાડવા બદલ માફી માંગશે ખરી ? બુલડોઝરને લાગે વળગે છે ત્યાં સુધી મને લાગે છે કે, અદાલતે એવું બુલડોઝર ફેરવી દીધું છે કે, કોઈ બીજા બુલડોઝર ચાલશે નહીં.

તેમણે એવું આક્ષેપ કર્યો હતો કે, સત્તાના ઘમંડમાં આવી ગયેલી સરકાર જેમની સામે બદલો લેવા માંગતી હતી તેમના ઘરો ઉપર ફેરવીને એમને બુલડોઝરથી મકાન તોડી ઈરાદાપૂર્વક અપમાનિત કર્યા છે. તેમણે એવી ટકોર કરી હતી કે, બે ૨૦૨૭ની ચૂંટણીઓ બાદ હું તમામ બુલડોઝર યોગીના વતનના જિલ્લા ગોરખપુરમાં મોકલી આપીશ. મુખ્યપ્રધાને પણ વળતી આકરી ટકોર કરી હતી અને કહ્યું હતું કે, બુલડોઝર ચલાવવાની બધાની હિંમત અને આમ ન હોય અને એવું ચારિત્ર ન હોય. દરેક હાથ બુલડોઝર ચલાવી ન શકે તેના માટે મોટું જીગર અને મગજ જોઈએ જેમની બુલડોઝર જેવી ક્ષમતા હોય તેવો જ એ ચલાવવાનો નિર્ધાર કરી શકે છે. જે લોકો તોફાનીઓ સાથે મળેલા હોય છે એ લોકો બુલડોઝરનો સામનો ન કરી શકે. યોગી ટકોર કરી હતી કે, હવે ટીપુ એ સુલતાન બનવા માંગે છે. એમનો ઈશારો એ અખિલેશ યાદવના હુલામણા નામ સામે હતો. યોગીની આ ટકોરનો પણ અખિલેશ યાદવ એ તીખો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, બુલડોઝરને માત્ર સ્ટેરિંગ હોય તેને મગજ ન હોય. કોને ખબર ઉત્તરપ્રદેશની જનતા કોનું સ્ટેરિંગ ફેરવી નાખશે અને દિલ્હીમાં કોનું સ્ટેરિંગ આવશે એ કહી ન શકાય.

# આ જાપાની સાહસિકે કાર્યક્ષમતા વધારવા ૧૨ વર્ષ સુધી દિવસના માત્ર ૩૦ મિનિટ ઊંઘ લીધી

(એજન્સી) ટોકિયો, તા.૪

સમયની સાથે માણસે ઘણી પ્રગતિ કરી છે. તે હવે ઘણી એવી વસ્તુઓ સરળતાથી કરી શકે છે જે ૫૦ વર્ષ પહેલા અકલ્પનીય હતા હવે મેડિકલ સાયન્સમાં આવી વસ્તુઓ આવી ગઈ છે જે માનવીની ક્ષમતામાં સતત વધારો કરી રહી છે. જો કે, અમર બનવું એ હજી પણ મનુષ્ય માટે એક સ્વપ્ન છે. સંપૂર્ણ રીતે ફિટ રહેવા માટે દરરોજ ૮ કલાકની ઊંઘ જરૂરી છે પરંતુ ઘણા લોકો ૯ કલાક, ૬ કલાક, અથવા ૫ કલાક ઊંઘતા હોય છે.



પરંતુ જાપાનના એક વ્યક્તિનો દાવો છે કે છેલ્લા ૧૨ વર્ષથી તે દરરોજ માત્ર ૩૦ મિનિટ જ ઊંઘે છે એવું સાંભળીને તમે ચોક્કસથી ચોંકી જશો. દરેક વ્યક્તિ પોતાની જીવનશૈલી જીવે છે. તાજેતરમાં એક જાપાની વ્યક્તિએ લાંબા સમય સુધી જીવવા માટે તેની ઊંઘ અડધા કલાક સુધી મર્યાદિત કરી. તેણે તેની જૈવિક ઉંમરને હેક કરવાની ફોર્મ્યુલા શોધી કાઢી છે. તેની પાસે કેટલાંક રહસ્ય છે જેનો ઉપયોગ કરીને તે તેની ઉંમર કરતા ઘણો નાનો દેખાય છે અને તે દાવો કરે છે કે તે તેની આનુવંશિક ઘડિયાળને રિવર્સ કરી રહ્યો છે. તેની ઉંમર બમણી કરવા માટે, તે ૨૪ કલાકમાં માત્ર ૩૦ મિનિટની ઊંઘ લે છે. તે કહે છે કે હવે તેના મગજને પણ તે જ રીતે તાલીમ આપવામાં આવી છે અને તે ઓછી ઊંઘ છતાં પણ સારી રીતે કામ કરે છે અને થાક અનુભવતો નથી. તે છેલ્લા ૧૨ વર્ષથી આ દિનચર્યાનું પાલન કરી રહ્યો છે. ૪૦ વર્ષીય જાપાની ડાઈસુકે હોરી નામના વ્યક્તિએ પોતાની એક થિયરી બનાવી છે. હ્યોગોના રહેવાસી હોરી પોતાનું સ્ટાર્ટઅપ ચલાવે છે અને તેને સંગીત, પેઈન્ટિંગ તેમજ મિકેનિકલ ડિઝાઈનિંગનો શોખ છે. વ્યવસાયે બિઝનેસમેન છે અને સંપૂર્ણ રીતે ફિટ છે. તે ૨૪ કલાકમાં માત્ર ૩૦ મિનિટ જ ઊંઘે છે, લોકોને આશ્ચર્ય થાય છે કે તે આટલી ઓછી ઊંઘ લેવા છતાં આટલો એક્ટિવ કેવી રીતે છે. તેના પર તે કહે છે કે તેણે ઓછી ઊંઘ માટે પોતાના શરીર અને મનને સંપૂર્ણ રીતે તાલીમ આપી છે. તેણે પોતાના રોજિંદા જીવનમાં કામના કલાકો વધારવા માટે આ કર્યું છે. હોરીએ ૧૨ વર્ષ પહેલા ઓછી ઊંઘની આદત કેળવવાની શરૂઆત કરી હતી. ૨૦૧૬માં તેણે જાપાન શોર્ટ સ્લીપર્સ ટ્રેનિંગ એસોસિએશનની શરૂઆત કરી, જ્યાં તે લોકોને સ્વાસ્થ્ય અને ઊંઘ સંબંધિત ક્લાસ આપે છે. તે દરરોજ જીમમાં એક કલાકથી વધુ સમય ફાળવે છે. હોરીને જાપાની રિયાલિટી શોમાં ૩ દિવસ સુધી ફોલો કરવામાં આવ્યો હતો અને તે ખરેખર માત્ર ૨૬ મિનિટની ઊંઘ પછી સંપૂર્ણ ઊર્જા સાથે જાગી ગયો હતો.

**આવી જીવનશૈલી અપનાવવામાં કોફી છે મદદરૂપ**

સ્લીપર્સ ટ્રેનિંગ એસોસિએશનમાં હોરીએ અત્યાર સુધીમાં ૨,૧૦૦ યુવાનોને ઓછી ઊંઘ સાથે જીવવાની ટ્રિક્સ શીખવી છે. તે કહે છે કે જો તમે તમારા રોજિંદા જીવનમાં કોઈપણ રમત રમવાની ટેવ પાડો છો, તો ઓછી ઊંઘ લેવી તમારા માટે મુશ્કેલ કામ નહીં હોય. હોરીનો દાવો છે કે કોફી આવી જીવનશૈલી અપનાવવામાં ઘણી મદદરૂપ સાબિત થાય છે. તે ખાવાના એક કલાક પહેલા કોફી પીવે છે, જેના કારણે તેને ઊંઘ અને થાકનો સામનો કરવો પડતો નથી.

# રિપબ્લિક ટીવીએ જૂની, અસંબંધિત ઈમેજને મણિપુર હિંસાની ઈમેજ તરીકે ખપાવી

### ચર્ચા બુલેટિનમાં ઉપયોગમાં લેવાતી એક તસવીર ૨૦૦૭ની છે અને તેનો મણિપુર સાથે કોઈ સંબંધ નથી

(એજન્સી) તા.૪

૩ સપ્ટેમ્બરના રોજ રિપબ્લિક ટીવીના એડિટર-ઈન-ચીફ અર્નબ ગોસ્વામીએ મણિપુરમાં ડ્રોન હુમલા અને તેમાં કથિત વિદેશી સંડોવણી વિશે ચર્ચા કરતી એક ચર્ચાનું આયોજન કર્યું હતું. ગોસ્વામીએ શું કહ્યું હતું ? સંખ્યાબંધ તસ્વીરોનો ઉપયોગ કરી ગોસ્વામીએ કહ્યું હતું કે, સજ્જનો અને સન્નારીઓ આ તસવીરો તરફ જુઓ, આ તસવીર ITLFના ડ્રોન સ્ક્વાડની છે. તેમણે આજે મારી સામે એક અખબારી યાદી બહાર પાડી છે. આ તસવીર ૨૦૨૩ના ઓકટોબર મહિનામાં મળી આવી હતી. મણિપુર પોલીસ દ્વારા એક ડ્રોન જપ્ત કરવામાં આવ્યું હતું અને તેમાં રહેલ મેમરી કાર્ડમાંથી આ ફૂટેજ મળી આવ્યા હતા. તે સાબિત કરે છે કે, તેઓ એક ડ્રોન સ્ક્વાડ સંચાલિત કરી રહ્યા છે. મણિપુર હિંસાની સુનાવણી દરમ્યાન કેટલાક પક્ષકારો દ્વારા અદાલત સમક્ષ આ રજૂ કરવામાં આવ્યું હતું.

**દાવા સાથે સમસ્યા :** ચર્ચા બુલેટિનમાં વપરાયેલી બીજી છબીનો મણિપુરની તો વાત જવા દો, તેનો ભારત સાથે પણ કોઈ સંબંધ નથી. ● તે ૨૦૦૭ની હોઈ શકે છે અને તેમાં આઠ કાસમ પ્રક્ષેપકો દર્શાવ્યા હતા. ● આ કાસમ પ્રક્ષેપકો હમાસની લશ્કરી પાંખ દ્વારા વિકસિત આર્ટિલરી રોકેટ છે.

**અમે તે કેવી રીતે શોધી શક્યા ?:** ગૂગલ લેન્સનો ઉપયોગ કરીને અમે રિવર્સ ઈમેજ શોધ હાથ ધરી અને વિકિમીડિયા કોમન્સ પર પ્રકાશિત આ જ તસવીર મળી આવી. ● ઉપલબ્ધ વિગતો મુજબ તસવીર ૬ જુલાઈ, ૨૦૦૭ના રોજ લેવામાં આવી હતી. ● તેના વર્ણનમાં જણાવ્યું હતું કે, આઠ કાસમ પ્રક્ષેપકો, સાત ઓપરેટિંગ સિસ્ટમથી સજ્જ અને એક સશસ્ત્ર અને લોન્ચ કરવા માટે તૈયાર છે. વિઝ્યુઅલ્સની સરખામણી : ટીમ વેબકૂફે રિપબ્લિક ટીવી પર ઉપલબ્ધ વિઝ્યુઅલની સરખામણી વિકિમીડિયા કોમન્સ પર અપલોડ કરેલા વિઝ્યુઅલ સાથે કરતા જાણવા મળ્યું છે કે, તે બંને તસવીરો એક જ છે.

**સમાન છબી ધરાવતા સમાચાર અહેવાલો :** ફ્રાન્સ૨૪માં પ્રકાશિત થયેલા અહેવાલમાં પેલેસ્ટીની આતંકવાદીઓ દ્વારા ઈઝરાયેલમાં રોકેટ ફાયરિંગ વિશે વાત કરતી વખતે સમાન છબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ● અમને સમાન ઈમેજ ધરાવનારા વધુ મીડિયા રિપોર્ટ્સ મળ્યા, જેણે એ હકીકતને સ્થાપિત કરી કે આ તસવીરનો વર્ષોથી પ્રતિકાત્મક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. (સૌ. :- ધ ક્વિન્ટ.કોમ)

# મણિપુર ટેપ્સ : મુખ્યમંત્રીના ભાઈ, આરમબાઈ ટંગોલના સ્થાપકની 'દુશ્મન'ને ટેપ લીક કરનારા 'દેશદ્રોહી'ઓને ધમકી, બિરેનના છેડછાડના દાવાને નકારી કાઢ્યા

(એજન્સી) તા.૪

મણિપુરમાં એન. બીરેન સિંહની ભારતીય જનતા પાર્ટીની રાજ્ય સરકારે દાવો કર્યો છે કે તપાસ પંચને સોંપ્યા પછી ધ વાયર દ્વારા જાહેર ડોમેનમાં મૂકવામાં આવેલી ઓડિયો ટેપ સાથે 'છેડછાડ' કરવામાં આવી છે અને સમાચાર અહેવાલોને 'રાષ્ટ્રવિરોધી' ગણાવ્યા છે. કૂકી-કટરે તેને મૈતેઈ વચ્ચેની શાંતિ પ્રક્રિયાને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ ગણાવતા, મુખ્ય પ્રધાનના ભાઈ રાજેન્દ્ર નોંગથિંગબમ અને ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભાના સભ્ય એલ. સંજાઓબાએ મૈટીલોનમાં ફેસબુક પર 'મેતેઈ'ને અલગથી ધમકીઓ જારી કરી છે જેઓ માને છે કે ટેપ 'દુશ્મન'ને સોંપી દીધી છે. સનાજાઓબા વિવાદાસ્પદ અને કટ્ટરપંથી મૈતેઈ જૂથ અરામબાઈ ટેંગોલના સ્થાપક પણ છે. સંજોબા અને નોંગથિંગબેમે જણાવ્યું હતું કે 'મૈતેઈ' 'વેચાઈ ગયા છે' અને તેઓ ટૂંક સમયમાં તેમના સમુદાયમાં 'દેશદ્રોહી' શોધી શકશે. સનાજાઓબાએ ૨૨ ઓગસ્ટના રોજ તેમના અંગત ફેસબુક એકાઉન્ટ પર કહ્યું : "ચાલો, મેતેઈપ હું નેતાને ઓળખતો પણ નથીપ મારે વાત કરવી નથી, તે સમસ્યાઓ ઊભી કરશે, ક્રિયા જાહેર કરશેપ દુશ્મન ગૌણ છે. દેશદ્રોહી છે (ખેલેન્દ્રો) સાથે પહેલા કાર્યવાહી થવી જોઈએપહું વધુ વાત કરવા માંગતો નથી."

# આસામ : ૨૮ બંગાળી ભાષીઓ વિદેશી જાહેર; પરિવારો સ્થિતિ પર વિભાજિત

### ૧૯ પુરૂષો અને નવ સ્ત્રીઓ હતા જેમને બસમાં બેસાડીને અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૪

આસામ પોલીસ દ્વારા ૨૮ જેટલા બંગાળી ભાષી મુસલમાનોને ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FT) દ્વારા 'બિન-નાગરિક' જાહેર કરાયા બાદ તેઓને ગોલપારા જિલ્લાના મતિયા સ્થિત એક અટકાયત કેન્દ્રમાં મોકલવામાં આવ્યા હતા. આ પરિવહન સોમવાર, સપ્ટેમ્બર ૨ના રોજ થયું. જેમાં ૧૯ પુરૂષો અને નવ સ્ત્રીઓ મળી ૨૮ લોકો હતા. મીડિયા અનુસાર તેઓને બારપેટા પોલીસ અધિક્ષક દ્વારા બોલાવવામાં આવ્યા હતા જ્યાં તેઓને 'વિદેશી' જાહેર કરવામાં આવ્યા હતા અને બસમાં બેસાડી અટકાયત શિબિરમાં મોકલવામાં આવ્યા હતા. પરિવારના સભ્યોએ આંસુભરી વિદાય લીધી કારણ કે, એક જ પરિવારના કેટલાક સભ્યોને વિદેશી જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે કેટલાકને વિદેશી નહોતા જાહેર કરાયા. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મોટા પ્રમાણમાં શેર કરવામાં આવ્યો હતો. ૧૯૬૪ના ફોરેનર્સ (ટ્રિબ્યુનલ) ઓર્ડર હેઠળ સ્થપાયેલ, FTsએ અર્ધ-ન્યાયિક સંસ્થાઓ છે જેનું નેતૃત્વ સભ્યો દ્વારા કરવામાં આવે છે જે 'વિદેશી' હોવાની શંકા ધરાવતી વ્યક્તિઓના કેસોનો નિર્ણય કરે છે. તેનું નેતૃત્વ આસામ પોલીસની બોર્ડર વિંગ દ્વારા કરવામાં આવે છે જે શંકાસ્પદ 'વિદેશીઓને' શોધી કાઢે છે અને તેમને ફોરેનર્સ ટ્રિબ્યુનલ (FTs) પાસે મોકલે છે. મીડિયાએ અહેવાલ આપ્યો છે કે, રાજ્યમાં 'ગેરકાયદેસર' રહેતા 'શંકાસ્પદ મતદારો' અને 'વિદેશીઓ'ના કેસોનો સામનો કરવા માટે આસામ પાસે ૧૦૦ FTs છે.

### આવું દરેક જગ્યાએ થઈ શકે છે : ઓવૈસી :

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસીએ વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપી જો NPR-NRCને દેશભરમાં લાગુ કરવામાં આવે તો ગૂંચવણો તરફ ઈશારો કરતા કહ્યું કે, આવા દૃશ્યો સામાન્ય બની જશે. ઓવૈસીએ X પર મુસ્લિમ પરિવારોનો વીડિયો શેર કરતા કહ્યું કે, જો આ વર્ષે વસ્તી ગણતરી સાથે NPR-NRC થાય છે તો દેશમાં દરેક જગ્યાએ મુસ્લિમોના આ દૃશ્યો જોવા મળશે. તેથી જ તેલંગાણા સહિતના વિવિધ રાજ્યોએ વસ્તી ગણતરી સાથે NPR-NRC રાખવાનો વિરોધ કર્યો છે.

### હદીસ બોધ

કચડાયેલા લોકોના નિસાસાથી ચેતો, તેઓ અલ્લાહને ન્યાય માટે પ્રાર્થના કરે છે અને એકમાત્ર અલ્લાહ જ ન્યાય આપનાર છે.
- હદીસ બોધ

### બોધ વચન

વાચકો પુષ્કળ હોય છે, ચિંતકો જૂજ હોય છે. - હેમ્લેટ માર્ટિનવ

### આજની આરસી

૫ સપ્ટેમ્બર ગુરૂવાર ૨૦૨૪
૧ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા સુદ બીજ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૦૨
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૪

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# મધ્યપ્રદેશ : ગુંડાઓએ આદિવાસી ખેડૂતને કચડી મારી નાખ્યો



(એજન્સી) ભોપાલ, તા.૪
મધ્યપ્રદેશમાં આદિવાસીઓ અને દલિતો પર અત્યાચારની ઘટનાઓમાં કોઈ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. કટની પોલીસ સ્ટેશનમાં છ પોલીસકર્મીઓ દ્વારા દાદી અને પૌત્રને બેરહેમીથી માર મારવાનો મામલો હજુ ઠંડો પડ્યો નથી ત્યારે આદિવાસી પ્રભુત્વ ધરાવતા સિંગરોલી જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. ગેરકાયદે રેતીના ધંધામાં સંડોવાયેલા બદમાશો દ્વારા આદિવાસી ખેડૂતને ટ્રેક્ટર વડે કચડી નાખવામાં આવ્યો છે. આરોપીઓ ભાજપ સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. સિંગરોલી જિલ્લામાં તેના ખેતરમાંથી રેતીના ગેરકાયદે વહનને રોકવા માટે ગયેલા આદિવાસી ખેડૂતને ટ્રેક્ટર દ્વારા કચડી મારી નાખવામાં આવ્યો હતો. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી ચાલક ટ્રેક્ટર મૂકીને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ ઘટના રવિવારની રાત્રે બરકા ચોકી વિસ્તારના ગન્નાઈ ગામમાં બની હતી. ઘટનાને પગલે લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. ઘાયલ ખેડૂત વેદનાથી રડતો રહ્યો. જ્યારે તેની પત્ની અને બાળકો મદદ માટે આજીજી કરતા રહ્યા, એવો આરોપ છે કે મદદ મળવામાં વિલંબને કારણે ખેડૂતનું મોત થયું. સિંગરોલી પોલીસના જણાવ્યા અનુસાર, મૃતક ખેડૂતની ઓળખ ૪૬ વર્ષીય ઈન્દરપાલ અગરિયા તરીકે થઈ છે. રેતી માફિયાઓ સાથે સંકળાયેલા લોકો ગન્નાઈ ગામમાંથી નીકળતી પાટીર નદીમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખોદકામ કરી ટ્રેક્ટર વડે ઈન્દરપાલના ખેતરમાંથી બળજબરીપૂર્વક હટાવી રહ્યા હતા. ખેતરમાં ડાંગરનો પાક બગડતો જોઈને ઈન્દ્રપાલે વાંધો ઉઠાવ્યો અને આરોપીએ તેને ટ્રેક્ટર વડે કચડી નાખ્યો. તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આરોપ છે કે ઘટનાના ગુનેગારો ભાજપ સાથે જોડાયેલા હોવાને કારણે પોલીસ સમગ્ર બાબતને ઢાંકપિછોડો કરવામાં વ્યસ્ત છે. પોલીસનું નિવેદન સામે આવી રહ્યું છે કે, પરિવારજનો કહી રહ્યા છે કે મોત ટ્રેક્ટરથી કચડાઈ જવાથી નહીં પરંતુ ધક્કો મારવાથી થયું છે. પોલીસ ધાકધમકી આપી હત્યાને અકસ્માતમાં બદલવાનો પ્રયાસ કરી રહી હોવાનું મનાય છે. વાસ્તવમાં, મૃતક ખેડૂત ઈન્દ્રપાલના મોટા ભાઈ સુરેશ અગરિયાનો આરોપ છે કે, ગામમાં રહેતા લાલે વૈશ્ય અને તેના સહયોગીઓ અમારા ખેતરો અને જમીનમાંથી ગેરકાયદેસર રીતે રેતીની હેરફેર કરે છે. જેના કારણે પાક બગડે છે. ઘણી વખત અમે તેને ટ્રેક્ટર બહાર કાઢવા કહ્યું પરંતુ તેઓ માન્યા નહીં. રવિવારની રાત્રે પણ આરોપીઓ ખેતરમાંથી ટ્રેક્ટર કાઢી રહ્યા હતા. લગભગ ૮ વાગે ભાઈ ઈન્દરપાલ ત્યાં પહોંચ્યો. તેણે ટ્રેક્ટર બહાર કાઢવાની ના પાડતાં તેને કચડીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. લાલે વૈશ્ય ભાજપ યુવા મોરચાના પૂર્વ ઉપાધ્યક્ષ છે. આ ઘટનાને ૧૬ કલાક વીતી ગયા હોવા છતાં પોલીસ આરોપીઓને પકડી શકી નથી. એવું ચોક્કસપણે બન્યું છે કે પોલીસે કેસ નોંધ્યો છે. આરોપીઓ જે ટ્રેક્ટર લઈને ભાગી ગયા હતા તે જપ્ત કરવામાં આવ્યું છે. સમગ્ર ઘટના બાદ રાજકારણ ગરમાયું છે. મધ્ય પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જીતુ પટવારીએ ટ્વિટર પર રાત્રિના વીડિયો ફૂટેજ પોસ્ટ કરીને સરકારને ભીંસમાં લીધી છે. બીજી તરફ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથે પણ સરકાર પર અનેક આરોપો લગાવ્યા છે. મધ્યપ્રદેશમાં દલિતો અને આદિવાસીઓ પર અત્યાચારની ઘટનાઓ સતત બની રહી છે. છેલ્લાં મહિનામાં આવી એક ડઝન ઘટનાઓ બની છે જેણે સરકારને શરમમાં મૂકી દીધી છે. વિપક્ષે સરકાર પર આકરા આક્ષેપો કર્યા છે. સરકાર ને ઘેરી લીધી છે. વિપક્ષો આરોપ લગાવી રહ્યા છે કે ભાજપ માત્ર દલિતો અને આદિવાસીઓના નામે રાજનીતિ કરે છે. મતદાન કરવા માટે તેમનો ઉપયોગ કરી રહી છે. આ અત્યાચારો ભાજપની આ સમુદાયો પ્રત્યે સહાનુભૂતિના અભાવનો પૂરાવો છે. હાલમાં સિંગરોલી ઘટના અંગે સરકાર તરફથી કોઈ નિવેદન આવ્યું નથી.

# દલિત જમીન માલિકોને તેમની જમીનમાં ખેતી કરવાની પરવાનગી નથી, BSF ગેરકાયદેસર વાસ્તવિક માલિકો નક્કી કરે છે



(એજન્સી) નવી દિલ્હી, તા.૪
ભારતના બંધારણની કલમ ૧૯(૧)(ગ)માં વ્યાખ્યાયિત કર્યા મુજબ માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનને પ્રકાશિત કરવાની તાકીદની જરૂરિયાત છે. પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના ભગવાનગોલા-૨ બ્લોકના રાનીતાલા પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા નટુન રાજાપુરના ગ્રામજનોને આ સમસ્યા સીધી અસર કરે છે. ૭ એપ્રિલ, ૨૦૨૪થી મદન ઘાટ BOP, બટાલિયન નંબર ૧૪૯, કંપની, આઉટ પોસ્ટ (OP) નંબર ૧૫૨ તૈનાત બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ પ્રતિબંધો લાદ્યા છે જે સ્થાનિક ગ્રામજનોને તેમની પોતાની જમીનો સુધી પહોંચવા અને ખેતી કરતા અટકાવે છે, આ ગરીબ કૃષિ સમુદાયમાં નોંધપાત્ર તકલીફ અને વેદનાનું કારણ બને છે. આ ખેડૂતો, જેઓ તેમની આજીવિકા માટે સંપૂર્ણપણે તેમની ખેતીની જમીન પર નિર્ભર છે, તેમને તેમની મિલકતોની ખેતી કરવા માટે ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. આ લાગુ કરાયેલ પ્રતિબંધ અમુક વ્યક્તિઓ સાથેની મિલીભગતમાં હોવાનું જણાય છે, જેઓ BSFની સહાયથી, આ ખેડૂતોની જમીનો જપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમાંથી ઘણાં અનુસૂચિત જાતિ સમુદાયના છે. પરિણામી વંચિતતાએ અસરગ્રસ્ત પરિવારો પર ગંભીર આર્થિક બોજ અને માનસિક આઘાત લાદ્યો છે. ૮ જૂન ૨૦૨૪ના રોજ, જ્યારે ગ્રામજનોએ તેમની જમીનો પર ફરીથી દાવો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓને સ્થાનિક ચૂંટાયેલા ગ્રામ સમિતિના સભ્યના પતિ અરૂણ મંડલ, લાકડીઓ અને હથિયારોથી સજ્જ કેટલાક સ્થાનિક ગુંડાઓની ધમકીઓ મળી. હાજર રહેલા BSFના જવાનોએ BSF સામેના આરોપોને વધુ સમર્થન આપતાં દરમિયાનગીરી કરી ન હતી. ૧૧ જૂન ૨૦૨૪ના રોજ, જમીનમાલિકોએ સામૂહિક રીતે ભગવાનગોલા-૨ બ્લોકના બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર (BDO)ને લેખિત ફરિયાદ રજૂ કરી, જેમાં તાત્કાલિક હસ્તક્ષેપ અને નિવારણની વિનંતી કરી. તેમ છતાં, સમય વીતી ગયો હોવા છતાં, તેમની ચિંતાઓને દૂર કરવા અથવા તેમની જમીન પર તેમની હકની પહોંચ પુનઃસ્થાપિત કરવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. આ ચાલુ પરિસ્થિતિ ખેડૂતોના મૂળભૂત માનવ અધિકારોનું ઉલ્લંઘન કરે છે અને તેમના આજીવિકા અને મિલકતના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરે છે. BSF અને આ સંડોવાયેલા વ્યક્તિઓની ક્રિયાઓએ પહેલેથી જ સંવેદનશીલ વસ્તીને ભારે મુશ્કેલી ઊભી કરી છે, તેમની આવક અને ભરણપોષણના પ્રાથમિક માધ્યમો છીનવી લીધા છે. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, હું તમને આગ્રહપૂર્વક વિનંતી કરૂં છું કે :

૧. BSF અને સંડોવાયેલા પક્ષો દ્વારા ગેરકાયદેસર પ્રતિબંધ અને જમીન જપ્ત કરવાના આરોપોમાં માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૨ હેઠળ વ્યાપક તપાસ હાથ ધરો.

૨. અસરગ્રસ્ત ખેડૂતોને તેમની જમીન પર પાછા ફરવા દેવા અને વધુ અવરોધ વિના તેમની કૃષિ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા દેવા માટે તાત્કાલિક પગલાં લો.

૩. ગ્રામજનોના અધિકારોનું ઉલ્લંઘન કરવા માટે જવાબદાર લોકોને જવાબદાર ગણો અને ન્યાય મળે તેની ખાતરી કરો.

૪. આ ગેરકાનૂની ક્રિયાઓને કારણે થયેલા નુકસાન અને વેદના માટે અસરગ્રસ્ત પરિવારોને યોગ્ય વળતર અને સહાય પ્રદાન કરો.

# ગોંડા : જમીન વિવાદમાં દલિત વ્યક્તિની ગોળી મારી હત્યા



(એજન્સી) નવી દિલ્હી, તા.૪
એક ભૂતપૂર્વ સૈનિકે સોમવારના રોજ ગોંડા જિલ્લામાં જમીન વિવાદને કારણે અનુસૂચિત જાતિના એક વ્યક્તિને કથિત રીતે ગોળી મારી દીધી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ માહિતી આપી. પોલીસ અધિક્ષક (SP) વિનીત જયસ્વાલે જણાવ્યું હતું કે, જિલ્લાના ઉમરી બેગમગંજ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળની ગ્રામ પંચાયત તારાડીહ (લાલા પૂર્વા)ના રહેવાસી નિવૃત્ત સૈનિક અરૂણ સિંહનો તે જ ગામના ૪૬ વર્ષીય દલિત રમેશ ભારતી સાથે રસ્તાની જમીનનો વિવાદ થયો હતો. એસપીએ જણાવ્યું કે, સોમવારની સાંજે અરૂણ સિંહે તરબગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના પાકરી દુબે ગામ પાસે રમેશને ઘેરી લીધો અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. જેના કારણે તે સ્થળ પર જ ઢળી પડ્યો હતો અને મૃત્યુ પામ્યો હતો. એસપીએ કહ્યું કે, ઘટનાની માહિતી મળ્યા પછી, ફોરેન્સિક ટીમની સાથે વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું અને મૃતદેહને કસ્ટડીમાં લીધો અને પોસ્ટમોર્ટમ માટે જિલ્લા મુખ્યાલય મોકલી આપ્યો. અધિકારીએ જણાવ્યું કે, મૃતકના પુત્રની ફરિયાદ પર સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હત્યા માટે એફઆઈઆર નોંધવામાં આવી છે અને આરોપીઓને પકડવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે. તેમણે દાવો કર્યો કે, આરોપીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

## ગામના લોકો જેને મેન્ટલ મંકી કહી ચીડવતા હતા તેણે બધાને ચકિત કરી દીધા

# દીપ્તિએ પેરાલિમ્પિકમાં મેડલ જીતી ઇતિહાસ રચ્યો

## પેરિસ પેરાલિમ્પિક ૨૦૨૪માં ભારતનું શાનદાર પ્રદર્શન યથાવત્ દીપ્તિએ મહિલાઓની ૪૦૦ મીટર રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો



નવી દિલ્હી, તા.૪
જન્મ સમયે તેનું માથું ઘણું નાનું હતું, સાથે જ હોઠ અને નાક થોડા અસામાન્ય હતા. તેને ગામના લોકો ચીડવતા હતા. મેન્ટલ મંકી કહી નાકમાં દમ કરી દેતા હતા. તે ઘરે આવતા જ ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડતી હતી. નાની હતી, તેને સંભાળવાનો અમે પૂરો પ્રયાસ કરતા પણ બાળકી તો બાળકી હોય છે. લોકો અમને તેને અનાથાશ્રમ મોકલવા માટે કહેતા હતા. આજે તેણે પરદેશમાં પેરાલિમ્પિક મેડલ જીતતા જોવી એ સાબિત કરે છે કે, તે વાસ્તવમાં એક ખાસ છોકરી છે. આ સ્ટોરી દીપ્તિ જીવનજીની છે. આ વિશે તેની માતાએ આ વાતો જણાવી છે. પેરિસ પેરાલિમ્પિક ૨૦૨૪માં દુનિયાને બતાવી દીધું કે, જો દૃઢ ઈચ્છાશક્તિ હોય તો કંઈ પણ પ્રાપ્ત કરી શકાય છે. પડકારો છતાં એથ્લિટોએ સફળતાના શિખરો સર કર્યા છે. ભારતની દીપ્તિ જીવનજી તે પ્રેરણાદાયક એથ્લિટોમાંથી એક છે. જેની સફર પડકારોથી ભરેલી રહી છે પણ તેણે ક્યારેય હાર માની નથી. દીપ્તિ જીવનજીએ પેરિસ પેરાલિમ્પિક ૨૦૨૪માં મહિલાઓની ૪૦૦ મીટર T-20 સ્પર્ધાની ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીતી ભારતને ૧૬મો મેડલ અપાવ્યો. પેરા એથ્લિટે આ દોડ ૫૫.૮૨ સેકન્ડમાં પૂરી કરી. દીપ્તિએ આ પહેલાં જાપાનના કોબેમાં વિશ્વ એથ્લેટિક્સ પેરા ચેમ્પિયનશીપમાં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે આંધ્રપ્રદેશના વારંગલ જિલ્લાના કલ્લેડા ગામની રહેવાસી છે. તેના માતા-પિતાએ ત્યારે યાદ કર્યું હતું કે, તેમની દીકરીના મોટા થવા દરમ્યાન કેવા ટોણા સહન કરવા પડ્યા હતા. એક રિપોર્ટ અનુસાર દીપ્તિ વિકલાંગતા સાથે પેદા થઈ હતી. તે જણાવે છે કે, જ્યારે મારા પતિના પિતાનું નિધન થયું તો અમારે પોતાનું ગુજરાન ચલાવતા માટે ખેતર વેચવું પડ્યું. મારા પતિ પ્રતિદિવસ ૧૦૦થી ૧૫૦ રૂપિયા કમાતા હતા. એટલા માટે એવા દિવસો પણ આવ્યા જ્યારે મારા પોતાના પરિવારનો ખર્ચ ચલાવવા માટે કામ કરવું પડ્યું. જેમાં દીપ્તિની નાની બહેન અમૂલ્યા પણ સામેલ હતી. દીપ્તિ હંમેશા શાંત રહેનારી બાળકી હતી અને ઘણું ઓછું બોલતી હતી પણ જ્યારે ગામના બાળકો તેને ચીડવતા હતા ત્યારે તે ઘરે આવી રડતી હતી. એટલા માટે હું તેના માટે મીઠા ભાત બનાવતી અથવા ક્યારેક-ક્યારેક ચિકન બનાવતી અને આનાથી તેને ખુશી મળતી હતી.

## ગોલ્ડ અને સિલ્વર બાદ હવે બ્રોન્ઝ

# મરિયપ્પન થંગાવેલુએ પેરાલિમ્પિકમાં ફટકારી મેડલની હેટ્રિક

**● ઊંચી કૂદમાં શરદકુમારે સિલ્વર અને થંગાવેલુએ બ્રોન્ઝ કબજે કર્યો ● અજિતસિંહ અને સુંદરસિંહ ગુર્જરે પુરૂષોની ભાલા ફેંક સ્પર્ધામાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો**

પેરિસ, તા.૪ : પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતીય પેરા એથ્લિટોએ પુરૂષોની ઊંચી કૂદની એક જ ઈવેન્ટમાં બે મેડલ પોતાના નામે કર્યા. શરદકુમારે સિલ્વર મેડલ જીત્યો તો મરિયપ્પન થંગાવેલુએ સિલ્વર મેડલ જીત્યો તો મરિયપ્પન થંગાવેલુએ બ્રોન્ઝ મેડલ કબજે કર્યો. પુરૂષોની ઊંચી કૂદની T63 કેટેગરીમાં શરદકુમારે ૧.૮૮ મીટરની છલાંગ લગાવી બીજા સ્થાને રહ્યો. જ્યારે મરિયપ્પન થંગાવેલુએ ૧.૮૫ મીટરની છલાંગ સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું. શરદકુમારે ગત પેરાલિમ્પિક ગેમ્સમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને આ વખતે તેણે પોતાના પ્રદર્શનમાં સુધારો કરતા સિલ્વર મેડલ જીત્યો. મરિયપ્પન થંગાવેલુ સતત ત્રીજી પેરાલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય એથ્લિટ બની ગયો છે. તેણે ૨૦૧૬માં ગોલ્ડ, ૨૦૨૦માં સિલ્વર અને આ વખતે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અમેરિકાના ફ્રેચે ૧.૯૪ મીટરની નવી પેરાલિમ્પિક રેકોર્ડ છલાંગ લગાવી ગોલ્ડ મેડલ કબજે કર્યો. થંગાવેલુ, શૈલેષકુમાર અને શરદકુમાર ત્રણેય મેડલની રેસમાં હતા. શૈલેષકુમાર ચોથા સ્થાને રહેતા મેડલ ચૂકી ગયો. તેની બેસ્ટ છલાંગ ૧.૮૫ મીટરની રહી. આ તેનું પર્સનલ બેસ્ટ પ્રદર્શન પણ છે. શરદકુમારે ૧.૮૮ મીટરની છલાંગ સાથે T42 ઈવેન્ટનો પેરાલિમ્પિક રેકોર્ડ પોતાના નામે કર્યો. શરદ અને મરિયપ્પન ઉપરાંત અજિતસિંહ અને સુંદરસિંહ ગુર્જરે પુરૂષોની ભાલા ફેંક F46 સ્પર્ધામાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો. મંગળવારે ભારતીયોએ પાંચ મેડલ પોતાના નામે કર્યા.

# કોણ છે સચિન ખિલારી ? ૯ વર્ષની ઉંમરમાં ફ્રેકચરથી લઈ શોટપુટમાં સિલ્વર સુધી




પેરિસ, તા.૪
ભારતીય પેરા એથ્લીટ સચિન સરજેરાવ ખિલારીએ ૧૬.૩૨ મીટરના સર્વશ્રેષ્ઠ થ્રો સાથે સિલ્વર મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો છે. સચિસ બસ ૦.૦૬ મીટર ગોલ્ડ મેડલ ચૂકી ગયો. સચિને બીજા પ્રયાસમાં જ ૧૬.૩૨ મીટરનો થ્રો કર્યો હતો. જો કે તે તેના ઉપર નીકળવામાં સફળ થઈ શકયો નહીં. કેનેડાના ગ્રેગ સ્ટીવર્ટે ૧૬.૩૮ મીટરના સર્વશ્રેષ્ઠ થ્રો સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. આ સ્પર્ધામાં ભારતનો મોહંમદ યાસરે આઠમા અને રોહિતકુમાર નવમા સ્થાને રહ્યા હતા. ભારતને પેરિસ પેરાલિમ્પિક ૨૦૨૪માં ૨૧મો મેડલ છે. સચિન ખિલારી ભારતના સાંગલી જિલ્લાના અટપડી તાલુકાના કરગનીનો એક પેરા એથ્લીટ છે. ખિલારીનું બાળપણ એક સાઈકલ દુર્ઘટનાના કારણે બરબાદ થઈ ગયું જેના કારણે તેને ફ્રેકચર થઈ ગયું. ઈજામાંથી સ્વસ્થ થવામાં લાંબો સમય લાગ્યો જેનાથી ગેંગરીનની શરૂઆત થઈ અને તેનો ડાબો હાથ ઓછું કામ કરવા લાગ્યો. તેમ છતાં ખિલારી હિંમત હાર્યો નહીં અને પોતાની એથ્લેટિક્સ આકાંક્ષાઓ પ્રતિ પ્રતિબદ્ધ રહ્યો. પુણેની કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી વખતે તેને ભાલા ફેંકવાનો શોખ હતો. જો કે એક ટુર્નામેન્ટ દરમ્યાન ખભાની ઈજાએ તેને શોટપુટમાં જવા માટે લાચાર કરી દીધો. આ અવરોધો છતાં ખિલારીએ પોતાનું ટેલેન્ટ નિખારવા અને શારીરિક મુશ્કેલીઓને દૂર કરવા માટે સતત પ્રેક્ટિસ ચાલુ રાખી. ગત વર્ષે તેણે પેરિસમાં ૧૬.૧૨ મીટરના નવા એશિયન રેકોર્ડ થ્રો સાથે પોતાનું પ્રથમ વિશ્વ પેરા મેડલ જીત્યો હતો. ત્યારબાદ તેણે એશિયન પેરાગેમ્સમાં ૧૬.૦૩ મીટરના થ્રો સાથે વધુ એક મેડલ જીત્યો હતો.

# પાકિસ્તાનને થયું છે શું... તમારૂં ક્રિકેટ કોઈ કેમ જોશે ? : રમીઝ રાજા

કરાચી, તા.૪ : પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર રમીઝ રાજા બાંગ્લાદેશ વિરુદ્ધ ટીમના ૨-૦થી પરાજય બાદ અકળાયા છે. તેમનું કહેવું છે કે, પાકિસ્તાનનું ક્રિકેટ કોઈ કેમ જોશે. કારણ કે, દુનિયામાં તેમને ક્વોલિટીવાળું ક્રિકેટ મળી રહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે, પાકિસ્તાન પાસે આ પેસ એટેકની સાથે ઈંગ્લેન્ડનો મુકાબલો કરવાનો દમ નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પૂર્વ ચેરમેન રમીઝ રાજાએ એમ પણ કહ્યું કે, કપ્તાન શાન મસુદને સવાલ કરવા જોઈએ. રમીઝા રાજાએ કહ્યું કે, દરેક વ્યક્તિ પૂછે છે કે, પાકિસ્તાનને થયું છે શું ? તેમણે કહ્યું કે, મને નથી ખબર કે હવે પાકિસ્તાનનું ક્રિકેટ ક્યારે બેઠું થશે ? ઈંગ્લેન્ડની ટીમ પહોંચવાની છે. તે ત્રણ ટેસ્ટ મેચ રમશે અને વધુ એક ડિઝાસ્ટર પાકિસ્તાન સહન નહીં કરી શકે. ઘણા બધા પ્રશંસકો નિરાશ થઈ ગયા છે. સોશિયલ મીડિયા પર ચર્ચા થાય છે કે, પાકિસ્તાનને થયું છે શું ? તેનો જવાબ શાન મસુદે જ આપવો પડશે. કારણ કે, તે ટીમનો કપ્તાન છે. તેમણે કહ્યું કે, મસુદથી ભૂલ થઈ છે. તેણે જવાબ આપવો પડશે કે તમે આ બેટિંગ કોમ્બિનેશન અને બોલિંગ કોમ્બિનેશનની પસંદગી કેમ કરી ? પોતાના પ્રદર્શન વિશે પણ તેણે જવાબ આપવો પડશે. તેમણે કહ્યું કે, કપ્તાનની સાથે-સાથે સિનિયર ખેલાડીઓએ પણ જવાબ આપવો પડશે. તેમણે કહ્યું કે, આવો બોલિંગ એટેક રહ્યો તો તમે ઈંગ્લેન્ડને હરાવી શકશો નહીં. મને તો આ ફર્સ્ટ ક્લાસનું બોલિંગ એટેક લાગી રહ્યું છે. ટેસ્ટ ક્રિકેટનું તો લાગી જ રહ્યું નથી. પાકિસ્તાનનું ટેસ્ટ ક્રિકેટ કોઈ કેમ જોશે. કારણ કે, દુનિયાનું ક્વોલિટી અને ક્લાસી ક્રિકેટ જોવા મળી રહ્યું છે તો તમે પાકિસ્તાનનું ક્રિકેટ કેમ જોશો.

## બાબર આઝમ પાંચ વર્ષ બાદ ટોપ-૧૦માંથી બહાર થયો

# ICC રેન્કિંગમાં રૂટનું વર્ચસ્વ ડોન બ્રેડમેનનો રેકોર્ડ ખતરામાં

દુબઈ, તા.૪
આઈસીસીની ટેસ્ટ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના પૂર્વ કપ્તાન જો રૂટનું વર્ચસ્વ વધતું જઈ રહ્યું છે. શ્રીલંકા વિરુદ્ધ બીજી ટેસ્ટ મેચની બંને ઈનિંગોમાં સદી ફટકારનાર જો રૂટના ૯૨૨ રેટિંગ પોઈન્ટ થઈ ગયા છે અને હવે તેની પાસે પોતાના વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ રેટિંગનો રેકોર્ડ તોડવાની તક છે. રૂટે ગત વર્ષે ભારત વિરુદ્ધ એજબેસ્ટનમાં સદી ફટકાર્યા બાદ ૯૨૩ રેટિંગ પ્રાપ્ત કર્યા હતા. રૂટ આઈસીસી મેન્સ ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં બીજું સ્થાન ધરાવતા ન્યુઝીલેન્ડના કેન વિલિયમસનથી ૬૩ પોઈન્ટ આગળ છે. બીજી બાજુ પાકિસ્તાનનો સ્ટાર બેટ્સમેન બાબર આઝમ ૨૦૧૯ બાદ પહેલીવાર ટોપ-૧૦માંથી બહાર થયો છે. ત્રણ સ્થાનના નુકસાન સાથે બાબર આઝમ ૭૧૨ પોઈન્ટ સાથે ૧૨મા સ્થાનો છે. જ્યારે મોહમ્મદ રિઝવાન ૧૦મા સ્થાને રહેતા પાકિસ્તાનનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ બેટ્સમેન છે. રૂટ પાસે ડોન બ્રેડમેનના સર્વકાલીન ૯૬૧ રેટિંગથી આગળ જવાની તક છે. ઈંગ્લેન્ડના અનુભવી બેટ્સમેનને શ્રીલંકા વિરુદ્ધ એક અને પાકિસ્તાન વિરુદ્ધ ત્રણ ટેસ્ટ મેચ રમવાની છે અને હાલ રૂટ જે ફોર્મમાં છે તેનો જોતા બ્રેડમેનનો રેકોર્ડ ખતરામાં છે. ભારતના સ્ટાર બેટ્સમેન પણ રેન્કિંગમાં ટોપ-૧૦મા છે. ભારતીય કપ્તાન રોહિત શર્મા ૭૫૧ રેટિંગ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. યશસ્વી જયસ્વાલ સાતમાં અને વિરાટ કોહલી આઠમાં સ્થાને છે.


### ઓન લાઈન ટેન્ડર જાહેર ટૂંકી નિવિદા નં.૦૭ સને ૨૦૨૪-૨૦૨૫

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,(સ્ટેટ), મુખ્ય પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન નં. ૨૨૩૧૦૦, દ્વારા માન્ય ઈજારદારો પાસેથી આ વિભાગ હસ્તકના બિલ્ડીંગ વર્ક ના કામ માટે ઈ-ટેન્ડર પધ્ધતીથી ટેન્ડરો માંગવામાં આવે છે. આ કામની વિગતવાર નોટીસ માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in & www.nprocure.com ઉપર જોવા મળશે.

| ક્રમ | વિગત | તારીખ / સમય |
|---|---|---|
| ૧ | કોરા ભાવપત્રકો ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૧૮/૦૯/૨૦૨૪ ૧૬:૦૦ કલાકે |
| ૨ | ભરેલ ભાવપત્રકો ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ | ૧૮/૦૯/૨૦૨૪ ૧૮:૦૦ કલાકે |
| ૩ | ભાવપત્રક ખોલવાની સંભવિત તારીખ | ૧૯/૦૯/૨૦૨૪ ૧૦.૩૦ કલાકે |
| ૪ | ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી થી સબ મીટ કરવાની તારીખ | ૨૦/૦૯/૨૦૨૪ થી ૨૬/૦૯/૨૦૨૪ |

જિમાક/રમમ/૨૦૨૪/૨૪

### ભંડેરી ઇન્ફ્રાકોન લિમિટેડ

(CIN No. L45201GJ2004PLC044481)
બી/૧૨, જબુકા કોમ્પ્લેક્સ, બજરંગ આશ્રમ પાસે, વિકાસ શાળાની નીચે, NH-૮, ઠક્કરબાપાનગર, અમદાવાદ-૩૮૨૩૫૦ ઈમેલ આઈડી: bhanderiinfracon@gmail.com
વેબસાઈટ : www.bhanderiinfracon.com ટેલિ. નં.- 079 - 22830245 મો. 7900941000

**નોટિસ**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની ૨૦મી વાર્ષિક સામાન્ય સભા **સોમવાર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે ૧૨.૦૦ વાગ્યે** યોજાશે. B/12, જબુકા કોમ્પ્લેક્સ, બજરંગ આશ્રમની નજીક, વિકાસ શાળાની નીચે, NH-8, ઠક્કર બાપાનગર, અમદાવાદ - ૩૮૨૩૫૦ ખાતે આવેલી કંપનીની નોંધાયેલ ઓફિસમાં, નોટિસમાં દર્શાવ્યા મુજબ વ્યવસાયનો વ્યવહાર કરવા માટે કંપનીના સભ્યો તારીખ ૨જી સપ્ટેમ્બર ૨૦૨૪ જે વ્યક્તિગત રીતે મોકલવામાં આવી છે.
કંપની એક્ટ, ૨૦૧૩ની કલમ ૧૦૮ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ સાથે વાંચો; મીટિંગમાં ટ્રાન્ઝેક્શન કરવામાં આવનાર વ્યવસાયની આઈટમ ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા મતદાન દ્વારા વ્યવહાર કરી શકાય છે જેના માટે કંપનીએ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ સાથે કરાર કર્યો છે.
વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૪થી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ (બંને દિવસો સહિત) સુધી બંધ રહેશે.
ઈ-વોટિંગનો સમયગાળો ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ((સવારે ૦૯.૦૦)થી શરૂ થાય છે અને ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ સાંજના (૫.૦૦ કલાકે) ના રોજ સમાપ્ત થાય છે. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૪ની કટ-ઓફ તારીખ મુજબ, ભૌતિક સ્વરૂપે અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતાં કંપનીના સભ્યો ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. નોટિસ મોકલ્યા પછી અને કટ-ઓફ તારીખ એટલે કે ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ શેરો હોલ્ડિંગ કર્યા પછી કંપનીના શેર મેળવનાર અને કંપનીના સભ્ય બનેલી કોઈપણ વ્યક્તિ કંપનીના રજિસ્ટ્રાર, મેસર્સ પૂર્વા શેરજિસ્ટ્રી (ઈન્ડિયા)પ્રાઈવેટ લિમિટેડનો સંપર્ક કરી શકે છે. સભ્યો ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પછી ઠરાવો પર ઈ-વોટિંગનો ઉપયોગ કરી શકતા નથી. જે સભ્યોએ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. કંપની એજીએમ સ્થળ પર આ સંદર્ભે બેલેટ પેપરની વ્યવસ્થા કરશે. જે સભ્યોએ એજીએમ પહેલાં ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો છે તેઓ પણ એજીએમમાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર નથી.
ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા અને સૂચનાઓ એજીએમની સૂચનામાં સમાયેલ છે. એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.bhanderi infracon.com, CDSL વેબસાઈટ www.evotingindia.com પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ એટલે કે BSE લિમિટેડ www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.
વિગતવાર સૂચનાઓ અને/અથવા ઈ-વોટિંગને લગતી કોઈપણ ફરિયાદ માટે શેરધારકો નીચેના નો સંપર્ક કરી શકે છે :

| સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ | પૂર્વા શેરજિસ્ટ્રી (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ | ભંડેરી ઈન્ફ્રાકોન લિમિટેડ |
|---|---|---|
| નામ : રાકેશ દળવી હોદ્દો: સિનિયર મેનેજર (CDSL) સરનામું : એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુચરેક્સ, મફતલાલ મિલ કમ્પાઉન્ડ્સ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ), મુંબઈ-૪૦૦૦૧૩ | નામઃ પૂર્વા શાહ હોદ્દો : ડિરેક્ટર, સરનામું : ૯, શિવ શક્તિ ઈન્ડ. એસ્ટેટ, જેઆર બોરીચા માર્ગ, લોઅર પરેલ (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૧૧ | નામ : રિંકલ અજય પટેલ હોદ્દો : કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર સરનામું : B/12, જબુકા કોમ્પ્લેક્સ, બજરંગ આશ્રમની નજીક, NH-8, ઠક્કર બાપાનગર, અમદાવાદ - ૩૮૨૩૫૦ |
| ટોલ ફ્રી નંબર ૧૮૦૦૨૧૦૯૯૧૧ | ટેલિ. નં. ૦૨૨-૪૯૬૧ ૪૧૩૨/ ૩૫૨૨ ૦૦૫૬/૪૯૭૦ ૦૧૩૮ | ટેલિ. નં. ૦૭૯-૨૨૮૩૦૨૪૫ મોબાઈલ ૭૯૦૦૯૪૧૦૦૦ |
| ઈમેલ આઈડી: helpdesk.evoting@cdslindia.com | ઈમેલ આઈડી: support@purvashare.com | ઈમેલ આઈડી: bhanderiinfracon@gmail.com |

વતી ભંડેરી ઈન્ફ્રાકોન લિમિટેડ
સહી/-
સુનિલ ધીરૂભાઈ પટેલ
મેનેજીંગ ડિરેક્ટર
તારીખ : ૦૨.૦૯.૨૦૨૪
સ્થળ : અમદાવાદ

MOTILAL OSWAL HOME LOANS

### મોતીલાલ ઓસ્વાલ હોમ ફાયનાન્સ લિમિટેડ

રજિ. ઓફિસ : મોતીલાલ ઓસ્વાલ ટાવર, રહીમતુલ્લાહ સયાની રોડ, પરેલ એસટી ડેપોટ સામે, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫, સીએસ : ૮૨૯૧૮૮૯૮૯૮
વેબસાઈટ : www.motilaloswalhf.com, ઈમેઈલ: hfquery@motilaloswal.com

**કબજા નોટિસ (સ્થાવર મિલકત/તો માટે)**

**(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૧) હેઠળ)**

જ્યારે નીચે હસ્તાક્ષરિત મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ, (અગાઉની એસપાયર હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાય છે)ના અધિકૃત અધિકારી તરીકે, નાણાકીય અસ્કયામતોનું સિક્યોરિટાઈઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩ (૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, અહીં ઉલ્લેખિત તારીખની ડિમાન્ડ નોટિસ બહાર પાડીને નીચેના દેણદારોને નોટિસમાં ઉલ્લેખિત રકમની ચુકવણી કરવા માટે આહ્વાન કર્યું છે. ઉપરોક્ત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી ૬૦ દિવસ.
નીચેના દેણદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી નીચેના દેણદારોને નોટિસ આપવામાં આવે છે અને સામાન્ય રીતે નીચે હસ્તાક્ષર કરનાર લોકોને પેટા કલમ હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતોનો કબજો લેવામાં આવ્યો છે. (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અહીં દર્શાવેલ તારીખે :

| ક્રમ નં. | લોન કરાર નં./દેણદાર/સહ-દેણદાર/ ગેરેન્ટરના નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને બાકી રકમ | કબજો લેવાની તારીખ | સ્થાવર મિલકતનું વર્ણન |
|---|---|---|---|---|
| 1 | LXPAL00419-200074649 ડાભી દેવુસિંહ ભુરસિંહ અને અજુબા દેવુસિંહ ડાભી | ૦૮-૦૮-૨૦૨૩ માટે રૂા.૫,૯૪,૫૧૮/- | ૩૦-ઓગ-૨૪ | મિલકત નં.૧૮૨, ધોરી સીમ, તા. વડગામ, દાંતા, બનાસકાંઠા, ગુજરાત-૩૮૫૧૨૦ |

ખાસ કરીને દેણદાર અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરવો અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડના ચાર્જને આધીન રહેશે ઉપરોક્ત ઉલ્લેખિત રકમ અને તેના પર વ્યાજ.
દેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આમંત્રિત કરવામાં આવે છે.
સ્થળ : ગુજરાત
તારીખ : ૦૫.૦૯.૨૦૨૪ * ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.
સહી/-
અધિકૃત અધિકારી
(મોતીલાલ ઓસ્વાલ હોમ ફાયનાન્સ લિમિટેડ)

# સેબીના અધિકારીઓએ કેન્દ્રને ફરિયાદ કરતો પત્ર લખ્યો - SEBIના વડા માધવી પુરી બૂચે દમનકારી વાતાવરણ સર્જ્યું છે, સંસ્થામાં વર્ક કલ્ચર ખતમ થઈ ગયું છે

(એજન્સી) તા.૪

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના અધિકારીઓએ નાણા મંત્રાલયમાં અભૂતપૂર્વ ફરિયાદ નોંધાવી છે, જેમાં બજાર નિયમનકારના વડા પર ખરાબ વાતાવરણ ઊભું કરવાનો અને નબળી કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો છે.



સેબીના સ્ટાફે ૬ ઓગસ્ટે નાણા મંત્રાલયને આ પત્ર મોકલ્યો હતો. તેમાં મોટાભાગના અધિકારીઓની સહીઓ છે. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, સભાઓમાં સેબીના વડા દ્વારા બૂમો પાડવી, નિંદા કરવી અને જાહેરમાં અપમાન કરવું એ સામાન્ય બાબત બની ગઈ છે. સેબીના ચેરપર્સન માધવી પુરી બુચ અદાણીની તપાસમાં હિતોના સંઘર્ષના આરોપોનો સામનો કરી રહ્યા છે તેના એક મહિના બાદ આ પત્ર સામે આવ્યો છે. વિપક્ષે બુચને તેમની અગાઉની કંપની ICICI બેંક દ્વારા આપવામાં આવેલા વળતર પર પ્રશ્નો ઉઠાવ્યા છે. રાજ્યસભાના પૂર્વ સાંસદ અને ઝી ગ્રુપના સ્થાપક સુભાષ ચંદ્રાએ મંગળવારે તેમના પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા હતા. જો કે બૂચે કોઈપણ ગેરરીતિનો ઈન્કાર કર્યો છે. આ મુદ્દે સેબીએ કહ્યું છે કે કર્મચારીઓ સાથે તમામ મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે. કર્મચારીઓએ તેમના પત્રમાં રજૂ કરેલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. સેબીના આ નિવેદનથી પુષ્ટિ થઈ છે કે સેબીના સ્ટાફે માધવી પુરી બૂચ વિશે ગંભીર ફરિયાદ કરી હતી. જો કે, સેબીએ કઈ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે તેની માહિતી આપી નથી. ઈકોનોમિક ટાઈમ્સ (ET)એ ૧ સપ્ટેમ્બરના રોજ સેબીને ઈમેલ કર્યો હતો. જવાબમાં સેબીએ જણાવ્યું હતું કે, કર્મચારીઓ સાથે તેમની સમસ્યાઓના નિરાકરણ માટે સંવાદ એ સતત થતી પ્રક્રિયા છે. જો કે નાણા મંત્રાલયને આ અંગે પૂછવા માટે એક ઈમેલ પણ મોકલ્યો હતો, પરંતુ નાણા મંત્રાલયે સેબીના સ્ટાફના માધવી પુરી બૂચ અંગેના કોઈ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. સેબીમાં ગ્રેડ છ અને તેનાથી ઉપરના (આસિસ્ટન્ટ મેનેજર્સ અને તેનાથી ઉપરના) લગભગ ૧,૦૦૦ અધિકારીઓ છે અને તેમાંથી અડધા, લગભગ ૫૦૦ લોકોએ તે પત્ર પર હસ્તાક્ષર કર્યા છે. એટલે કે સેબીના ૫૦% લોકો સેબી ચીફના વર્તન અને રીતભાતથી ખુશ નથી. જો આ જ આરોપો સેબીના ૧૦-૨૦ કે ૫૦ લોકોએ લગાવ્યા હોત તો કોઈએ તેમના પર વિશ્વાસ ન કર્યો હોત. પરંતુ અહીં અડધા કર્મચારીઓ અને અધિકારીઓએ સેબી ચીફ સામે બળવો કર્યો છે. સરકારને મોકલવામાં આવેલા પત્રમાં જણાવાયું હતું કે બૂચની આગેવાની હેઠળના નેતૃત્વએ સેબી ટીમના સભ્યો પ્રત્યે કઠોર અને અવ્યાવસાયિક ભાષાનો ઉપયોગ કર્યો હતો, અને તેમની મિનિટ-દર-મિનિટ પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી હતી અને તેમને એવા અવાસ્તવિક કાર્યો આપવામાં આવે છે જેનું અમલીકરણ શક્ય નથી. સેબીના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ વખત બન્યું છે કે તેના અધિકારીઓએ સેબીના ચીફના કર્મચારી વિરોધી વલણ અંગે ચિંતા વ્યક્ત કરી હોય. તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, આનાથી સ્ટાફના માનસિક સ્વાસ્થ્ય પર અસર પડી છે અને સ્ટાફના વર્ક લાઈફ બેલેન્સને ખલેલ પહોંચાડી છે. કર્મચારીઓનું કહેવું છે કે સેબી મેનેજમેન્ટ દ્વારા તેમની ફરિયાદો સાંભળવામાં ન આવી ત્યારે જ તેઓએ સરકારને પત્ર લખ્યો છે. પાંચ પાનાના આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે કામને ઝડપી બનાવવાના નામે મેનેજમેન્ટે સિસ્ટમમાં ફેરફાર કરીને નુકસાનકારક નીતિઓ લાગુ કરી છે. પરંતુ કર્મચારીઓની મુખ્ય ફરિયાદ એ છે કે સેબીનું નેતૃત્વ કર્મચારીઓને તેમના નામથી બોલાવે છે અને બૂમો પાડે છે. સેબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સેબીમાં વરિષ્ઠ હોદ્દા પર બેઠેલા લોકો અવ્યાવસાયિક ભાષાનો ઉપયોગ કરે છે.

સેબીના કર્મચારીઓના પત્રમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે વાતાવરણ દમનકારી બની ગયું છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે - એવું વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે SEBI કામને ઝડપી બનાવવા અને સુધારવા માટે શ્રેષ્ઠ-ઈન-ક્લાસ ટેક્નોલોજી અપનાવી રહી છે. જો કે, એવું લાગે છે કે ઉચ્ચ મેનેજમેન્ટ તેના કર્મચારીઓ પ્રત્યે શ્રેષ્ઠ માનવ વ્યવસ્થાપન, નેતૃત્વ અને પ્રેરણા પદ્ધતિઓ અપનાવવાનું ભૂલી ગયું છે. સેબીના નેતૃત્વની આ શૈલી જેમાં કર્મચારીઓ પર બૂમો પાડવી, કઠોર અને અવ્યાવસાયિક ભાષાનો ઉપયોગ થાય છે તે બંધ થવો જોઈએ. સેબીએ ઈકોનોમિક ટાઈમ્સને આપેલા જવાબમાં કહ્યું કે સેબીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સેબીએ જણાવ્યું હતું કે, કાર્યકારી વાતાવરણના સંદર્ભમાં, સમીક્ષા બેઠકોના ફોર્મેટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેથી, બેઠકોના સંદર્ભમાં સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે. સેબીના કર્મચારીઓનું પ્રતિનિધિત્વ કરતા બે યુનિયનોએ ૩ સપ્ટેમ્બરના રોજ ઈમેલ દ્વારા આ ફેરફારો સ્વીકાર્યા છે. સેબીના પ્રવક્તાએ જણાવ્યું કે ટર્નસ્ટાઈલ ગેટ તાજેતરમાં જ લગાવવામાં આવ્યા છે. કર્મચારીઓના પ્રતિભાવના આધારે, કર્મચારીઓ પાસેથી પ્રતિસાદ લઈને છ મહિના પછી તેની સમીક્ષા કરવામાં આવશે. એટલે કે ૬ મહિના સુધી સેબી ઓફિસમાંથી ટર્નસ્ટાઈલ ગેટ દૂર કરવામાં આવશે નહીં. જે બાદ સેબી તેની સમીક્ષા કરશે. એકંદરે, સેબી સ્ટાફની ફરિયાદના દરેક મુદ્દાનો જવાબ આપવામાં આવ્યો છે પરંતુ કોઈ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું નથી.

# તાજેતરના PMLA કેસોમાં સુપ્રીમ કોર્ટે આરોપીઓના અધિકારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે

## PMLAની કલમ ૧૯એ EDને ધરપકડની સત્તા આપે છે પણ તેની પાસે રહેલી સામગ્રી કોઈ વ્યક્તિ મની લોન્ડ્રિંગ માટે દોષિત હોવાનું માનવાનું કારણ આપે છે તો આરોપીને ધરપકડના આધારો વિશે જાણ કરવી જોઈએ, કોર્ટે કહ્યું છે કે, આરોપીને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૦ હેઠળ ધરપકડના કારણો વિશે જાણ કરવાનો મૂળભૂત અધિકાર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ ૨૦૦૨ (PMLA) હેઠળ ધરપકડ અને જામીન અંગેની કડક જોગવાઈઓ હોવા છતાં શ્રેણીબદ્ધ નિર્ણયોમાં મની લોન્ડ્રિંગના આરોપી લોકોના અધિકારો પર પ્રકાશ પાડ્યો છે.



વિજય મદનલાલ ચૌધરી વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૨) ન્યાયમૂર્તિ એ.એમ. ખાનવિલકર (નિવૃત્ત)ની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે પ્રતિબંધિત જામીન શરતો અને કાયદા અમલીકરણ એજન્સીને આપવામાં આવેલી તપાસ અને ધરપકડની વિશાળ સત્તા સહિત તમામ પડકારવામાં આવેલી PMLA જોગવાઈઓને સમર્થન આપ્યું હતું.

PMLAની કલમ ૧૯ EDને જો તેની પાસે રહેલી સામગ્રી કોઈ વ્યક્તિ મની લોન્ડ્રિંગ માટે દોષિત હોવાનું માનવાનું કારણ આપે છે તો ધરપકડની સત્તા આપે છે. આરોપીને ધરપકડના આધારો વિશે જાણ કરવી જોઈએ. વિજય મદનલાલ કેસમાં કોર્ટે એવું માન્યું હતું કે, ED આરોપીને એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆરની જેમ)ની નકલ આપવા માટે બંધાયેલ નથી અને માત્ર ધરપકડ માટેના કારણોની જાણ કરવા માટે બંધાયેલ છે. કોર્ટે પંકજ બંસલ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૩) કેસમાં આ મુદ્દાની વિગતવાર માહિતી આપી હતી. કેટલાક કિસ્સાઓમાં મૌખિક રીતે અને અન્યમાં લેખિતમાં આધારની જાણ કરવામાં આવી હતી. કોર્ટે કહ્યું કે, આરોપીને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨ હેઠળ ધરપકડના આધાર વિશે જાણ કરવાનો મૂળભૂત અધિકાર છે. ધરપકડના લેખિત આધારો આપવા જોઈએ, આ વિના ધરપકડ ગેરકાયદેસર અને અમાન્ય હશે. ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ની કલમ 436A જણાવે છે કે, જો કોઈ વ્યક્તિને તે ગુના માટે કેદની મહત્તમ અવધિના અડધા સમય સુધી અટકાયત કરવામાં આવી હોય અને જ્યારે ટ્રાયલ અથવા તપાસ ચાલી રહી હોય તો તેને જામીન પર મુક્ત કરવામાં આવશે. બેન્ચે કહ્યું કે, આ PMLAને પણ લાગુ પડશે.

૧૬ મેના રોજ કોર્ટે અજય અજીત પીટર કેરકર વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કેસમાં આની પુષ્ટિ કરી હતી. નોંધપાત્ર રીતે કલમ 436A એ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૭૯ સાથે બદલવામાં આવી છે, જે સંભવતઃ PMLA કેસોને અસર કરે છે. ઉદાહરણ તરીકે આ વિભાગમાં એક નવો ખુલાસો જણાવે છે કે, જો કોઈની સામે એક કરતાં વધુ ગુના અથવા બહુવિધ કેસ પેન્ડિંગ હોય અને મની લોન્ડ્રિંગ કેસોમાં જામીન પરની કલમ લાગુ થશે નહીં.

૧૨ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં EDની ફરિયાદના સંબંધમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યા હતા. કેજરીવાલે દલીલ કરી હતી કે, PMLAની કલમ ૧૯ હેઠળ તેમની ધરપકડ ગેરકાયદેસર હતી કારણ કે, તેમની ધરપકડ કરવાની કોઈ 'જરૂર' નથી. તેમણે દાવો કર્યો હતો કે, તેની ધરપકડનો આધારની સામગ્રી જુલાઈ ૨૦૨૩માં ED પાસે ઉપલબ્ધ હતી, જ્યારે ધરપકડ માર્ચ ૨૦૨૪માં થઈ હતી.

PMLA હેઠળ ધરપકડને પાંચ જજની બેન્ચ સમક્ષ પડકારતા ધરપકડ કરવાની જરૂરિયાત અને આવશ્યકતા એ માન્ય આધાર છે કે કેમ તે મુદ્દાનો પણ કોર્ટે ઉલ્લેખ કર્યો હતો. ૯ ઓગસ્ટના રોજ જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથનની બેંચે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયાને જામીન આપ્યા હતા.

PMLAની કલમ ૪૫ જામીન માટે કડક શરતો પ્રદાન કરે છે, જેમાં આરોપીએ સાબિત કરવું જરૂરી છે કે, તેણે PMLA હેઠળ ગુનો કર્યો નથી અને કેસમાં જામીન ચાલુ હોય ત્યારે તે કોઈ ગુનો કરે તેવી શક્યતા નથી. જો કે, બેન્ચે જણાવ્યું હતું કે, જો આરોપી લાંબા સમય સુધી જેલવાસ ભોગવતો હોય તો આ શરતોને હળવી કરી શકાય છે. સિસોદિયા લગભગ ૧૭ મહિના સુધી ટ્રાયલ શરૂ થયા વિના જેલમાં રહ્યા હતા.

**મહિલાઓ માટે જામીન પર અપવાદ :** એક્સાઈઝ પોલિસી કેસમાં કોર્ટે BRS નેતા કે. કવિતાને ૨૭ ઓગસ્ટે જામીન આપ્યા હતા. તેણે એવું પણ માન્યું હતું કે, કવિતાને કલમ ૪૫માં અપવાદનો લાભ મળશે, જે જણાવે છે કે, મહિલાને જો સ્પેશિયલ કોર્ટ નિર્દેશ આપે તો તેને જામીન પર છોડવામાં આવી શકે છે. ખંડપીઠે જુલાઈમાં કવિતાને જામીન નકારવા માટેના દિલ્હી હાઈકોર્ટના એવા તર્કને નકારી કાઢ્યો હતો કારણ કે, તે સુશિક્ષિત હતી અને તેણીને અપવાદ હેઠળ સંવેદનશીલ મહિલા ગણી શકાય નહીં. PMLAની કલમ ૫૦ EDને કોઈપણ વ્યક્તિને સમન્સ આપવા અને તપાસ દરમિયાન નિવેદનો આપવા માટે પરવાનગી આપે છે. વિજય મદનલાલ કેસમાં અદાલતે નક્કી કર્યું કે, આનાથી બંધારણની કલમ ૨૦(૩) હેઠળ સ્વ-અપરાધ સામેના અધિકારનું ઉલ્લંઘન થતું નથી. પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ ૨૫ (હવે ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ની કલમ ૨૩) હેઠળ, પોલીસ અધિકારીઓ સમક્ષ કરાયેલી કબૂલાત ટ્રાયલ દરમિયાન પુરાવા તરીકે સ્વીકાર્ય નથી.

પ્રેમ પ્રકાશ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૨૪) કેસમાં ન્યાયમૂર્તિ ગવઈ અને વિશ્વનાથનની બેન્ચે એક કેસમાં જેમાં આરોપીએ ન્યાયિક કસ્ટડીમાં હોવા છતાં ગુનો કબૂલ કર્યો હતો. ન્યાયાધીશ વિશ્વનાથને તર્ક આપ્યો હતો કે, કસ્ટડીમાં રહેલી વ્યક્તિ એવી વ્યક્તિ નથી જેને મુક્ત મનથી કામ કરતી વ્યક્તિ તરીકે ગણી શકાય. તેમણે સુપ્રીમ કોર્ટના ભૂતકાળના ચુકાદાઓ પર પણ આધાર રાખ્યો હતો, જેમાં એવું માનવામાં આવતું હતું કે, જબરદસ્તીથી જુબાની દ્વારા પુરાવા અને તે બળજબરીયુક્ત પદ્ધતિઓ દ્વારા મેળવવામાં આવે છે, તે આરોપીઓના અધિકારનું ઉલ્લંઘન કરશે.

# બેંગ્લુરૂમાં અનેક દુકાનોમાંથી રૂપિયા ૧૭.૫ લાખની કિંમતની ૩૮ સિલ્ક સાડીઓની ચોરી કરવા બદલ ચાર મહિલાઓની ધરપકડ કરતી પોલીસ

## અલગ-અલગ દુકાનમાં કર્મચારીઓનું ધ્યાન અન્ય ખેંચીને કિંમતી સાડીઓની ચોરી કરવાની શંકાના આધારે પોલીસે સ્ટોરમાંથી ચોરી કરતી મહિલાઓની એક ગેંગને ઝડપી લીધી, પૂછપરછ ચાલુ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૪

ગ્રાહક હોવાનો દેખાવ કરીને કાપડની દુકાનમાં ઘુસી જઈ મોંઘા ભાવની સિલ્કની સાડીઓની ચોરી કરવાનો પ્રયાસ કરવા બદલ જેપીનગર પોલીસે ચાર મહિલાઓની ધરપકડ કરી લીધી. બેંગ્લોર પોલીસે જણાવ્યું હતું શકમંદ મહિલાઓ પાસેથી ચોરી કરાયેલી મનાતી રૂપિયા ૧૭.૫ લાખની કિંમત સિલ્કની હતી, મોંઘી ૩૮ સાડીઓ કબજે કરવામાં આવી હતી. આરોપી મહિલાઓ જાનકી, પોનુરો મલ્લી, મેઘા રજની અને વેંકટેશ્વરમાંની તપાસ દરમિયાન ઓળખ થઈ ગઈ હતી. મહાનગરના જુદા-જુદા મોંઘા ભાવની સિલ્ક સાડીઓની ચોરી કરનાર મહિલા તસ્કર ગેંગને ઝડપી લેવામાં આ રીતે પોલીસને સફળતા મળી છે. જેપી નગર વિસ્તારમાં આવેલા એક સિલ્ક હાઉસમાં આ ટોળકી પહોંચી હતી અને ઊંચી કિંમતની શ્રેષ્ઠ સાડીઓ બતાવવા માટે કર્મચારીઓને વિનંતી કરી હતી. અલગ અલગ સાડીઓ પસંદ કરવાના બહાના હેઠળ કર્મચારીઓનું ધ્યાન ચૂકાવીને નવી અનેક સાડીઓ આ ટોળકીયે તેમના કપડાની હેઠળ છુપાવી લીધી હતી. તેમ પોલીસ તપાસમાં ખુલ્યું હતું. આ મહિલાઓ સ્ટોરમાંથી બહાર જતી હતી ત્યારે કર્મચારીઓને શંકા ગઈ હતી અને એમને ચાલવાની ધબ જોઈને શંકા જતા એમને અટકાવી હતી અને પૂછપરછ કરી હતી ત્યારે ખબર પડી હતી કે સ્ટોરમાંથી ૧૦ સાડીઓ ચોરી લેવામાં આવી હતી. પોલીસ કમિશનર દયાનંદે જણાવ્યું હતું કે પૂર્વ બાદમીના આધારે પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ચારેય શકમંદોની અટકાયત કરી લેવામાં આવી હતી અને પોલીસે સિલ્કની ૩૮ સાડીઓ પણ તેમની પાસેથી કબજે લીધી હતી. જેની કિંમત રૂપિયા ૧૭.૫ લાખ થવા જાય છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ ટોળકી સ્ટાફનું ધ્યાન અન્યત્ર ખેંચીને અલગ અલગ સ્ટોરમાંથી કિંમતી સાડીઓની ચોરી કરતી હતી કે પછી એ સાડીઓ ઓછી કિંમતે વેચી મારવામાં આવતી હતી આ તમામ તસ્કર ટોળકીની મહિલાઓ આંધ્રપ્રદેશની હોવાનું જાહેર થયું છે અને માત્ર ચોરી કરવાના ઈરાદે જ બેંગ્લોર આવતી હતી.



# બેંગલુરૂના વિદ્યાર્થીએ દાઢી ન કઢાવતાં રેગિંગ કરીને સિનિયર વિદ્યાર્થીઓએ માર માર્યો

(એજન્સી) બેંગલુરૂ તા.૪

બેંગલુરૂની એક પ્રાઈવેટ કોલેજના બીબીએ નાગરિક વિભાગના બીજા વર્ષના વિદ્યાર્થી પર સિનિયર વિદ્યાર્થીઓએ રેડિંગ કરીને હુમલો કર્યો હતો જેના કારણે આ વિદ્યાર્થીના હાથમાં ફ્રેક્ચર થઈ ગયું હતું અને તેના કપાળમાં પણ ઈજા થઈ હતી એવું બહાર આવ્યું છે કે આ વિદ્યાર્થી કેરાલા ન છે. ધ્રુવ (નામ બદલ્યું છે)ની દાઢી વધી ગઈ હતી અને એ દાઢી રાખતો હતો આથી કેટલાક સિનિયર વિદ્યાર્થીઓએ તેને દાઢી દૂર કરવા માટે કહ્યું હતું તેને દાઢી અને મૂછ બંને કાઢી નાખવા માટે અને ચહેરા પર દાઢી કરીને સફાચટ ચહેરા સાથે કોલેજ આવવા માટેનો આદેશ અપાયો હતો. ધ્રુવ કહે છે કે હું જ્યારે એપ્રિલથી કોલેજમાં જોડાયો ત્યારે જ મને આવું કરવા માટે કહી દેવાયું હતું પણ મેં એમનું સાંભળ્યું નહોતું અને ચેહરાને સેવિંગ કરી આવી ના હું કોલેજ જતો હતો આથી એ લોકો ગુસ્સે ભરાયા હતા અને મને કહ્યું હતું કે, તું સિનિયરોને માન આપતો નથી એ લોકોએ કોલેજમાં જ ચાર વખત મારૂ રેગિંગ કર્યું હતું. એ લોકો મેં ભાડે રાખેલા મારા મકાન સુધી પણ આવ્યા હતા. શુક્રવારે સાંજે મને ત્રણ સિનિયર વિદ્યાર્થીઓનો ફોન આવ્યો હતો અને એક ચર્ચની પાસે મને મળવા બોલાવ્યો હતો અને કહ્યું હતું કે તારી સાથે વાતચીત કરવી હતી. મને લાગ્યું કે કશું અજુગતું થવાનું છે એટલે હું મારા રૂમ પાર્ટનરને લઈને ત્યાં ગયો હતો. ત્યાં એ ત્રણ સિનિયર હાજર હતા અને બીજા સાતથી આઠ સિનિયર આવી લાગે હતા. તેમણે મારી સાથે ઝઘડો શરૂ કર્યો હતો અને અહીં ને અહીં દાઢી ઉતારી નાખ અને સેવિંગ કરાવી લે એવો મને આદેશ આપ્યો હતો પણ મેં ના કહી એટલે મને ગાળો દેવાનો શરૂ કર્યું હતું અને મારા પર હુમલો કર્યો હતો. કઈ વસ્તુથી બને માર્યો એ મને મને ખબર નથી પણ મને ઘણી સખત ઈજાઓ થઈ હતી અને હાથ પણ ભાંગી ગયો હતો અને કપાળમાં પણ ઈજા થઈ હતી. તેના હાથ પર શસ્ત્રક્રિયા કરવી પડી છે કોલેજના સંચાલકોએ જે કોઈ આરોપી હોય એ તમામ વિદ્યાર્થીઓ સામે પગલાં લેવાની ખાતરી આપી છે. ધ્રુવના પિતાએ પોલીસને જણાવ્યું હતું કે, મારા દીકરાની સારવાર ચાલી રહી હતી ત્યારે પણ એ ત્રણ લોકો હોસ્પિટલ આવ્યા હતા અને ત્યાં પણ મારા દીકરાને ધમકી આપી હતી. આરોપીઓ વિદ્યાર્થીઓ હોવાથી પોલીસે એમને નિવેદન માટે તપાસની સધીકારી સમક્ષ હાજર થવા માટે નોટિસો આપી છે તે પછી જરૂરી પગલાં લેવામાં આવશે.



# તેઓ બાંગ્લાદેશથી નોકરી માટે આવ્યા હતા, પરંતુ તેમણે કિડની ગુમાવી : ૩ વિદેશી નાગરિકો ભારતમાં કિડની રેકેટનો ભોગ બન્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

આજથી બે દાયકા પહેલાં બોલિવૂડની ફિલ્મમાં એક યુવકને રોજગારની શોધમાં દિલ્હી જતો દર્શાવવામાં આવ્યો હતો અને તે કિડની ટ્રાન્સપ્લાન્ટ કૌભાંડ કરનારા પાસે ફસાઈ ગયો હતો. કાયદા અમલીકરણ સત્તાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી તાજેતરની ચાર્જશીટમાં એક સિન્ડિકેટ દ્વારા આશ્ચર્યજનક રીતે આવું સમાન કાવતરૂં દર્શાવવામાં આવ્યું છે.



ત્રણ બાંગ્લાદેશી નાગરિકોએ ભારતમાં કાર્યરત કિડની કૌભાંડનો ભોગ બનવાના તેમના દુઃખદાયક અનુભવ કહ્યા છે. તેમની જુબાનીઓ, ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૧૬૪ હેઠળ દસ્તાવેજીકૃત, એક ભયંકર યોજનાનો પર્દાફાશ કરે છે જેમાં આ બિનસંદિગ્ધ વ્યક્તિઓને રોજગારના વચન સાથે ભારતમાં આવવા માટે લલચાવવામાં આવ્યા હતા પરંતુ તબીબી પરીક્ષણ કરવાના બહાને તેમની કિડની કાઢી લેવામાં આવી હતી. આ લાચાર લોકો ૪૮ કલાક પછી ફરીથી હોશમાં આવતા તેઓને ખબર પડી કે તેમની કિડની માટે ૪ લાખ ટાકાની મામૂલી રકમ તેમના બેંક ખાતામાં વળતર તરીકે જમા કરવામાં આવી છે.

૩૦ વર્ષીય એક બાંગ્લાદેશી વ્યક્તિને આ તસ્કરોની ચુંગાલમાંથી પોલીસ દ્વારા છોડાવવામાં આવ્યા પછી તે આ વર્ષે ઈદની ઉજવણી કરવી કે નહીં તે વિચારતો હતો. તેણે પહેલેથી જ તેની કિડની ગુમાવી દીધી હતી. બાંગ્લાદેશમાં તેની માતા, બહેન અને પત્ની સાથે રહેતા આ વ્યક્તિને તેના એક પરિચિત વ્યક્તિએ ભારતમાં રોજગાર મેળવવાની સલાહ આપી હતી.

તેણે કહ્યું કે, મારો કાપડનો વ્યવસાય બંધ થયો, ત્યારે મેં એક NGO પાસેથી ૮ લાખ ટાકાની લોન લીધી હતી. મેં ૩ લાખ ટાકા ચૂકવી દીધા હતા, પરંતુ બાકીના દેવાથી અમારા માટે આર્થિક તણાવ ઊભો થયો હતો. એક મિત્રએ મને ભારત જવાનું સૂચન કર્યું અને વ્યવસ્થા કરી. મારો પાસપોર્ટ અને મેડિકલ વિઝા આપવામાં આવ્યા અને મને ૧ જૂનના રોજ ભારત જવા સમયે મને કહેવામાં આવ્યું કે ત્યાં કોઈ નોકરી નથી, પરંતુ પુરૂષોએ મને પૈસા માટે કિડની દાન કરવા માટે દબાણ કર્યું, પરંતુ તેઓએ મારો પાસપોર્ટ અને વિઝા રોકી રાખ્યા હતા અને જો હું તેમના આદેશોનું પાલન ન કરૂં તો મને ભારત છોડવાથી અટકાવવાની ધમકી આપી હતી.

૩૫ વર્ષીય અન્ય એક વ્યક્તિને બાંગ્લાદેશમાં તસ્કીન નામની વ્યક્તિ દ્વારા રોજગારની ખાતરી આપવામાં આવી હતી. તેને ૨ ફેબ્રુઆરીએ ભારત લઈ જવામાં આવ્યો. એરપોર્ટ પર રસેલ અને મોહમ્મદ રોકોન નામના બે માણસો મારી રાહ જોઈ રહ્યા હતા. હું તેમની સાથે જસોલાની હોટેલ રામપાલમાં ગયો હતો. મને હોસ્પિટલમાં રોજગાર આપવાનું વચન આપવામાં આવ્યું હતું અને કહ્યું હતું કે, મારે ભારતીય નિયમો અનુસાર તબીબી તપાસ કરાવવી પડશે. મેં બ્લડ ટેસ્ટ અને ECG સહિત ૧૫-૨૦ ટેસ્ટ કરાવ્યા. ૨ એપ્રિલના રોજ મને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં એક નર્સે કોઈ પ્રવાહી પદાર્થ પીવડાવ્યો, જેના કારણે હું બેભાન થઈ ગયો.

૩ એપ્રિલે મને ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું અને હું બેભાન થઈ ગયો હતો. ૫ એપ્રિલે ફરીથી ભાનમાં આવ્યા પછી મને મારા પેટ પર ડાઘ અને ટાંકાના નિશાન મળ્યા. મને જાણ કરવામાં આવી કે મારી સર્જરી થઈ છે. ૬ એપ્રિલે રસેલ અને તેના સહયોગી સુમને મને જસોલાની હોટેલમાં લઈ ગયા અને ૪ લાખ ટાકા જમા કરાવ્યા પરંતુ મારા વિઝાની સમયમર્યાદા વચગાળામાં જપ્ત થઈ ગઈ હતી અને રસેલે મને કહ્યું હતું કે, હું હવે નોકરી કરી શકીશ નહીં અને તેઓએ મને બાંગ્લાદેશ પાછા ફરવા માટે કહ્યું હતું.

એક ત્રીજા બાંગ્લાદેશી વ્યક્તિએ પણ સમાન અનુભવ શેર કર્યો હતો. તેનો ફેસબૂક પર એક વ્યક્તિ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો, જેણે તેને તાલીમ દરમિયાન સ્ટાઈપેન્ડ સાથે ભારતમાં નોકરીનું વચન આપ્યું હતું. તેને વ્યાપક તબીબી પરીક્ષણો કરાવવાનું કહેવામાં આવ્યું હતું અને છ દિવસમાં તેનું લોહી લેવામાં આવ્યું હતું. મને કંઈક એવું આપવામાં આવ્યું કે જેનાથી મને નબળાઈ આવી ગઈ અને હું બેભાન થઈ ગયો. હું ભાનમાં આવ્યો ત્યારે મને કહેવામાં આવ્યું કે, હું કોઈ સમસ્યા વિના એક કિડની સાથે જીવી શકું છું અને મને ૪.૫ લાખ ટાકા ચૂકવવામાં આવ્યા હતા.

આ ત્રણેય તેમની ભયાનક વાર્તાઓ સાથે બાંગ્લાદેશ પરત ફર્યા છે. પોલીસે આ કેસમાં ચાર્જશીટ દાખલ કરી છે અને ટ્રાયલ શરૂ થવાની તૈયારીમાં છે.

૧૫ ફૂટ ઊંચો પંડાલ બનાવતી વખતે લોખંડની એંગલ હાઈટેન્શન લાઈનને અડી જતાં કરૂણાંતિકા સર્જાઈ

# ગણેશ પંડાલ બાંધી રહેલ ૧૫ યુવાનોને વીજ કરંટ લાગતા એકનું મોત : અન્ય ૧૪ને ઈજા

## વડોદરામાં ધાર્મિક પ્રસંગની ઉજવણીની કામગીરી-દરમ્યાન ગોઝારી ઘટના સર્જાતા છવાઈ ગમગીની

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

ધાર્મિક તહેવારોના ઉત્પાદમાં કેટલીકવાર સર્જાતી હોનારત જીવલેણ બની જતી હોય છે. આવું જ કંઈક વડોદરા જિલ્લામાં બનાવ બનવા પામેલ છે. ગણેશ પંડાલ બાંધી રહેહલા ૧૫ યુવાનને કરંટ લાગ્યો છે. જેમાં ઘટના સ્થળ પર જ એક વ્યકિતનું મૃત્યુ થતા વાતાવરણ ગમનીન બની જવા પામેલ છે.

લાગેલા વડોદરાના પાદરા તાલુકાના ડબકા ગામે તહેવાર નિમિત્તે ગણેશ પંડાલ બાંધવામાં લાગેલા અન્ય ૧૪ યુવાનને અલગ અલગ જગ્યાઓ પર ઈજાઓ થઈ હતી. લોખંડની એંગલ પંડાલ પરથી પસાર થતા હાઈટેન્શન લાઈનને અડી જતા આ દુર્ઘટના બની હતી. વડુ પોલીસ મથકના પીઆઈ એમ.આર.ચૌધરીએ આ અત્રે જણાવ્યું હતું કે મોડીરાત્રે પંડાલ બનાવતા સમયે ઘટના બની છે. અંદાજે ૧૫ ફૂટ ઊંચો પંડાલ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન આ ઘટના બની છે. આ બનાવ અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં મોતને ભેટેલો યુવાન પ્રકાશ ઉર્ફે સચિન ડાહયાભાઈ જાદવ ત્રણ ભાઈમાં બીજા નંબરનો હતો. તે ગામમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતો હતો. તેને ૬ વર્ષની દીકરી છે. પ્રકાશનું મોત નીપજતાં પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે. પ્રકાશ જાદવ સારો ક્રિકેટર હતો. પાદરા તાલુકામાં રમાતી ક્રિકેટ ટુર્નામિન્ટમાં રમતો હતો, આથી તે તાલુકામાં સચિન તરીકે ઓળખાતો હતો. લોકોમાં તેના મૂળ નામ પ્રકાશ કરતાં સચિન તરીકે વધારે જાણીતો હતો. ડબકા ગામમાં છેલ્લાં ૪૦ વર્ષથી ગણેશોત્સવ મનાવવામાં આવે છે. ૪૧મા વર્ષે ગણેશ ઉત્સવ મનાવવા માટે યુવક મંડળના યુવાનો ૧૨ ફૂટની મૂર્તિની સ્થાપના માટે ૧૫ ફૂટ ઊચો પંડાલ બનાવી રહ્યા હતા. અંધારું હોવાથી પંડાલનો લોખંડનો પોલ ૧૧ KV વીજલાઈનને અડી જતાં પંડાલ બનાવવાનું કામ કરી રહેલા ૧૫ યુવાનને કરંટ લાગતાં હાહાકાર સાથે નાસભાગ મચી ગઈ હતી. ગણેશમંડળના અગ્રણી મહેશભાઈ જાદવે જણાવ્યું હતું કે યુવક મંડળ દ્વારા વડોદરામાં ગણેશની મૂર્તિ બુક પણ કરાવી દીધી હતી. શુક્રવારે વડોદરા મૂર્તિ લેવા માટે આવવાના હતા, પરંતુ મોડીરાત્રે બનેલી ઘટનાને પગલે ગામ શોકમાં ગરકાવ થઈ ગયું છે. મંડળ દ્વારા હવે સોપારીની સ્થાપના કરી ગણેશ ઉત્સવ મનાવવાનો નિર્ણય કર્યો છે.

ભરૂચના આમોદમાં અંધશ્રદ્ધાએ લીધો એક માસૂમ બાળકનો ભોગ

# ઝેર ઉતારવા તાંત્રિક વિધિ કરાવી પુત્રને મોતને ઘાટ ઉતારનાર પિતા અને તાંત્રિક કાકાની ધરપકડ

## ● પુત્રને ઝેરી સાપે ડંખ મારતા દવાખાને ન લઈ જઈ ભૂવા પાસે લઈ જવાયો ● પોલીસ પોતે જ બની ફરિયાદી

અમદાવાદ, તા.૪

રાજ્યમાં અંધશ્રદ્ધા નિર્મૂલન કાપદાનું બિલ પાસ કરી દેવાયું છે. જો કે તેની અમલવારી થાય તે પહેલાં જ ભરૂચ જિલ્લા પોલીસે સરાહનીય કામગીરી કરી છે સાથે જ સમાજ સામે આંખ ઉઘાડતો કિસ્સો આવ્યો છે. ભરૂચના આમોદમાં અંધશ્રદ્ધાએ એક બાળકનો ભોગ લીધો છે.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના ભીમપોર ગામે પુત્રને સાપે ડંખ મારવાની ઘટનામાં હોસ્પિટલ નહીં લઈ જઈ અંધશ્રદ્ધામાં ભૂવાના કહેવાથી મંદિરે લઈ જઈ મોતના કારક બનેલા પિતા અને ભૂવા એવા કાકા સામે આમોદ પોલીસ મથકે પોલીસે જાતે ફરિયાદી બની ગુનો દાખલ કરવા સાથે બંનેની ધરપકડ કરી છે.

આમોદ તાલુકાના ભીમપુરા ગામે રહેતાં કાંતિભાઈ રાઠોડના ૧૧ વર્ષીય પુત્ર અરૂણ રાઠોડને બીજી સપ્ટેમબરના રોજ રાત્રીના સમયે ઘરના વાડામાં બાથરૂમ જતા ઝેરી સાપે ડંખ માર્યો હતો.

પૂર્વ સરપંચના પુત્ર એવા પિતા કાંતિભાઈ રાઠોડ અને તેના કાકા સંજય રાઠોડ જે ગામમાં ભુવા તરીકે ઓળખાય છે તેઓ માસુમ તરુણને દવાખાને લઈ જવાને બદલે ગામના મંદિરે ઝેર ઉતારવાની વિધિ કરવા લઈ ગયા હતા. મંદિરે બે કલાક બેસાડી રાખી પિતા અને ભૂવા એવા કાકાએ ઝેર ઉતારવા તાંત્રિક વિધિ કરી હતી. અંતે પુત્રને આમોદ સરકારી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. જયાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જોકે તરુણના મૃતદેહને પિતા અને કાકા તબીબ સાથે ઝઘડો કરી પોસ્ટમોર્ટમ નહિ કરાવી સીધા ઘરે લઈ આવી દફનવિધિ પણ કરી દીધી હતી. મંદિરમાં વિધિ માટે બેસાડી રાખેલ મૃતક અરૂણનો વીડીયો વાયરલ થવા સાથે સરકારી દવાખાનાના મહિલા તબીબની માહિતી આધારે આમોદ પોલીસ મથકના હે.કો. વિજયભાઈ દાનાભાઈએ મૃતકના ઘરે જઈ તપાસ કરતા સમગ્ર હકીકત બહાર આવી હતી. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સૂચનાથી આમોદ પોલીસ મથકે જી રાજેન્દ્રસિંહ અસવરે DYSP પી.એલ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગુનો દાખલ કરવા તજવીજ હાથ ધરી હતી. પોલીસે જાતે ફરિયાદી બની હે.કો. વિજયભાઈએ ફરિયાદ આપતા અંધશ્રદ્ધામાં પુત્રનું મોત નિપજવાનું જાણવા છતાં તાંત્રિક વિધિ કરાવનાર પિતા અને ભૂવા સામે BNSની કલમ ૧૦૫, ૩(૫) હેઠળ ગુનો દાખલ કરાયો હતો. અને માસુમના અંધશ્રદ્ધામાં મોત મામલે પિતા કાંતિ ચુનીલાલ રાઠોડ અને ભૂવા તરીકે ઓળખાતા કાકા સંજય રાઠોડની ધરપકડ કરી લેવાઈ છે. પોલીસે આમોદ મામલતદાર વિનોદચંદ્ર ઝરીવાલાની હાજરીમાં દફન કરેલા સ્થળે કબરમાંથી અરુણનો મૃતદેહ બહાર કાઢી તેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયો છે. જયારે આ મામલે વિજ્ઞાન જાથા દ્વારા પણ ભુવા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# જૂના શિક્ષકોની ભરતી માટે ૮ સપ્ટેમ્બર સુધી ખાલી જગ્યા દર્શાવવાની રહેશે

## ● દરેક જિલ્લાઓ પાસેથી ખાલી જગ્યાઓ અંગેની વિગતો મંગાવવામાં આવી ● ખાલી જગ્યાની વિગતો મળ્યા બાદ જગ્યા ફ્રીઝ કરવાની કાર્યવાહી હાથ પર લેવાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજ્યમાં ૪ હજાર જેટલા જૂના શિક્ષકોની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવા માટેની જાહેરાત કરાયા બાદ હવે જૂના શિક્ષકોની ખાલી જગ્યાઓની વિગતો મંગાવવામાં આવી છે. જિલ્લાઓમાંથી ૮ સપ્ટેમ્બર સુધીમાં ખાલી જગ્યાની વિગતો મોકલવાની રહેશે. ત્યારબાદ ખાલી જગ્યાઓની ઓનલાઈન એન્ટ્રી કર્યા બાદ તે જગ્યા ફ્રીઝ કરવામાં આવશે. એક વાર જગ્યા ફ્રીઝ કરી દેવામાં આવ્યા બાદ તેમાં કોઈ પણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહીં. જૂના શિક્ષકોની જગ્યા ભરવા માટેની કાર્યવાહી શરૂ થાય તે પહેલા આ તમામ પ્રક્રિયા પુર્ણ કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૧ ઓગસ્ટ ૨૦૨૪ની સ્થિતિએ જૂના શિક્ષકો તથા શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાની વિગતો કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા મંગાવવામાં આવેલી છે. જેથી સુચનાઓને ધ્યાને લઈને ખાલી જગ્યાઓની વિગતો પોર્ટલ પર ૮ સપ્ટેમ્બર સુધીમાં એન્ટ્રી કરવા માટે આદેશ કરાયો છે. જે તે જિલ્લાને પોર્ટલની લીંક તેમજ યુઝર આઈ-ડી અને પાસવર્ડ ઓફીસીયલ ઈ-મેઈલ ઉપર મોકલી આપવામાં આવશે.

ખાલી જગ્યાની એન્ટ્રી પૂર્ણ થઈ ગયા બાદ પ્રમાણિત કરી બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની તમામ જગ્યાઓ જૂના શિક્ષક માધ્યમિક, જૂના શિક્ષક ઉચ્ચતર માધ્યમિક, શિક્ષણ સહાયક માધ્યમિક અને શિક્ષણ સહાયક ઉચ્ચતર માધ્યમિક એમ અલગ અલગ પ્રમાણિત નકલ કચેરી ખાતે ૯ સપ્ટેમ્બરના રોજ ભરતી નોડલ અધિકારીએ રૂબરૂ રજૂ કરવાની રહેશે. વર્ષ-૨૦૧૬ની શિક્ષણ સહાયકની ભરતીની ખાલી રહેલી જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી. પોર્ટલ પર સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ દર્શાવવાની રહેશે નહી. જુના શિક્ષકો તથા શિક્ષણ સહાયકની ખાલી જગ્યાઓની ઓન-લાઈન એન્ટ્રી થયા બાદ આગામી સુચના મળ્યેથી જગ્યાઓ ફ્રીઝ કરવાની રહેશે. જગ્યાઓ ફ્રીઝ કર્યા બાદ જગ્યાઓની પી.ડી.એફ. ડી.ઈ.ઓ. લોગ-ઇનમાંથી ડાઉનલોડ કરવાની રહેશે, અને તેના પર જિલ્લા શિક્ષણાધિકારીએ સહી/સિક્કા કરી કચેરી ખાતે જાણકાર અધિકારી સાથે હાજર રહેવાનું રહેશે. એક વાર જગ્યાઓ ફ્રીઝ કરવામાં આવશે ત્યાર બાદ જગ્યાઓમાં ફેરફાર કરી શકાશે નહી, અને તે ખાલી જગ્યા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીની રહેશે. પોર્ટલ પર એન્ટ્રી કરેલી ખાલી જગ્યાઓની સમરી નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

# PhD અને થીસીસ માટે ડૉ.જુનેદ મેમણને મુખ્યમંત્રીના હસ્તે યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ એનાયત




ડૉ જુનેદ મેમણે વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી જિનેટિક અને પ્લાન્ટ બ્રીડિંગમાં PhD પૂર્ણ કર્યું છે. તેઓ અલ્પાઈન સીડ્સ પ્રાઈવેટ લિમિટેડ ગાંધીનગર, ગુજરાત ખાતે આર. એન્ડ ડી. હેડ છે.

તેઓને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા GAAS પ્રમુખ ડૉ. એ.આર. પાઠકની હાજરીમાં તેઓના પીએચ. ડી. સંશોધન અને થીસીસ માટે પ્રતિષ્ઠિત ગુજરાત એસોસિએશન ફોર એગ્રીકલ્ચર સાયન્સ (GAAS) યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો છે. વાઈસ ચાન્સેલર, JAU, ડૉ. V. P. ચોવટીયા તેમજ રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓના અન્ય પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોએ તથા મુખ્યમંત્રીએ તેઓને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી.

# ૨૪ કલાક બાદ રાજ્યમાં વરસાદનું જોર ઘટશે પાંચ દિવસ મધ્યમથી હળવા વરસાદની વકી

## ● ભારે વરસાદને પગલે અમદાવાદ-ઉદયપુર હાઈવે પર ૧૦ કિ.મી. લાંબો ટ્રાફિક જામ ● માછીમારોને દરિયો ન ખેડવા સૂચના ● ૧૯૮ તાલુકાઓમાં નોંધાયો વરસાદ

અમદાવાદ, તા.૪

રાજ્યમાં બે-ચાર સ્થળોને બાદ કરતાં આગામી પાંચ દિવસ વિવિધ ભાગોમાં મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. જો કે, છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા અને પાટણમાં અતિભારે વરસાદની આગાહીને પગલે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તો ૧૪ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે, ૨૪ કલાક બાદ વરસાદનું જોર ઘટશે. ગુજરાતમાં ગત દિવસ દરમિયાન વરસી રહેલા ધોધમાર વરસાદનું આજે કચ્છ, સૌરાષ્ટ્ર, પૂર્વ-મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં જોર ઘટ્યું છે. જયારે દક્ષિણ ગુજરાત કેટલાક જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકમાં સૌથી વધુ ૬ ઈંચ અને નેત્રંગ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જયારે સુરતના ઉમરપાડામાં અને વલસાડ તાલુકામાં ૪ ઈંચ કરતા પણ વધારે વરસાદ નોંધાયો છે. ગત ૨૪ કલાકમાં વલસાડ અને સુરત જિલ્લામાં સૌથી વધુ સરેરાશ ૨ ઈંચ કરતા પણ વધારે, જયારે સમગ્ર ભરૂચ જિલ્લામાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તાલુકાની વાત કરીએ તો મહેસાણાના જોટાણા, સુરતના પલસાણા અને સુરત, બનાસકાંઠાના દાંતીવાડા તેમજ વલસાડના વાપી તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. સાથે જ નર્મદાના નાંદોદ, વલસાડના પારદી, ઉમરગામ અને કપરાડા, સુરતના માંગરોળ, માંડવી અને મહુવા, નવસારીના ખેરગામ, કચ્છના રાપર અને તાપીના સોનગઢ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત રાજ્યના આશરે ૩૦ તાલુકામાં એક ઈંચથી વધુ તેમજ ૧૪૯ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યના કુલ ૧૯૮ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ એક ઈંચથી ઓછો વરસાદ વરસ્યો છે.

બીજી તરફ અનરાધાર વરસાદના કારણે અમદાવાદ-ઉદયપુર હાઈવે પર પાણી ફરી વળ્યા છે. હાઈવે પર અનેક વાહનચાલકો ફસાઈ જતા લાંબો ટ્રાફિક જામ થઈ ગયો છે. આ દરમિયાન ફસાયેલા એક વાહનચાલકે જણાવ્યું છે કે, પાણીમાં ઘણી બધી ગાડીઓ ફસાઈ ગઈ છે. અમદાવાદથી ઉદયપુર અને દિલ્હી, જયપુર જતી ગાડીઓએ હાઈવે પર ના આવવું જોઈએ. જયાં સુધી સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેમને હાઈવે પરની કોઈ હોટલમાં રોકાઈ જવા માટે પણ આ વાહનચાલક જણાવી રહ્યો છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ, હાલમાં ગુજરાત ઉપર ત્રણ સિસ્ટમ સક્રિય છે, જેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ભાગ પર સાઈક્લોનિક સર્ક્યુલેશન તથા ઉત્તર ગુજરાતના ભાગ પર મોન્સૂન ટ્રફની અસર રહેશે. જેને કારણે રાજ્યના કેટલાક ભાગોમાં આજે વરસાદી માહોલ રહેશે. તો ૨૪ કલાક બાદ એટલે કે પાંચ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તદુપરાંત અમદાવાદ તથા ગાંધીનગરમાં આગામી પાંચ દિવસ દરમિયાન હળવા છૂટાછવાયા વરસાદી ઝાપટાં વરસી શકે છે. વરસાદમાં ઘટાડો થવાથી વાતાવરણમાં તાપમાનનું પ્રમાણ વધ્યું છે. જયારે આવતીકાલે કચ્છ, મોરબી, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, ભરૂચ, સુરત, નવસારી, દમણ અને દાદરા અને નગર હવેલીમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે તો ૬ સપ્ટેમ્બરે કચ્છ, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં યલો એલર્ટ જયારે ૭ સપ્ટેમ્બરે બનાસકાંઠા, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલી અને ૮ સપ્ટેમ્બરે વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

### ઓટો ફાઈનાન્સિંગ માટે HDFC બેંક અને JLR વચ્ચે કરાર

અમદાવાદ, તા.૪

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી એચડીએફસી બેંક અને જેએલઆર ઈન્ડિયાએ ઓટો ફાઈનાન્સિંગ માટે એક મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. એચડીએફસી બેંક હવે જેએલઆરની પસંદગીની વ્હિકલ ફાઈનાન્સર હશે. તેનાથી ગ્રાહકોને અનેકવિધ લાભ પ્રાપ્ત થશે જેમ કે, ફાઈનાન્સિંગની ખાસ સ્કીમો, એક્સક્લુસિવ ઓફરો/ઈવેન્ટ્સ અને પ્રાથમિકતા આપનારી સેવાઓ/ એન્ગેજમેન્ટ્સ વગેરે. આ બંને બ્રાન્ડ્સની સંયુક્ત ક્ષમતાઓનો લાભ ઉઠાવીને આ એમઓયુ કરવા પાછળનો ઉદ્દેશ્ય ગ્રાહકોને ધીરાણના ખામીરહીત વિકલ્પો અને આધુનિક વૈભવી ગાડી ખરીદવાનો અનુભવ પૂરાં પાડવાનો છે.

### GIGA લોન્ચ કરતી HDFC બેંક

અમદાવાદ, તા.૪

દેશની ખાનગી ક્ષેત્રની સોથી મોટી એચડીએફસી બેંકે GIGA લોન્ચ કર્યું છે. જે ખાસ કરીને ગીગ વર્કર્સ/ફ્રીલાન્સર્સ માટે રચાયેલ ઉત્પાદનો અને સેવાઓનો સંપૂર્ણ ફાઈનાન્સિયલ સ્યૂટ છે. બેંકે ફ્રિલાન્સર્સની જરૂરિયાતો સમજવા માટે કન્ઝ્યુમર રિસર્ચ અભ્યાસ હાથ ધર્યો હતો. ત્યારબાદ તેના તારણના આધારે GIGA લોન્ચ કર્યું છે. જે ફ્રિલાન્સર્સની જરૂરિયાતોને સંબોધતા કસ્ટમાઈઝ પ્રોડક્ટસ અને સેવાઓ પ્રદાન કરતો પ્રથમ ડિજિટલ પ્રોગ્રામ છે.

# સહકારી મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવાના પરિપત્ર વિરૂદ્ધ હાઈકોર્ટમાં રિટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજયની સહકારી મંડળીઓ અને સભાસદોને માત્ર જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં જ ખાતા ખોલાવવા ફરમાન જારી કરતાં રાજયના જિલ્લા સહકારી રજિસ્ટ્રાર દ્વારા જારી પરિપત્રને પડકારતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાઈ છે.

રિટ અરજીમાં એવા મુદ્દા ઉપસ્થિત કરાયા છે કે, જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો આ પરિપત્ર ગુજરાત કો.ઓપરેટીવ સોસાયટીઝ એકટ-૧૯૬૧ની જોગવાઈઓથી વિરૂદ્ધનો છે. સરકારના આ પરિપત્રથી બંધારણની કલમ-૪૩નો પણ ભંગ થતો હોઈ તે રદબાતલ થવાપાત્ર ઠરે છે. કાયદાકીય જોગવાઈ, આરબીઆઈ ગાઈડલાઈન્સ કે બંધારણીય જોગવાઈથી ઉપરવટ જઈને સરકાર કે સત્તાવાળાઓ આવો કોઈપણ પરિપત્ર જારી કરી શકે નહી. ચોક્કસ પ્રકારની બેંકોમાં જ ખાતુ ખોલાવવા માટે સરકારના સત્તાવાળાઓ ફરજ પાડી શકે નહી. આમ કરવાની તેઓને કોઈ સત્તા જ નથી.

વળી, અગાઉ માધુપુરા બેંક જેવી અનેક બેંકો ફડચામાં જતાં હજારો થાપણદારોની મહેનત પરસેવાની કમાણી ડૂબી ગઈ છે. આ સંજોગોમાં જો સહકારી મંડળીઓના નાણાં એક જ મધ્યસ્થ સહકારી બેંકમાં મૂકવામાં આવે અને આવી બેંકો ફડચામાં જાય કે ડૂબી જાય તો, સહકારી મંડળીઓના રોકાણકારોની લાખો કરોડોની ડિપોઝીટોની સલામતી અને આર્થિક સુરક્ષાને લઈ ગંભીર પ્રશ્નો ઉભા થાય. આ સંજોગોમાં જિલ્લા સહકારી રજિસ્ટ્રારનો પરિપત્ર ગેરકાયદે અને ગેરબંધારણીય હોઈ રદબાતલ ઠરાવવો જોઈએ. રિટ અરજીમાં આ વિવાદીત પરિપત્રની કાયદેસરતાને પડકારી સરકારનો આ પરિપત્ર આરબીઆઈની માર્ગદર્શિકાની વિરૂદ્ધનો હોઈ તેને રદબાતલ ઠરાવવા દાદ મંગાઈ છે.

### માહે રબીઉલ અવ્વલનો ચાંદ દેખાયો : ૧૬મીએ ઈદે મિલાદુન્નબી મનાવાશે

અમદાવાદ,તા.૪

ગતરોજ મગરિબની નમાઝ બાદ માહે રબીઉલ અવ્વલનો ચાંદ દેખાયાની શરઈ ગવાહી મળતા તા.૫-૯-૨૦૨૪ ગુરૂવારના રોજ માહે રબીઉલ અવ્વલનો પહેલો ચાંદ ગણાશે, જે નિમિત્તે ઈદે મિલાદુન્નબી તા.૧૬-૯-૨૦૨૪ સોમવારના રોજ મનાવવામાં આવશે. એમ ગુજરાત ચાંદ કમિટીના પ્રમુખ મુફતી મોહમ્મદ શબ્બીર અહેમદ સિદ્દીકી, શહેર કાઝી સૈયદ મોહમ્મદ શોએબ તથા જનરલ સેકેટરી મુનીર એચ. કલીમીની એક યાદીમાં જણાવાયું છે.

હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી પસાર થતાં

# હાઈવે પર ખાડા પૂરવા નાંખેલ મટીરિયલ્સને લઈ ૨૦થી વધુ વાહનચાલકો સ્લીપ ખાઈને પડ્યા

## વાહનો સ્લીપ થતા દિશા બદલાઈ જાય છે : ખાડા પૂરવા માટે નાંખેલ મટીરિયલ્સ વરસાદ પડતા પાણી સાથે વાહનોના ટાયરમાં ચોંટીને રોડ પર ફેલાયું



હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી નેશનલ હાઈવે ૪૮ પસાર થાય છે. જયાં ખરાબ રોડ અને ખાડા પૂરવા માટે નાખેલ મટીરિયલ્સને લઈને રોડ અવર જવર કરતા વાહન ચાલકો સ્લીપ ખાઈને પડી રહ્યા છે તો વાહનોની દિશા પણ બદલાય છે. ત્યારે આ પરિસ્થિતિમાં જવાબદાર કોણ એ સવાલ મહત્વનો છે. સહકારી જીન વિસ્તારમાં નેશનલ હાઈવેની અધુરો ઓવરબ્રિજની કામગીરી અને બંને તરફના ખાડાવાળા સર્વિસ રોડથી વાહનચાલકો પરેશાન થયા છે. જેને લઈને વિરોધ પ્રદર્શન કરીને રજૂઆત કરતા ખાડા પૂર્યા છે, પરંતુ વરસાદ આવતા પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. ખાડા પૂરવા માટે નાખેલ મટીરિયલ્સ વરસાદી પાણીની સાથે ચોંટીને રોડ પર ફેલાયું છે. જેને લઈને વાહનચાલકોના વાહનો સ્લીપ ખાઈ જાય છે અને દિશા પણ બદલાઈ જાય છે . સહકારી જીનથી પોલીટેકનીક ચાર રસ્તા તરફ જતા રોડ પર ગઈકાલે સાંજથી પરિસ્થિતિ ખરાબ થઈ હતી. આજ સાંજ સુધીમાં ૨૦ થી વધુ વાહનચાલકો સ્લીપ ખાઈને પડ્યા છે, જેને લઈને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે આ વિસ્તારના રોડ નજીક આવેલ ગોડાઉનના માલિક હિતેશભાઈ પટેલ સાથે થયેલ ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું કે, આજે સવારથી એક પછી એક ૨૦ જેટલા વાહન ચાલકો સ્લીપ ખાઈ પડ્યા છે. તો ખાડા પૂરેલ મટીરિયલ્સ વરસાદ પડતાં પાણી સાથે વાહનોના ટાયરમાં ચોંટીને રોડ પર ફેલાયું છે. પરિણામે વાહન ચાલકો સ્લીપ ખાઈ રહ્યા છે. જેમાં ટુ વ્હીલર , ફોર વ્હીલર ભોગ ટુ બની રહ્યા છે. ત્યારે આ ઘટના મોટી દુર્ઘટના બને તો જવાબદાર કોણ તે સવાલ છે. રોડ પર ચાલતા વાહનો સ્લીપ મારવાનો બનાવ સીસીટીવીમાં કેદ થયો હતો. જે સામે આવ્યો છે, જેમાં ઇકો રોડ પર જતી હોય છે તે અચાનક સ્લીપ થતા દિશા બદલાઈ જાય છે. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

# પાટનગરના રાયસણથી ત્યજી દેવાયેલી બાળકી મળી

અમદાવાદ, તા.૪

સોમવારે રાત્રે ગાંધીનગરમાં ધોધમાર વરસાદ પડી રહ્યો હોવાથી મોટાભાગના લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. રાયસણ ગામમાં રહેતા અને ડ્રાઈવિંગ કરી ગુજરાન ચલાવતા અશ્વિનભાઈ દશરથજી ઠાકોર રાત્રે પોતાના પરિવાર સાથે ઘરે હાજર હતા. દરમિયાન તેમના મિત્ર આનંદ રેવાભાઈ પરમારનો ફોન આવ્યો હતો. આનંદભાઈએ કહ્યું હતું કે, રાયસણ ગામ તરફ જવાના રોડ ઉપર પંકજ જોશીના ફાર્મ નજીક નવજાત બાળક ત્યજી દેવાયેલી હાલતમાં પડ્યું છે. પળનો પણ વિલંબ કર્યા વગર અશ્વિનભાઈ અને તેમના કાકી જશીબેન જયંતીજી ઠાકોર સ્થળ ઉપર પહોંચી ગયા હતા. બાળકીની કફોડી હાલત જોઈને જશીબેને તરત તેને ઊંચકી લીધી હતી અને નજીકમાં આવેલા છાપરાઓમાંથી અન્ય કપડાં અને ગોદડીઓ લઈ આવ્યા હતા. બાળકીને વરસાદથી બચાવવા ઉપરાંત હૂંફ આપવાની સાથે જશીબેન તથા અશ્વિનભાઈએ આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. જો કે બાળકીના વાલી અંગે કોઈ સમાચાર નહીં મળતા પોલીસ અને ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ મારફતે બાળકીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાઈ હતી. દરમિયાન ઈન્ફોસિટી પોલીસે બાળકીને તરછોડી દેવાના કિસ્સામાં વધુ તપાસ હાથ ધરી છે.

## જાહેર નોટિસ

આથી હું શેખ વાસિફ હુસૈન અખ્તર હુસૈન અલ-બરકહ ક્રેડિટ એન્ડ કન્ઝયુમર કો-ઓપરેટિવ સોસાયટી લિ. મુકામ રખિયાલ, અમદાવાદની મંડળી (REG/AHD/(C)/SE(SH) 45954/2020)ના પ્રમુખ તરીકે આ જાહેર નોટિસથી જણાવું છું કે, અમોએ અમદાવાદ જિલ્લાના (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ સિવાય) બરોડા શહેર, સુરત શહેર, વલસાડ જિલ્લા અને મહેસાણા જિલ્લાના કર્મ વિસ્તાર માટે સહકારી ધોરણે શાખા ખોલવાની હોઈ જે બાબતે જે વ્યક્તિ, સંસ્થા કે મંડળીને વાંધો/વિરોધ હોય તો અમોને અમારી ઓફિસના સરનામે K-110, સુમેલ-૮, અજીત મીલ ચાર રસ્તા પાસે, રખિયાલ, અમદાવાદ-૩૮૦૦૨૩ મુકામે દિન-૧૦માં જાણ કરવામાં આવે. દિન-૧૦માં જો કોઈ પક્ષકારો તરફથી વાંધો/વિરોધ રજૂ કરવામાં આવશે નહીં તો અમારી ક્રેડિટ મંડળીની શાખા ખોલવા સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવશે જેની સંબંધિતોએ નોંધ લેવી.

સ્થળ : અમદાવાદ

તા.૪-૯-૨૦૨૪

પ્રમુખ : વાસિફ હુસૈન અખ્તર હુસૈન અલ-બરકહ ક્રેડિટ એન્ડ કન્ઝ્યૂમર કો-ઓપરેટિવ સોસાયટી લિ. મુ.રખિયાલ, અમદાવાદ.

# ગૌરક્ષકોના આતંકનો ભોગ બનનાર આર્યન મિશ્રાના પિતાનો સવાલ - શું મોદી સરકારે તેઓને કોઈને પણ ગૌ-તસ્કર ગણીને ગોળી મારવાનો અધિકાર આપ્યો છે ?

(એજન્સી) તા.૪

દિલ્હી નજીક ફરીદાબાદમાં કહેવાતા ગૌરક્ષકો અને ધોરણ ૧૨ના વિદ્યાર્થી વચ્ચે કારની અથડામણનો અને કથિત હત્યાનો વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. આ જૂથે વિદ્યાર્થી આર્યન મિશ્રાને પશુના તસ્કર સમજીને ગોળી મારી દીધી હતી. પોલીસે જણાવ્યું કે તમામ પાંચ આરોપીઓ - સૌરભ, અનિલ કૌશિક, વરુણ, કૃષ્ણા અને આદેશની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ આ મામલે આર્યનના પિતાનું નિવેદન પણ ઓછું મહત્વનું નથી. ANIએ પીડિત આર્યનના પિતા સાથે વાત કરી હતી. આર્યનના પિતા સિયાનંદ મિશ્રાએ ANIને જણાવ્યું હતું કે, - મારો પુત્ર, જેનું નામ આર્યન મિશ્રા છે, તે ૧૨મા ધોરણનો વિદ્યાર્થી હતો. મને કંઈ ખબર ન હતી... પછી મને ખબર પડી કે મારા પુત્રને ગાયની તસ્કરીની શંકામાં ગોળી મારી દેવામાં આવી હતી. ગાયની તસ્કરીની શંકામાં કોઈને ગોળી મારવાનો અધિકાર કોણ આપે છે ? શું મોદી સરકારે આવો અધિકાર આપ્યો છે ?... પોલીસે કહ્યું છે કે, આ કેસમાં ૫ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને કેસ ઉકેલાઈ ગયો છે.



આગ્રા-દિલ્હી હાઈવે પર ગઢપુરી ટોલ પ્લાઝાનો સીસીટીવી વીડિયો સામે આવ્યો છે. તે વીડિયોમાં આર્યન તેના મિત્રો શૈંકી અને હર્ષિત સાથે લાલ એસયુવી (ડસ્ટર)માં જોઈ શકાય છે. સીસીટીવી ફૂટેજ ૨૪ ઓગસ્ટે સવારે ૩ વાગ્યાની આસપાસના છે. આર્યન અને તેના મિત્રો ટોલ પ્લાઝાથી ભાગતા જોઈ શકાય છે, અને પાંચ આરોપીઓ સફેદ હેચબેકમાં તેમનો પીછો કરી રહ્યા છે. થોડીક સેકન્ડો પછી, ગૌરક્ષક ગુંડાઓએ કાર પર ગોળીબાર કર્યો હતો, જેમાં આર્યન મિશ્રાનું મોત થયું હતું.

પોલીસે જણાવ્યું કે, આરોપીઓએ પૂછપરછ દરમિયાન ખુલાસો કર્યો કે તેમને માહિતી મળી હતી કે બે SUV ચલાવતા કેટલાક શંકાસ્પદ પશુ તસ્કરો શહેરમાં રેકી કરી રહ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપીઓએ પીડિત આર્યન મિશ્રા અને તેના મિત્રોને પશુ તસ્કરો સમજી લીધા હતા અને દિલ્હી-આગ્રા નેશનલ હાઈવે પર ગઢપુરી ટોલ નજીક લગભગ ૩૦ કિલોમીટર સુધી તેમની કારનો પીછો કર્યો હતો. આરોપીઓએ પોલીસને કહ્યું હતું કે જ્યારે તેઓએ પીડિતની કારને રોકવાનું કહ્યું ત્યારે ડ્રાઈવરે વાહનની સ્પીડ વધારી દીધી, જેના પછી તેમણે પલવલના ગઢપુરી ટોલ પર ગોળીબાર કર્યો અને તેમને ટક્કર મારી દીધી હતી.

આર્યનના પિતા સિયાનંદ મિશ્રાને એક જ સવાલ છે કે આ કહેવાતા ગૌરક્ષકોને ગોળી મારવાનો અધિકાર કોણે આપ્યો છે. જો નરેન્દ્ર મોદી સરકારે આવો અધિકાર આપ્યો છે તો શા માટે ?

ફરીદાબાદ પોલીસ અધિકારીઓ આરોપીઓની પૃષ્ઠભૂમિ વિશે કોઈ માહિતી આપી રહ્યા નથી. તેમજ આરોપીઓ અગાઉ આવા બનાવોમાં સામેલ છે કે કેમ તે પણ તેઓ જણાવી રહ્યા નથી. કારણ કે ગાય સંરક્ષણના નામે ફરીદાબાદ, પલવલ, મેવાત અને ગુડગાંવ જિલ્લામાં અનેક હત્યાઓ થઈ છે. આ ચાર જિલ્લામાં ગૌ રક્ષકોના ઘણા જૂથો સક્રિય છે. આ ગાયોના રક્ષક જૂથો રાજસ્થાન સુધી વાહનોનો પીછો કરે છે અને વાહનો પર હુમલો કરવાથી લઈને ગોળીઓ ચલાવવા સુધી બધી રીતે આતંક ફેલાવે છે. હરિયાણા અને રાજસ્થાનમાં, ઘણા પશુપાલકો ગાય અને ભેંસ ખરીદે છે અને એક વિસ્તારમાંથી બીજા વિસ્તારમાં લઈને જાય છે. રાજ્યમાં ગૌ સંરક્ષણ માટે કડક કાયદા છે અને ગૌમાંસ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. પરંતુ ભેંસના માંસ પર કોઈ પ્રતિબંધ નથી. કારણ કે તેમાંથી સરકારને આવક થાય છે. પરંતુ આવા લોકો ભેંસના માંસને ગૌમાંસ ગણાવીને પશુપાલકોને હેરાન કરે છે.

હરિયાણામાં કથિત ગૌ રક્ષકોનો આતંક વધી રહ્યો છે. તાજેતરમાં ચરખીદાદ્રીમાં કચરો ભેગો કરી રહેલા બંગાળી મજૂર સાબીરની ગૌમાંસ ખાવાની શંકામાં હત્યા કરવામાં આવી હતી. આ ઘટના પર હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ નિવેદન આપ્યું હતું કે અહીં ગામડાઓમાં ગાયોનું ઘણું સન્માન કરવામાં આવે છે. જો ગ્રામજનોને ખબર પડી જાય તો તેમને રોકવા મુશ્કેલ બની જાય છે. ગયા અઠવાડિયે બનેલી ચરખીદાદીની ઘટના પર પણ ઢાંકપિછોડો કરવામાં આવ્યો હતો. અગાઉ પણ આવી ઘટનાઓ મેવાતમાં બની છે, જ્યારે કથિત ગૌ રક્ષકોએ કાયદો હાથમાં લઈને આવી ઘટનાઓને અંજામ આપ્યો છે.

બલ્લભગઢમાં જુનૈદ નામના યુવકની ચાલતી ટ્રેનમાં અસામાજિક તત્વો દ્વારા આવી જ રીતે હત્યા કરવામાં આવી હતી, પરંતુ આ કેસ ટ્રેનની સીટ વિવાદ સાથે જોડાયેલો હતો. ગુડગાંવના કથિત ગૌપાલકોએ રાજસ્થાનથી પશુપાલકોનું અપહરણ કરીને ભિવાની પાસે તેમના વાહન સાથે તેમને જીવતા સળગાવી દીધા હતા.

# "તે કારનો પીછો કરી રહ્યો હતો" : ફરીદાબાદના વિદ્યાર્થીની હત્યા કરનાર ગૌરક્ષક જૂથમાં સામેલ આરોપીની માતાની કબૂલાત

**૨૩ ઓગસ્ટના રોજ ફરીદાબાદનો વિદ્યાર્થી આર્યન મિશ્રા તેના મિત્રો સાથે રેનો ડસ્ટરમાં મુસાફરી કરી રહ્યો હતો, જેમાં બે છોકરીઓનો સમાવેશ થાય છે, ત્યારે અનિલ કૌશિક, વરુણ, ક્રિષ્ના, આદેશ અને સૌરભ નામના પાંચ શખ્સોએ તેની કારનો પીછો કર્યો હતો. આ માણસોએ ડસ્ટરને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ મિશ્રા અને તેના મિત્રોએ જલ્દી ડ્રાઈવ કરવાનું પસંદ કર્યું કારણ કે તેમને લાગ્યું કે તેમની પાછળ ગુંડાઓ મોકલવામાં આવ્યા છે. પીછો કરતાં પુરુષોએ ડસ્ટર પર ગોળીબાર કર્યો, આર્યનને બે વાર ગોળી મારી હતી જેનાથી તેનું મૃત્યુ થયું હતું. જ્યારે આ પુરુષોએ બંને છોકરીઓને કારમાં જોઈ ત્યારે તેમને સમજાયું કે તેઓએ ભૂલ કરી છે અને તેઓ ભાગી ગયા હતા**

**ન્યુઝ પોઈન્ટ**

**યેનકેન પ્રકારે આરોપીઓને બચાવવાના પ્રયાસો થતાં દેખાય છે અને વિરોધ પ્રદર્શન પશ્ચિમ બંગાળમાં થાય છે. ધો. ૧૨માં અભ્યાસ કરતો છોકરો એના મિત્રો જોડે ડસ્ટર કાર લઈને નીકળે છે. છેક ૨૩મી ઓગસ્ટનો બનાવ અને મીડિયા, કોર્ટ, મંત્રીઓ ચૂપ છે. શું આ ખૂન કરનારાઓ ખરેખર ગૌ રક્ષક હોઈ શકે ? ડસ્ટર કારમાં સુંદર છોકરીઓને જોઈ કોઈ દુષ્કર્મ કરવાના ઈરાદા સાથે છોકરાઓને ડરાવી છોકરીઓને ઉપાડી જવાનો પ્લાન દેખાઈ આવે છે ? ગૌરક્ષકોને ખબર નહીં હોય કે ગાયને ટ્રકમાં લઈ જવાય કે નાનકડી કારમાં ? પરંતુ ગંભીર ગુનામાંથી બચાવવા અને લોકોની લાગણી મેળવવા આરોપીઓની લાયકાત દેખાડી દીધી કે તેઓ તો ગૌરક્ષક હતા અને આ એક "સામાન્ય" ઘટના બનતા બની ગઈ. વળી નવા કાયદા પ્રમાણે તો લિન્ચીંગ એટલે "મર્ડર" નહી અને સજા આજીવન કેદને બદલે ફક્ત ૭ વર્ષની જ થઈ શકે. જ્યારે સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પ્રમાણે ૭ વર્ષની સજાના કેસમાં પોલીસ જ જામીન લઈ આરોપીને મુક્ત કરી શકે !**

(એજન્સી) તા.૪

ફરીદાબાદ પોલીસે કહ્યું છે કે આ હુમલાખોરો 'ગૌરક્ષકો' હતા તે સાબિત કરવા માટે હજુ સુધી તેની પાસે કોઈ પુરાવા નથી. હરિયાણાના ફરીદાબાદમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થીને પશુ તસ્કર સમજીને પાંચ લોકોએ મારી નાખ્યા પછી હજુ પણ ફરીદાબાદ પોલીસે એવું જ કહ્યું છે કે આ હુમલાખોરો 'ગૌરક્ષકો' હતા અથવા આવી અન્ય ઘટનાઓ સાથે સંકળાયેલા કોઈપણ સંગઠન સાથે કામ કરતાં હોવાનું સાબિત કરવા માટે હજુ સુધી તેની પાસે કોઈ પુરાવા નથી. જો કે, એનડીટીવીએ આ મુખ્ય આરોપીની માતા સાથે વાત કરી, જેમણે તેમના આ દાવાઓને ખોટા ગણાવ્યા છે.

માતાએ સ્વીકાર્યું કે તેનો પુત્ર "ગાયનો રક્ષક" છે એટલું જ નહીં પરંતુ તેણે એમ પણ કહ્યું છે કે તેનો પુત્ર કારનો પીછો કરી રહ્યો હતો અને જેમાં વિદ્યાર્થીનું મોત થયું હતું. તેણીનો પુત્ર નિર્દોષ હોવાનું કહેતા, તેણીએ કહ્યું કે તેણે ગોળી ચલાવી ન હતી જેના લીધે વિદ્યાર્થીની હત્યા થઈ હતી. આ પુરાવાઓમાં NDTVએ મુખ્ય આરોપીની ઑફિસની મુલાકાત લીધી જ્યાં લોકોએ કહ્યું કે તે ગૌરક્ષક તરીકે જાણીતો છે, અને તેની સંસ્થા 'લાઈવ ફોર નેશન' દ્વારા પોસ્ટ કરાયેલ YouTube વીડિયો પણ જોવા મળ્યો જ્યાં તેના સભ્યો ગાય સંરક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ જોવા મળે છે. કેટલાક વિડિયોમાં આ લોકો કારમાં લોકોનો પીછો કરતા પણ જોવા મળે છે.

૨૩ ઓગસ્ટના રોજ ફરીદાબાદનો વિદ્યાર્થી આર્યન મિશ્રા તેના મિત્રો સાથે રેનો ડસ્ટરમાં મુસાફરી કરી રહ્યો હતો, જેમાં બે છોકરીઓનો સમાવેશ થાય છે, ત્યારે અનિલ કૌશિક, વરુણ, ક્રિષ્ના, આદેશ અને સૌરભ નામના પાંચ શખ્સોએ તેની કારનો પીછો કર્યો હતો. આ માણસોએ ડસ્ટરને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ મિશ્રા અને તેના મિત્રોએ જલ્દી ડ્રાઈવ કરવાનું પસંદ કર્યું કારણ કે તેમને લાગ્યું કે તેમની પાછળ ગુંડાઓ મોકલવામાં આવ્યા છે. પીછો કરતાં પુરુષોએ ડસ્ટર પર ગોળીબાર કર્યો, આર્યનને બે વાર ગોળી મારી હતી જેનાથી તેનું મૃત્યુ થયું હતું. જ્યારે આ પુરુષોએ બંને છોકરીઓને કારમાં જોઈ ત્યારે તેમને સમજાયું કે તેઓએ ભૂલ કરી છે અને તેઓ ભાગી ગયા હતા. આ કેસના મુખ્ય આરોપી અનિલ કૌશિક અને અન્ય ચારની ફરીદાબાદ પોલીસે બાદમાં ધરપકડ કરી હતી. મંગળવારે એનડીટીવી સાથે વાત કરતા, ફરીદાબાદ પોલીસના આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ક્રાઈમ) અમન યાદવે જણાવ્યું હતું કે તેમની પાસે અત્યાર સુધી એવા કોઈ પુરાવા નથી કે જે દર્શાવે છે કે કૌશિક અને અન્ય લોકો ગૌરક્ષક છે અથવા આવા કોઈ સંગઠન સાથે જોડાયેલા છે. NDTV એ જ દિવસે ફરીદાબાદમાં કૌશિકના ઘરની મુલાકાત લીધી હતી અને તેની માતા સાથે વાત કરી હતી, જેમણે માત્ર "ગાય સંરક્ષણ" માટે તેના કામ વિશે જ નહીં પરંતુ ૨૩ ઓગસ્ટના રોજ જે પીછો કર્યો હતો તેની પણ વિગતો આપી હતી અને કહ્યું હતું કે, હા, મારો પુત્ર તે રાત્રે તે કારનો પીછો કરી રહ્યો હતો. તેણે મને કહ્યું કે તેને લાગે છે કે કારમાં કોઈ ગાયની તસ્કરી થઈ રહી છે. તેણે એ પણ કહ્યું કે પ્રથમ ગોળી ડસ્ટરમાંથી છોડવામાં આવી હતી. પરંતુ તેણે કોઈ ગોળી ચલાવી ન હતી. મને ખબર નથી કે આર્યન મિશ્રાને કોની ગોળી લાગી છે.



એનડીટીવીએ પણ કૌશિકના ઘરના કમ્પાઉન્ડમાં બે વાહનો પાર્ક કરેલા જોયા. પ્રથમ, મહિન્દ્રા બોલેરો, તેના પર 'ગૌરક્ષા દળ' લખેલું હતું જ્યારે બીજી ગાયની એમ્બ્યુલન્સ હતી જેમાં કૌશિકનું નામ હતું અને તેના પર 'લિવ ફોર નેશન' લખેલું હતું. 'લાઈવ ફોર નેશન'ની ઓફિસનું સરનામું ફરીદાબાદમાં પાર્વતીયા કોલોની છે અને જ્યારે NDTVએ ત્યાં મુલાકાત લીધી ત્યારે તેને બહાર 'કૌશિક પ્રોપર્ટીઝ' લખેલું બોર્ડ જોવા મળ્યું. ઓફિસની આજુબાજુના વિસ્તારના લોકોએ પણ કૌશિક ગાયનો રક્ષક હોવાનું જણાવ્યું હતું અને ઓફિસની નજીક પાર્ક કરેલા એક વાહન તરફ ઈશારો કર્યો હતો જેનો ઉપયોગ આવી પ્રવૃત્તિઓમાં થતો હતો.

# ડેનમાર્ક દ્વારા બીજેપીના કાર્યક્રમમાં હાજરી આપવા માટે રાષ્ટ્રની મુલાકાત લેતા ભારતીય વિદ્યાર્થિનીની ગેરકાયદેસર રીતે અટકાયત, દરમિયાનગીરી બાદ મુક્ત

## મહારાષ્ટ્રની વિદ્યાર્થિનીને કોપનહેગનમાં ડેનિશ સત્તાવાળાઓ દ્વારા ભાજપના વિદેશી સભ્યો અને ટોચના નેતૃત્વની દરમિયાનગીરી બાદ મુક્ત કરવામાં આવી હતી

(એજન્સી) તા.૪

મહારાષ્ટ્રની એક વિદ્યાર્થિનીને ડેનિશ સત્તાવાળાઓ દ્વારા કોપનહેગનમાં અટકાયતમાં લેવામાં આવી હતી જેણે તેને દેશમાં નિશ્ચિત મુદત વધુ રોકાણ કરવા બદલ દોષી ઠેરવી હતી. સૃષ્ટિ હોડે, જે યુકેમાં એક વિદ્યાર્થી છે, તે ભારતીય જનતા પાર્ટી (BJP)ના વિદેશી સભ્યો દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે ડેનિશ રાજધાનીમાં હતી. ડેનિશ ઈમિગ્રેશન સત્તાવાળાઓ દ્વારા તેને કોપનહેગન એરપોર્ટ પર અટકાયતમાં લેવામાં આવી હતી જેમણે દાવો કર્યો હતો કે તે નિશ્ચિત સમય મર્યાદા કરતાં વધુ સમય રોકાઈ હતી. હોડેએ કહ્યું કે તે દેશ છોડી જ દેવાની હતી પરંતુ તેની પ્રસ્થાન ફ્લાઈટમાં વિલંબ થયો હતો તેથી તેને



અટકાયતમાં લેવામાં આવી હતી. તેણે એમ પણ કહ્યું કે તેને બે દિવસના વિઝા આપવામાં આવ્યા છે. ભાજપની વિદેશી પાંખના કાર્યકર્તાઓએ દરમિયાનગીરી કર્યા બાદ હોડેને બાદમાં મુક્ત કરવામાં આવી હતી. મીડિયા સાથે વાત કરતા સૂત્રોએ જણાવ્યું હતું કે ટોચના નેતૃત્વની દરમિયાનગીરી બાદ હોડેને મુક્ત કરવામાં આવી હતી, જેમાં ભાજપના વિદેશ વિભાગના પ્રભારી ડૉ. વિજય ચૌથાઈવાલે આગેવાની લીધી હતી. હોડેએ દાવો કર્યો હતો કે તેની અટકાયત દરમિયાન તેને કોઈ ખોરાક આપવામાં આવ્યો ન હતો. તેણે એમ પણ કહ્યું હતું કે ડેનમાર્કે તેના પર યુરોપિયન યુનિયન (EU)માં બે વર્ષનો પ્રવેશ પ્રતિબંધ મૂક્યો હતો અને નિર્ણયને 'અયોગ્ય' ગણાવ્યો હતો. ભાજપના કાર્યકર્તાઓના હસ્તક્ષેપ બાદ તેને યુકે પરત જવાની મંજૂરી આપવામાં આવી હતી.

# 'હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડી વિખવાદ સર્જ્યો' આસામ ગાયકની ધરપકડ FIRમાં દાવો

## ધરપકડ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને ભડકાવવાના હેતુથી ઈરાદાપૂર્વક અને દૂષિત કૃત્યો) હેઠળ ૩૦ ઓગસ્ટના રોજ સુઓમોટો FIR પછી કરવામાં આવી હતી, ગાયકને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે

(એજન્સી) તા.૪

આસામના બંગાળી-મુસ્લિમ ગાયક અલ્તાપ હુસૈન, જેની એક વિવાદાસ્પદ વિરોધ ગીત મુદ્દે ધરપકડ કરવામાં આવી હતી, તે 'હિંદુ અને મુસ્લિમ સમુદાયો વચ્ચેના વિવાદ'ને ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો એવું કેસમાં નોંધાયેલ FIR જણાવે છે. ધુબરીના ૩૫ વર્ષીય ગાયક અલ્તાપની આસામી ભાષામાં ગાયેલું 'આસોમ તુમાર બાપોર નેકી, ખાલી મિયા ખેડીબો ખુજા (શું આસામ તમારા પિતાનું છે કે તમે મિયાને બહાર કાઢવા માંગો છો)' નામના વિરોધ ગીત માટે ધરપકડ કરવામાં આવી હતી. 'મિયા' બંગાળી મુસ્લિમો માટે અપમાનજનક શબ્દ છે. ધરપકડ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૯૯ (કોઈપણ વર્ગની ધાર્મિક લાગણીઓને ભડકાવવાના હેતુથી ઈરાદાપૂર્વક અને દૂષિત કૃત્યો) હેઠળ ૩૦ ઓગસ્ટના રોજ નોંધાયેલી સુઓમોટો એફઆઈઆરને પગલે થઈ હતી. ગાયકને પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. રાજ્યમાં તાજેતરના તણાવને પગલે ગયા અઠવાડિયે ગીત રિલીઝ કરવામાં આવ્યું હતું અને વ્યાપકપણે ઑનલાઈન પ્રસારિત થયું હતું, આ ગીતના વીડિયોમાં અલ્તાપ આસામના લોક નૃત્ય, બિહુ જેવી હિલચાલ સાથે નૃત્ય કરે છે. ગૌરીપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ અને જે એફઆઈઆરનો આધાર છે, તે એક ચોક્કસ લાઈન તરફ નિર્દેશ કરે છે. ફરિયાદમાં જણાવાયું છે કે, 'તેમના ગીતે, મંદિરોમાં પૂજારીઓ બળાત્કાર કરે છે, તમામ હિંદુ લોકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે એવું કહીને પૂર્વ બંગાળી મુસ્લિમો (મિયા) અને સ્થાનિક આદિવાસીઓ વચ્ચે વિભાજન અને અથડામણ ઊભી કરી છે,'. આ ગીત ૨૨ ઓગસ્ટના રોજ નાગાંવ જિલ્લામાં ૧૪ વર્ષની છોકરી સાથે કથિત ગેંગરેપ બાદ રાજ્યમાં સર્જાયેલા તણાવનો પણ ઉલ્લેખ કરે છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ તેમના નિયમિત ફેસબુક લાઈવ સત્ર દરમિયાન અલ્તાપની ધરપકડનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગીતનો ઉલ્લેખ 'હુમલો'ના ભાગરૂપે કર્યો અને તેને 'બિહુને મિયા બિહુમાં



બદલવા'નો પ્રયાસ ગણાવ્યો. તેમણે કહ્યું, "અમારા પર હુમલો અને દુર્વ્યવહાર અને અમારી સભ્યતાની સંસ્કૃતિની ટીકા કરીને કેટલાકે મિયા બિહુ પણ શરૂ કરી છે. મિયા બિહુ ગાતા અલ્તાપ હુસૈન નામના આ વ્યક્તિની પોલીસે આજે ધરપકડ કરી છે. હું એક વાત સ્પષ્ટપણે કહેવા માંગુ છું : જ્યાં સુધી આપણે આસપાસ છીએ, જ્યાં સુધી આપણો સમાજ જીવંત છે, ત્યાં સુધી આપણે સ્વાભિમાન સાથે જીવતા રહીશું. અમે અમારી સામાજિક વ્યવસ્થા પર હુમલો સ્વીકારીશું નહીં,". આ ગીત રિલીઝ થયાના દિવસો પછી અલ્તાપ બીજું એક વિરોધ ગીત લઈને આવ્યો, જે કહે છે : "અમે ભારતના આસામી નાગરિકો છીએ. તું કેમ મિયા, મિયા કહેતો રહે છે. તે ખરેખર દુ:ખ આપે છે." અલ્તાપના નાના ભાઈ અનવરે મીડિયાને જણાવ્યું કે તેમના ભાઈની ધરપકડ ન થાય ત્યાં સુધી પરિવારને ગીત વિશે ખબર ન હતી. તેણે કહ્યું, "અમે જાણીએ છીએ કે તે ગાય છે અને સંગીત બનાવે છે અને તે તેને YouTube પર મૂકે છે. તે નાનો હતો ત્યારથી જ ગાતો આવ્યો હતો અને પોતે જ શીખ્યો હતો. પરંતુ તે કયા પ્રકારનું સંગીત બનાવે છે તે વિશે અમને ખબર નથી. અમને કંઈ ખબર નથી. મને આ ગીત વિશે ત્યારે જ ખબર પડી જ્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી,".

# ઉત્તરાખંડમાં કહેવાતી છેડતીની ઘટનાને પગલે મુસ્લિમોની માલિકીની દુકાનોમાં તોડફોડ અને હિંસા કરવા બદલ ૫૦૦ તોફાનીઓ સામે કેસ દાખલ

(એજન્સી) દેહરાદુન, તા.૪

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં અલગ ધર્મની એક વ્યક્તિ દ્વારા એક સગીરાની કહેવાતી છેડછાડ અને વિનયભંગના બનાવના પગલે ભારે તંગ દિલી ઉભી થવા પામી છે. પરિસ્થિતિ કાબુમાં લેવા માટે સત્તાવાળાઓએ નંદનગર માર્કેટના ૨૦૦ મીટર આસપાસના વિસ્તારોમાં ભારતીય નાગરિક સુરક્ષા સહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ લાગુ કરી દીધી છે. છેલ્લા ૪૮ કલાક દરમિયાન આ વિસ્તારમાં દુકાનોમાં તોડફોડ અને હિંસાખોરી બદલ ૫૦૦ જેટલા અજાણ્યા તોફાનીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. મંગળવારે ગોપેશ્વર વિસ્તારમાં ભારે વિરોધ દેખાવો થયા હતા અને સગીરાની સાથે બનેલી ઘટનાનો એ લોકો વિરોધ કરી રહ્યા હતા. પોલીસનો પણ જંગી કાફલોએ સ્થળ પર ગોઠવી દેવાયો હતો. જિલ્લા પોલીસવાળા સર્વેશ પનવરે જણાવ્યું હતું કે બીજનોર જિલ્લાના સોફ્ટ પુર ગામના મુખ્ય આરોપી આરીફ ખાન (૨૬)ની રવિવારે રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી જો કોઈ સ્થાનિક લોકો અન્ય ત્રણ તેના સાગ્રિતોની ધરપકડ કરવાની માગણી કરી રહ્યા છે. આરીફ હજામતનું સલુન ચલાવે



છે. હારીજ પર એવો આરોપ છે કે આ વિસ્તારની એક સગીરા સામે તેણે અશ્લીલ ઈશારા કર્યા હતા. આ ઘટનાથી લોકોમાં ભારે રોષ ફેલાયો હતો અને મોટું ટોળું એકત્ર થઈ ગયો હતો અને મુસ્લિમ સમાજની સાત દુકાનોમાં ભારે તોડફોડ કરી હતી. પરિણામે બજાર આખો દિવસ બંધ રાખવી પડી હતી. મંગળવારે બજારો બંધ રહી હતી અને દેખાવકારોએ રસ્તા રોક આંદોલન કરીને વાહનો અટકાવી દીધા હતા. આસપાસના ગામોના લોકો ધરણા પર બેસી ગયા હતા અને ભારે સૂત્રોચારો કર્યા હતા અને બાળા માટે ન્યાયની માગણી કરી હતી. ગ્રામજનોએ બહારના લોકો અને બીજા આરોપીઓને પણ ઓળખી કાઢી આ વિસ્તારમાંથી એમને અન્ય વિસ્તારમાં મોકલી દેવાની ડીએમ સમક્ષ માંગણી કરી હતી.

# UAEમાં ઉગ્ર દેખાવો અને હિંસા બદલ દોષિત ૫૭ બાંગ્લાદેશી નાગરિકોને માફી આપતા UAEના રાષ્ટ્રપ્રમુખ

(એજન્સી) દુબઈ, તા.૪

યુએઈના વિવિધ વિસ્તારોમાં બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સામે ઉગ્ર દેખાવો કરવાના અને તોફાનો કરવાના આરોપસર દોષિત થયેલા બાંગ્લાદેશના ૫૭ નાગરિકોને યુએઈના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ જાયદ અલ નાહ્યાને માફી આપવી હતી. એનો અર્થ એ થયો કે જે લોકો દોષિત જાહેર થયા છે એમની સજા રદ થશે અને એમને બાંગ્લાદેશ પાછા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ અમીરાત સમાચાર સંસ્થાએ જાહેર કર્યું હતું. યુએઈના એટર્ની જનરલ ડોક્ટર હમાદ અલ શમસીએ



બાંગ્લાદેશી નાગરિકોની સજાનો અમલ તાત્કાલિક ધોરણે મુલતવી કરી દેવા અને આ તમામને માફી મળી હોવાથી એમને વતન પાછા મોકલવાની વ્યવસ્થા કરવાનો આદેશ બહાર પાડી દીધો છે. તેમણે જણાવ્યું હતું કે યુએઈ તેની ધરતી પર રહેનારા લોકોને અભિપ્રાય વ્યક્ત કરવાની આઝાદી અને અધિકાર આપે છે પરંતુ સાથે સાથે એ પણ નિશ્ચિત કરવામાં આવે છે કે એમના વિરોધ અને અભિપ્રાયને કારણે દેશ અને દેશની પ્રજાના હિતોને નુકસાન ન થાય. ૧૯ જુલાઈ શુક્રવારના રોજ અબુધાબી ફેડરલ અદાલતે ત્રણ બાંગ્લાદેશી નાગરિકોને આજીવન કેદની સજા ફટકારી હતી અને અન્ય ૫૪ને એમની જેલ સજા પૂરી થઈ જાય એટલે એમના વતન પરત કરી દેવાનો આદેશ આપ્યો હતો.

# PM મોદીએ 'ઢોલ' વગાડી તેમનું કૌશલ્ય બતાવ્યું, સિંગાપોરમાં ઉષ્માભર્યું સ્વાગત



(એજન્સી) તા.૪

વડાપ્રધાન મોદી બ્રુનેઇ બાદ સિંગાપોરની મુલાકાતે પહોંચ્યા છે. આશરે છ વર્ષ પછી વડાપ્રધાન મોદી સિંગાપોરની મુલાકાતે છે. વડાપ્રધાનની આ મુલાકાત ભારતના 'એક્ટ ઈસ્ટ પોલિસી' માટે મહત્ત્વની છે. આ દરમિયાન ભારતીય મૂળના લોકો દ્વારા હોટલની બહાર તેમનો ભવ્ય સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન પોતાની આ મુલાકાત દરમિયાન સિંગાપોરના વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને બિઝનેસ લીડર્સ સાથે મુલાકાત કરી મહત્ત્વના મુદ્દા પર ચર્ચા કરશે. પીએમ મોદીની આ મુલાકાત એવા સમયે થઈ રહી છે, જ્યારે સિંગાપોરમાં સરકાર બદલાઈ ગઈ છે અને લોરેન્સ વોંગે વડાપ્રધાન પદ સંભાળ્યું છે.

વડાપ્રધાન મોદી જ્યારે સિંગાપોરની હોટલમાં પહોંચ્યા ત્યારે ત્યાં હાજર ભારતીય મૂળના લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ સાથે ભારતીય મહિલાઓએ તેમને રાખડી બાંધી હતી. ભારતીય લોકોનો ઉત્સાહ જોઈ પીએમ મોદીએ ઢોલ વગાડ્યો અને લોકોને ઓટોગ્રાફ પણ આપ્યા હતા. આ ઉપરાંત લોકોએ 'ગણપતિ બાપ્પા મોર્યા'ના નારા પણ લગાવ્યા હતા.

સિંગાપોર એશિયન દેશોમાં ભારતનો સૌથી મોટો અને વિશ્વમાં છઠ્ઠો સૌથી મોટો ટ્રેડ પાર્ટનર છે. વેપાર અને આયાત મુદ્દે વડાપ્રધાનની આ મુલાકાત ખૂબ જ મહત્ત્વની છે. ભારતમાં આયાત થતી વસ્તુઓમાં સિંગાપોરની મોટી ભાગીદારી રહી છે. સિંગાપોરની વૈશ્વિક સેમીકન્ડક્ટર ઈકો સિસ્ટમમાં મહત્ત્વની ભૂમિકા છે. ભારત પણ આ ક્ષેત્રે સિંગાપોર સાથે મોટા પ્રમાણમાં વેપાર કરે છે. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી 'સાઉથ ચાઇના સી' અને મ્યાનમાર જેવા ક્ષેત્રીય મુદ્દાઓ પણ ઊઠાવી શકે છે. આ ઉપરાંત તેઓ સિંગાપોરના બિઝનેસ લીડર્સ અને કેટલીક મોટી કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરશે.

# ટેન્ક, રડાર, વિમાનો : સેનાની સુસજ્જતા વધારવા રૂા.૧.૪૫ લાખ કરોડના શસ્ત્ર ખરીદી સોદાને મંજૂર કરતું સુરક્ષા મંત્રાલય

**ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)એ રૂા.૧,૪૪,૭૧૬ કરોડની ૧૦ મૂડી સંપાદન દરખાસ્તોને મંજૂરી આપી છે, જેમાં યુદ્ધ ટેન્ક, એર ડિફેન્સ ફાયર કંટ્રોલ રડાર, ડોર્નિયર-૨૨૮ એરક્રાફ્ટ, નેક્સ્ટ જનરેશન ફાસ્ટ પેટ્રોલ શિપ અને ઓફશોર પેટ્રોલિંગ જહાજોની ખરીદીનો સમાવેશ થાય છે, ભાવિ તૈયાર કોમ્બેટ વાહનો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC), મંગળવારે રૂા.૧,૪૪,૭૧૬ કરોડની ૧૦ મૂડી સંપાદન દરખાસ્તો માટે જરૂરી મંજૂરી (AON) મંજૂર કરી હતી. તેનું ૯૯ ટકા સંપાદન સ્વદેશી સ્ત્રોતોમાંથી કરવામાં આવશે. સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારતીય સેનાના ટેન્ક ફ્લીટના આધુનિકીકરણ માટે ફ્યુચર રેડી કોમ્બેટ વ્હીકલ (FRCV) ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. FRCV શ્રેષ્ઠ ગતિશીલતા, તમામ ભૂપ્રદેશ ક્ષમતા, બહુસ્તરીય સુરક્ષા, સચોટ અને ઘાતક આગ અને વાસ્તવિક સમયની પરિસ્થિતિગત જાગૃતિ સાથે ભવિષ્યની મુખ્ય યુદ્ધ ટાંકી હશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, DACએ એર ડિફેન્સ ફાયર કંટ્રોલ રડારની પ્રાપ્તિ માટે AONને પણ મંજૂરી આપી છે, જે હવાઈ લક્ષ્યોને શોધી અને ટ્રેક કરશે અને ફાયરિંગ સોલ્યુશન્સ પ્રદાન કરશે. ફોરવર્ડ રિપેર ટીમ (ટ્રેક) માટે પણ દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે, જે યાંત્રિક કામગીરી દરમિયાન ઈન-સીટુ રિપેર કરવા માટે યોગ્ય ક્રોસ કન્ટ્રી ગતિશીલતા ધરાવે છે. આ સાધનસામગ્રી આર્મર્ડ વ્હીકલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે અને તેનો ઉપયોગ મિકેનાઈઝ્ડ ઈન્ફન્ટ્રી બટાલિયન અને આર્મર્ડ રેજિમેન્ટ બંને દ્વારા કરી શકાય છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG)ની ક્ષમતાઓ વધારવા માટે ત્રણ AONને મંજૂરી આપવામાં આવી છે. ડોર્નિયર-૨૨૮ એરક્રાફ્ટ, નેક્સ્ટ જનરેશન ફાસ્ટ પેટ્રોલ વેસલ્સ (પેટ્રોલ જહાજો)ની ખરીદી સાથે ખરબચડા હવામાનમાં અને નેક્સ્ટ જનરેશન ઓફશોર પેટ્રોલ વેસેલ્સ (પેટ્રોલ શિપ) સાથે અદ્યતન ટેક્નોલોજી અને લાંબા અંતરની કામગીરી સાથે દરિયાઈ વિસ્તારોની દેખરેખ અને પેટ્રોલિંગ શોધ અને બચાવ અને આપત્તિ રાહત કામગીરી કરવા માટે ICGની ક્ષમતામાં વધારો થશે. મીટિંગના અંતે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે દિવંગત ICG ડાયરેક્ટર જનરલ રાકેશ પાલ, જેઓ DACના સભ્ય પણ હતા, તેમના આદરના ચિહ્ન તરીકે મૌન પાળ્યું હતું, એમ નિવેદનમાં જણાવાયું છે. ચેન્નાઈમાં ૧૮ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ હાર્ટ એટેકથી તેમનું અવસાન થયું.

# રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર ૨૦૨૪ : રાષ્ટ્રપતિ મુર્મુ આજે ૫૦ શિક્ષકોને પુરસ્કાર આપશે




(એજન્સી) તા.૪

ભારતમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિના ઉપલક્ષ્યમાં શિક્ષક દિવસ ઊજવવામાં આવે છે. આ જ રીતે ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે ૫ સપ્ટેમ્બરે ૫૦ પસંદગી પુરસ્કાર વિજેતાઓને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર ૨૦૨૪થી સન્માનિત કરશે. આ કાર્યક્રમ વિજ્ઞાન ભવન નવી દિલ્હીમાં યોજાશે. પુરસ્કારનું રિહર્સલ અને પ્રસ્તુતિ ૪ સપ્ટેમ્બર અને ૫ સપ્ટેમ્બર ૨૦૨૪એ થશે. દરેક પુરસ્કારની સાથે પુરસ્કાર વિજેતાઓને યોગ્યતાનું પ્રમાણપત્ર, ૫૦,૦૦૦ રૂપિયાનો રોકડ પુરસ્કાર અને એક રજત પદક મળશે. શિક્ષકોની પૂરી યાદી અહીં જુવો. રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારનો ઉદ્દેશ દેશના શ્રેષ્ઠ શિક્ષકોને અદ્વિતીય યોગદાનની ઉજવણી કરવી અને તે શિક્ષકોને સન્માનિત કરવાનો છે જેમણે પોતાની પ્રતિબદ્ધતા અને પરિશ્રમથી ના માત્ર સ્કૂલ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કર્યો છે પરંતુ પોતાના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે. સન્માનિત શિક્ષકોમાં જમ્મુ-કાશ્મીરના શિક્ષક ડો. ઉરફાના અમીનનો સમાવેશ થાય છે. શિક્ષણ મંત્રાલયની સત્તાવાર વેબસાઈટ nationalawardstoteachers.education.gov.in. પર પાત્ર શિક્ષકો પાસે સ્વ-નામાંકન આમંત્રિત કરે છે. શિક્ષકો દ્વારા સ્વ-નામાંકન પછી શિક્ષકોના નામ જિલ્લા ક્ષેત્રીય પસંદગી સમિતિ દ્વારા સૂચિબદ્ધ કરવામાં આવે છે. યાદી ઓનલાઈન પોર્ટલના માધ્યમથી સ્વતંત્ર રાષ્ટ્રીય જ્યુરીને મોકલવામાં આવે છે. શિક્ષણ મંત્રી દ્વારા અનુમોદન પછી પસંદગી પામેલા ઉમેદવારોને સૂચિત કરવામાં આવે છે.

# કંગના રણૌતની ઈમરજન્સી ફિલ્મને તાત્કાલિક કોઈ રાહત નહીં : બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશને કારણે અમે કોઈ નિર્દેશ ના આપી શકીએ

(એજન્સી) તા.૪

૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ લાગુ કરેલી કટોકટી પર આધારિત અભિનેત્રી અને સાંસદ કંગના રણૌતની ફિલ્મ 'ધ ઈમરજન્સી' સેન્સર બોર્ડમાં અટવાઈ છે અને તેના કારણે હવે નિયત સમયે રિલીઝ નહીં થઈ શકે. ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પરંતુ અમુક શીખ સંગઠનોએ વાંધો ઉઠાવ્યા બાદ સેન્સર બોર્ડમાંથી મંજૂરી મળી રહી નથી, જે ફિલ્મ રિલીઝ માટે ફરજિયાત છે. જેના કારણે ઝી સ્યુડિયોઝ (જેઓ ફિલ્મના કો-પ્રોડ્યુસર છે) દ્વારા બોમ્બે હાઈકોર્ટ સમક્ષ એક અરજી કરીને ફિલ્મને તાત્કાલિક



સર્ટિફિકેટ આપવા માટે સેન્ટ્રલ બોર્ડ ફોર ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી, પરંતુ કોર્ટે તાત્કાલિક કોઈ રાહત આપી નથી. બોમ્બે હાઈકોર્ટે સેન્સર બોર્ડને આગામી ૧૮ સપ્ટેમ્બર સુધીમાં આ મામલાનો નિકાલ કરવા માટેના નિર્દેશ આપ્યા છે. જેના કારણે હવે ૬ સપ્ટેમ્બરે ફિલ્મ રિલીઝ થાય તેની સંભાવનાઓ નહિંવત્ છે. બોમ્બે હાઈકોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું કે, તેઓ હાલ તાત્કાલિક સેન્સર બોર્ડને કોઈ આદેશ આપી શકે તેમ નથી કારણ કે, આ જ વિષયને લઈને એક કેસ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં પણ ચાલી રહ્યો છે અને ત્યાંની કોર્ટે CBFCને ફિલ્મના ટ્રેલર પર ઊઠાવવામાં આવેલા વાંધાઓને ધ્યાનમાં લઈને સર્ટિફિકેટ પર નિર્ણય કરવા માટે નિર્દેશ આપ્યા છે. આ સંજોગોમાં જો હાલ બોમ્બે હાઈકોર્ટ CBFCને નવો કોઈ આદેશ આપે તો મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ પર અસર થશે. જો કે, કોર્ટે ઝી સ્ટુડિયોઝની અરજી ફગાવી નથી અને ૧૮ સપ્ટેમ્બર સુધીમાં સર્ટિફિકેટ પર નિર્ણય કરવા માટે સેન્સર બોર્ડને કહેવામાં આવ્યું છે.

# FIR, પોલીસને ધમકીઓ છતાં પોલીસે નિતેશ રાણેના મુસ્લિમ વિરોધી ભાષણોની અવગણના કરી

(એજન્સી) મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રના શ્રીરામપુરમાં રવિવારે એક કાર્યક્રમમાં ભાજપના નેતા અને કંકાવલીના ધારાસભ્ય નિતેશ રાણેએ કહ્યું, 'જો તમે (મુસ્લિમો) તમારા સમુદાયની કાળજી રાખતા હો તો તમે રામગીરી મહારાજ વિરુદ્ધ એક શબ્દ પણ બોલવાનું નથી.' પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટમાં પૂર્વ પ્રધાન નારાયણ રાણેના પુત્ર નિતેશે પણ આ જ નિવેદનમાં મસ્જિદોમાં ઘૂસી જવાની અને જરૂર પડ્યે મુસ્લિમોને મારવાની ધમકી આપી હતી, તેમના હસ્તાક્ષરવાળા નિવેદન 'ચુન ચુન કે મારેંગે'માં તેઓએ વારંવાર તેનો ઉપયોગ કર્યો. વ્યંગાત્મક રીતે નિતેશ રાણેનો વિલાપ રામગીરી મહારાજના 'બચાવમાં' આવ્યો હતો જેમણે બે અઠવાડિયા પહેલાં ઈસ્લામ વિરુદ્ધ ટિપ્પણીઓ કરી હતી. તે વિવાદ ૧૮ ઓગસ્ટના રોજ ફાટી નીકળ્યો ત્યારથી રાણે ટીવી ચર્ચાઓ અને પ્રેસ બ્રીફિંગ્સ પર રામગીરી મહારાજના નિવેદનોને 'તથ્યો' તરીકે સમર્થન આપી રહ્યા છે. જો કે, મીડિયા દ્વારા આઘાતજનક મૂલ્ય ધરાવતી હેડલાઈન્સ પ્રકાશિત કરવામાં આવી રહી છે અને રાણેના નિવેદનો માટે ખુલાસો માંગવામાં આવી રહ્યો છે, તેમ છતાં તે ભાગ્યે જ કોઈને આઘાતજનક લાગે છે જેણે વર્ષોથી તેમના રાજકારણ અને તેમના ભાષણોને અનુસર્યા છે. તેના તાજેતરના દ્વેષપૂર્ણ ભાષણો માટે શ્રીરામપુર અને તોપખાના પોલીસ સ્ટેશનમાં બે એફઆઈઆર નોંધવામાં આવી છે. તે પ્રશ્ન ઊભો કરે છે : શું તેની સામે અગાઉની તમામ એફઆઈઆરથી વિપરીત એફઆઈઆર કોઈ શિક્ષાત્મક પગલાં તરફ દોરી જશે?

**અહીં નિતેશ રાણેની રાજનીતિ અને તેમના દ્વેષપૂર્ણ ભાષણો માટે તેઓ કેવી રીતે પ્રતિરક્ષા મેળવે છે તેની બારીકાઈથી નજર કરીએ :**

૧. આ પ્રથમ દ્વેષપૂર્ણ ભાષણ નથી, પ્રથમ એફઆઈઆર નથી

૨. નિતેશ રાણે વિરુદ્ધ એફઆઈઆર અને ફરિયાદ દાખલ કરવા માટે સંઘર્ષ

૩. શું દેવેન્દ્ર ફડણવીસ પગલાં લેશે?

**● આ પ્રથમ નફરતી ભાષણ નથી અને પ્રથમ એફઆઈઆર નથી :**

ટી. રાજાસિંહની સાથે તેલંગાણાના ધારાસભ્ય કે જેઓ ખુદ દ્વેષપૂર્ણ ભાષણો અને ધાર્મિક વૈમનસ્યને પ્રોત્સાહન આપવાના સમગ્ર દેશમાં બહુવિધ કેસોમાં નોંધાયેલા છે તેવા નિતેશ રાણે રાજ્યભરમાં સકલ હિંદુ સમાજ દ્વારા આયોજિત હિંદુત્વ રેલીઓમાં અવારનવાર આવતા હોય છે. છેલ્લા બે વર્ષમાં બનેલી ઘટનાઓમાં જ્યાં મોટાભાગના ભાષણો મુસ્લિમો વિરુદ્ધ અપમાનજનક શબ્દોથી ભરેલા હોય છે જેમ કે 'જેહાદી', 'બાંગ્લાદેશી' અને 'રોહિંગ્યા' જેવા શબ્દો સમુદાયના આર્થિક બહિષ્કારની હાકલ અને 'લવ જેહાદ', 'લેન્ડ જેહાદ'ના નિરર્થક દાવાઓ કરવામાં આવે છે. કેટલાક ભાષણો અને નિવેદનોમાં રાણેએ પોલીસની હાજરીમાં જાહેરમાં કહ્યું છે કે, 'મુસ્લિમોના કોઈપણ અત્યાચાર સામે બદલો લેવા માટે જે કોઈ કાયદો પોતાના હાથમાં લેવા માંગે છે તેણે આમ કરવું જોઈએ' અને હું તેમને પોલીસ પાસેથી બચાવીશ. એક સમયે થાણેના મીરા રોડ સ્થિત પોલીસ કમિશનરની ઓફિસમાંથી મુસ્લિમોને ધમકીઓ પણ આપવામાં આવી હતી. સમાચાર એજન્સીએ છેલ્લા એક વર્ષમાં નિતેશ રાણેના ૩૦થી વધુ ભાષણો, મીડિયા નિવેદનો અને સ્કોર્સ સોશિયલ મીડિયા પોસ્ટ્સનું વિશ્લેષણ કર્યું છે જે અપ્રિય ભાષણ, ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા અને બે સમુદાયો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવાના દાયરામાં આવે છે.

**અહીં કેટલાક નિવેદનો છે :**

**૭ જુલાઈ, ૨૦૨૩ :** માલેગાંવમાં સકલ હિંદુ સમાજની રેલીમાં તેમણે મુસ્લિમો બંધારણને તોડી પાડવા અને દેશમાં શરિયા કાયદો લાવવા માંગતા હોવાના દાવા કર્યા. તેમણે આ વિસ્તારના એક મુસ્લિમ વિસ્તારને 'મિની પાકિસ્તાન' પણ ગણાવ્યો.

**૧૭ જુલાઈ, ૨૦૨૩ :** ઔરંગઝેબના વખાણ કરનારાઓ વિરુદ્ધ સોલાપુરમાં એક ભાષણમાં તેમણે કહ્યું : 'જો કોઈ ઔરંગઝેબના વખાણ કરવાની હિંમત કરે તો નજીકના કબ્રસ્તાનમાં તમારા માટે જગ્યા બૂક કરવાની ખાતરી કરો.'

**૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ :** પુણેના પુણ્યેશ્વર મંદિર પાસે મુસ્લિમો દ્વારા કથિત ગેરકાયદેસર




અતિક્રમણ અંગેના ભાષણમાં તેમણે કહ્યું : 'મારા સાથીદાર (ભાજપ ધારાસભ્ય મહેશ લાંડગે)એ તોડી પાડવાની વાત કરી હતી પરંતુ હું સામાન્ય રીતે કાપવાનું પસંદ કરૂં છું. એકવાર અમે ખાલી કરાવવાની તારીખ આપીએ તો તમારે અવશ્ય કરવું જોઈએ. કાર સેવકોએ મંદિર માટે શું કર્યું તેની ક્લિપ જુઓ, મને પણ લાગે છે કે, મને ત્યાં ઓછામાં ઓછી એક ઈંટ ઉતારવાની તક મળવી જોઈએ.'

**૧૧ ઓક્ટોબર, ૨૦૨૩ :** નવરાત્રિ ઉત્સવ પહેલાં સમાચાર એજન્સીને આપેલા બાઈટમાં તેમણે મહારાષ્ટ્રમાં દાંડિયા કાર્યક્રમોમાં લવ જેહાદ અને બળજબરીથી ધર્મ પરિવર્તનનું 'મોટા પાયે કાવતરૂં' કરવાનો આરોપ મૂક્યો. તેમણે માગણી કરી હતી કે, તમામ સહભાગીઓના આધાર કાર્ડની તપાસ થવી જોઈએ અને આ કાર્યક્રમોમાં માત્ર હિન્દુઓને જ મંજૂરી આપવી જોઈએ. આમાંના કોઈપણ દાવાઓ ચકાસી શકાયા નથી.

**૮ જાન્યુઆરી, ૨૦૨૪ :** સોલાપુર ખાતેની રેલીમાં તેમણે કહ્યું કે, ૯૦% હિંદુઓ ધરાવતો દેશ આપોઆપ 'હિંદુ રાષ્ટ્ર' બની જાય છે. તેમણે મુસ્લિમો વિશે બોલતી વખતે પણ સતત 'જેહાદી' શબ્દનો ઉપયોગ કર્યો હતો અને જે કોઈ હિન્દુઓ પર 'બુરી નજર' રાખવાની હિંમત કરે છે તે 'ફરીથી દેખાશે નહીં.'

**૨૪ જાન્યુઆરી :** ૨૨ જાન્યુઆરીએ રામ મંદિરના ઉદ્ઘાટનની ઉજવણી માટે રહેવાસીઓ દ્વારા થાણેના મીરા રોડમાં એક રેલી દરમિયાન સાંપ્રદાયિક અશાંતિ પછી રાણેએ સ્થાનિક ધારાસભ્ય ગીતા જૈન સાથે મીડિયાને સંબોધનમાં કહ્યું કે, જો પોલીસ 'જેહાદીઓ'માં ડર પેદા કરી શકશે નહીં ત્યારે 'હિન્દુ સમુદાય આમ કરવા માટે ખૂબ જ સક્ષમ છે.' પોલીસ કમિશનરની ઓફિસમાં આ પ્રેસ બ્રીફિંગ થઈ હતી.

**૨૭ જાન્યુઆરી, ૨૦૨૪ :** સોલાપુર જિલ્લાના પંઢરપુરમાં એક કાર્યક્રમમાં તેમણે કહ્યું : 'હવેથી તમારે જે કરવું હોય તે કરો અને પછી મને ફોન કરો કે તમે આ કર્યું છે અને તમારે બચવાની જરૂર છે. અમે ખાતરી કરીશું કે તમે સલામત રીતે ઘરે પહોંચો તે અમારા લોકોની જવાબદારી હશે કે હું પોલીસની સામે આ ખાતરી આપું છું, ચિંતા કરશો નહીં. અમારા બોસ દેવેન્દ્ર ફડણવીસ 'સાગર બંગલામાં બેઠા છે'.

**૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ :** મુંબઈના ગોવંડીમાં એક સંબોધનમાં તેમણે કહ્યું કે, જ્યાં સુધી એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને નરેન્દ્ર મોદી સરકારમાં છે ત્યાં સુધી કોઈ 'જેહાદી' દેશ પર કબજો કરી શકશે નહીં. તે જ દિવસે એક રેલીમાં નારા લગાવ્યા 'તુ દુર્ગા બન, તુ કાલી બન, કભી ના બુરખે વાલી બન.'

**૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ :** અકોલાના બાલાપુરમાં તેમણે સમુદાય વિરુદ્ધ તેમના નફરતી ભાષણનું પુનરાવર્તન કર્યું અને મુસ્લિમો દ્વારા હિંદુઓને કબજે કરવાના દાવાઓ કર્યા.

**૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ :** મુંબઈના ડોંગરીમાં ગેરકાયદેસર અતિક્રમણોના વિરોધમાં નિતેશ રાણેએ પોલીસને ખુલ્લેઆમ ધમકી આપી કે અતિક્રમણ અટકાવવું જ જોઈએ નહીં તો તે 'તેમના માણસો સાથે અઘોષિત રીતે આવશે અને બાંગ્લાદેશીઓને બાંગ્લાદેશ મોકલવા માટે તેમના ઘરમાં ઘૂસી જશે.'

**૩ માર્ચ, ૨૦૨૪ :** મુંબઈના મલાડમાં મીરા રોડમાં અશાંતિ વિશે વાત કરી અને મસ્જિદોમાં ઘૂસી જવાની ધમકી આપી અને 'ચુન ચુન કે મારેંગે'નું પુનરાવર્તન કર્યું. ૧૦ માર્ચે ઘાટકોપરમાં અને ૩ ઓગસ્ટના રોજ ચેમ્બુરમાં સમાન વાક્યનું પુનરાવર્તન થયું હતું.

**૫ ઓગસ્ટ, ૨૦૨૪ :** શેખ હસીનાની સરકારના પતન પછી બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ અને મંદિરોને કથિત નિશાન બનાવવા પર તેમણે ટ્વિટ કર્યું: 'જો બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યા થઈ રહી છે તો આપણે બાંગ્લાદેશીઓને શા માટે અહીં શ્વાસ લેવા દેવા જોઈએ? ચૂન ચુન કે મારેંગે.' બાદમાં ટ્વિટ ડિલીટ કરી. તેમના ભાષણોમાંથી અન્ય ઘણા નિવેદનો છે જેનો તેમના સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ સ્વભાવ માટે અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**નિતેશ રાણે સામે એફઆઈઆર અને તેમને દાખલ કરવા માટે સંઘર્ષ :**

આ વર્ષે જાન્યુઆરીમાં સકલ હિંદુ સમાજ દ્વારા આયોજિત રેલીમાં સોલાપુરમાં કથિત રીતે દ્વેષપૂર્ણ ભાષણ આપવા બદલ રાણે અને ગોશામહાલના ધારાસભ્ય રાજાસિંહ વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી. જો કે, છત્ર હિંદુત્વ સંગઠને તેના રાજ્યવ્યાપી મોરચાઓ શરૂ કર્યા ત્યારથી છેલ્લા બે વર્ષમાં રાણેએ સતત નફરતભર્યા ભાષણોની શ્રેણીમાં દાખલ કરેલી તે પ્રથમ એફઆઈઆર હતી. તપાસમાં પ્રગતિ વિશે પૂછવામાં આવતા સોલાપુરના એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું : 'અમારી પાસે કેસ નોંધાયેલ છે. વધુ તપાસ સરકારની મંજૂરી પર આધારિત છે.' અધિકારીએ કહ્યું કે, તેઓ વધુ વિગતો જાહેર કરી શક્યા નથી પરંતુ જ્યારે તેઓ વધુ જાણશે ત્યારે જવાબ આપશે. આ વર્ષે એપ્રિલમાં મુંબઈ પોલીસે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું કે, રાણેએ મીરા રોડ, માનખુર્દ, માલવણી અને ઘાટકોપરમાં આપેલા અનેક નફરતભર્યા ભાષણો બદલ FIR નોંધવામાં આવી છે. આ વર્ષે માર્ચમાં મીરા રોડમાં કોમી અશાંતિનો ભોગ બનેલા બે લોકો સહિત પાંચ લોકોએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ૨૨ જાન્યુઆરીના રોજ સાંપ્રદાયિક અશાંતિ બાદ અનેક નફરતભર્યા ભાષણો બદલ પોલીસને જૈન અને રાણે વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા વિનંતી કરી હતી. તેવી જ રીતે ઘાટકોપર, ડોંગરી અને અકોલામાં રાણેના દ્વેષપૂર્ણ ભાષણો સામેની સત્તાવાર ફરિયાદો પણ ૨-૮ એપ્રિલની વચ્ચે માનવ અધિકાર સંસ્થા સિટિઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP) દ્વારા દાખલ કરવામાં આવી હતી. ફેબ્રુઆરીમાં બોમ્બે હાઈકોર્ટના બે વકીલો અને ગોવંડીના પાંચ કાયદાના વિદ્યાર્થીઓએ ભારતના મુખ્ય ન્યાયાધીશને પણ પત્ર લખીને માનખુર્દ અને ગોવંડીની રેલીઓમાં મુસ્લિમો વિરુદ્ધના તેમના દ્વેષપૂર્ણ ભાષણો અને અપમાનજનક ભાષા બદલ રાણે સામે પગલાં લેવા દબાણ કરવા વિનંતી કરી હતી કે, પોલીસ FIR દાખલ કરવામાં નિષ્ફળ રહી હતી. ૧૧ એપ્રિલે કોર્ટે મુંબઈ અને મીરા-ભાયંદર અને વસઈ-વિરાર (MBVV)ના પોલીસ કમિશનરોને વીડિયો ક્લિપ્સ જોવા અને મીરા રોડના રહેવાસીઓની અરજીઓના આધારે FIR દાખલ કરવાની જરૂરિયાત અંગે નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. ૨૪ એપ્રિલે પોલીસે બોમ્બે હાઈકોર્ટને જાણ કરી હતી કે, રાણે, જૈન અને કેટલાક અન્ય નેતાઓ વિરુદ્ધ થાણે અને મુંબઈમાં નફરતભર્યા ભાષણો બદલ FIR દાખલ કરવામાં આવી છે. સરકારી વકીલ હિતેન વેણેગાંવકરની કોર્ટને આપેલી માહિતી મુજબ અને અહેવાલો અનુસાર રાણેનું નામ આમાં હતું.

- કલમ 153A (ધાર્મિક જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવું) હેઠળ માનખુર્દ પોલીસ સ્ટેશનમાં FIR.
- કલમ 153A અને ૫૦૬ (ગુનાહિત ધમકી) હેઠળ ઘાટકોપર ખાતે એફઆઈઆર.
- મીરા-ભાયંદર પોલીસ દ્વારા કલમ 153A, 153B (ધર્મો વચ્ચે વિસંગતતાને પ્રોત્સાહન આપવા માટે જાહેર નિવેદનો), ૫૦૪ (શાંતિનો ભંગ કરવા માટે ઈરાદાપૂર્વકનું અપમાન) અને ૫૦૬ હેઠળ કેસ દાખલ.

માલવણીમાં આવી જ જોગવાઈઓ હેઠળ કેસ કલમ 153A અને 153B બિનજામીનપાત્ર અપરાધ છે. પરંતુ આ તમામ વિભાગો ન હતા જેની અરજદારોએ માંગ કરી હતી. જુલાઈમાં મુંબઈ પોલીસ દ્વારા બોમ્બે હાઈકોર્ટને કહેવામાં આવ્યું હતું કે, આઈપીસીની કલમ 295A (દુર્ભાવનાપૂર્ણ રીતે ધાર્મિક લાગણીઓને ભડકાવનારી) જેમ કે અરજદારો માંગ કરી રહ્યા છે રાણે વિરુદ્ધ લાગુ કરી શકાય નહીં કારણ કે, 'રોહિંગ્યા' અને 'બાંગ્લાદેશીઓ' જેવા શબ્દો ભારતના મુસ્લિમો માટે અપમાનજનક નથી.' સોલાપુરમાં તાજેતરના કેસમાં દાખલ કરાયેલી બે એફઆઈઆર પછી રાણે સામે દાખલ કરાયેલી કુલ એફઆઈઆરની સંખ્યા ૨૦૨૪માં જ છ છે જેમાંના મોટાભાગના બિનજામીનપાત્ર ગુનાઓ પણ ધરાવે છે. તે પ્રશ્ન ઊભો કરે છે : પોલીસ વિભાગ દ્વારા નિતેશ રાણેની ધરપકડ કેમ કરવામાં આવી નથી?

ઓક્ટોબર ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો કે, પોલીસ દ્વારા અધિકૃત ફરિયાદની રાહ જોયા વિના દ્વેષપૂર્ણ ભાષણો પર સુઓમોટુ એફઆઈઆર દાખલ કરવી આવશ્યક છે અને તેમ કરવામાં નિષ્ફળતાને અદાલતની અવમાનના તરીકે પણ ગણી શકાય. તદ્ઉપરાંત આવા ઘણા ભાષણો અને નિવેદનો માત્ર રાણેના ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર પર અને યુટ્યુબ પરના મીડિયા અહેવાલોમાં જ અસ્તિત્વમાં નથી પરંતુ તેમાંથી ઘણા બધા CJP અને હિન્દુત્વ વોચ જેવી સંસ્થાઓ દ્વારા સકલ હિન્દુ સમાજની ઘટનાઓ દસ્તાવેજીકૃત કરવામાં આવ્યા છે તેમજ અન્ય નેતાઓના નિવેદનો પણ છે. જો કે, હકીકત એ છે કે, નાગરિકોએ બે પડોશી શહેરોના પોલીસ વિભાગોને કાર્યવાહી કરવા માટે બોમ્બે હાઈકોર્ટમાં જવું પડ્યું તે સૂચવે છે કે, કેવી રીતે સત્તાઓ હોવા છતાં રાજ્યની મોટાભાગના પોલીસ વિભાગો દ્વારા આવી રેલીઓમાં નેતાઓ દ્વારા દ્વેષપૂર્ણ ભાષણો કેવી રીતે ઉકેલવામાં આવ્યા નથી. આમ કરવા માટે સર્વોચ્ચ અદાલત દ્વારા તેમને કહેવામાં આવેલ છે.

**શું દેવેન્દ્ર ફડણવીસ એક્ટ કરશે? :**

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને ગૃહપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને રાણેએ તેમના ઘણા ભાષણોમાં અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ આહ્વાન કર્યું છે. જો કે, શ્રીરામપુરમાં તાજેતરના ભાષણ સહિત રાણેની નિંદા કરવા માટેના કોઈપણ ઉદાહરણ પર નેતા દ્વારા કોઈ જાહેર નિવેદન આપવામાં આવ્યું નથી. આ દરમિયાન વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડીએ રાણેની નિંદા કરી હતી. શિવસેના (યુબીટી) સાંસદ સંજય રાઉતે પીએમ મોદી પાસે જવાબ માંગ્યો હતો. રાઉતે પૂછ્યું કે, 'તમે વિદેશોમાં જાઓ, તેમના નેતાઓને ગળે લગાડો, તેમની ભવ્ય મસ્જિદોની મુલાકાત લઈને બિનસાંપ્રદાયિકતાનો ઉપદેશ આપો. સૌ પ્રથમ તમારે આ ઢોંગ બંધ કરવું જોઈએ. જ્યારે તેમણે કહ્યું કે, તેઓ મસ્જિદોમાં પ્રવેશ કરશે ત્યારે અધિકારીઓએ શું પગલાં લીધા?' રાઉતે કહ્યું, 'આ નાના નેતાઓ રાજ્યભરમાં રમખાણો ભડકાવવાનું વિચારી રહ્યા છે. તેઓ રાજ્યને આગ લગાડવા માંગે છે. તમે તમારી જાતને હિંદુત્વવાદી કહો છો, પરંતુ તમારા પ્રદેશમાં છત્રપતિ શિવાજીની પ્રતિમા તૂટી ગઈ છે.' મુંબઈ પાર્ટીના વડા અને લોકસભા સાંસદ વર્ષા ગાયકવાડની આગેવાની હેઠળ કોંગ્રેસ પક્ષનું એક પ્રતિનિધિમંડળ આ દરમિયાન મહારાષ્ટ્રના ડીજીપી રશ્મિ શુક્લાને મળ્યું 'કોમી હિંસાની વધતી ઘટનાઓ અને નિતેશ રાણે, પ્રસાદ લાડ અને રામગીરી મહારાજ અને અન્યો જેવા ભાજપના નેતાઓ દ્વારા કરવામાં આવેલા ઉશ્કેરણીજનક નિવેદનો અંગેની ચિંતાઓ અંગે ચર્ચા કરવી જોઇએ.' સૂત્રોએ જણાવ્યું હતું કે, ભાજપે આજ સુધી રાણેને તેમની ટિપ્પણીઓ માટે કોઈ કારણ બતાવો નોટિસ મોકલી નથી. એક મીડિયા રિપોર્ટ અનુસાર નારાયણ રાણેએ કહ્યું કે, તેણે 'તેમના પુત્રને ઠપકો આપ્યો છે' અને તેને કહ્યું છે કે, 'તેમના ભાષણોમાં ધર્મને ન ખેંચો.' મીડિયા સાથે વાત કરતા શિવસેનાના નેતા અને કેબિનેટ મંત્રી અબ્દુલ સત્તારે મંગળવારે કહ્યું કે, 'કેટલાક લોકોને વિવાદાસ્પદ નિવેદનો કરવાની આદત હોય છે.' હું તેના પર વિવાદને આગળ વધારવા માંગતો નથી. આ ભાજપની વાત છે, ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ સંજ્ઞાન લેશે અને તેમની સાથે વાત કરશે. થોડા અઠવાડિયા પહેલા રાણેએ ફરી એવું કહીને વિવાદ ઊભો કર્યો હતો કે, 'જો તેઓ ગણેશ ચતુર્થીના સરઘસોમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તો મોહર્રમના સરઘસોમાં પણ ખલેલ પડશે.' એનસીપી નેતા અને કેબિનેટ મંત્રી હસન મુશરિફે રાણેની ટિપ્પણીની નિંદા કરી અને ફડણવીસને તેની નોંધ લેવા વિનંતી કરી હતી.

# જેમના કાર્યકાળમાં રામ રહીમ ૬ વખત બહાર આવ્યો તે પૂર્વ જેલર સુનિલ સાંગવાન ચરખી દાદરીથી ચૂંટણી લડે તેવી શક્યતા

(એજન્સી) તા.૪

સુનીલ સાંગવાન, જેમણે ભોંડસી જેલ અધિક્ષક તરીકેના પદ પરથી રાજીનામું આપ્યું હતું અને ૫ સપ્ટેમ્બરે હરિયાણા વિધાનસભાની નેતા દેવેન્દ્ર સિંહ બબલી સાથે રાજ્ય પાર્ટીના વડા મોહન લાલ બડોલી, ત્રિપુરાના પૂર્વ સીએમ બિપ્લબ દેબ અને પાર્ટીના અન્ય વરિષ્ઠ સભ્યોની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. ભગવા

**હરિયાણાના પૂર્વ મંત્રી સતપાલ સાંગવાનના પુત્ર સુનિલ સાંગવાન સોમવારે પૂર્વ JJP નેતા દેવેન્દ્રસિંહ બબલી સાથે રાજ્ય પાર્ટીના વડા મોહનલાલ બડોલી, ત્રિપુરાના પૂર્વ સીએમ બિપ્લબ દેબ અને પાર્ટીના અન્ય વરિષ્ઠ સભ્યોની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા**

ચૂંટણી માટે મતદાન પહેલાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા, તેમને ભગવા પક્ષ દ્વારા ચરખી દાદરી બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે. સુનારિયા જેલ સુપ્રિટેન્ડેન્ટ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન, બળાત્કાર અને હત્યાના દોષી ગુરમીત રામ રહીમને છ વખત પેરોલ અથવા ફર્લો પર મુક્ત કરવામાં આવ્યો હતો. હરિયાણાના પૂર્વ મંત્રી સતપાલ સાંગવાનના પુત્ર સાંગવાન સોમવારે પૂર્વ JJP પાર્ટીમાં જોડાયા બાદ સાંગવાને મીડિયાને જણાવ્યું કે તેઓ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નીતિઓથી પ્રેરિત હતા, જેના કારણે તેઓ પાર્ટીમાં જોડાયા હતા. સુનીલના પિતા સતપાલ સાંગવાને રાજ્યમાં સત્તાધારી પક્ષમાં જોડાવા માટે બે મહિના પહેલા કોંગ્રેસ પાર્ટી છોડી દીધી હતી. અહેવાલો અનુસાર, રાજ્ય સરકારે તેમના રાજીનામા બાદ તેમને સેવામુક્ત કરવાની પ્રક્રિયા ઝડપી બનાવી હતી.

# સુધારેલા મેડિકલના અભ્યાસક્રમ લેસ્બિયનિઝમને જાતીય અપરાધ તરીકે સૂચિબદ્ધ કરાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

નેશનલ મેડિકલ કમિશન (NMC)એ આ વર્ષે મેડિકલ વિદ્યાર્થીઓ માટે ફોરેન્સિક મેડિસિનનો અભ્યાસક્રમ બદલ્યો છે. આમાં ફરીથી સમલૈંગિકતા અને અકુદરતી જાતીય સંબંધોનો સમાવેશ થાય છે. NMCએ મદ્રાસ હાઈકોર્ટના નિર્દેશો પર ૨૦૨૨માં અભ્યાસક્રમમાં ફેરફાર કર્યા હતા, પરંતુ હવે તેણે ફરીથી જૂના નિયમો લાગુ કર્યા છે. નવા ફેરફારો હેઠળ ફોરેન્સિક મેડિસિન અભ્યાસક્રમમાં 'હાયમેનનું મહત્ત્વ', 'કૌમાર્ય અને ડિફ્લોરેશનની વ્યાખ્યા' અને 'કાનૂની દૃષ્ટિકોણથી તેમનું મહત્ત્વ' જેવા વિષયો ફરીથી દાખલ કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨માં LGBTQ+ સમુદાય પ્રત્યે શિક્ષણને વધુ સમાવિષ્ટ બનાવવા માટે NMCએ આ વિષયોને દૂર કર્યા હતા અને સર્વસંમતિપૂર્ણ સમલૈંગિક સંબંધો, વ્યભિચાર તેમજ પશુઓ સાથે શારીરિક સંબંધ જેવા ગંભીર ગુનાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો. ૨૦૨૨માં મદ્રાસ હાઈકોર્ટના નિર્દેશો પર રચાયેલી નિષ્ણાત સમિતિની ભલામણો પર 'કૌમાર્ય' સંબંધિત વિષયો બદલવામાં આવ્યા હતા. તેનો હેતુ વિદ્યાર્થીઓને અવૈજ્ઞાનિક પરીક્ષણો વિશે જાગૃત કરવાનો હતો જેમ કે હાઈમેન ટેસ્ટ કોર્ટના આદેશ પર કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને લિંગ, જાતીય ઓળખ અને જાતીય અભિગમને વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા માટે ૨૦૨૨માં મનોચિકિત્સા અભ્યાસક્રમમાં પણ ફેરફારો કરવામાં આવ્યા હતા. જો કે, નવા ફેરફારો પછી 'લિંગ અને લૈંગિક ઓળખ વચ્ચેનો તફાવત' અને સંબંધિત મૂંઝવણો જેવા વિષયોનો મનોચિકિત્સા અભ્યાસક્રમમાં વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મનોચિકિત્સા અભ્યાસક્રમ એવું જણાવતો નથી કે વિદ્યાર્થીઓને 'લિંગ ઓળખ સંબંધિત વિવિધ મુદ્દાઓ' વિશે શીખવવું જોઈએ.

# મુંબઇ : મોબાઈલ ફોન આપવાની ના પાડતા વ્યક્તિ પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો, ૪ની ધરપકડ

(એજન્સી) મુંબઈ, તા.૪

મુંબઈના ધારાવી વિસ્તારમાં એક વ્યક્તિએ તિક્ષ્ણ હથિયાર વડે મોબાઈલ ફોન છીનવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનાનો સીસીટીવી વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના ૩ સપ્ટેમ્બરે સવારે ૯:૨૪ વાગ્યે બની હોવાનું કહેવાય છે. મોબાઈલ છીનવતા યુવક પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવાની આ ઘટના ઈન્ડિયન બેંકની પાછળ બની હતી. સીસીટીવી ફૂટેજમાં જોવા મળી રહ્યું છે કે, એક યુવક તિક્ષ્ણ હથિયાર વડે પસાર થતાં વ્યક્તિ પાસેથી ફોન છીનવવાનો પ્રયાસ કરી રહ્યો છે. જ્યારે પીડિતાએ વિરોધ કર્યો અને તેનો ફોન આપવાનો ઈન્કાર કર્યો, ત્યારે હુમલાખોરે તેના પર હથિયાર વડે હુમલો કર્યો. આજુબાજુના લોકો સ્થળ પર એકઠા થવા લાગ્યા, હુમલાખોરે ભાગવાનો પ્રયાસ કર્યો પરંતુ હુમલો કરવાનો બીજો પ્રયાસ કર્યો. મુંબઈ પોલીસે માહિતી મળતાની સાથે જ તાત્કાલિક કાર્યવાહી કરી હતી અને આ કેસના સંબંધમાં ચાર લોકોની ધરપકડ કરી હતી. વધુ તપાસ ચાલુ છે.

### વરસાદે સર્જેલી તારાજીને લઈ લોકોનો સત્તાધીશો સામે રોષ જારી

# વડોદરા બાદ અમદાવાદમાં પણ ભાજપના ધારાસભ્ય સહિતના નેતાઓને લોકોએ આડે હાથ લીધા

## રેનબસેરામાં રહેવા અને ખાવા ફૂડ પેકેટ મળી જશે એમ કહેતા લોકો રોષે ભરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ચોમાસાની આ સિઝનમાં તારાજીના દૃશ્યોએ ભાજપ શાસકોને લોકોના રોષ અને નારાજગીનો સતત સામનો કરવો પડી રહ્યો છે. વડોદરા બાદ અમદાવાદમાં પણ ભાજપના ધારાસભ્ય સહિતનાઓને લોકરોષનો ભોગ બનવું પડ્યું છે. અમદાવાદમાં પડેલા ભારે વરસાદના પગલે નિકોલ-કઠવાડા રોડ પર આવેલા મધુમાલતી આવાસ યોજનામાં ૨૪ કલાક બાદ પણ વરસાદી પાણીનો નિકાલ થયો નથી. ભારે વરસાદમાં લોકોના ઘરમાં પાણી જતા રહે છે જેના કારણે સ્થાનિકો હેરાન પરેશાન થાય છે. નિકોલ મધુમાલતી આવાસ યોજનાના મકાનોમાં ભરાયેલા પાણીને લઈ આજે દસક્રોઈ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય બાબુદાસ જમનાદાસ પટેલ, વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગડીયા અને સ્થાનિક નિકોલ વોર્ડના કોર્પોરેટરો ત્યાં પહોંચ્યા હતા. ત્યારે સ્થાનિકોએ બરાબરના ખખડાવ્યા હતા. નેતાઓએ રેનબસેરામાં રહેવાની અને ફૂડ પેકેટ મળી જશે તેવું કહેતા જ રોષ ભરાયેલા લોકોએ તમારે અન્ય જગ્યાએ મકાનો ફાળવવા હોય તો ફાળવો નહિતર બે હાથ જોડીને જતા રહેવાનો ઈશારો કરતા નેતાઓએ ચાલતી પકડવી પડી હતી.

નિકોલ ખાતે આવેલા મધુમાલતી આવાસ યોજનામાં વરસાદી પાણીના નિકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા કે આયોજન માટે કોર્પોરેટરોએ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર એ ધ્યાન આપ્યું નથી. આજે જ્યારે દસ્ક્રોઈના ભાજપના ધારાસભ્ય બાબુદાસ જમનાદાસ પટેલ સ્થાનિક કોર્પોરેટરો અને વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગડીયા સાથે મધુમાલતી આવાસ યોજનાની મુલાકાતે ગયા હતા. તે સમયે સ્થાનિકોએ વ્યથા ઠાલવતા કહ્યું હતું કે, પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. અમે કેટલી તકલીફમાં છીએ તેની તમને ખબર નથી. પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી જો હજી પણ વરસાદ પડશે તો આ જ પરિસ્થિતિ સર્જાશે. જેથી અમને અન્યત્ર જગ્યાએ રહેવા માટે મકાન ફાળવી આપો. ત્યારે વોટર સપ્લાય કમિટીના ચેરમેન દિલીપ બગરીયાએ કહ્યું કે, હું આટલા બધા મકાન ક્યાંથી આપું. તમને રેન બસેરામાં રહેવાની વ્યવસ્થા કરી આપું છું અને ખાવાનું મળી જશે. ફૂડ પેકેટની વ્યવસ્થા કરી આપીશું તેમ કહેતા નાગરિકો રોષે ભરાયા હતા. તેમણે સ્થાનિકોને સમજાવ્યા હતા કે, વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઇન નાખવાની છે અને દિવાળી કે આવતા વર્ષ સુધીમાં પાણીની પાઈપલાઇન નંખાઈ જશે અને તમને કોઈ તકલીફ પડશે નહીં, પરંતુ સ્થાનિકોનો આક્ષેપ હતો કે જ્યાં સુધી વરસાદ પડશે ત્યાં સુધી આ જ સમસ્યા રહેશે તો અમે કેવી રીતે રહીશું. સ્થાનિકો તેમના ઉપર રોષ ઠાલવતાં કહ્યું કે, અમે તમને અહીં પાણીના નિકાલની વ્યવસ્થા થાય તેના માટે બોલાવ્યા છે. અમારે મકાનો જોઈએ છે. અમારે કોઈ રેન બસેરામાં રહેવા માટે જવું નથી કે જમવાનું જોઈતું નથી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વિસ્તારમાં પણ પાણી ભરાયેલા હોવાને લઈને જ્યારે રજૂઆત કરી તો નેતાઓએ કહ્યું હતું કે, એ મારો વિષય નથી હું જે રહીશો છે તેના માટે વ્યવસ્થા કરી આપીશ. સ્થાનિક લોકો તેમની રજૂઆત કરતા હતા ત્યારે વોટર સપ્લાય કમિટીના ચેરમેન બગરીયાએ આ ઔડા મકાન બન્યા ત્યારથી કેટલા લોકો મકાન માલિક છે ? ભાડુઆત છે ? અને તે વિષય ઉપર ચર્ચા કરતા સ્થાનિક લોકો વધારે રોષે ભરાયા હતા કે, અત્યારે તમને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કેવી રીતે કરવી તેના માટે બોલાવ્યા છે, તેની જગ્યાએ તમે મકાન માલિક અને ભાડુઆત વિશે વાત કરો તે યોગ્ય નથી. તમે અમારી વેદના સમજતા નથી અમે મરીએ એટલું જ બાકી રહ્યું છે. રેનબસેરામાં અમારે રહેવું નથી. તમે અહીં ફોટો પડાવવા માટે આવ્યા છો.

### અમદાવાદના સરખેજ ભારતી આશ્રમનો વિવાદ શમવાનું નામ નથી લઈ રહ્યો

# આ વિવાદ જમીનનો નહીં અસ્તિત્વનો છે : ક્ષત્રિય અને કોળી સમાજનું સમર્થન માંગતા ઋષિ ભારતી

## ઋષિ ભારતીએ પોતાના પર લગાવેલા તમામ આરોપો ફગાવ્યા

## વિશ્વેશ્વરી ભારતીએ રડતાં-રડતાં કહ્યું, બાપ ઊઠીને દીકરી પર આરોપ લગાવે એ કેટલું યોગ્ય છે ?

અમદાવાદ, તા.૪

હરિહરાનંદ ભારતીએ ઋષિભારતી બાપુને શિષ્ય તરીકે બરખાસ્ત કર્યા હતા. ત્યારે હવે આ વિવાદ વધુ વકરતાં આ મુદ્દે ચર્ચા કરવા માટે અમદાવાદના સનાથલ સ્થિત લંબેનારાયણ આશ્રમમાં ચર્ચા ચાલી રહી છે.

ત્યારે હવે અમદાવાદના સરખેજ સ્થિત ભારતી આશ્રમની લડાઈ હવે સમાજ સુધી આવી પહોંચી છે. ઋષિ ભારતીએ અમદાવાદના સનાથલ ગામના ક્ષત્રિય અને કોળી આગેવાનોનું સમર્થન માંગ્યું. ત્યારે હવે આ આખા વિવાદ વચ્ચે દશનામ જૂના અખાડાએ ઋષિ ભારતીનું સમર્થન કર્યું છે. મહામંડલેશ્વર પદ અંગે દશનામ જૂના અખાડાએ સ્પષ્ટતા કરી છે. દશનામ જૂના અખાડાના રાષ્ટ્રીય મહામંત્રી હરિગીરી બાપુએ નિવેદન આપીને કહ્યું કે મહામંડલેશ્વર પદ પર ઋષિ ભારતી હતા અને રહેશે.

આજે પોલીસ અને બાઉન્સર્સની ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે અમદાવાદના લંબેનારાયણ આશ્રમમાં ઋષિ ભારતીના સમર્થનમાં બેઠક ચાલી રહી છે. ઋષિ ભારતીના સમર્થનમાં પૂર્વાશ્રમના સમાજના લોકો અમદાવાદમાં ભેગા થયા છે. ગુરૂ-શિષ્યના વિવાદ પછી પહેલીવાર વિશ્વેશ્વર ભારતી સામે આવ્યા છે. ત્યારે વિશ્વેશ્વરી ભારતીએ તેમના પર લાગેલા તમામ આક્ષેપો ફગાવી દીધા છે. દરમિયાન તેઓ રડી પડયા હતા. હરિહરાનંદ ભારતી બાપુએ ટ્રસ્ટીઓને બોલાવીને કરેલા શક્તિ પ્રદર્શન પછી હવે ઋષિ ભારતીનો વારો છે. ઋષિ ભારતીને ૨૦૨૧થી ટોર્ચર કરતા હોવાનો ભક્તોએ આરોપ લગાવ્યો છે. સરખેજ ભારતી આશ્રમ વિવાદ અંગે ઋષિ ભારતીએ ખુલાસો કર્યો છે. અને પોતાના પર લાગેલા તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. ઋષિ ભારતીએ કહ્યું કે ૨૦૦૮થી ૨૦૨૧ સુધી મેં ભારતી બાપુની સેવા કરી છે. જે વિવાદ છે તે જમીનનો નથી, અસ્તિત્વનો છે. આ મારા વ્યક્તિગત જીવનનો વિવાદ છે. જે આરોપ લગાવ્યા તેના જવાબ આપતો રહ્યો છું. આજે બધા સમાજના સેવકો આવ્યા છે, અમે બોલાવ્યા નથી જાતે આવ્યા છે, આક્ષેપની સ્પષ્ટતા કરવા આ બેઠક છે.

હરિહરાનંદ બાપુને ઋષિ ભારતીએ પ્રશ્ન કર્યા કે બાપુ સ્વર્ગવાસ થયા ત્યાર બાદ જૂનાગઢનો પ્રશ્ન કેમ ન થયો. કેમ કે ત્યાં તેમના સમાજના લોકો છે. માત્ર સરખેજને લઈને વિવાદ ઉભો કર્યો. આટલો ભેદભાવ શા માટે કરે છે. લંબે નારાયણ આશ્રમ પણ અમારો છે. સાથે જ તેમણે કહ્યું કે ભગવાન તેમને બુદ્ધિ આપે. આ જગ્યા અન્યની છે. ગામના ક્ષત્રિય સમાજ થકી આ આશ્રમ બનાવ્યો છે. વિશ્વેશ્વરી ભારતીને સમાજે બેસાડ્યા છે. તમારો જે ટ્રસ્ટમાં હિસ્સો નથી ત્યાં હક કરવા જાઓ છો. હંમેશા મારા પ્રયાસ એવા રહ્યા કે ભારતી આશ્રમ બાપુએ જે ઉદ્દેશ્ય સાથે બનાવ્યો તે વિશેષ વટવૃક્ષ બને. આશ્રમમાં જાતિવાદ કેમ થાય છે.

ઋષિ ભારતીએ કહ્યું કે જે રૂમ બતાવ્યો તે વિશ્વેશ્વરી ભારતીનો રૂમ હતો. રૂમને મારો કેવી રીતે બતાવી શકે. સાથે જ વિશ્વેશ્વરી ભારતીના રૂમ અંગે તેઓએ કહ્યું કે રૂમનો પ્રશ્ન આવ્યો તે અંગે ખુલાસો કર્યો. સ્ત્રી કે પુરુષ હોય બંનેની ગરીમા હોય. આક્ષેપ પ્રતિઆક્ષેપ કરવા તે યોગ્ય નથી. બાપ થઈ દીકરીને અપમાનિત કરો તે યોગ્ય નથી. ઋષિભારતી બાપુ અને વિશ્વેશ્વરી ભારતી પર ઘણા આરોપ લગાવવામાં આવ્યા છે. ત્યારે આ મુદ્દે આજે પ્રેસ કોન્ફરન્સ કરીને ખુલાસા આપવામાં આવ્યા હતા. ભારતી આશ્રમમાં સાધુની મર્યાદા વિરુદ્ધના કૃત્યો આશ્રમમાં થતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ મુદ્દે વિશ્વેશ્વરી ભારતી લંબે નારાયણ આશ્રમમાં પહોંચ્યા હતા અને રડતાં રડતાં તમામ ખુલાસા કર્યા હતા.

વિશ્વેશ્વરી ભારતીએ ખુલાસા કર્યા હતા કે, મારી ઉપર એવો આરોપ લગાવવામાં આવ્યો છે કે મારે એક દીકરી છે. આ એકતા છે. એ નાની હતી એના પપ્પા ગુજરી ગયા છે. એના મમ્મીએ બીજા લગ્ન કર્યા છે. આ એક નિરાધાર બાળક છે. જેનું હું ધ્યાન રાખું છું. મેં કોઈ ખરાબ કાર્ય જીવનમાં કર્યું નથી. તેમજ પણ મારા માટે પિતા સમાન જ છે. કપડાંનો જે વિવાદ છે તે મારા જ કપડાં છે. બાપ ઉઠીને દિકરી પર આરોપ લગાવે એ કેટલું યોગ્ય.

# શિક્ષણ વિભાગમાં વર્ગ-૧માં બઢતી માટે ૧૯-૨૦ ઓક્ટોબરે પરીક્ષા લેવાશે

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા બઢતી માટેની ખાતાકીય પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો

## વર્ગ-૨માં ફરજ બજાવતા અધિકારીઓ બઢતી માટેની પરીક્ષામાં ઉપસ્થિત રહેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા વર્ગ-૨ના અધિકારીઓને વર્ગ-૧માં બઢતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૯ અને ૨૦ ઓક્ટોબરના રોજ ખાતાકીય પરીક્ષા લેવામાં આવશે. ખાતાકીય પરીક્ષા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉમેદવારો પાસેથી ફોર્મ ભરાવવાની કાર્યવાહી પુર્ણ કર્યા બાદ હવે પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જેમાં ૧૯ ઓક્ટોબરના રોજ પેપર-૧ની પરીક્ષા લેવાશે. જ્યારે ૨૦ ઓક્ટોબરના રોજ પેપર-૨ અને પેપર-૩ની પરીક્ષા લેવામાં આવશે. ઉમેદવારોની સરળતા માટે અભ્યાસક્રમ મુજબનું સાહિત્ય રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના જાહેરનામાંથી ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ- ૨ને ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા) વર્ગ-૧માં બઢતી મેળવવા માટેની ખાતાકીય પરીક્ષાની કામગીરી કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડને અધિકૃત કરવામાં આવેલી છે. જેના અનુસંધાને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખાતાકીય પરીક્ષા માટેના આવેદનપત્રો મંગાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ખાતાકીય પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થયા બાદ હવે પરીક્ષા માટેનો કાર્યક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર, ૧૯ ઓક્ટોબરના રોજ પેપર-૧ની પરીક્ષા લેવાશે. જ્યારે પેપર-૨ની પરીક્ષા અને પેપર-૩ની પરીક્ષા ૨૦ ઓક્ટોબરના રોજ લેવામાં આવશે. આમ, બે દિવસમાં ત્રણ પેપરની પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં, રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી દ્વારા ઉમેદવારોની સરળતા માટે પેપર-૧ થી ૩ના અભ્યાસક્રમ મુજબનું સાહિત્ય PDF સ્વરૂપે કચેરીની વેબસાઈટ પર મુકવામાં આવશે. આ સાહિત્ય માત્ર ઉમેદવારોની સરળતા માટે જ મુકવામાં આવનાર હોવાની સ્પષ્ટતા પણ કરવામાં આવી છે. અભ્યાસક્રમના સાહિત્ય બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામામાં દર્શાવેલી જોગવાઈ મુજબ સરકાર દ્વારા છેલ્લે બહાર પાડેલા સુધારા ધ્યાને લેવાના રહેશે.

કોઈપણ બાબતના અર્થઘટન માટે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ૮ જુલાઈ, ૨૦૨૪ના જાહેરનામાખી નિયત થયેલા નિયમો અને જોગવાઈઓ જ બંધનકર્તા ગણાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખાતાકીય પરીક્ષાની તારીખ જાહેર કર્યા અંગેની જાણ કમિશનર ઓફ સ્કૂલની કચેરીને કરી દેવામા આવી છે અને તેમના માધ્યમથી પરીક્ષા આપનારા તમામ ઉમેદવારનો આ અંગેની જાણ કરવા માટે સુચના આપવા માટે તાકીદ કરવામાં આવી છે.

# શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયો

## ધોરણ-૯ અને ૧૧માં હવે ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે

## ગત વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર બાદ હવે ધોરણ-૯ અને ૧૧માં ફેરફાર

## ચાલુ શૈક્ષણિક વર્ષથી જ વિદ્યાર્થીઓએ નવા ફેરફાર મુજબ પરીક્ષા આપવાની રહેશે

## બોર્ડ દ્વારા ફેરફાર બાદ વિષયોના નવા પરિરૂપ અને નમૂનાના પ્રશ્નપત્રો પણ તૈયાર કરાયા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. ધોરણ-૯ અને ૧૧માં અત્યાર સુધી ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવતા હતા. પરંતુ હવે ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછવામાં આવશે. ગતવર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા બાદ ચાલુ વર્ષે ધોરણ-૯ અને ૧૧ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરાયો છે. આ ફેરફાર બાદ વિષયોના પરિરૂપ અને નમુનાના પ્રશ્નપત્રો પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જેથી હવે ધોરણ-૯ અને ૧૧માં ચાલુ વર્ષથી જ નવા ફેરફાર મુજબ પરીક્ષા લેવાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાષ્ટ્રીય શિક્ષણ નિતી-૨૦૨૦ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા પદ્ધતિમાં રાજ્ય સરકારની મંજૂરી મેળવીને ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં હેતુલક્ષી પ્રશ્નોનું વેઈટેજ વધારવામાં આવ્યું હતું અને માર્ચ-૨૦૨૪માં લેવામાં આવેલી બોર્ડની પરીક્ષા નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર લેવાઈ હતી. રાષ્ટ્રીય શિક્ષણ નિતી-૨૦૨૦ અન્વયે ધોરણ-૯થી ૧૨ની પરીક્ષા પદ્ધતિમાં એકસુત્રતા જળવાય તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી ધોરણ-૯ અને ધોરણ-૧૧ની હાલની પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે શિક્ષણ બોર્ડ દ્વારા સરકારમાં દરખાસ્ત કરવામાં આવી હતી અને તેને સરકાર તરફથી મંજૂરી મળી જતાં હવે તેનો અમલ કરવામાં આવશે. ધોરણ-૯ અને ૧૧માં હાલની જોગવાઈ પ્રમાણે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો અને ૮૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પુછવામાં આવે છે. જેમાં વર્ણનાત્મક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ આપવામાં આવતા હોય છે. જોકે, હવે ધોરણ-૯ અને ૧૧માં ૨૦ ટકાના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે ૮૦ ટકાના બદલે ૭૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પૂછાશે. વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં જનરલ વિકલ્પ આપવામાં આવશે. ધોરણ-૯ અને ૧૧ ઉપરાંત સંસ્કૃત પ્રથમા અને સંસ્કડત મધ્યમામાં પણ આ જ પ્રકારના ફેરફાર કરાયા છે. શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧ તેમજ સંસ્કૃત પ્રથમ અને મધ્યમાની સુધારેલી પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે ચાલુ વર્ષથી જ અમલમાં મુકવાનું નક્કી કર્યું છે. આ માટે તજજ્ઞો પાસે તૈયાર કરાવવામાં આવેલા પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમુનાના પ્રશ્નપત્રો પણ મોકલવામાં આવ્યા છે. જેથી સ્કૂલોને તે અંગેની જાણ કરવા માટે સૂચના અપાઈ છે. ધોરણ-૯માં ૧૦ વિષય અને ધોરણ-૧૧માં ૨૨ વિષયના પરિરૂપ તૈયાર કરવામાં આવ્યા છે. આ સિવાયના ધોરણ-૯ અને ધોરણ-૧૧ના બાકી રહેતા વિષયો, ઉત્તર બુનિયી શાળાઓના વિષયો, વોકેશનલ શિક્ષણના વિષયો તેમજ સંસ્કૃત પાઠશાળાના વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ હવે પછી તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

### કયા ધોરણમાં કયા વિષયના પરિરૂપ જાહેર કરાયા

**ધોરણ-૯ :** ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ગુજરાતી (પ્રથમભાષા), ગુજરાતી (દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમભાષા), અંગ્રેજી (દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ ભાષા), હિન્દી (દ્વિતીય ભાષા), સંસ્કૃત

**ધોરણ-૧૧ :** ગુજરાતી (પ્રથમ ભાષા), ગુજરાતી (દ્વિતીય ભાષા), અંગ્રેજી (પ્રથમ ભાષા), અંગ્રેજી (દ્વિતીય ભાષા), હિન્દી (પ્રથમ ભાષા), હિન્દી (દ્વિતીય ભાષા), સંસ્કૃત, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન, નામાના મૂળતત્વો, SPCC, મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, ભુગોળ, રાજ્યશાસ્ત્ર, ગણિત, રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાન.

### અમરેલીના રાજસ્થળી ગામે ઘટી શરમજનક કરૂણાંતિકા

# વારંવાર રડવાના અવાજથી ત્રસ્ત દાદીએ સગા પૌત્રને બચકાં ભરી-મૂઢમાર મારતાં મોત

અમરેલી, તા.૪

અમરેલીના રાજસ્થળી ગામે સવા વર્ષના પૌત્રને દાદીએ ગાલ ઉપર તેમજ જાંઘના ભાગે બચકા ભરી ગાલ ઉપર લપાટો મારી શરીર ઉપર મૂંઢમાર મારી હત્યા નીપજાવી નાખતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે, માસૂમ બાળકનો વારંવાર રડવાના અવાજથી દાદી કંટાળી જતા આવેશમાં આવી હત્યા નીપજાવી નાખી હોવાની પોલીસમાંથી વિગતો મળી હતી. બનાવ અંગે તાલુકા પોલીસે આરોપી દાદીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : મજીદખાન પઠાણ, અમરેલી)

## હત્યારી દાદીની ધરપકડ કરતી પોલીસ

પ્રાપ્ત વિગતો મુજબ અમરેલીના રાજસ્થળી ગામે રહેતા રફીકભાઈ હુસેનભાઈ સૈયદનો એક વર્ષ અને બે મહિનાનો પુત્રની તેના જ ઘરમાંથી ગાલના ભાગે તેમજ જાંઘના ભાગે અને શરીરે મૂંઢઈજા કરેલ હાલતમાં લાશ મળી આવતા અમરેલી તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસનો ધમધમાટ ચલાવ્યો હતો જેમાં અમરેલી તાલુકા પીઆઈ એમજે બારોટે ગણતરીની કલાકોમાં આ બાળકની હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે હત્યા કરનાર બાળકની સગી દાદી જ હોવાનું ખુલ્યું હતું. અમરેલી તાલુકા પીઆઈ એમજે બારોટે જણાવ્યું હતું કે બાળકના રડવાના કારણે તેના દાદી ગુલશનબેન હુસેનભાઈ બચુભાઈ સૈયદને ગુસ્સો આવતો હતો. જેથી ગઈકાલ એક વર્ષીય બાળક અલી રજાક સૂતું હતું અને અચાનક ઉઠી રડવા લાગ્યું હતું જેથી તેના દાદી ગુલશનબેનને ગુસ્સો આવી ગયો હતો અને આવેશમાં આવી તે રૂમમાં પહોંચ્યા હતા. દાદીએ આ બાળકને ગાલ ઉપર બચકા ભરી તેમજ કપાળ અને જાંઘ પાસે બચકા ભરી અને શરીર ઉપર આડેધડ લપાટો મારી મૂંઢમાર મારી હત્યા નીપજાવી નાખી હતી. આ બાળકને જ્યારે બચકા ભરતા હતા ત્યારે બાળકનો રડવાનો પણ અવાજ આવતો હતો તેમની માતાને એમ થયું કે બાળક અમસ્તા જ રડતું હશે જેથી તેણે તે તરફ ધ્યાન આપ્યું ના હતું અને હત્યા થઈ ગઈ હતી. બનાવ અંગે આરોપી ગુલશનબેન હુસેનભાઈ સૈયદની તાલુકા પોલીસે ધરપકડ કરી બાળકની લાશને ભાવનગર ખાતે ફોરેન્સિક પીએમ માટે ખસડી વધારે તપાસ હાથ ધરી છે.

### અમદાવાદ પોલીસના ખુલાસા સામે ગોપાલ ઈટાલિયાનો ચોંકાવનારો ખુલાસો

# જો હું નોકરીમાં જ નથી તો મારા વિરૂદ્ધ શું ખાતાકીય કે ફોજદારી તપાસ હોય ?

## આ યાદીમાં અનેક ક્ષતિ અને ગંભીર બેદરકારી : ઈટાલિયા

## હું કાયમી થયો નથી તો પછી કોન્સ્ટેબલમાંથી હેડ કોન્સ્ટેબલ શા માટે બનાવવામાં આવે ?

અમદાવાદ, તા.૪

આમ આદમી પાર્ટી આપના નેતા ગોપાલ ઈટાલિયાએ અમદાવાદ પોલીસમાં તેમના પ્રમોશનને લઈને ગઈકાલે ટ્વિટ કર્યું હતું જેને લઈને ભારે ખળભળાટ મચી ગયો હતો. ગોપાલ ઈટાલિયાએ દાવો કર્યો હતો કે, તેમને રાજીનામુ આપી દીધું હોવા છતા તેમને પ્રમોશન આપવામા આવ્યું છે. આ સાથે તેમને હર્ષ સંઘવી પર પણ બરાબરના પ્રહાર કર્યા હતા ત જો કે, ગોપાલ ઈટાલિયાના આ ટ્વિટ પર અમદાવાદ પોલીસે ખુલાસો કર્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે, ગોપાલ ઈટાલિયાએ સરખુ વાંચ્યું નહીં તે યાદીમાં તેમના નામ છે જેમને ૨૦૧૨ સુધી અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતી હતી એટલા માટે યાદીમાં તેમનું નામ સામેલ છે. ત્યારે અમદાવાદ પોલીસની સ્પષ્ટતા મામલે ગોપાલ ઈટાલિયાએ કહ્યુ હતુ કે, તેઓ નવો ખુલાસો કરશે ત્યારે ગોપાલ ઈટાલિયાએ આ મામલે સુરતમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ગોપાલ ઈટાલિયાએ સૌથી પહેલા અમદાવાદ પોલીસ સાથેના તેમના સબંધો વિશે જણાવ્યું હતુ જે બાદ તેમને ખુલાસો કરતા જણાવ્યું હતુ કે, અમદાવાદ પોલીસ તરફથી જે પ્રેસ નોટ છે તદન પાયાવિહોણી છે. અમદાવાદ પોલીસે જણાવ્યું છે કે, આ લિસ્ટ પોલીસનું પ્રમોશનનું લિસ્ટ નથી. પરંતુ કે સિન્યોરિટીનું લિસ્ટ છે.મારૂ કહેવું છે કે હું છેલ્લા દસ વર્ષથી પોલીસ ખાતામાં છું જ નહીં તો મારી વિગત શા માટે મંગાવો છો ? પ્રવર્તતા યાદી હોય તો પણ તેમાં મારું નામ ન હોવું જોઈએ. પ્રમોશનનું લિસ્ટ હોય તેમાં પણ મારું નામ ન હોવું જોઈએ.જો હું નોકરીમાં જ નથી તો મારા વિરુદ્ધ શું ખાતાકીય તપાસ કે ફોજદારી હોય ? વધુમાં ગોપાલ ઈટાલિયાએ અમદાવાદ શહેર પોલીસના અધિકારી પર સવાલ ઉઠાવતા જણાવ્યુ કે, આમા મારા નામની સામે પોલીસ સ્ટેશનું નામ નથી તો બીજા ઘણા કોન્સ્ટેબલના નામની સામે ખાનુ ખાલી છે અને આ ખાનું ખાલી હોય તેનો મતલબ એ છે કે જે કોન્સ્ટેબલ ઓએ સીસીસીનું સર્ટિફિકેટ જમા નથી કરાવ્યું તે કોન્સ્ટેબલનું ખાનુ ખાલી રાખવામાં આવ્યું છે, જેથી કરીને તેને બઢતી આપતા પહેલા સર્ટિફિકેટ જમા કરાવી દે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, અમદાવાદ શહેર પોલીસના અધિકારીએ આ પત્ર સરખી રીતે વાંચ્યો નથી. વધુમાં તેમને સવાલ કર્યો હતો કે, જ્યારે મેં રાજીનામુ આપ્યું ત્યારે હું પોલીસ કોન્સ્ટેબલ એટલે કે પોલીસ લોકરક્ષક તરીકે ફરજ બજાવતો હતો. એટલે કે પાંચ વર્ષના ફિક્સ પગારના પ્રોબેશનમાં હું નોકરી કરતો હતો. જો હું પાંચ વર્ષ નોકરી પૂરી કરું તો પાંચ વર્ષના અંતે મને રેગ્યુલર પે-સ્કેલ એટલે કે કાયમી નોકરી એટલે કે કોન્સ્ટેબલ તરીકેની મને ડ્યુટી મળે. મેં જ્યારે રાજીનામું આપ્યું ત્યારે હું કાયમી કર્મચારી તરીકે ફરજ નહોતો બજાવતો પરંતુ હું ફિક્સ પગારના કર્મચારી તરીકે નોકરી કરતો હતો. મને ક્યારેક કાયમી કર્મચારી તરીકેની ડ્યુટી મળી જ નથી. હું ક્યારેક કોન્સ્ટેબલ બન્યો જ નથી તો પછી કોન્સ્ટેબલમાંથી હેડ કોન્સ્ટેબલ શા માટે બનાવવામાં આવે? તો પછી આ કાયમી પગારના કોન્સ્ટેબલની લિસ્ટમાં મારું નામ શા માટે આવ્યું ? વધુમાં ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે, આ લિસ્ટમાં અનેક એવા નામ છે લોકો હાલમાં પોલીસ ખાતામાં નોકરી કરતા જ નથી તેમજ ચાર-પાંચ લોકો પોલીસ ખાતામાં નોકરી કરે છે પરંતુ કોન્સ્ટેબલ નથી, એએસઆઇ છે અથવા પીઆઇ છે. જે માણસે કોન્સ્ટેબલમાંથી રાજીનામું મૂકીને એએસઆઇ કે પી એસ આઈની ભરતી પાસ કરીને અને અમદાવાદ સિવાયના જિલ્લામાં પીએસઆઇ બની ગયા છે, તેવા વ્યક્તિનું નામ અમદાવાદના કોન્સ્ટેબલના લિસ્ટમાં કેવી રીતે આવ્યું ? જે માણસ પોલીસ ખાતાની નોકરીમાંથી રાજીનામું આપીને બીજા ખાતાની નોકરીમાં લાગી ગયા છે, તેમનું નામ આ લિસ્ટમાં કઈ રીતે આવ્યું તેવા ગંભીર સવાલો કર્યા હતા. વધુમાં ગોપાલ ઈટાલિયાએ નાયબ પોલીસ કમિશનર કંટ્રોલરૂમ અમદાવાદે જે ખુલાસો આપ્યો છે તેમાં રાજકીય દબાણ હોવાનું પણ જણાવ્યું હતું. તેમજ આ યાદીમાં અનેક ક્ષતિ અને ગંભીર બેદરકારી હોવાનું જણાવી ગોપાલ ઈટાલિયાએ તેમાં લિસ્ટનો સુધારો થાય અને રેકોર્ડને ટાઈમ ટુ ટાઈમ અપડેટ કરવામાં આવે અને રેકોર્ડની આધુનિક રીતે સાચવવામાં આવે તેવી માંગ કરી છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS